# શ્રી જીવવિચાર નવતત્ત્વ દંડક

અને

# લઘુ સંગ્રહણી પ્રકરણ સાર્થ.

પ્રકાશક:

શ્રાવક અમૃતલાલ પુરૂષોત્તમ.

અમદાવાદ.

ગિરનાર આદિ તીર્થોદ્ધારક શ્રી વિજય નીતિસૂરીશ્વરજી
જૈન ગ્રંથમાલા-મણકો ૩ જો.

परोपकाराय सतां विभूतयः

# શ્રીજીવવિચાર નવતત્ત્વ દંડક

અને

# લઘુસંગ્રહણી પ્રકરણ સાર્થ.

શબ્દાર્થ-ગાથાર્થ-ઉપયોગી વિવેચન-પ્રશ્નો
સંપૂર્ણ કોષ્ટકો-મૂલગાથા અને
અઢી દ્વીપના નકશા સહિત.

卐

નામ.

ઠેકાણું.

પ્રથમાવૃત્તિ તૈયાર કરી પ્રસિદ્ધ કર્તા.
શ્રાવક અમૃતલાલ પુરૂષોત્તમદાસ.
દોશીવાડાની પોળ, અમદાવાદ.

આવૃત્તિ પહેલી. સર્વ હક્ક સ્વાધીન. પ્રત ૧૦૦૦.
વીર સં. ૨૪૬૦. સંવત ૧૯૯૦. સને ૧૯૩૪.
મૂલ્ય ૦-૧૩-૦

આ પુસ્તક પ્રસિદ્ધ કર્તા તરફથી સને ૧૮૬૭ ના ૨૫મા
એકટ પ્રમાણે રજીષ્ટર કરાવવામાં આવ્યું છે.

**પુસ્તકને જેમ તેમ રખડતું મૂકીને આશાતના કરવી નહિ.**

**જીવ વિચાર.** **શુદ્ધ પત્રક.**

| પૃષ્ઠ | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૭ | ૨૧ | ગઢ | ગૂઢ |
| ૫૭ | ૧૧ | ભમિફોડા | ભૂમિફોડા |
| **નવતત્ત્વ.** | | | |
| ૧૬ | ૨૩ | સયયે | સમયે |
| **દંડક અને લઘુ સંગ્રહણી.** | | | |
| ૨૮ | ૨૨ | વિગલાઈ | વિગલા ઈ |
| ૩૬ | ૧૬ | પૃથ્વીમાં | પૃથ્વીમાંથી |
| ૪૩ | ૧૩ | વિગલાઇ | વિગલા ઈ |
| ૬૭ | ૧૨ | ભમિમાં | ભૂમિમાં |

# આભાર


આચાર્ય મહારાજ **શ્રી વિજયનીતિ સૂરીશ્વરજીના** સદુપદેશથી **અમદાવાદ** નિવાસી **શેઠ ભીખાભાઇ** ( બુધાલાલ ) પુરૂષોત્તમદાસે તેમના સ્વર્ગસ્થ પિતાશ્રી ચતુર્થ વ્રતધારી **શેઠ પુરૂષોત્તમદાસ** પીતામ્બરદાસ તથા સ્વર્ગસ્થ **માતુશ્રી માનકોરની** યાદગિરિ નિમિત્તે આ પુસ્તકની નકલ–૫૦૦ ના અગાઉથી ગ્રાહક થઇને અમારા કાર્યને સહાનુભૂતિ આપી છે, તે માટે તેમનો આભાર માનું છું. બીજા સદ્‌ગૃહસ્થો પણ આવાં નિત્યનાં ઉપયોગી, શુદ્ધ અને સરળ પુસ્તકો છપાવી ભણનાર અભ્યાસીઓને ભેટ આપવા માટે તેમનું અનુકરણ કરશે એમ હું ઇચ્છું છું.

પ્રસિદ્ધકર્ત્તા

ધી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં મણીલાલ છગનલાલ શાહે છાપ્યું. ઠે૦ કાળુપુર ટંકશાળ–**અમદાવાદ.**

બાળ બ્રહ્મચારી તીર્થોદ્ધારક પૂજ્યપાદ વિદ્વદ્વર્ય શ્રી શ્રી શ્રી

જન્મ સં. ૧૯૩૦ પોષ શુદ ૧૧. દીક્ષા સં. ૧૯૪૯ અસાડ શુદ ૧૧.



ગણિપદ સં. ૧૯૬૨ માગશર શુદ ૫. ઉપાધ્યાયપદ, સં. ૧૯૬૨ કારતક વદ ૧૧.

શ્રીમાન આચાર્ય મહારાજશ્રી વિજયનીતિસૂરીશ્વરજી
સૂરીપદ સં. ૧૯૭૬ માગશર શુદ ૫.

# પ્રસ્તાવના.

દરેક મનુષ્યે જીવનું સ્વરૂપ જાણવુંજ જોઇએ, કારણ કે તે જાણ્યાથીજ જીવોને અભયદાન આપી શકાય છે. અભયદાન આપનારનું શરીર પણ નિરોગી રહે છે. તેથી તે તત્ત્વોનું જ્ઞાન મેળવી શકે છે, તથા તત્ત્વોને જાણવાથી જીવને હેય, જ્ઞેય અને ઉપાદેયનું ભાન થાય છે અને તેના ઉપર શ્રદ્ધા રાખવાથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે તથા સમ્યક્ત્વને લીધે જીવ સમ્યગ્જ્ઞાન મેળવે છે અને તે બંનેને લીધે અહિંસાદિ મહાવ્રતરૂપ સમ્યક્ ચારિત્રનું આરાધન કરી આત્મા મોક્ષ માર્ગ સાધી શકે છે.

**જીવવિચાર નવતત્ત્વ દંડક અને લઘુસંગ્રહણીનાં** પુસ્તકો ઘણાંજ છપાયાં છે. પરંતુ બહુ મોટા પ્રમાણમાં વિવેચન હોવાથી અને પ્રાથમિક અભ્યાસીઓને અત્યંત સરળ પડે તેવું શુદ્ધ પુસ્તક એકે છપાએલ નહિ હોવાથી, તેઓ જલદીથી જ્ઞાન મેળવે અને સંભાળી શકે એ હેતુથી અમોએ ચારે પ્રકરણોની પ્રેસકોપી તૈયાર કરી, વિદ્વાન્ મુનિરાજોને વંચાવી આ પુસ્તક છપાવ્યું છે કે જેમાં સંપૂર્ણ **શબ્દાર્થ, ગાથાર્થ, ઉપયોગી વિવેચન,** તેમજ અત્યાર સુધી નહિ છપાએલ એવાં **કોષ્ટકો, પ્રશ્નો,** જીવવિચારાદિ પ્રકરણોના છૂટા બોલ, **અઢી દ્વીપનો નકશો** તથા જીવવિચારના અભ્યાસી અને જીજ્ઞાસુઓને માટે ઓછી મહેનતે વધારે જાણવાનું કે યાદ રાખવાનું મળે એ હેતુથી નવીન પદ્ધતિએ **સંપૂર્ણ જૈન દૃષ્ટિએ જીવોનો વિચાર** લખવામાં આવ્યો છે, કે જેથી કરીને ભણનારનો વિષય દૃઢ થાય, અને તેઓ ધર્મનું રહસ્ય સમજી આચરણ કરી શકે. બીજાઓ તરફથી પ્રગટ થએલ જીવવિચારાદિ પુસ્તકો કરતાં આ પુસ્તકોની કીંમત ઘણીજ ઓછી છે એટલે સાધારણ મનુષ્ય પણ ખરીદ કરી શકે. આ કામને ખાસ કરીને ઉત્તેજન આપવા જેવું છે કે જેથી કરીને તેના પ્રગટ કર્તાને બીજાં પણ આવા સરળ અને શુદ્ધ પુસ્તકો તૈયાર કરવાની ઉત્કંઠા વધે.

અરિહંત પરમાત્માએ જીવવિચારાદિ પ્રકરણોના અર્થની પરૂપણા કરેલી છે અને તેમના શિષ્ય ગણધર મહારાજે દ્વાદશાંગીમાં રચેલ છે, તેમાંથી ઉદ્ધરીને **જીવવિચારને શ્રી શાન્તિસૂરિજી** મહારાજે રચ્યો છે અને નવતત્ત્વને ગણધર મહારાજ પછીના પૂજ્ય મહર્ષિ-ઓએ જ્યાં જે ગાથાની જરૂરીયાત હોય, ત્યાં તે ગાથાઓને મૂકીને ટુંકાણમાં પણ સરળ નવતત્ત્વ કર્યો છે કે જેથી કરીને લોકો પોતાનું હિત સાધી શકે તેમજ **દંડક પ્રકરણ ગજસાર મુનિએ** અને **લઘુસંગ્રહણી** પ્રકરણને **શ્રીમાન્ હરિભદ્રસૂરિએ** રચ્યું છે.

દંડક પ્રકરણમાં ૨૪ દંડક ઉપર ૨૪ દ્વાર ભણનારને સહેલાઇથી સમજાય એટલા માટે કોષ્ટકોમાં જે જે દંડકોનાં દ્વારો લગભગ સરખાં હોય તેવાં દંડકો પાસે પાસે મૂકવામાં આવ્યાં છે, તેમજ ગાથાઓનો **અર્થ** જે લીટીમાં મોટા અક્ષરોથી છપાવવામાં આવ્યો હોય, ત્યાં તેજ ગાથામાં ગમે તે ઠેકાણે તે શબ્દ હોય એમ સમજવા માટે છે. જેમકેઃ—દંડકની ગાથા ૧૧ મીના અર્થમાં ગર્ભજ શબ્દ ત્રીજા પાદમાં હોવા છતાં સબંધને અનુસરીને ચોથા પાદ (લીટી)માં આપવામાં આવ્યો છે.

મને ધાર્મિક આદિ જ્ઞાન અપાવવામાં તથા પ્રકરણાદિ પુસ્તકો સરળ રીતે તૈયાર કરવા માટે પ્રેરણા કરનાર **થરા** નિવાસી મારા પિતાશ્રી **પુરૂષોત્તમદાસ નથુભાઇ** છે, તથા ધાર્મિકાદિ જ્ઞાન આપવામાં ઉપકારી તરીકે **મેસાણા શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા** છે તેથી તે બંનેનો ઉપકાર માનું છું. અને પ્રુફો સુધારવામાં **માસ્તર લહેરચંદ હેમચંદે** મદદ કરી છે, તે માટે તેમનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

મતિમંદતાથી કે પ્રેસદોષથી કાંઇપણ ભૂલચુક કે અશુદ્ધિ રહી હોય તે માટે ત્રિકરણ યોગે મિથ્યા દુષ્કૃત દઉં છું. તા. ૬-૮-૩૪

દોશીવાડાની પોળ,
**અમદાવાદ.**

પ્રસિદ્ધકર્તા
**શ્રાવક અમૃતલાલ પુરૂષોત્તમદાસ.**

ભેટ.



સ્વર્ગસ્થ ચતુર્થ વ્રતધારી
શેઠ પુરૂષોત્તમદાસ પીતામ્બરદાસ.

# શ્રી જીવવિચાર પ્રકરણના છૂટા બોલ.

જ્ઞાનાદિ લક્ષણવાળો અને પ્રાણોને ધારણ કરે તે જીવ. તેના બે ભેદ ૧ **સિદ્ધ** ( કર્મ રહિત ) અને ૨ **સંસારી** ( કર્મ સહિત. )

સંસારીના બે ભેદ. ૧ **થાવર** અને ૨ **ત્રસ**. સ્થાવર=સ્થિર રહે તે. અને ત્રસ=ભય દેખી ત્રાસ પામે તે.

સ્થાવરના ૫ ભેદ. ૧ **પૃથ્વીકાય** ( માટીના જીવ ), ૨ **અપ્કાય** ( પાણીના જીવ ), ૩ **તેઉકાય** ( અગ્નિના જીવ. ), ૪ **વાઉકાય** ( વાયરાના જીવ ) અને ૫ **વનસ્પતિકાય** ( ઝાડ પાલાદિકના જીવ. )

વનસ્પતિકાયના બે ભેદ. ૧ **સાધારણ** અને ૨ **પ્રત્યેક**. સાધારણ=એક શરીરમાં અનંતા જીવ હોય તે, અને પ્રત્યેક=એક શરીરમાં એક જીવ હોય તે, તેના ૭ ભેદ. ફળ, ફુલ, છાલ, લાકડું, મૂળ, પાંદડાં ને બીજ.

ત્રસકાયના ૪ ભેદ. ૧ **બેઈંદ્રિય**, ૨ **તેઇંદ્રિય**, ૩ **ચઉરિંદ્રિય** ને ૪ **પંચેંદ્રિય.**

એકેંદ્રિય ( સ્થાવર )=ચામડીવાળા. બેઇંદ્રિય=ચામડી અને જીભ વાળા. તેઇંદ્રિય=ચામડી જીભ અને નાકવાળા. ચઉરિંદ્રિય=ચામડી જીભ નાક ને આંખવાળા. પંચેંદ્રિય=ચામડી જીભ નાક આંખ ને કાનવાળા.

પંચદ્રિયના ૪ ભેદ. ૧ **નારકી**, ૨ **તિર્યંચ**, ૩ **મનુષ્ય** ને ૪ **દેવ.**

નારકીના ૭ ભેદ. **ધમ્મા વંશા સેલા અંજણા રિટ્ઠા મઘા ને માઘવતી.** અનુક્રમે તેનાં ૭ ગોત્ર. રત્નપ્રભા શર્કરાપ્રભા વાલુકાપ્રભા પંકપ્રભા ધૂમપ્રભા, તમઃપ્રભા અને તમસ્તમઃ પ્રભા.

પંચેંદ્રિય તિર્યંચના ૩ ભેદ. ૧ **જલચર,** ૨ **સ્થલચર** અને ૩ **ખેચર.** જલચર=પાણીમાં રહેનાર. તેના પાંચ ભેદ. સુસુમાર (પાડાના જેવા મત્સ્ય.) માછલાં, કાચબા, ગ્રૂંડ અને મગર.

સ્થલચર=જમીન ઉપર ચાલનાર. તેના ૩ ભેદ. **ચતુષ્પદ** (ચાર પગવાળાં), **ઉરઃપરિસર્પ** (પેટે ચાલનાર) અને **ભુજપરિસર્પ** (ભુજાથી ચાલનાર.)

ખેચર=આકાશમાં ઉડનાર પક્ષી. તેના બે ભેદ. ૧ રૂવાટાંની પાંખવાળાં મોર વિગેરે અને ૨ ચામડાની પાંખવાળાં ચામાચીડીયાં વિગેરે. અઢીદ્વીપની બહાર બેસે અને ઉડે ત્યારે સંકોચેલી અને વિસ્તારેલી પાંખવાળાં એમ બે પ્રકારનાં પક્ષી છે.

મનુષ્યના ૩ ભેદ. ૧ **કર્મભૂમિના,** ૨ **અકર્મભૂમિના** અને ૩ **અંતર્દ્વીપના.** કર્મભૂમિ (અસિ મસી અને કૃષિનો વેપાર ચાલે તે) ક્ષેત્ર ૧૫ છે. ૫ ભરત, ૫ ઐરવત અને ૫ મહાવિદેહ.

અકર્મભૂમિ (અસિ મસી અને કૃષિનો વેપાર ન હોય તે) ક્ષેત્ર ૩૦ છે. ૫ હિમવત, ૫ ઐરણ્યવત, ૫ હરિવર્ષ, ૫ રમ્યક્, ૫ દેવકુરૂ ને ૫ ઉત્તરકુરૂ.

અંતર્દ્વીપ (એક દ્વીપથી બીજા દ્વીપને અન્તર [છેટું] હોય તે.) ક્ષેત્ર ૫૬ છે. આ જંબૂદ્વીપમાં પૂર્વ પશ્ચિમ લાંબા એવા હિમવંત અને શીખરી એ બે પર્વતો છે. તે બે પર્વતોની ૨ દિશાના ચારે છેડામાંથી બબ્બે ગજદંત લવણ સમુદ્રમાં ગયેલા છે. એ આઠે ગજદંત ઉપર ૭–૭ અંતર્દ્વીપ હોવાથી ૫૬ અંતર્દ્વીપ છે.

દેવતાના ૪ ભેદ. ૧ **ભવનપતિ,** ૨ **વ્યંતર,** ૩ **જ્યોતિષી** ને ૪ **વૈમાનિક.**

## ભવનપતિના ૧૦ ભેદ.

૧ અસુરકુમાર, ૨ નાગકુમાર, ૩ સુવર્ણકુમાર, ૪ વિદ્યુત્ કુમાર, ૫ અગ્નિકુમાર, ૬ દ્વીપકુમાર, ૭ ઉદધિકુમાર, ૮ દિશિકુમાર, ૯ પવનકુમાર અને ૧૦ સ્તનિત (મેઘ) કુમાર.

## પરમાધામીના ૧૫ ભેદ.

૧ અંબ, ૨ અંબરીષ, ૩ શ્યામ, ૪ શબલ, ૫ રૂદ્ર, ૬ ઉપરૂદ્ર, ૭ કાળ, ૮ મહાકાળ, ૯ અસિપત્ર, ૧૦ વન, ૧૧ કુંભી, ૧૨ વાલુકા, ૧૩ વૈતરણી, ૧૪ ખરસ્વર, ને ૧૫ મહાઘોષ.

## વ્યંતરના ૨ ભેદ. ૧. વ્યંતર ને ૨. વાણવ્યંતર. તે બંનેના ૮-૮ ભેદ છે.

૧ પિશાચ, ૨ ભૂત, ૩ યક્ષ, ૪ રાક્ષસ, ૫ કિંનર, ૬ કિંપુરૂષ, ૭ મહોરગ ને ૮ ગંધર્વ. એ આઠ **વ્યંતર.**
૧ અણપન્ની, ૨ પણપન્ની, ૩ ઇસીવાદી, ૪ ભૂતવાદી, ૫ કંદિત ૬ મહાકંદિત ૭ કોહંડ અને ૮ પતંગ. એ આઠ **વાણવ્યંતર.**

## તિર્યગ્ જૃંભકના ૧૦ ભેદ.

૧ અન્ન જૃંભગા, ૨ પાન જૃંભગા, ૩ વસ્ત્ર જૃંભગા, ૪ લેણ (ઘર) જૃંભગા, ૫ પુષ્પ જૃંભગા, ૬ ફલ જૃંભગા, ૭ પુષ્પફલ જૃંભગા, ૮ શયન જૃંભગા, ૯ વિદ્યા જૃંભગા, અને ૧૦ મા અવિયત્ત (અવ્યક્ત) જૃંભગા.

## જ્યોતિષી દેવતાના ૨ ભેદ.

મનુષ્ય ક્ષેત્રમાં ચર, અને તેની બહાર સ્થિર. ૧ **ચર** અને ૨ **સ્થિર** જ્યોતિષી ( એ દરેકના )ના ૫ ભેદ-ચંદ્ર, સૂર્ય ગ્રહ, નક્ષત્ર ને તારા ( કુલ ૧૦ )

**વૈમાનિક દેવતાના ૨ ભેદ. ૧ કલ્પોપપન્ન અને ૨ કલ્પાતીત.**

**કલ્પોપપન્ન**—સ્વામિ સેવક આદિ મર્યાદાવાળા ૧૨ દેવલોક સુધીના.

**૯ લોકાંતિક દેવનાં નામ**—૧ સારસ્વત, ૨ આદિત્ય, ૩ વહ્નિ ૪ અરૂણ, ૫ ગર્દતોય, ૬ તુષિત, ૭ અવ્યાબાધ, ૮ મરૂત, ને ૯ અરિષ્ટ.

**૩ કિલ્બીષિયા**—પહેલા કિલ્બીષિયા ૧-૨ જા દેવલોક નીચે. બીજા કિલ્બીષિયા ૩જા દેવલોક નીચે, અને ત્રીજા કિલ્બીષિયા ૬ઠ્ઠા દેવલોક નીચે ઉત્પન્ન થાય છે.

**૧૨ દેવલોકનાં નામ**—૧ સૌધર્મ, ૨ ઇશાન, ૩ સનત્કુમાર, ૪ માહેંદ્ર, ૫ બ્રહ્મલોક, ૬ લાંતક, ૭ મહાશુક્ર, ૮ સહસ્રાર, ૯ આનત, ૧૦ પ્રાણુત, ૧૧ આરણુ અને ૧૨ અચ્યુત.

**કલ્પાતીત**--સ્વામિ સેવક આદિ આચાર વિનાના. સર્વે અહમિંદ્ર છે. તેના ૨ ભેદ. ૯ ગ્રૈવેયક અને ૫ અનુત્તર વિમાનના.

**૯ ગ્રૈવેયકનાં નામ**--૧ સુદર્શન, ૨ સુપ્રતિબદ્ધ, ૩ મનોરમ, ૪ સર્વતોભદ્ર, ૫ સુવિશાલ, ૬ સુમનસ, ૭ સૌમનસ, ૮ પ્રીયંકર ને ૯ નંદીકર.

**૫ અનુત્તરનાં નામ**--૧ વિજય, ૨ વિજયંત, ૩ જયંત, ૪ અપરાજિત, ને ૫ સર્વાર્થસિદ્ધ.

સિદ્ધના ( પૂર્વ અવસ્થાને લીધે થયેલ ) ૧૫ ભેદ. જિનસિદ્ધ, અજિનસિદ્ધ, તીર્થસિદ્ધ, અતીર્થસિદ્ધ, ગૃહસ્થલિંગસિદ્ધ, અન્યલિંગ સિદ્ધ, સ્વલિંગસિદ્ધ, સ્ત્રીલિંગસિદ્ધ, પુરૂષલિંગસિદ્ધ, નપુંસકલિંગસિદ્ધ, પ્રત્યેકબુદ્ધ સિદ્ધ, સ્વયંબુદ્ધ સિદ્ધ, બુદ્ધબોધિત સિદ્ધ, એક સિદ્ધ, અને અનેક સિદ્ધ.

એ જીવોની અવગાહના ( શરીરની ઉંચાઈ કે લંબાઇ ). આયુષ્ય, સ્વકાય સ્થિતિ, દ્રવ્યપ્રાણ અને યોનિ એ પાંચદ્વારો પાને ૩૮ થી ૪૧ સુધી કોષ્ટકોમાંથી જોઇને કરવાં.

# શ્રી જીવ વિચાર પ્રકરણ સાર્થ.

## મંગલાચરણ.

ભુવણ-(ત્રણ) ભુવનમાં.
પઇવં-દીવા સમાન.
વીરં-વીર પ્રભુને.
નમિઊણ-નમસ્કાર કરીને.

ભણામિ-કહું છું.
અબુહ-અજ્ઞાની જીવોને.
બોહત્થં-બોધના અર્થે.
જીવ-જીવનું.

સરૂવં-સ્વરૂપ.
કિંચિ વિ-કાંઇક પણ
જહ-જેમ.
ભણિયં-કહ્યું છે.
પૂવ્વ-પૂર્વના.
સૂરીહિં-આચાર્યોએ.

**ભુવણ પઇવં વીરં**—ત્રણ ભુવન (સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ) માં દીવા સમાન શ્રી વીર પ્રભુને.

**નમિઊણ ભણામિ અબુહ બોહત્થં**—નમસ્કાર કરીને અજ્ઞાની જીવોને બોધ (જાણવા) ને અર્થે કહું છું. (શું?)

**જીવ સરુવં કિંચિ વિ**—જીવનું કિંચિત્ સ્વરૂપ (જ્ઞાનાદિ લક્ષણવાળો અને પ્રાણોને ધારણ કરે તે જીવ કહેવાય.)

**જહ ભણિયં પુવ્વ સૂરીહિં ॥ ૧ ॥**—જેમ પૂર્વના આચાર્યોએ કહ્યું છે તેમ.

જીવા-જીવો.
મુત્તા-મુક્ત.
સંસારિણો-સંસારી.
ય-અને.
તસ-ત્રસ.

થાવરા-સ્થાવર.
સંસારી-સંસારી.
પુઢવી-પૃથ્વીકાય.
જલ-અપ્કાય.
જલણ-તેઉકાય.

વાઉ-વાયુકાય.
વણસ્સઇ-વનસ્પતિકાય.
નેયા-જાણવા.

## જીવોના મુખ્ય ભેદો.

**જીવા મુત્તા સંસારિણો ય**–જીવો મુક્ત (કર્મ રહિત) અને સંસારી (કર્મ સહિત) એમ બે ભેદે છે.

**તસ થાવરા ય સંસારી**—ત્રસ (ભય દેખી ડરે તથા ચાલે, તેના ૪ ભેદ. બેઇંદ્રિયાદિ) અને સ્થાવર એ બે સંસારીના ભેદ છે.

**પુઢવી જલ જલણ વાઉ**—પૃથ્વીકાય (માટીના જીવ), અપ્કાય (પાણીના જીવ), તેઉકાય (અગ્નિના જીવ), વાઉકાય (વાયરાના જીવ) અને

**વણસ્સઈ થાવરા નેયા ॥૨॥**—વનસ્પતિકાય (ઝાડ પાલાદિકના જીવ) એ ૫ સ્થાવર (સ્થિર રહેનાર) જાણવા.

| | | |
|---|---|---|
| **ફલિહ**–સ્ફટિક. | **ધાઉ**–ધાતુ. | **મટ્ટી**–માટી. |
| **મણિ**–મણિ. | **સેઢી**–ખડી. | **પાહાણ**–પત્થરની. |
| **રયણ**–રત્ન. | **વન્નિય**–લાલ માટી. | **જાઇઓ**–જાતિઓ. |
| **વિદ્દુમ**–પરવાલાં. | **અરણેટ્ટય**–ધોળી માટી. | **ણેગા**–અનેક. |
| **હિંગુલ**–હિંગલોક. | | **સોવીર**–સુરમો. |
| **હરિયાલ**–હડતાલ. | **પલેવા**–પારેવો પાષાણ. | **અંજણ**–આંજવાનો. |
| **મણસિલ**–મનશિલ. | | **લુણાઈ**–મીઠું વિગેરે. |
| **રસિંદા**–પારો. | **અબ્ભય**–અબરખ. | **પુઢવો**–પૃથ્વીકાયના. |
| **કણગ**–સોનું. | **તૂરી**–તૂરી માટી. | **ભેયા**–ભેદો. |
| **આઇ**–વિગેરે. | **ઉસં**–ઉસ-ખારીમાટી. | **ઇચ્ચાઇ**–એ વિગેરે. |

## પૃથ્વીકાયના ભેદો.

**ફલિહ મણિ રયણ વિદ્દુમ**—સ્ફટિક રત્ન–મણિ–રત્ન–પરવાળાં.

**હિંગુલ હરિયાલ મણસિલ રસિંદા**—હિંગલોક, હડતાલ, મણશિલ, પારો.

**કણુગાઈ ધાઉ સેઢી**—સોનું આદિ ૭ ધાતુ (સોનું-રૂપું-તાંબુ-લોઢું-જસત (તરવું)-સીસું ને કલાઈ) ખડી, (એ ધાતુ અગ્નિનો સંચોગ થયા પહેલાં પૃથ્વીકાય છે, અને અગ્નિના સંચોગે અગ્નિકાય છે, પછી અજીવ છે.)

**વન્નિય અરણેટ્ટય પલેવા ॥ ૩ ॥**—લાલ માટી, ધોળી માટી અને પારેવો પાષાણ.

**અબ્ભય તૂરી ઉસં**—અબરખ, તુરી (કાપડને પાશ દેવામાં આવે તે માટી), ઉસ.

**મટ્ટી પાહાણ જાઈઓ ણેગા**—માટી અને પત્થરની અનેક જાતિઓ.

**સોવીરંજણ લુણાઈ**—આંખમાં આંજવાનો સુરમો, મીઠું વિગેરે (સીંધવ-સાજીખાર)

**પુઢવી ભેયા ઈ ઈચ્ચાઈ ॥ ૪ ॥**—એ વિગેરે (આદિ પદથી રેતી-મરડીઆ વિગેરે) પૃથ્વીકાયના ભેદો છે.

**ભોમ**-પૃથ્વીનું.
**અંતરિક્ખં**-આકાશનું.
**ઉદગં**-પાણી.
**ઓસા**-ઠાર. ઝાકળ.
**હિમ**-બરફ.
**કરગ**-કરા.
**હરિતણુ**-લીલા ઘાસ ઉપરનું પાણી.
**મહિયા**-ધુમસ. વરસાદની ફરફર.
**હુન્તિ**-હોય છે.
**ઘણોદહિં**-ઘનોદધિ.
**આઈ**-વિગેરે.
**ભેયા**-ભેદો.
**ણેગા**-અનેક.
**આઉસ્સ**-અપ્કાયના

**અપ્કાયના ભેદો.**

**ભોમં-તરિક્ખ-મુદગં**—ભૂમિનું (કુવા વિગેરેનું) પાણી, આકાશનું (વરસાદનું) પાણી.

**ઓસા હિમ** **કરગ હરિતમહિઆ**—ઠાર, બરફ,

કરા, લીલા ઘાસ ઉપરનું પાણી, તથા ધૂમસ (વરસાદની ફરફર ).

**હુંતિ ઘણોદહિમાઈ**—ઘનોદધિ (થીજ્યા ઘી જેવું પાણી) આદિ (દરીયાનું પાણી વિગેરે)

**ભેયા ણેગા ય આઉસ્સ ।।પા।।**—અપ્કાયના અનેક ભેદો છે.

**ઇંગાલ**—અંગારા.
**જાલ**—જવાલા. અગ્નિની શિખા.
**મુમ્મુર**—ભરસાડ. ભાઠો.
**ઉક્કા**—ઉલ્કાપાત.
**અસણિ**—વજ્રથી થતો અગ્નિ.
**કણગ**—કણિઆનો અગ્નિ
**વિજ્જુ**—વિજળી.
**આઇઆ**—વિગેરે.
**અગણિ**—અગ્નિકાય.
**જિયાણ**—જીવોના.
**ભેયા**—ભેદો.
**નાયવ્વા**—જાણવા.
**નિઉણ**—ડાહી. નિપુણ.
**બુદ્ધીએ**—બુદ્ધિવડે.

## અગ્નિકાયના ભેદો.

**ઈંગાલ જાલ મુમ્મુર**—અંગારા, જવાલા (અગ્નિની શિખા), ભરસાડ (ઉની રાખોડી કે ભાઠો).

**ઉક્કાસણિ કણગ વિજ્જુમાઈઆ**—ઉલ્કાપાત (ઉત્પાતના કારણરૂપ અગ્નિ ), વજ્રનો અગ્નિ, આકાશમાંથી ખરતા તારા જેવા અગ્નિના કણ, વિજળી વિગેરે. ( સૂર્યકાન્ત, ચકમક, અરણી અને વાંસના ઘસારાથી ઉત્પન્ન થયેલ અગ્નિ ).

**અગણિ જિયાણં ભેયા**—અગ્નિકાય જીવોના ભેદો.

**નાયવ્વા નિઉણ બુદ્ધીએ ।।૬।।**—નિપુણ (ડાહી) બુદ્ધિએ કરીને જાણવા.

ઉબ્ભામગ–ઉદ્ભ્રામક.
ઉક્કલિયા–ઉત્કલિક.
મંડલિ–વંટોલીઓ.
મહ–મહાવાયુ.
સુદ્ધ–શુદ્ધવાયુ.
ગુંજવાયા–ગુંજારવ કરતો વાયુ.
ઘણ–ઘનવાત.
તણુવાય–તનવાત.
આઇઆ–આદિ.
ભેયા–ભેદો.
ખલુ–નિશ્ચે
વાઉકાયસ્સ–વાયુકાયના.

વાયુકાયના ભેદો.

**ઉબ્ભામગ ઉક્કલિયા**—ઉદ્ભ્રામક (ઉંચો ભમાવે તે) વાયુ, ઉત્કલિક (રહી રહીને ધૂળમાં આંકળીઓ પાડે તે) વાયુ.
**મંડલિ મહ સુદ્ધ ગુંજવાયા ય**—મંડલિક (વંટોળીઓ) વાયુ, મહાવાયુ, શુદ્ધ વાયુ અને ગુંજારવ કરતો વાયુ.
**ઘણ તણુ વાયાઈઆ**—ઘનવાત અને તનવાત (જેને આધારે નરક દેવલોકાદિ રહ્યા છે તે) આદિ (પંખાનો વાયરો).
**ભેયા ખલુ વાઉકાયસ્સ ॥૭॥**–નિશ્ચે વાયુકાયના ભેદો છે.

સાહારણ–સાધારણ.
પત્તેયા–પ્રત્યેક.
વણસ્સઈ–વનસ્પતિકાય.
જીવા–જીવો.
દુહા–બે પ્રકારે.
સુએ–સૂત્રને વિષે.
ભણિયા–કહ્યા છે.
જેસિં–જે.
અણંતાણં–અનંત જીવોનું.
તણુ–શરીર.
એગા–એક.
સાહારણા–સાધારણ.
તે ઉ–તે તો.
કંદા–કંદમૂળ.
અંકુર–અંકુરા. ફણગા.
કિસલય–કુંપલો. ટીશીઓ.
પણગા–પાંચ વર્ણની લીલફુલ.
સેવાલ–સેવાલ.
ભૂમિફોડા–બિલાડીના ટોપ.
અલ્લયતિય–આદુ વિગેરે ત્રણ.
ગજ્જર–ગાજર.
મોત્થ–મોથ.
વત્થુલા–એક જાતનું શાક.
થેગ–થેગ.
પલ્લંકા–પાલખું શાક.

**કોમલ**–કુમળાં, કુણાં.
**ફલં**–ફલ.
**સવ્વં**--સર્વ
**ગુઢ**–છાની.
**સિરાઇં**–નસ વગેરે.
**સિણાઇ**–શિણ વિગેરેનાં.
**પત્તાઈં**–પાંદડાં.
**થોહરિ**–થોરની જાત.
**કુંઆરિ**–કુંવારનું પાઠું.
**ગુગ્ગુલી**–ગુગળનું વૃક્ષ.
**ગલો**–ગલો.
**પમુહા**–પ્રમુખ, વિગેરે.
**છિન્નરૂહા**–છેદીને વાવવાથી ઉગે તે.

**ઇચ્ચાઇણો**–ઈત્યાદિ.
**અણેગે**–અનેક.
**હવંતિ**–હોય છે.
**ભેયા**–ભેદો.
**અણંતકાયાણં**–અનંતકાયના.
**તેસિ** –તેઓને.
**પરિ**–વિશેષ.
**જાણણત્થં**–જાણવાને અર્થે.
**લકખણં**–લક્ષણ.
**એઅં**–આ.
**સુએ**–સૂત્રને વિષે.
**ભણિઅં**–કહ્યું છે.
**ગઢ**–ગુપ્ત.
**સિર**–નસ.

**સંધિ**–સાંધા.
**પવ્વં**–પર્વ, ગાંઠા.
**સમ**-સરખા બે ભાગ.
**ભંગ**–ભાગવાથી થાય.
**અહીરુગં**–તાંતણા રહિત.
**છિન્નરુહં**–છેદીને વાવવાથી ફરીથી ઉગે તે.
**સાહારણં**–સાધારણ.
**સરીરં**–શરીર.
**તવ્વિરીઅં**–તેથી વિપરીત.
**પત્તેયં**–પ્રત્યેક.

### વનસ્પતિકાયના ભેદ તથા સાધારણ વનસ્પતિકાયનું લક્ષણ અને ભેદ.

**સાહારણ પત્તેઆ**—સાધારણ (૧ શરીરમાં અનંતા જીવવાળી) અને પ્રત્યેક (૧ શરીરમાં ૧ જીવવાળી).

**વણસ્સઈ જીવા દુહા સુએ ભણિયા**—(એમ) વનસ્પતિકાયના જીવો બે પ્રકારે સૂત્રને વિષે કહ્યા છે.

**જેસિ-મણંતાણં તણુ**—જે અનંત જીવોનું શરીર.

**એગા સાહારણા તે ઉ ॥૮॥**—એક હોય. તે તો સાધારણ વનસ્પતિકાય (નિગોદ—અનંતકાય) કહેવાય.

**કંદા અંકુર કિસલય**—કંદ (સુરણાદિ), ફણગા, કુંપલો (ટીશીઓ).

**પણગા સેવાલ ભૂમિફોડા ય**—પાંચ વર્ણની લીલ ફુલ, સેવાલ અને બિલાડીના ટોપ.

**અલ્લયતિય ગજ્જર મોત્થ**—આદુ આદિ ત્રણ ( લીલું આદુ, લીલી હળદર, લીલો કચુરો ) ગાજર, મોથ.

**વત્થુલા થેગ પલ્લંકા ાાલ્ા**--વત્થુલો (એક જાતનું શાક), થેગ, પાલખું (એક જાતનું શાક).

**કોમલ ફલં ચ સવ્વં**--સર્વ જાતિનાં કુણાં ફલ, (જેમાં બીજ ન થયાં હોય તે ).

**ગૂઢ સિરાઈ સિણાઈ પત્તાઈ**-જેનો કણુસલો નસો વિગેરે છાની હોય તે, શિણ (પીલુડીનું વૃક્ષ) વિગેરેનાં પાંદડાં.

**થોહરિ કુંઆરિ ગુગ્ગુલી**-૧ થોરની જાત, ૨ કુંવરનું પાઠું, ૩ ગુગલનું વૃક્ષ.

**ગલો ય પમુહા ઈ છિન્નરૂહા ॥ ૧૦॥**-અને ૪ ગલો પ્રમુખ (ઉપર કહેલ ૪) જેને છેદીને વાવવાથી ફરીને ઉગે તે.

**ઈચ્ચાઈણો અણેગે**-ઇત્યાદિ ( બટાટાં, શકરીયાં, મૂળા, કોમલ આમલી વિગેરે ) અનેક.

**હવંતિ ભેયા અણંતકાયાણં**—અનંતકાયના ભેદો છે.

**તેસિં પરિજાણણત્થં**—તેઓને વિશેષ જાણવાને અર્થે.

**લક્ખણ--મેઅં સુએ ભણિયં ॥ ૧૧ ॥**—આ લક્ષણ સૂત્રને વિષે કહ્યું છે.

**ગૂઢસિર-સંધિ-પવ્વં**--જેની નસો, સાંધા અને ગાંઠા ગુપ્ત હોય.

**સમભંગ-મહિરૂગં ચ છિન્નરૂહં**—ભાગવાથી જેના સરખા બે ભાગ થાય. તાંતણા રહિત હોય અને જેને છેદીને વાવીએ તો ફરીથી ઉગે.

**સાહારણં સરીરં**--તેને સાધારણ વનસ્પતિકાયનું શરીર કહીએ.

**તવ્વિવરિઅં ચ પત્તેયં ॥ ૧૨ ॥**—અને તેથી વિપરીત (લક્ષણવાળી તે) પ્રત્યેક વનસ્પતિ કહીએ.

**એગ**-એક.
**સરીરે**-શરીરમાં.
**એગો**-એક.
**જીવો**-જીવ.
**જેસિં**-જે (વૃક્ષ)ને.
**તુ તે**-તે જ.
**પત્તેયા**-પ્રત્યેક.
**ફલ**-ફલ.
**ફુલ**-ફુલ.
**છલ્લિ**-છાલ.
**કટ્ઠા**-કાષ્ટ.
**મૂલગ**-મૂળ.
**પત્તાણિ**-પાંદડાં.
**બીયાણિ**-બીજ.

**એગ સરીરે એગો**--૧ શરીરને વિષે એક.

**જીવો જેસિં તુ તે ય પત્તેયા** -જીવ જે (વૃક્ષ) ને હોય, તે જ પ્રત્યેક વનસ્પતિકાય કહેવાય.

**ફલ ફુલ છલ્લિ કટ્ઠા**—ફળ, ફુલ, છાલ, લાકડાં.

**મૂલગ પત્તાણિ બીયાણિ ॥ ૧૩ ॥**—મૂલ, પાંદડાં ને બીજ. ( એ ૭ સ્થાનમાં જુદા જુદા પ્રત્યેક વનસ્પતિકાયના જીવો હોય છે. )

**પત્તેય**-પ્રત્યેક.
**તરું**-વનસ્પતિકાયને.
**મુત્તું**-મૂકીને.
**પંચવિ**-પાંચે પણ.
**પુઢવાઇણો**-પૃથ્વીકાયાદિ.
**સયલ**-સકળ
**લોએ**-(૧૪) રાજલોકમાં
**સુહુમા**-સૂક્ષ્મ.
**હવંતિ**-હોય છે.
**નિયમા**-નિશ્ચે.
**અંતમુહુત્ત**-અંતર્મુહૂર્ત.
**આઉ**-આયુષ્યવાળા.
**અદ્દિસ્સા**-અદૃશ્ય.

**પત્તેય તરું મુત્તું**--પ્રત્યેક વનસ્પતિકાયને મૂકીને.

**પંચ વિ પુઢવાઈણો સયલ લોએ**—પાંચે પણ પૃથ્વી-
કાયાદિ સકલ (૧૪) રાજલોકને વિષે.

**સુહુમા હવંતિ નિયમા**--નિશ્ચે સૂક્ષ્મ હોય છે.

**અંતમુહુત્તાઉ અદિસ્સા ॥૧૪॥**-(તે સૂક્ષ્મ જીવો) અંત--
મુંહૂર્તના આયુષ્યવાળા અને અદૃશ્ય (આંખથી ન
દેખાય તેવા) હોય છે.

જો શરીરમાં જીવ હોય તો શરીર વધે, ઉનું હોય
અને ગમન કરે. જેમકે:--**પૃથ્વીકાય** ખાણમાં વધે છે.
કુવાનું **પાણી** શિયાળામાં ઉનું હોય છે. **અગ્નિ** ઉષ્ણ છે.
**વાયુ** ગમન કરે છે અને **વનસ્પતિ** વધે છે. **સાધારણ
વનસ્પતિ** (આદુ વિગેરે) ના જેટલા ટુકડા કરીને વાવીએ
તો તે દરેક વધે છે, માટે તેમાં અનંત જીવો છે.

| | | |
|---|---|---|
| **સંખ**—શંખ. | **અલસ**—અલશીઆં. | **પૂઅરગા**—પોરા. |
| **કવડ્ડય**—કોડા, કોડી. | **લહગાઇ**—લાળીઆ જીવ. | **બેઇંદિય**—બે ઇંદ્રિય-વાળા જીવો. |
| **ગંડુલ**—મોટા કરમીયા. | **મેહરિ**—લાકડાના કીડા. | **માઇવાહાઇ**—ચૂડેલ વિગેરે. |
| **જલો**—જળો. | **કિમિ**—કરમીઆ. | |
| **ચંદણગ**—અક્ષ, સ્થાપનાચાર્ય. | | |

**બેઇંદ્રિયના ભેદો.**

**સંખ કવડ્ડય ગંડુલ**—સંખ, કોડા, ગંડોલા (પેટમાં
મોટા કરમીઆ થાય તે)

**જલોય ચંદણગ અલસ લહગાઈ**—જલો, ચંદનક (સ્થા-
પનાચાર્ય), અલશીઆ, લાળીઆ જીવ (વાશી રાંધેલ
અન્નમાં ઉપજે તે).

**મેહરિ કિમિ પૂઅરગા**—મેર ( લાકડાના કીડા ), કરમીયા, પોરા.

**બેઈંદિય માઈવાહાઈ ॥૧૫॥**—ચૂડેલ વિગેરે (છીપ, વાળા) બેઇંદ્રિય (ચામડી અને જીભ વાળા) જીવો છે.

**ગોમી**—કાનખજૂરા.
**મંકણુ**—માંકણુ.
**જુઆ**—જૂ. લીખ.
**પિપીલિ**—કીડીઓ.
**ઉદ્દેહિઆ**—ઉધેઇ.
**મક્કોડા**—મંકોડા.
**ઇલ્લિય**—ધાન્યની ઈયળ.
**ઘયમિલ્લીઓ**—ઘીમેલો.

**સાવય**—સવા.
**ગોકીડ**—ગીંગોડાની.
**જાઇઓ**—જાતિઓ.
**ગદ્દહુય**—ગધૈયા. ઉત્તિંગા.
**ચોરકીડા**—વિષ્ટાના કીડા.
**ગોમય**—છાણુના.
**કીડા**—કીડા.

**ધન્નકીડા**—ધાન્યના કીડા.
**કુંથુ**—કુંથુઆ.
**ગોવાલિય**—ગોપાલિક.
**ઇાલયા**—ઇયળ. ( ખાંડની ).
**તેઇંદ્રિય**—ત્રણ ઈંદ્રિય વાળા.
**ઇંદગોવાઇ**—ઇંદ્રગોપ આદિ.

## તેઇંદ્રિયના ભેદો.

**ગોમી મંકણુ જુઆ**—કાનખજુરા, માંકણુ, જુ (લીખ).

**પિપીલિ ઉદ્દેહિયા ય મક્કોડા**—કીડી, ઉધેઇ અને મંકોડા.

**ઈલ્લિય ઘયમિલ્લીઓ**—ધાન્યની ઈયળ ( અને ) ઘીમેલો ( ખરાબ ઘીમાં ઉપજે તે ).

**સાવય ગોકીડ જાઇઓ ॥૧૬॥**—સવા ( વાળના મૂળમાં ઉપજે તે ), ગીંગોડાની જાતિઓ.

**ગદ્દહય ચોરકીડા**—ઉત્તિંગા (ગાયના વાડામાં થાય તે), વિષ્ટાના કીડા.

**ગોમયકીડા ય ધન્નકીડા ય**—છાણુના કીડા અને ધનેરિયાં ( ધનેડા ).

**કુંથુ ગોવાલિય ઇલિયા**—કુંથુઆ, ગોપાલિક, ઇયળ (ખાંડની).

**તેઇંદિય ઇંદગોવાઈ ॥૧૭॥**—ઇંદ્રગોપ આદિ (ચાંચડ વિગરે) તેઇંદ્રિય (ચામડી, જીભ ને નાકવાળા) જીવો છે.

| | | |
|---|---|---|
| **ચઉરિંદિયા**–ચાર ઈંદ્રિયવાળા. | **ભમરિયા**–ભમરી. | **કંસારી**–કંસારી. |
| **વિચ્છુ**–વિંછી. | **તિડ્ડા**–તીડ. | **કવિલ**–કરોળીયા. |
| **ઢિંકુણ**–બગાઈ. | **મચ્છિય**–માખી. | **ડોલાઇ**–ખડમાંકડી. |
| **ભમરા**–ભમરા. | **ડંસા**–ડાંસ. | વિગેરે. |
| | **મસગા**–મચ્છર. | |

## ચઉરિંદ્રિયના ભેદો.

**ચઉરિંદિયા ય વિચ્છુ**—ચઉરિંદ્રિય જીવો (ચામડી, જીભ, નાક ને આંખવાળા) વીંછી અને

**ઢિંકુણ ભમરા ય ભમરિયા તિડ્ડા**—બગાઇ, ભમરા, ભમરી અને તીડ.

**મચ્છિય ડંસા મસગા**—માખી, ડાંસ, મચ્છર.

**કંસારી કવિલ ડોલાઈ ॥ ૧૮ ॥**--કંસારી, કરોળીયા, ખડમાંકડી વિગેરે (પતંગીયાં) છે.

બેઇંદ્રિયને પગ ન હોય. તેઇંદ્રિયને ૪–૬ કે વધુ પગ હોય. ચઉરિંદ્રિયને ૬ કે ૮ પગ હોય. પંચેંદ્રિયને ૨, ૪, ૮ પગ હોય અથવા ન હોય.

| | | |
|---|---|---|
| **પંચિંદિયા**–પાંચ ઈંદ્રિયવાળા. | **તિરિય**–તિર્યંચ. | **સત્ત**–સાત. |
| **ચઉહા**–ચાર પ્રકારે. | **મણુસ્સ**–મનુષ્ય. | **વિહા**–પ્રકારે. |
| **નારય**–નારકી. | **દેવા**–દેવતા. | **નાયવ્વા**–જાણવા. |
| | **નેરઇયા**–નારકી જીવો. | **પુઢવી**–પૃથ્વીના. |
| | | **ભેએણં**–ભેદ વડે. |

## પંચેંદ્રિય જીવોના ભેદો.

**પંચિંદિયા ય ચઉહા**--પંચેંદ્રિય જીવો ( ચામડી, જીભ, નાક, આંખ ને કાનવાળા ) ૪ પ્રકારે છે.

**નારય તિરિયા માણુસ્સ દેવા ય**–નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવતા.

**નેરઈયા સત્તવિહા**—નારકી જીવો ૭ પ્રકારે છે. (ઘમ્મા, વંશા, સેલા, અંજણા, રિટ્ઠા, મઘા ને માઘવતી. )

**નાયવ્વા પુઢવી ભેએણં ॥ ૧૯ ॥**—તે ( રત્નપ્રભાદિ ) પૃથ્વીના ભેદ વડે જાણવા. (રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા ને તમસ્તમઃપ્રભા એ ૭ ગોત્ર ( ગુણ ઉપરથી બનેલાં નામ ) જાણવાં. )

### નારકીના ૧૪ ભેદો.

| નંબર | નામ. | ગોત્ર ( ગુણ ઉપરથી બનેલાં નામ ). | કયો ગુણ ? |
|---|---|---|---|
| ૧ | ઘમ્મા | રત્નપ્રભા | રત્ન ઘણાં હોય. |
| ૨ | વંશા | શર્કરા પ્રભા | કાંકરા ઘણા હોય. |
| ૩ | સેલા | વાલુકા પ્રભા | રેતી ઘણી હોય. |
| ૪ | અંજણા | પંક પ્રભા | કાદવ ઘણો હોય. |
| ૫ | રિટ્ઠા | ધૂમ પ્રભા | ધૂમાડો ઘણો હોય. |
| ૬ | મઘા | તમઃ પ્રભા | અંધકાર ઘણો હોય. |
| ૭ | માઘવતી | તમસ્તમઃ પ્રભા | અત્યંત ઘણોજ અંધકાર હોય |

એ ૭ અપર્યાપ્તા ને ૭ પર્યાપ્તા મળી ૧૪ ભેદ નારકીના થયા.

**જલયર**–પાણીમાં ચાલનારા.
**થલયર**–જમીન ઉપર ચાલનારા.
**ખયરા**–આકાશમાં ઉડનારા.
**તિવિહા**–ત્રણ પ્રકારે.
**પંચિંદિયા**–પાંચ ઇંદ્રિયવાળા.
**તિરિક્ખા**–તિર્યંચો.
**સુસુમાર**–પાડાના આકારના મત્સ્યો.
**મચ્છ**–માછલાં.
**કચ્છવ**–કાચબા.
**ગાહા**–ઝૂંડ, જળજંતુ.
**મગરા**–મગરો.
**જલચારી**–જળચર જીવો.
**ચઉપય**–ચાર પગવાળાં.
**ઉર પરિસપ્પા**–પેટ ચાલનારા.

**ભુય પરિસપ્પા**– ભુજાએ ચાલનારા.
**ગો**–ગાય.
**સપ્પ**–સર્પ, સાપ.
**નઉલ**–નોળીયા.
**પમુહા**–પ્રમુખ, વિગેરે
**બોધવ્વા**–જાણવા.
**સમાસેણં**–સંક્ષેપથી.
**ખયરા**–ખેચર.
**રોમય**–રૂવાંટાની.
**પક્ખી**–પાંખવાળા પક્ષી.
**ચમ્મય પક્ખી**– ચામડાની પાંખવાળા પક્ષી.
**પાયડા**–પ્રગટ.
**ચેવ**–નિશ્ચે.
**નરલોગાઓ**– મનુષ્ય લોકની.
**બાહિં**–બહાર.

**સમુગ્ગ પક્ખી**– સંકોચેલી પાંખવાળા પક્ષી.
**વિયય પક્ખી**–વીસ્તારેલી પાંખવાળા પક્ષી.
**સવ્વે**–સર્વ.
**જલ**–જલચર.
**થલ**–સ્થલચર.
**ખયરા**–ખેચર.
**સમુચ્છિમા**–સમૂચ્છિમ.
**ગબ્ભયા**–ગર્ભજ.
**દુહા**–બે પ્રકારે.
**હુન્તિ**–હોય છે.
**કમ્મ**–કર્મભૂમિના.
**અકમ્મગભૂમિ**– અકર્મભૂમિના.
**અંતરદીવા**–અંતર્દ્વીપના.
**મણુસ્સા**–મનુષ્યો.

## પંચેંદ્રિય તિર્યંચ જીવોના ભેદો.

**જલયર થલયર ખયરા**—જલચર ( પાણીમાં રહેનાર ), સ્થલચર ( જમીન ઉપર ચાલનાર ), અને ખેચર ( આકાશમાં ઉડનાર. )

**તિવિહા પંચિંદિયા તિરિક્ખા ય**—તિર્યંચ પંચેંદ્રિય જીવો ૩ પ્રકારે છે.

**સુસુમાર મચ્છ કચ્છવ**—સુસુમાર (પાડાના જેવા મત્સ્ય), માછલાં, કાચબા.

**ગાહા મગરા ય જલચારી ॥ ૨૦ ॥**—ઝુંડા અને મગરો એ જલચર જીવો છે.

**ચઉપય ઉરપરિસપ્પા**—ચતુષ્પદ (ચાર પગવાળા)–ઉરઃપરિસર્પ ( પેટે ચાલનારા. )

**ભુયપરિસપ્પા ય થલયરા તિવિહા**—અને ભુજપરિસર્પ ( ભુજાથી ચાલનાર ) એમ સ્થલચર જીવો ૩ પ્રકારે છે.

**ગો સપ્પ નઉલ પમુહા**—ગાય, સાપ અને નોળીયા પ્રમુખ ( અનુક્રમે )

**બોધવ્વા તે સમાસેણં ॥ ૨૧ ॥**—તે સંક્ષેપથી જાણવા.

**ખયરા રોમય પક્ખી**—ખેચર જીવો રોમજ પક્ષી (રૂવાંટાંની પાંખવાળાં પોપટ, મોર વિગેરે.)

**ચમ્મય પક્ખી ય પાયડા ચેવ**—અને ચર્મજ પક્ષી ( ચામડાંની પાંખવાળાં વડવાગુલી, ચામાચીડીયાં વિગેરે ) નિશ્ચે પ્રસિદ્ધ છે.

**નરલોગાઓ બાહિં**—મનુષ્ય લોક ( અઢીદ્વીપ )ની બહાર.

**સમુગ્ગ પક્ખી વિયયપક્ખી ॥ ૨૨ ॥**—( બેસે અને ઉડે ત્યારે ) સંકોચેલી પાંખવાળા અને વિસ્તારેલી પાંખવાળાં પક્ષી છે.

જંબૂદ્વીપ, ધાતકીખંડ અને પુષ્કરવર દ્વીપ અડધો એ ૨॥ દ્વીપ. તેની વચ્ચે અનુક્રમે લવણ સમુદ્રને કાલોદધિ છે. એ ૪૫ લાખ જોજનનું ક્ષેત્ર તે મનુષ્યલોક કહેવાય છે, કારણ કે તેનીજ અંદર મનુષ્યનાં જન્મ–મરણ થાય છે.

**સવ્વે જલ થલ ખયરા**—સર્વ જલચર, સ્થલચર અને ખેચર.

**સમુચ્છિમા ગબ્ભયા દુહા હુંતિ**—સમૂચ્છિંમ ( માતા-પિતાના સંબંધ વિના ઉપજે તે ) અને ગર્ભજ (એમ) બે પ્રકારે છે.

( એકેંદ્રિય અને વિકલેંદ્રિય સમૂચ્છિમજ છે. )

**કમ્મા--કમ્મગ ભૂમિ**—કર્મભૂમિના, અકર્મભૂમિના.

**અંતરદીવા મણુસ્સા ય ॥ ૨૩ ॥**—અને અંતર્દ્વીપના ( એમ ૩ ભેદે ) મનુષ્યો છે.

## તિર્યંચ ગતિના ૪૮ ભેદ.

| સૂક્ષ્મ એકેંદ્રિય ના ભેદ. ૫ | બાદર એકેંદ્રિય ના ભેદ. ૬ | વિકલેંદ્રિય ના ભેદ. ૩ | સમૂચ્છિંમ પંચેંદ્રિય તિર્યંચ ના ભેદ. ૫ | ગર્ભજ પંચેંદ્રિયતિર્યંચ ના ભેદ. ૫ |
|---|---|---|---|---|
| પૃથ્વીકાય | પૃથ્વીકાય | બેઇંદ્રિય | જલચર | જલચર |
| અપ્કાય | અપ્કાય | તેઇંદ્રિય | સ્થલચર ( ચતુષ્પદ ) | સ્થલચર |
| તેઉકાય | તેઉકાય | ચઉરિંદ્રિય | ખેચર | ખેચર |
| વાઉકાય | વાઉકાય | | ઉરઃ પરિસર્પ | ઉરઃપરિસપ |
| સાધારણ વન-સ્પતિકાય | સાધારણવ૦ | | ભુજ પરિસર્પ | ભુજ પરિસર્પ |
| | પ્રત્યેક વન૦ | | | |

એકેંદ્રિયના, ૧૧ અપર્યાપ્તા ને ૧૧ પર્યાપ્તા મળી ૨૨. વિકલેંદ્રિયના, ૩ અપર્યાપ્તા ને ૩ પર્યાપ્તા મળી ૬. પંચેંદ્રિય તિર્યંચના, ૧૦ અપર્યાપ્તા ને ૧૦ પર્યાપ્તા મળી ૨૦ ભેદ.

કુલ [ ૨૨+૬+૨૦=૪૮ ]

## મનુષ્યોના ૩૦૩ ભેદ.

**કર્મભૂમિ**—( અસિ–મસી અને કૃષિ [ ખેતી ] નો વેપાર ચાલે તે. ) ૧૫ છે. ૫ ભરત, ૫ ઐરવત અને ૫ મહાવિદેહ.

**અકર્મભૂમિ**—( અસિ–મસી [શાહીથી લખવાનો વેપાર]ને કૃષિનો વેપાર ન હોય તે. ) ક્ષેત્ર ૩૦ છે. ૫ હિમવત, ૫ ઐરણ્યવત, ૫ હરિવર્ષ, ૫ રમ્યક્, ૫ દેવકુરૂ ને ૫ ઉત્તરકુરૂ. તેમાં યુગલિઆ એટલે ભાઇ--બેન સાથે જન્મે, પરણે અને સાથે મરીને દેવગતિમાં ઉપજે, તે રહે છે.

**અંતર્દ્વીપ**—૫૬ છે. તેમાં યુગલિઆ મનુષ્ય અને તિર્યંચ રહે છે. આ જંબૂદ્વીપમાં પૂર્વ પશ્ચિમ લાંબા એવા હિમવત અને શિખરી ૨ પર્વતો છે. તે ૨ પર્વતોની ૨ દિશાના ચારે છેડામાંથી બબ્બે ગજદંત લવણ સમુદ્રમાં ગયેલા છે. એ આઠે દાઢા (ગજદંત) ઉપર ૭ -૭ અંતર્દ્વીપ હોવાથી ૮ × ૭ = ૫૬ અંતર્દ્વીપ છે.

૧૫ કર્મભૂમિ, ૩૦ અકર્મભૂમિ ને ૫૬ અંતર્દ્વીપ મળી ૧૦૧ ક્ષેત્રોના ગર્ભજ અપર્યાપ્તા અને ગર્ભજ પર્યાપ્તા મળી ૨૦૨ અને ગર્ભજ મનુષ્યોના મલ મૂત્ર વિગેરે ૧૪ અશુચિ પદાર્થોમાં ઉત્પન્ન થનારા ૧૦૧ સમૂચ્છિંમ અપર્યાપ્તા મનુષ્ય મળી કુલ ૩૦૩ ભેદ ( તેમાંથી આપણે જંબૂદ્વીપના ભરતક્ષેત્રના ગર્ભજ પર્યાપ્તા મનુષ્ય કહેવાઇએ. )

| | | |
|---|---|---|
| **દસહા**–દશ પ્રકારે. | **વાણમંતરા**–વાણ-વ્યંતર. | **પંચ વિહા**–પાંચ પ્રકારે. |
| **ભવણાહિવઇ**–ભવનપતિ. | **હુન્તિ**–છે. | **દુ વિહા**–બે પ્રકારે. |
| **અટ્ઠવિહા**–આઠપ્રકારે. | **જોઇસિયા**–જ્યોતિષી. | **વેમાણિયા**–વૈમાનિક. |
| | | **દેવા**–દેવો. |

## દેવતાના ભેદો.

**દસહા ભવણાહિવઇ—૧૦ પ્રકારે ભવનપતિ દેવો છે.**
**અટ્ઠવિહા વાણમંતરા હુંતિ–૮ પ્રકારે વાણવ્યંતર દેવો છે.**
**જોઈસિયા પંચવિહા—૫ પ્રકારે જ્યોતિષી દેવો છે.**
**દુવિહા વેમાણિયા દેવા ॥ ૨૪ ॥ ૨ પ્રકારે વૈમાનિક દેવો છે.**

## દેવતાના ૧૯૮ ભેદ.

### ભવનપતિના ૧૦ ભેદ.

૧ અસુરકુમાર, ૨ નાગકુમાર, ૩ સુવર્ણકુમાર, ૪ વિદ્યુતકુમાર, ૫ અગ્નિકુમાર, ૬ દ્વીપકુમાર, ૭ ઉદધિકુમાર, ૮ દિશિકુમાર, ૯ પવનકુમાર, અને ૧૦ સ્તનિત (મેઘ) કુમાર.

### પરમાધામીના ૧૫ ભેદ.

૧ અંબ, ૨ અંબરીષ, ૩ શ્યામ, ૪ શબલ,
૫ રૂદ્ર, ૬ ઉપરૂદ્ર, ૭ કાળ, ૮ મહાકાળ,
૯ અસિપત્ર, ૧૦ વન, ૧૧ કુંભી, ૧૨ વાલુકા,
૧૩ વૈતરણી, ૧૪ ખરસ્વરને ૧૫ મહાઘોષ.

### વ્યંતરના બે ભેદ. ૧ વ્યંતર–૨ વાણવ્યંતર. તે બંનેના ૮–૮ ભેદ છે.

૧ પિશાચ, ૨ ભૂત, ૩ યક્ષ, ૪ રાક્ષસ, ૫ કિંનર, ૬ કિંપુરૂષ, ૭ મહોરગ ને ૮ ગંધર્વ. એ **૮ વ્યંતર.**
૧ અણપન્ની, ૨ પણપન્ની, ૩ ઇસિવાદી, ૪ ભૂતવાદી, ૫ કંદિત, ૬ મહાકંદિત, ૭ કોહંડ ને ૮ પતંગ, એ **આઠ વાણવ્યંતર.**

## તિર્યગ્ જૃંભકના ૧૦ ભેદ.

૧ અન્ન જૃંભગા, ૨ પાન જૃંભગા, ૩ વસ્ત્ર જૃંભગા, ૪ લેણુ (ઘર) જૃંભગા, ૫ પુષ્પ જૃંભગા, ૬ ફ્લ જૃંભગા, ૭ પુષ્પફ્લ જૃંભગા, ૮ શયન જૃંભગા, ૯ વિદ્યા જૃંભગા, અને ૧૦ અવિયત્ત (અવ્યક્ત) જૃંભગા.

## જ્યોતિષી દેવતાના ૨ ભેદ.

મનુષ્ય ક્ષેત્રમાં ચર, અને તેની બહાર સ્થિર. ૧ **ચર** અને ૨ **સ્થિર** જ્યોતિષી (એ દરેકના)ના ૫ ભેદ–ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર ને તારા. ( કુલ ૧૦ )

**વૈમાનિક દેવતાના ૨ ભેદ. ૧ કલ્પોપપન્ન અને ૨ કલ્પાતીત.**

**કલ્પોપપન્ન**—સ્વામી સેવક આદિ મર્યાદાવાળા ૧૨ દેવલોક સુધીના.

**૯ લોકાંતિક દેવનાં નામ**—૧ સારસ્વત, ૨ આદિત્ય, ૩ વહ્નિ ૪ અરૂણ, ૫ ગર્દતોય, ૬ તુષિત, ૭ અવ્યાબાધ, ૮ મરૂત, ૯ અરિષ્ટ.

**૩ કિલ્બીષિયા**—પહેલા કિલ્બીષિયા ૧–૨ જા દેવલોક નીચે, બીજા કિલ્બીષિયા ૩જા દેવલોક નીચે, અને ત્રીજા કિલ્બીષિયા ૬ઠ્ઠા દેવલોક નીચે ઉત્પન્ન થાય છે.

**૧૨ દેવલોકનાં નામ**—૧ સૌધર્મ, ૨ ઇશાન, ૩ સનત્કુમાર, ૩ માહેંદ્ર, ૫ બ્રહ્મલોક, ૬ લાંતક, ૭ મહાશુક્ર, ૮ સહસ્રાર, ૯ આનત, ૧૦ પ્રાણુત, ૧૧ આરણુ અને ૧૨ અચ્યુત.

**કલ્પાતીત**—સ્વામિ સેવક આદિ આચાર વિનાના. સર્વે અહ-મિંદ્ર છે. તેના ૨ ભેદ. ૯ ગ્રૈવેયક અને ૫ અનુત્તર વિમાનના.

**૯ ગ્રૈવેયકનાં નામ**—૧ સુદર્શન, ૨ સુપ્રતિબદ્ધ, ૩ મનોરમ, ૪ સર્વતોભદ્ર, ૫ સુવિશાલ, ૬ સુમનસ, ૭ સૌમનસ, ૮ પ્રિયંકર ને ૯ નંદીકર.

**૫ અનુત્તરનાં નામ**—૧ વિજય, ૨ વિજયંત, ૩ જયંત, ૪ અપરાજિત ને ૫ સર્વાર્થસિદ્ધ.

ભવનપતિના ૧૦ + ૧૫ = ૨૫ ભેદ.
વ્યંતરના ૮ + ૮ + ૧૦ = ૨૬ ભેદ.
જ્યોતિષીના ૫ + ૫ = ૧૦ ભેદ.
વૈમાનિકના ૯ + ૩ + ૧૨ + ૯ + ૫ = ૩૮ ભેદ.

૯૯ ભેદે અપર્યાપ્તા અને ૯૯ ભેદે પર્યાપ્તા મળી કુલ ૧૯૮ ભેદ દેવતાના.

એ રીતે નારકીના ૧૪ ભેદ, તિર્યંચગતિના ૪૮, મનુષ્યગતિના **૩૦૩ અને દેવગતિના ૧૯૮ મળી ૫૬૩ ભેદ સંસારી જીવના થાય છે.**

સૂક્ષ્મ એકેંદ્રિય અને બાદર વાયુકાયનું ઉત્પત્તિસ્થાન ૧૪ રાજલોકમાં, બાદર પૃથ્વી અપ્ અને વનસ્પતિકાયનું બાર દેવલોક સુધી, પ્રાયઃ વિકલેંદ્રિય અને પંચેંદ્રિય તિર્યંચનું તિર્ચ્છાલોકમાં, વ્યંતર અને જ્યોતિષીનું તિર્ચ્છાલોકમાંજ, નારકી અને ભવનપતિનું અધોલોકમાં, મનુષ્ય અને બાદર તેઉકાયનું અઢીદ્વીપમાંજ અને વૈમાનિક દેવોનું ઉર્ધ્વલોકમાં છે.

**સિદ્ધા**–સિદ્ધના.
**પનરસ**–પન્નર.
**ભેયા**–ભેદો.
**તિત્થ**–જિન સિદ્ધ.
**અતિત્થ**–અજિન સિદ્ધ
**આઇ**–વિગેરે.
**સિદ્ધ ભેએણં**–સિદ્ધના ભેદે કરીને.
**એએ**–એ.
**સંખેવેણં**–સંક્ષેપથી.
**જીવ**–જીવોના.
**વિગપ્પા**–ભેદો.
**સમક્ખાયા**–રૂડી રીતે કહ્યા.


**સિદ્ધા પનરસ ભેયા**—સિદ્ધના ૧૫ ભેદો છે.


**તિત્થા તિત્થાઈ સિદ્ધ ભેએણં**—જિન સિદ્ધ અને અજિન સિદ્ધ આદિ સિદ્ધના ભેદ વડે.

**એએ સંખેવેણં**—એ સંક્ષેપથી.

**જીવ વિગપ્પા સમક્ખાયા ॥ ૨૫ ॥**—જીવના ભેદો રૂડે પ્રકારે કહ્યા.

# સિદ્ધના ૧૫ ભેદ અને સંસારી જીવોના ૫૬૩ ભેદોનું કોષ્ટક.




હિમવત. ૫
ઐરણ્યવત. ૫
હરિવર્ષ. ૫
રમ્યક્. ૫
દેવકુરૂ. ૫
ઉત્તરકુરૂ. ૫
સમૂચ્છિંમ ગર્ભજ. અપર્યાપ્તા.
સમૂચ્છિંમ ગર્ભજ. અપર્યાપ્તા.
સમૂચ્છિંમ ગર્ભજ. અપર્યાપ્તા.
સમૂચ્છિંમ ગર્ભજ. અપર્યાપ્તા.
સમૂચ્છિંમ ગર્ભજ. અપર્યાપ્તા.
સમૂચ્છિંમ ગર્ભજ. અપર્યાપ્તા.
સમૂચ્છિંમ અપર્યાપ્તા.
ગર્ભજ.
ભવનપતિ.
વ્યંતર.
જ્યોતિષી. ૨
વૈમાનિક. ૨
અસુરકુમારાદિ. ૧૦
પરમાધામી. ૧૫
વ્યંતર. ૮
વાણવ્યંતર. ૮
તિર્યગ્જૃંભક. ૧૦
ચર. ૫
સ્થિર. ૫
ચંદ્ર. સૂર્ય. ગ્રહ. નક્ષત્ર. તારા.
ચંદ્ર. સૂર્ય. ગ્રહ. નક્ષત્ર. તારા.
કલ્પોપપન્ન.
કલ્પાતીત. ૨
સૌધર્માદિ. ૧૨
લોકાન્તિક. ૯
કિલ્બીષિયા. ૩
ગ્રૈવેયક. ૯
અનુત્તર. ૫

સમૂચ્છિંમ અપર્યાપ્તા મનુષ્ય વિના એ દરેકના અપર્યાપ્તા અને પર્યાપ્તા કરતાં સંસારી જીવના ૫૬૩ ભેદ નીચે પ્રમાણે થાય છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| એકેંદ્રિયના | ૧૧×૨=૨૨ | કર્મભૂમિના | ગર્ભજ | મનુષ્યોના. | ૧૫×૨=૩૦ |
| વિકલેંદ્રિયના. | ૩×૨= ૬ | ,, | સમૂચ્છિંમ | ,, | ૧૫×૧=૧૫ |
| તિર્યંચ પંચેંદ્રિયના. | ૧૦×૨=૨૦ | અકર્મભૂમિના | ગર્ભજ | ,, | ૩૦×૨=૬૦ |
| | — | ,, | સમૂચ્છિંમ | ,, | ૩૦×૧=૩૦ |
| | ૪૮ | અંતર્દ્વીપના | ગર્ભજ | ,, | ૫૬×૨=૧૧૨ |
| નારકીના. | ૭×૨=૧૪ | ,, | સમૂચ્છિંમ | ,, | ૫૬×૧=૫૬ |
| | | | | | ૩૦૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ભવનપતિના. | ૧૦+૧૫=૨૫×૨=૫૦ | | | |
| વ્યંતરના. | ૮+૮+૧૦=૨૬×૨=૫૨ | તિર્યંચ | ગતિના. | ૪૮ |
| જ્યોતિષીના. | ૫+૫=૧૦×૨=૨૦ | નરક | ,, | ૧૪ |
| વૈમાનિક કલ્પોપપન્નના. | ૧૨+૩+૯=૨૪×૨=૪૮ | મનુષ્ય | ,, | ૩૦૩ |
| ,, કલ્પાતીતના. | ૯+૫=૧૪×૨=૨૮ | દેવ | ,, | ૧૯૮ |
| | ૧૯૮ | | | ભેદ. ૫૬૩ |

## સિદ્ધના (પૂર્વ અવસ્થાને લીધે થયેલ) ૧૫ ભેદ.

૧ લા જિનસિદ્ધ, ૨ અજિનસિદ્ધ, ૩ તીર્થંસિદ્ધ, ૪ અતીર્થંસિદ્ધ, ૫ ગૃહસ્થલિંગ સિદ્ધ, ૬ અન્યલિંગ સિદ્ધ, ૭ સ્વલિંગ સિદ્ધ, ૮ સ્ત્રીલિંગ સિદ્ધ, ૯ પુરૂષલિંગ સિદ્ધ, ૧૦ નપુંસકલિંગ સિદ્ધ, ૧૧ પ્રત્યેકબુદ્ધ સિદ્ધ, ૧૨ સ્વયંબુદ્ધ સિદ્ધ, ૧૩ બુદ્ધબોધિત સિદ્ધ, ૧૪ એકસિદ્ધ અને ૧૫ અનેક સિદ્ધ.

| | | |
|---|---|---|
| **એએસિં**–એ. | **ઠિઇ**–સ્થિતિ. | **જેસિં**-જેઓનું |
| **જીવાણું**–જીવોનું. | **સકાયંમિ**–પોતાની | **જં**--જેટલું. |
| **સરીરં**–શરીરનું પ્રમાણ. | **પાણા**–પ્રાણ. [કાયમાં | **અત્થિ**--છે. |
| | **જોણિ**–યોનિનું. | **તં**--તેટલું. |
| **આઉ**–આયુષ્યનું. | **પમાણં**–પ્રમાણ. | **ભણિમો**--કહીશું. |

**એએસિં જીવાણું**—એ જીવોનું.

**સરીર-માઉ ઠિઈ સકાયંમિ**—શરીરનું પ્રમાણ, આયુષ્યનું પ્રમાણ, સ્વકાય (પોતાની કાયને વિષે) સ્થિતિ (રહેવાના કાળ) નું પ્રમાણ.

**પાણા જોણિ [1]પમાણં**-પ્રાણનું પ્રમાણ અને યોનિનું પ્રમાણ.

**જેસિં જં અત્થિ તં ભણિમો ॥ ૨૬ ॥**--જેઓનું જેટલું છે, તેટલું કહીશું.

| | | |
|---|---|---|
| **અંગુલ**–આંગળનો. | **એગિંદિયાણ**–એકેંદ્રિય જીવોનું. | **અહિયં**–અધિક. |
| **અસંખ**–અસંખ્યાતમો. | **સવ્વેસિં**–સર્વે. | **નવરં**–વિશેષ. |
| | | **પત્તેય**–પ્રત્યેક. |
| **ભાગો**–ભાગ. | **જોયણ**–જોજન. | **રૂક્ખાણું**–વનસ્પતિકાયનું. |
| **સરીરં**–શરીર. | **સહસ્સં**–હજાર. | |

---

૧ અહીં પ્રમાણ શબ્દ દરેક સ્થળે જોડવો. એમ અવચૂરીમાં કહેલ છે.

## ૧ લા શરીર દ્વારની ઉત્કૃષ્ટ લંબાઈ કે ઉંચાઇ.

### એકેંદ્રિય જીવોના શરીરનું પ્રમાણ.

**અંગુલ અસંખ ભાગો**—આંગળના અસંખ્યાતમા ભાગનું
**સરીર-મેગિંદિયાણ સવ્વેસિં**—સર્વ એકેંદ્રિય જીવોનું શરીર હોય છે.
**જોયણ સહસ્સ-મહિયં**—૧ હજાર જોજનથી અધિક.
**નવરં પત્તેય રૂક્ખાણં ॥૨૭॥**—પ્રત્યેક વનસ્પતિકાયનું શરીર હોય છે, એટલું વિશેષ છે.

| | | |
|---|---|---|
| **બારસ**—બાર. | **જોયણં**—જોજન. | **દેહં**—શરીરનું. |
| **જોયણ**—જોજન. | **અણુક્કમસો**—અનુક્રમે | **ઉચ્ચત્તં**—ઉંચપણું, લંબાઇ. |
| **તિન્નેવ**—ત્રણજ. | **ચઉરિંદિય**—ચઉરિંદ્રિયના. | |
| **ગાઉઆ**—ગાઉ. | | |

### વિકલેંદ્રિય જીવોના શરીરની લંબાઇ.

**બારસ જોયણ તિન્નેવ**—૧૨ જોજન, ત્રણ જ ગાઉ.
**ગાઉઆ જોયણં ચ અણુક્કમસો**—અને ૧ જોજન અનુક્રમે.
**બેઇંદિય તેઇંદિય**—બેઇંદ્રિય, તેઇંદ્રિય ( અને )
**ચઉરિંદિય દેહ-મુચ્ચત્તં ॥૨૮॥**—ચઉરિંદ્રિય જીવોના શરીરની લંબાઇ છે. ( અઢી દ્વીપની બહાર )

| | | |
|---|---|---|
| **ધણુ**—ધનુષ્યના. | **સત્તમાઈ**—સાતમી. | **ઉણા**—ઓછા. |
| **સય પંચ**—પાંચ સો. | **પુઢવીએ**—પૃથ્વીમાં. | **નેયા**—જાણવા. |
| **પમાણા**—પ્રમાણવાળા. | **તત્તો**—તેથી. | **રયણપ્પહા**—રત્નપ્રભા. |
| **નેરઈયા**—નારકીઓ. | **અદ્ધદ્ધ**-અડધા અડધા | **જાવ**—જ્યાંસુધી. |

### નારકી જીવોના શરીરનું પ્રમાણ.

**ધણુ સય પંચ પમાણા**—૫૦૦ ધનુષ્યના પ્રમાણવાળા

**નેરઈયા સત્તમાઈ પુઢવીએ**—નારકીઓ ૭ મી પૃથ્વીમાં હોય છે.

**તત્તો અદ્ધદ્ધુણા**—તેથી અર્ધ અર્ધ ઓછા પ્રમાણવાળા ( નારકીઓ )

**નેયા રયણપ્પહા જાવ ॥ ૨૯ ॥**—રત્નપ્રભા સુધી જાણવા.

૭ મીનું શરીર ૫૦૦ ધનુષ્ય, ૬ઠ્ઠીનું ૨૫૦, ૫મીનું ૧૨૫, ૪થીનું ૬૨॥, ૩જીનું ૩૧।, ૨જીનું ૧૫॥ ધનુષ્ય અને ૧૨ આંગળ, ૧લીનું ૭॥ ધનુષ્ય અને ૬ આંગળ.

**જોયણ**—જોજન.
**સહસ્સ**—હજાર.
**માણા**—પ્રમાણવાળા.
**મચ્છા**—મત્સ્ય. માછલાં
**ઉરગા**—ઉરઃપરિસર્પ.
**ગબ્ભયા**—ગર્ભજ.
**હુન્તિ**—હોય છે.
**ધણુહ**—ધનુષ્ય.
**પુહુત્તં**—બે થી નવ.
**પક્ખીસુ**—પક્ષીઓનું.
**ભુયચારી**—ભુજપરિસર્પનું.
**ગાઉઅપુહુત્તં**—૨ થી ૯ ગાઉ.
**ખયરા**—ખેચરનું.
**ભુયગા**—ભુજપરિસર્પનું.
**ધણુહ પુહુત્તં**—૨ થી ૯ ધનુષ્ય.
**ઉરગા**—ઉરઃપરિસર્પનું.
**જોયણ પુહુત્તં**—૨ થી ૯ જોજન.
**ગાઉઅ પુહુત્ત**—૨ થી ૯ ગાઉ.
**મિત્તા**—પ્રમાણવાળા.
**સમુચ્છિમા**—સમૂચ્છિર્મ.
**ચઉપ્પયા**—ચતુષ્પદ. ચોપગા.
**ભણિયા**—કહ્યા છે.

## ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિય જીવોના શરીરનું પ્રમાણ.

**જોયણ સહસ્સ માણા**— હજાર જોજનના પ્રમાણવાળા.

**મચ્છા ઉરગા ય ગબ્ભયા હુંતિ**—ગર્ભજ કે સમૂચ્છિર્મ મત્સ્ય અને ગર્ભજ ઉરઃપરિસર્પ હોય છે.

**ધણુહ પુહુત્તં પક્ખીસુ**—ગર્ભજ પક્ષીનું શરીર ૨ થી ૯ ધનુષ્ય હોય છે.

**ભુયચારી ગાઉઅ પુહુત્તં ॥૩૦॥**–ગર્ભજ ભુજપરિસર્પનું શરીર ૨ થી ૯ ગાઉ હોય છે.

**સમૂર્ચ્છિમ પંચેંદ્રિય તિર્યંચોના શરીરનું પ્રમાણ.**

**ખયરા ધણુહ પુહુત્તં, ભુયગા**–ખેચર અને ભુજપરિસર્પનું ૨ થી ૯ ધનુષ્ય

**ઉરગા ય જોયણ પુહુત્તં**––અને ઉરઃપરિસર્પનું શરીર ૨ થી ૯ જોજન હોય છે.

**ગાઉઅ પુહુત્ત મિત્તા**—૨ થી ૯ ગાઉ પ્રમાણવાળા

**સમુચ્છિમા ચઉપ્પયા ભણિયા ॥ ૩૧ ॥**—સમૂર્ચ્છિમ ચતુષ્પદ કહ્યા છે.

| | | |
|---|---|---|
| **છચ્ચેવ**–નિશ્ચે છ. | **ગબ્ભયા**–ગર્ભજ. | **મણુસ્સા**–મનુષ્યો. |
| **ગાઉઆઇં**–ગાઉના પ્રમાણવાળા. | **મુણેયવ્વા**–માનવા, જાણવા. | **ઉક્કોસ**–ઉત્કૃષ્ટથી. |
| | | **સરીર**–શરીરના. |
| **ચઉપ્પયા**–ચતુષ્પદ. | **કોસતિગં**–ત્રણ ગાઉ. | **માણેણં**–પ્રમાણવડે. |

**ગર્ભજ ચતુષ્પદ અને મનુષ્યના શરીરનું પ્રમાણ.**

**છચ્ચેવ ગાઉઆઈં**—નિશ્ચે ૬ ગાઉના શરીરવાળા

**ચઉપ્પયા ગબ્ભયા મુણેયવ્વા**—ગર્ભજ ચતુષ્પદ માનવા.

**કોસ તિગંચ મણુસ્સા**—અને ગર્ભજ મનુષ્યો ૩ ગાઉ

**ઉક્કોસ સરીર માણેણં ॥ ૩૨ ॥**—શરીરના પ્રમાણ વડે ઉત્કૃષ્ટથી છે.

| | | |
|---|---|---|
| **ઇસાણ**–ઈશાન દેવલોકના. | **સત્ત**–સાત. | **ગેવિજ્જ**–ગ્રૈવેયક. |
| | **હુન્તિ**–હોય છે. | **અણુત્તરે**–અનુત્તરને વિષે. |
| **અંત**–અંત સુધી. | **ઉચ્ચત્તં**–ઉંચાઈ. | **ઇક્કિક્ક**--એક એક. |
| **સુરાણં**–દેવતાઓની. | **દુગ દુગ**–બે બે. | **પરિહાણી**--ઓછી કરવી. |
| **રયણીઓ**–હાથ. | **દુગ ચઉ**–બે ચાર. | |

## દેવોના શરીરનું પ્રમાણ.

**ઈસાણંત સુરાણં**—ઈશાન દેવલોકના અંત સુધી દેવોની (ભવનપતિ-પરમાધામી-વ્યંતર-વાણવ્યંતર-તિર્યંગ્-જૃંભક-જ્યોતિષી-૧લો કિલ્બીષિક-સૌધર્મને ઈશાન દેવોની)

**રયણીઓ સત્ત હુંતિ ઉચ્ચત્તં**—ઉંચાઈ ૭ હાથ હોય છે.

**દુગ દુગ દુગ ચઉ ગેવિજ્જ**—બે, બે, બે અને ચાર (દેવલોકે) ગ્રૈવેયકે [અને]

**ણુત્તરે ઈક્કિક્કપરિહાણી ॥ ૩૩ ॥**—અનુત્તરને વિષે ઉંચાઇ ૧-૧ હાથ ઓછી કરવી.

૩-૪થા દેવલોકના દેવોનું ૬ હાથ, ૫-૬ઠ્ઠાનું ૫ હાથ, ૭-૮માનું ૪ હાથ, ૯-૧૦-૧૧-૧૨માનું ૩ હાથ, ૯ ગ્રૈવેયકનું ૨ હાથ અને ૫ અનુત્તર દેવોની ઉંચાઇ ૧ હાથ હોય છે.

**બાવીસા**—બાવીશ.
**પુઢવીએ**—પૃથ્વીકાયનું.
**સત્ત ય**—સાત અને.
**આઉસ્સ**—અપ્કાયનું.
**તિન્નિ**—ત્રણ.
**વાઉસ્સ**—વાઉકાયનું.
**વાસ**—વર્ષ.
**સહસ્સા**—હજાર.
**દસ**—દશ.
**તરૂ**—પ્રત્યેક વનસ્પતિના.
**ગણાણ**—સમુહનું.
**તેઉ**—તેઉકાયનું.
**તિ**—ત્રણ.
**રત્તાઉ**—રાત્રિ દિવસ આયુષ્ય.

## ૨જું ઉત્કૃષ્ટ આયુષ્ય દ્વાર.

### એકેંદ્રિય જીવોનું આયુષ્ય.

**બાવીસા પુઢવીએ**—પૃથ્વીકાયનું ૨૨ હજાર વર્ષનું આયુષ્ય.

**સત્ત ય આઉસ્સ તિન્નિ વાઉસ્સ**—અપ્કાયનું ૭ હજાર વર્ષ અને વાયુકાયનું ૩ હજાર વર્ષ.

**વાસ સહસ્સા દસ તરૂ, ગણાણ**—પ્રત્યેક વનસ્પતિકાયના સમુહનું ૧૦ હજાર વર્ષ (અને)

**તેઉ તિ રત્તાઉ ॥ ૩૪ ॥**—તેઉકાયનું ૩ અહોરાત્રિ આયુષ્ય હોય છે.

**વાસાણિ**–વર્ષ.
**બારસ**–બાર.
**આઉ**–આયુષ્ય.
**બેઇંદિયાણું**–બેઈ-ન્દ્રિયોનું.
**તેઇંદિયાણું**–તે-ઇન્દ્રિયોનું.
**તુ**–તો. નિશ્ચે.
**અઉણાપન્ન**–ઓગણ-પચાશ.
**દિણાઇં**–દિવસ.
**ચઉરિંદીણું**–ચઉરિં-દ્રિયોનું.
**છ મ્માસા**–છ માસ.

વિકલેંદ્રિય જીવોનું આયુષ્ય.

**વાસાણિ બારસાઉ**—૧૨ વર્ષનું આયુષ્ય.

**બેઈંદિઆણું તેઈંદિઆણું તુ**—બેઇંદ્રિય જીવોનું હોય છે. તેઈંદ્રિય જીવોનું (આયુષ્ય) તો

**અઉણાપન્ન દિણાઈ**—૪૯ દિવસ હોય છે.

**ચઉરિંદીણું તુ છમ્માસા ॥ ૩૫ ॥**—ચઉરિંદ્રિય જીવોનું નિશ્ચે (આયુષ્ય) ૬ માસ હોય છે.

**સુર**–દેવતા.
**નેરઇયાણ**–નારકીની.
**ઠિઇ**–સ્થિતિ, આયુષ્ય.
**ઉક્કોસા**–ઉત્કૃષ્ટથી.
**સાગરાણિ**–સાગરો-પમ.
**તિત્તીસં**–તેત્રીશ.
**ચઉપય**–ચોપગાં.
**તિરિય**–તિર્યંચ.
**મણુસ્સા**–મનુષ્યોનું.
**તિન્નિ**–ત્રણ.
**પલિઓવમા**–પલ્યો-પમ.
**હુન્તિ**–હોય છે.
**જલયર**–જલચર.
**ઉર**–ઉરઃપરિસર્પ.
**ભુયગાણું**–ભુજપ-રિસર્પનું.
**પરમાઉ**–ઉત્કૃષ્ટ આયુષ્ય.
**હોઇ**–હોય છે.
**પુવ્વ**–પૂર્વ.
**કોડીઓ**–ક્રોડ (વર્ષ).
**પક્ખીણું**–પક્ષીઓનું.
**પુણ**–વળી.
**ભણિઓ**–કહ્યું છે.
**અસંખ ભાગો**–અસંખ્યાતમો ભાગ.
**પલિયસ્સ**–પલ્યો-પમનો.

દેવતા નારકી મનુષ્ય અને તિર્યંચનું આયુષ્ય.

**સુર નેરઈયાણ ઠિઈ**—દેવતા અને નારકીનું આયુષ્ય,

**ઉક્કોસા સાગરાણિ તિત્તીસં**—ઉત્કૃષ્ટથી ૩૩ સાગરોપમ હોય છે.

**ચઉપય તિરિય મણુસ્સા**—ચતુષ્પદ તિર્યંચ અને મનુષ્યોનું (આયુષ્ય)

**તિન્નિ ય પલિઓવમા હુંતિ ॥ ૩૬ ॥**—૩ પલ્યોપમ હોય છે.

અસંખ્યાત વર્ષે ૧ પલ્યોપમ અને ૧૦ કોડાકોડિ પલ્યોપમે ૧ સાગરોપમ થાય છે.

**જલયર ઉર ભુયગાણં**—(ગર્ભજ કે સમૂચ્છિંમ) જલચર, (ગર્ભજ) ઉરઃપરિસર્પ, ભુજપરિસર્પનું

**પરમાઉ હોઇ પુવ્વ કોડીઓ**—ઉત્કૃષ્ટ આયુષ્ય પૂર્વ ક્રોડ (વર્ષનું) હોય છે.

૭૦ લાખ ૫૬ હજાર ક્રોડ વર્ષે ૧ પૂર્વ થાય છે.

**પક્ખીણં પુણ ભણિઓ**—વળી પક્ષીઓનું (આયુષ્ય) કહ્યું છે. ( કેટલું ? )

**અસંખ ભાગો ય પલિયસ્સ ॥ ૩૭ ॥**—પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ.

| | | |
|---|---|---|
| **સવ્વે**–સર્વે. | **મણુસ્સા**–મનુષ્યો. | **અંતમુહુત્તં**–અંત-મુંહૂર્ત. |
| **સુહુમા**–સૂક્ષ્મ જીવો. | **ઉક્કોસ**–ઉત્કૃષ્ટથી. | **ચિય**–માત્ર. નિશ્ચે. |
| **સાહારણા**–સાધારણ. | **જહન્નેણં**–જઘન્યથી. | **જિયન્તિ**–જીવે છે. |
| **સમુચ્છિમા**–સમૂચ્છિંમ. | | |

**સૂક્ષ્મ એકેંદ્રિય, બાદર સાધારણ અને સમૂચ્છિંમ મનુષ્યોનું આયુષ્ય.**

**સવ્વે સુહુમા સાહારણા ય**—સર્વે સૂક્ષ્મ જીવો અને બાદર સાધારણ વનસ્પતિકાય.

**સમુચ્છિમા મણુસ્સા ય**—અને સમૂચ્છિંમ મનુષ્યો.

**ઉક્કોસ જહન્નેણં**—ઉત્કૃષ્ટથી ( વધારેમાં વધારે ) અને જઘન્યથી (ઓછામાં ઓછું),

**અંતમુહુત્તં ચિય જિયંતિ ॥ ૩૮ ॥**—અંતર્મુહૂર્ત ( ઉત્કૃષ્ટથી બે ઘડીમાં ૧ સમય ઓછો અને જઘન્યથી ૨૫૬ આવલિકા પ્રમાણ.) માત્ર જીવે છે.

**ઓગાહણા**—અવગાહના.
**આઉ**—આયુષ્યનું.
**માણં**—પ્રમાણ.
**એવં**—એ પ્રમાણે.
**સંખેવઓ**—સંક્ષેપથી.
**સમક્ખાયં**—રૂડીરીતે કહ્યું.
**જે પુણ**—જે વળી.
**ઇત્થ**—અહીં.
**વિસેસા**—વિશેષ.
**વિસેસ સુત્તાઉ**—વિશેષ સૂત્રથી જ.
**તે નેયા**—તે જાણવું.

**ઓગાહણાઉ માણં**—અવગાહના ( શરીરની ઉંચાઇ ) અને આયુષ્યનુ પ્રમાણ.

**એવં સંખેવઓ સમક્ખાયં**—એ પ્રમાણે સંક્ષેપથી રૂડી રીતે કહ્યું.

**જે પુણ ઇત્થ વિસેસા**—જે વળી અહીં ( આ બે દ્વારમાં ) વિશેષ છે.

**વિસેસ સુત્તાઉ તે નેયા ॥ ૩૯ ॥**—તે વિશેષ સૂત્ર **થકીજ** જાણવું.

**એગિંદિયા**—એકેંદ્રિય જીવો.
**સવ્વે**—સર્વે.
**અસંખ**—અસંખ્યાત.
**ઉસ્સપ્પિણી**—ઉત્સર્પિણી.
**સકાયંમિ**—પોતાની કાયમાં.
**ઉવવજ્જંતિ**—ઉપજે છે.
**ચયંતિ ય**—અને મરે છે.
**અણંતકાયા**—અનંત કાય.
**અણંતાઓ**—અનંતી ઉત્સર્પિણી સુધી.
**સંખિજ્જ**—સંખ્યાતા.
**સમા**—વર્ષ સુધી.
**વિગલા**—વિકલેંદ્રિય.
**સત્તટ્ઠ**—સાત આઠ.
**ભવા**—ભવ સુધી.
**પણિંદિ**—પંચેંદ્રિય.
**તિરિ**—તિર્યંચ.
**મણુઆ**—મનુષ્યો.
**ઉવવજ્જંતિ**—ઉપજે છે.
**સકાયે**—પોતાની કાયમાં.
**નારય દેવા**—નારકી ને દેવો.
**નો ચેવ**—ન જ.

## ૩ જું ઉત્કૃષ્ટ સ્વકાય સ્થિતિ દ્વાર.

### એકેંદ્રિય જીવોની સ્વકાય સ્થિતિ.

**એગિંદિયા ય સવ્વે**—સર્વે એકેંદ્રિય જીવો.

**અસંખ-ઉસ્સપ્પિણી સકાયંમિ**—અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી કાલ સુધી પોતાની કાયને વિષે.

**ઉવવજ્જંતિ ચયંતિ ય**—ઉપજે છે અને મરે છે.

**અણંતકાયા અણંતાઓ ॥ ૪૦ ॥**—(અને) અનંતકાય જીવો અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી સુધી ઉપજે છે અને મરે છે.

મનુષ્યોનાં શરીર, આયુષ્ય, બુદ્ધિ, બળ વિગેરે વધે, તે ઉત્સર્પિણી કાળ, અને ઓછાં થાય તે અવસર્પિણી કાળ.

### વિકલેંદ્રિય અને પંચેંદ્રિય જીવોની સ્વકાય સ્થિતિ.

**સંખિજ્જ સમા વિગલા**—સંખ્યાતા (હજાર) વર્ષ સુધી વિકલેંદ્રિય જીવો (બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચઉરિંદ્રિય)

**સત્તટ્ઠ ભવા પણિંદિ તિરિ મણુઆ**—(તથા) પંચેંદ્રિય તિર્યંચ અને મનુષ્યો સાત કે આઠ ભવ સુધી.

પૂર્વ ક્રોડ આયુષ્યના ૭ ભવ અને યુગલિયાનો ભવ ઉત્કૃષ્ટથી ૩ પલ્યોપમનો કરે તો ૮ ભવ સુધી.

**ઉવવજ્જંતિ સકાએ**—પોતાની કાયમાં ઉપજે છે.

**નારય દેવા ય નો ચેવ ॥ ૪૧ ॥**—[1]નારકી અને દેવો પોતાની કાયમાં ઉપજતા નથી જ.

(એટલે નારકી મરીને નારકી કે દેવ ન થાય અને દેવ મરીને દેવ કે નારકી ન થાય.)

---

[1] તેમની (નારકી અને દેવોની) સ્વકાય સ્થિતિ પોતાના આયુષ્ય પ્રમાણે જાણવી. એમ ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે.

**દસહા**—દશ પ્રકારે.
**જિયાણ**—જીવોને.
**પાણા**—પ્રાણ.
**ઇંદિય**—ઇંદ્રિયો(પાંચ)
**ઉસાસ**—શ્વાસોશ્વાસ.
**આઉ**—આયુષ્ય.
**બલરૂવા**—ત્રણ બલ-રૂપ, જોગ.
**એગિંદિએસુ**—એકેંદ્રિયને વિષે.
**ચઉરો**—ચાર.
**વિગલેસુ**—વિકલેંદ્રિયને વિષે.
**છ સત્ત અટ્ઠેવ**—છ સાત આઠજ.
**અસન્નિ**—મન સંજ્ઞા રહિત.
**સન્નિ**—મન સંજ્ઞા સહિત.
**પંચિંદિએસુ**—પંચેંદ્રિયને વિષે.
**નવ દસ**—નવ દશ.
**કમેણ**—અનુક્રમે.
**બોધવ્વા**—જાણવા.
**તેહિં**—તે પ્રાણો.
**સહ**—સાથે.
**વિપ્પઓગો**—વિયોગ.
**જીવાણં**—જીવોનું.
**ભન્નએ**—કહેવાય છે.
**મરણં**—મરણ.
**એવં**—એ પ્રકારે.
**અણોરપારે**—અપાર.
**સંસારે**—સંસાર.
**સાયરંમિ**—સાગરને વિષે.
**ભીમંમિ**—ભયંકર.
**પત્તો**—પ્રાપ્ત કર્યો.
**અણંત**—અનંત.
**ખુત્તો**—વાર.
**જીવેહિં**—જીવોએ.
**અપત્તધમ્મેહિં**—ધર્મને નહિ પામેલા.

## ૪ થું દ્રવ્ય પ્રાણ દ્વાર.

**દસહા જિયાણ પાણા**—જીવોને ૧૦ પ્રકારે પ્રાણ હોય છે.

**ઇંદિય ઉસાસ આઉ બલરૂઆ**—(પાંચ) ઇંદ્રિઓ, શ્વાસોશ્વાસ, આયુષ્ય ને ૩ બળ. ( મનબળ, વચનબળ ને કાયબળ.

**એગિંદએસુ ચઉરો**—એકેંદ્રિયને વિષે ૪ પ્રાણ. (સ્પર્શેંદ્રિય, શ્વાસોશ્વાસ, આયુષ્ય ને કાયબળ.)

**વિગલેસુ છ સત્ત અટ્ઠેવ ॥૪૨॥** વિકલેંદ્રિયને વિષે ૬ ૭ ને ૮ જ પ્રાણ હોય છે.

બેઇંદ્રિયને રસનેંદ્રિય ને વચનબળ સહિત ૬, તેઇંદ્રિયને ઘ્રાણેંદ્રિય સહિત ૭, અને ચઉરિંદ્રિયને ચક્ષુ સહિત ૮.

**અસન્નિ સન્નિ પંચિંદિએસુ**—અસંજ્ઞી (તિર્યંચ) પંચેન્દ્રિય અને સંજ્ઞી (મનવાળા. નારકી આદિ ૪) પંચેન્દ્રિયને વિષે.

**નવ દસ કમેણ બોધવ્વા**—અનુક્રમે ૯ પ્રાણ (મન બળ વિના) અને ૧૦ પ્રાણ હોય છે.

**તેહિં સહ વિપ્પઓગો**—તે (પ્રાણો) સાથે (જે) વિયોગ.

**જીવાણં ભન્નએ મરણં ॥ ૪૩ ॥**—તે જીવોનું મરણ કહેવાય છે.

**એવં અણોરપારે**—એ પ્રકારે અપાર (અને)

**સંસારે સાયરંમિ ભીમંમિ**—ભયંકર સંસાર સમુદ્રને વિષે.

**પત્તા અણંત ખુત્તો**—અનંતીવાર (મરણ રૂપ વિયોગ) પ્રાપ્ત કર્યો. (કોણે ?)

**જીવેહિં અપત્ત-ધમ્મેહિં ॥ ૪૪ ॥**—ધર્મ નહિ પામેલા જીવોએ.

**તહ**–તથા.
**ચઉરાસી**–ચોરાશી.
**લક્ખા**–લાખ.
**સંખા**–સંખ્યા.
**જોણીણ**–યોનિની.
**હોઇ**–હોય છે.
**જીવાણં**–જીવોની.
**પુઢવાઇણં**–પૃથ્વી આદિ.
**ચઉણ્હં**–ચારની.

**પત્તેયં**–દરેક (ની)
**સત્ત સત્તેવ**–સાત સાતજ (લાખ.)
**દસ**–દશ (લાખ.)
**પત્તેય**–પ્રત્યેક.
**તરૂણં**–વનસ્પતિકાયની.
**ચઉદસલક્ખા**–૧૪ લાખ.
**હવંતિ**–હોય છે.

**ઇયરેસુ**–ઇતર (સાધારણ)ને વિષે.
**વિગલિંદિએસુ**-વિકલેંદ્રિયને વિષે.
**દો દો**–બે બે (લાખ.)
**ચઉરો**–ચાર (લાખ.)
**પંચિંદિ**–પંચેંદ્રિય.
**તિરિયાણં**–તિર્યંચોની.

**ચઉરો ચઉરો**૪-૪ (લાખ.)
**નારય**-નારકી.
**સુરેસુ**-દેવોને વિષે.
**મણુઆણ**-મનુષ્યોની.
**ચઉદસ**-૧૪(લાખ.)
**હવંતિ**-હોય છે.
**સંપિંડિયા**-એકઠી કરતાં.
**સવ્વે**-સર્વે.
**ચુલસી**-ચોરાશી.
**લક્ખા**-લાખ.
**જોણીણં**-યોનિઓ.

## ૫ મું યોનિ દ્વાર.

**તહ ચઉરાસી લક્ખા**—તથા ૮૪ લાખ.

**સંખા જોણીણ હોઈ જીવાણં**-યોનિની સંખ્યા જીવોની છે.

**પુઢવાઈણં ચઉણ્હં**—પૃથ્વીકાયાદિ ૪ (પૃથ્વી, અપ્, તેઉ ને વાયુ.) ની

**પત્તેયં સત્ત સત્તેવ ॥ ૪૫ ॥**—દરેકની ૭-૭ લાખજ યોનિ હોય છે.

**દસ પત્તેય તરૂણં**—૧૦ લાખ (યોનિ) પ્રત્યેક વનસ્પતિકાયની.

**ચઉદસ લક્ખા હવંતિ ઇયરેસુ**—ઇતર (સાધારણ વનસ્પતિ) ની ૧૪ લાખ (યોનિ)

**વિગલિંદિએસુ દો દો**—વિકલેંદ્રિય (ત્રણે) ને વિષે ૨-૨ લાખ (યોનિ)

**ચઉરો પંચિંદિ તિરિયાણં ॥ ૪૬ ॥**—પંચેંદ્રિય તિર્યંચોની ૪ લાખ યોનિ.

**ચઉરો ચઉરો નારય**—૪ લાખ નારકીની અને ૪ લાખ.

**સુરેસુ મણુઆણ ચઉદસ હવંતિ**—દેવતાની (તથા) ૧૪ લાખ યોનિ મનુષ્યોની હોય છે.

**સંપિંડિયા ય સવ્વે**—અને તે સર્વે એકઠી કરતાં.

**ચુલસી લક્ખા ઉ જોણીણં ॥ ૪૭ ॥**—૮૪ લાખ યોનિ થાય છે.

યોનિ=ઉત્પત્તિ સ્થાન. જેમાં વર્ણ, ગંધ, રસ ને સ્પર્શ એક સરખો હોય તે ૧ યોનિ, અને ભિન્ન હોય તે જુદી યોનિ.

**સિદ્ધાણ**—સિદ્ધોને.
**નત્થિ**—નથી.
**દેહો**—શરીર.
**ન**—નથી.
**આઉ**—આયુષ્ય.
**કમ્મં**—કર્મ.
**પાણ**—પ્રાણ.
**જોણીઓ**—યોનિ.
**સાઈ**—સાદિ.
**અણંતા**—અનંત.
**તેસિં**—તેઓની.
**ઠિઈ**—સ્થિતિ.
**જિણિંદા**—જિનેંદ્રના.
**આગમે**—આગમમાં.
**ભણિયા**—કહી છે.
**કાલે**—કાલને વિષે.
**અણાઇ**—અનાદિ.
**નિહણે**—નાશ, અંત.
**જોણિ**—યોનિ વડે.
**ગહણંમિ**—દુ:ખ દેનાર.
**ભીસણે**—ભયંકર.
**ઇત્થ**—આ (સંસાર)માં.
**ભમિયા**—ભમ્યા.
**ભમિહિંતિ**—ભમશે.
**ચિરં**—ઘણા કાળસુધી.
**જીવા**—જીવો.
**જિણ વયણં**—જિનવચનને.
**અલહંતા**—નહિ પામેલા.

**સિદ્ધાણ નત્થિ દેહો**—સિદ્ધોને દેહ નથી. (એથી કરીને)

**ન આઉ કમ્મં ન પાણ જોણીઓ**—આયુષ્ય અને કર્મ નથી. (દ્રવ્ય) પ્રાણ અને યોનિ નથી.

**સાઈ અણંતા તેસિં, ઠિઈ**—તેમની સાદિ અનંત સ્થિતિ (૧ સિદ્ધને આશ્રયીને)

**જિણિંદાગમે ભણિઆ ॥૪૮॥**—જિનેશ્વરના આગમમાં કહી છે.

સિદ્ધ પરમાત્માને અનંતજ્ઞાન – અનંતદર્શન – અનંત ચારિત્ર અને અનંતવીર્ય એ ૪ ભાવપ્રાણ હોય છે. સર્વ સિદ્ધોને આશ્રયીને અનાદિ અનંત સ્થિતિ છે.

**કાલે અણાઈ નિહણે**—અનાદિ નિધન (આદિ અને નાશ એટલે અંત રહિત) કાળને વિષે.

**જોણિ ગહણંમિ ભીસણે ઈત્થ**—યોનિવડે દુઃખદાયક અને ભયંકર આ સંસારને વિષે.

**ભમિયા ભમિહિંતિ ચિરં**—ઘણા કાળ સુધી ભમ્યા અને ભમશે. ( કોણ ? )

**જીવા જિણ વયણ-મલહંતા ॥ ૪૯ ॥**—જિન વચનને નહિ પામેલા જીવો.

| | | |
|---|---|---|
| **તા**–તે (કારણ)થી. | **વિ**–પણ. | **સિટ્ઠે**–કહેલા. ઉપદેશેલા |
| **સંપઇ**–વર્તમાનકાળે. | **સમ્મત્તે**–સમ્યક્ત્વ. | **કરેહ**–કરો. |
| **સંપત્તે**–પામે છતે. | **સિરિ**–શ્રી. લક્ષ્મી. | **ભો**–હે ભવ્ય જનો ! |
| **મણુઅત્તે**–મનુષ્યપણું. | **સંતિસૂરિ**–શાંતિસૂરિ | **ઉજ્જમં**–ઉદ્યમ. |
| **દુલ્લહે**–દુર્લભ. | એ. શાંતિ વડે પૂજ્ય. | **ધમ્મે**–ધર્મને વિષે. |

**તા સંપઈ સંપત્તે**—તે માટે હમણાં પામે છતે. ( શું ? )

**મણુઅત્તે દુલ્લહે વિ સમ્મત્તે**—દુર્લભ મનુષ્યપણું અને વિશેષ દુર્લભ સમ્યક્ત્વ પણ.

**સિરિ-સંતિ-સૂરિ-સિટ્ઠે**—શ્રી શાન્તિસૂરિએ કહેલા. ( અથવા જ્ઞાનાદિ લક્ષ્મી અને શાન્તિએ કરી પૂજ્ય એવા તીર્થંકર તથા ગણધરોએ ઉપદેશ કરેલા. )

**કરેહ ભો ઉજ્જમં ધમ્મે ॥ ૫૦ ॥**—ધર્મને વિષે હે ભવ્ય પ્રાણીઓ ! તમે ઉદ્યમ કરો.

| | | |
|---|---|---|
| **એસો**–આ. એ. | **જાણણા હેઊ**–જાણવાના હેતુએ. | **રૂદ્દાઓ**–ઘણા વિસ્તારવાળા. |
| **જીવ વિયારો**–જીવ વિચાર. | **સંખિત્તો**–સંક્ષેપથી. | |
| **સંખેવ**–સંક્ષેપ. | **ઉદ્ધરિઓ**–ઉદ્ધર્યો. રચ્યો. | **સુય સમુદ્દાઓ**–શ્રુત રૂપ સમુદ્રથી. |
| **રૂઇણ**–રુચિવાળા જીવોને. | | |

**એસો જીવ વિચારો**—આ જીવ વિચાર.

**સંખેવ-રૂઈણ જાણણા હેઊ**—સંક્ષેપ રૂચિ ( થોડી બુદ્ધિ) વાળા જીવોને જાણવાને અર્થે.

**સંખિત્તો ઉદ્ધરિઓ**—સંક્ષેપથી ઉદ્ધર્યો છે. (શેમાંથી?)

**રૂદ્દાઓ સુય-સમુદ્દાઓ ॥૫૧॥**—ઘણા વિસ્તારવાળા એવા શ્રુતરૂપ સમુદ્રમાંથી.

## શ્રી જીવ વિચાર પ્રકરણ સાર્થ

## સ મા પ્ત.

# તિર્યંચ ગતિને વિષે ૫ દ્વાર.

| તિર્યંચાદિ ગતિવાળા જીવોની. ☞ તિર્યંચના ભેદો. | | અવગાહુના. | આયુષ્ય. ઉત્કૃષ્ટ. | આયુષ્ય. જઘન્ય. | સ્વકાય સ્થિતિ ઉત્કૃષ્ટકાળ. | ઉત્પન્નકાળ. | દશપ્રાણ. | યોનિ. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | પૃથ્વીકાય. | અંગુલને અસંખ્યાતમો ભાગ | ૨૨૦૦૦ વર્ષ | તિર્યંચ વિગેરેને અંતર્મુહૂર્ત. | અસંખ્યાતઉત્સર્પિણી | જીવના ઉપજવામાં આંતરૂં તે સમય આશ્રી તે અંતર્મુહૂર્ત | ૪ | ૭લાખ |
| ૨ | અપ્કાય. | | ૭૦૦૦ વર્ષ | | ,, ,, | | ૪ | ૭લાખ |
| ૩ | તેઉકાય. | | ૩ અહોરાત્રી | | ,, ,, | | ૪ | ૭લાખ |
| ૪ | વાયુકાય. | | ૩૦૦૦ વર્ષ | | ,, ,, | | ૪ | ૭લાખ |
| ૫ | સાધારણ વનસ્પતિકાય. | | અંતર્મુહૂર્ત | | અનંત ,, | | ૪ | ૧૪લા. |
| | પ્રત્યેક ,, | ૧૦૦૦જો.અધિક | ૧૦૦૦૦ વર્ષ | | અસંખ્યાત ,, | | ૪ | ૧૦લા. |
| ૧ | બેઈંદ્રિય. | ૧૨ જોજન. | ૧૨ વર્ષ. | | સંખ્યાતા હજાર | | ૬ | ૨લાખ |
| ૨ | તેઈંદ્રિય. | ૩ ગાઉ. | ૪૯ દિવસ. | | ,, વર્ષસુધી | | ૭ | ૨લાખ |
| ૩ | ચઉરિંદ્રિય. | ૧ જોજન. | ૬ માસ. | | ,, ,, | | ૮ | ૨લાખ |
| ૧ | ગર્ભજ જલચર | ૧૦૦૦ જોજન | પૂર્વ ક્રોડ વર્ષ | | પૂર્વના ભવ પૃથક્ત્વ. | | ૧૦ | તિર્યંચ પં. ૪લાખ |
| ૨ | ,, ચતુષ્પદ | ૬ ગાઉ | ૩ પલ્યોપમ | | | | ૧૦ | |
| ૩ | ,, ખેચર (પક્ષી) | ૨ થી ૯ ધનુષ્ય | પલ્યો૦અસંખ્યાત | | | | ૧૦ | |
| ૪ | ,, ઉરઃ પરિસર્પ | ૧૦૦૦ જોજન | પૂર્વ ક્રોડ વર્ષ | | | | ૧૦ | |
| ૫ | ,, ભુજ પરિસર્પ | ૨ થી ૯ ગાઉ | ,, | | | | ૧૦ | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | સમૂર્ચ્છિમ | જલચર | ૧૦૦૦ જોજન | પૂર્વ ક્રોડ વર્ષ | પંચેન્દ્રિય | ૭ ભવ પૂર્વક્રોડ ૮ મો ભવ | તિર્યંચગતિમાંઆવે | ૯ | ગતિ ૪) |
| ૨ | ,, | ચતુષ્પદ | ૨ થી ૯ ગાઉ | ૮૪૦૦૦ વર્ષ | | | | ૯ | |
| ૩ | ,, | ખેચર | ૨ થી ૯ ધનુષ્ય | ૭૨૦૦૦ વર્ષ | | | | ૯ | |
| ૪ | ,, | ઉર : પરિસર્પ | ૨ થી ૯ જોજન | ૫૩૦૦૦ વર્ષ | | | | ૯ | |
| ૫ | ,, | ભુજ પરિસર્પ | ૨ થી ૯ ધનુષ્ય | ૪૨૦૦૦ વર્ષ | | | | ૯ | |

**મનુષ્યના ભેદો.** **મનુષ્યગતિને વિષે ૫ દ્વાર.**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ગર્ભજ | મનુષ્ય | ૩ ગાઉ | ૩ પલ્યોપમ | પંચેન્દ્રિય | ૭ કે ૮ ભવ સુધી | પંચેન્દ્રિય | ૧૦ | ગતિ ૪૧ |
| સમૂર્ચ્છિમ | ,, | અંગુલનો અસંખ્યાતમો ભાગ. | અંતર્મુહૂર્ત | | ,, ,, | | ૭કે૮ | |

**નારકીના ભેદો.** **નરકગતિને વિષે ૫ દ્વાર.**

| | નામ. | ગોત્ર. | ધનુષ્ય—આંગળ | | વર્ષ | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ધમ્મા. | રત્નપ્રભા | ૭ાા—૬ | ૧ સાગરોપમ | ૧૦૦૦૦ | નથી | ૧૦ | ગતિ ૨ મનુષ્ય તિર્યંચની |
| ૨ | વંશા. | શર્કરાપ્રભા | ૧૫ાા—૧૨ | ૩ ,, | સા૦ ૧ | ,, | ૧૦ | |
| ૩ | સેલા. | વાલુકાપ્રભા | ૩૧ા | ૭ ,, | ૩ | ,, | ૧૦ | |
| ૪ | અંજણા. | પંકપ્રભા | ૬૨ાા | ૧૦ ,, | ૭ | ,, | ૧૦ | |
| ૫ | રિટ્ઠા. | ધૂમપ્રભા | ૧૨૫ | ૧૭ ,, | ૧૦ | ,, | ૧૦ | |
| ૬ | મઘા. | તમ:પ્રભા | ૨૫૦ | ૨૨ ,, | ૧૭ | ,, | ૧૦ | |
| ૭ | માઘવતી. | તમસ્તમપ્રભા | ૫૦૦ | ૩૩ ,, | ૨૨ | ,, | ૧૦ | |

# દેવગતિને વિષે ૫ દ્વાર.

| દેવગતિવાળા જીવોની. ☞ | | દેવોના ભેદો. | અવગાહના. | આયુષ્ય. ઉત્કૃષ્ટ. | આયુષ્ય. જઘન્ય. | સ્વકાય સ્થિતિ. | દ્રવ્ય પ્રાણ. | યોનિ. |
|---|---|---|---|---|---|---|---|---|
| ભવનપતિ. | | અસુર કુમાર. | ૭ હાથ | ૧ સાગરોગમ અ. | ૧૦ હજાર વર્ષ | નથી | ૧૦ | સર્વે દેવતાની યોનિ ૪ લાખ. |
| | ૧૫ | પરમાધામી. | ,, | ,, ,, | ,, | ,, | ,, | |
| | ૯ | નાગકુમારાદિ. | ,, | દેશઉણુંબેપલ્યોપમ | ,, | ,, | ,, | |
| વ્યંતર. | ૮ | વ્યંતર. | ૭ હાથ | ૧ પલ્યોપમ | ૧૦ હજાર વર્ષ | નથી | ૧૦ | |
| | ૮ | વાણવ્યંતર. | ,, | ,, | ,, | ,, | ,, | |
| | ૧૦ | તિર્યગ્ જૃંભક. | ,, | ,, | ,, | ,, | ,, | |
| જ્યોતિષી. ૫ ભેદ. | ૧ | ચંદ્ર. | ૭ હાથ | ૧ પલ્યો૦૧લાખવર્ષ | નથી } ઇંદ્રહોવાથી | નથી | ૧૦ | |
| | ૨ | સૂર્ય. | ,, | ૧ પલ્યો૦૧૦૦૦વર્ષ | × } ,, | ,, | ,, | |
| | ૩ | ગ્રહ. | ,, | ૧ પલ્યોપમ | × વિમાનના ધણી હોવાથી | ,, | ,, | |
| | ૪ | નક્ષત્ર. | ,, | ૦॥ પલ્યોપમ | × | ,, | ,, | |
| | ૫ | તારા. | ,, | ૦। પલ્યોપમ | × | ,, | ,, | |
| વૈમાનિક. | | (૧૨ દેવલોક) | | | | | | |
| | ૧ | સૌધર્મ વાસી | ૭ હાથ | ૨ સાગરોપમ | ૧ પલ્યોપમ | નથી | ૧૦ | |
| | ૨ | ઇશાન ,, | ,, | ૨ ,, થી અધિક | ૧ ,, થી અધિક | ,, | ,, | |
| | ૩ | સનત્કુમાર ,, | ૬ હાથ | ૭ ,, | ૨ સાગરોપમ | ,, | ,, | |
| | ૪ | માહેંદ્ર ,, | ,, | ૭ ,, થી અધિક | ૨ ,, થી અધિક | ,, | ,, | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| કલ્પોપપન્ન–સ્વામિ સેવક | ૫ | બ્રહ્મ દેવલોક વાસી | ૫ હાથ | ૧૦ સાગરોપમ | ૭ સાગરોપમ | નથી |
| | ૬ | લાંતક ,, | ,, | ૧૪ ,, | ૧૦ ,, | ,, |
| | ૭ | મહાશુક્ર ,, | ૪ હાથ | ૧૭ ,, | ૧૪ ,, | ,, |
| | ૮ | સહસ્ત્રાર ,, | ,, | ૧૮ ,, | ૧૭ ,, | ,, |
| | ૯ | આનત ,, | ૩ હાથ | ૧૯ ,, | ૧૮ ,, | ,, |
| | ૧૦ | પ્રાણુત ,, | ,, | ૨૦ ,, | ૧૯ ,, | ,, |
| | ૧૧ | આરણુ ,, | ,, | ૨૧ ,, | ૨૦ ,, | ,, |
| | ૧૨ | અચ્યુત ,, | ,, | ૨૨ ,, | ૨૧ ,, | ,, |
| કલ્પાતીત–સ્વામિ સેવક આદિ આચાર વિનાના. | | ૯ ગ્રૈવેયક | | | | |
| | ૧ | સુદર્શન. | ૨ હાથ | ૨૩ સાગરોપમ | ૨૨ સાગરોપમ | નથી |
| | ૨ | સુપ્રબુદ્ધ. | ,, | ૨૪ ,, | ૨૩ ,, | ,, |
| | ૩ | મનોરમ. | ,, | ૨૫ ,, | ૨૪ ,, | ,, |
| | ૪ | સર્વતો ભદ્ર. | ,, | ૨૬ ,, | ૨૫ ,, | ,, |
| | ૫ | સુવિશાલ. | ,, | ૨૭ ,, | ૨૬ ,, | ,, |
| | ૬ | સુમનસ. | ,, | ૨૮ ,, | ૨૭ ,, | ,, |
| | ૭ | સૌમનસ. | ,, | ૨૯ ,, | ૨૮ ,, | ,, |
| | ૮ | પ્રીયંકર. | ,, | ૩૦ ,, | ૨૯ ,, | ,, |
| | ૯ | નંદીકર. | ,, | ૩૧ ,, | ૩૦ ,, | ,, |
| | | ૫ અનુત્તર વિજય–વિજયંત જયંત–અપરાજિત | ૧ હાથ | ૩૩ સાગરોપમ | ૩૧ સાગરોપમ | નથી |
| | | ૫ સર્વાર્થ સિદ્ધ | ,, | ,, ,, | ૩૩ ,, | ,, |

દરેક દેવતાઓને ૧૦ પ્રાણ હોય છે.

સર્વે દેવતાઓની મળીને યોનિ ચાર લાખ થાય છે.

**સિધ્ધોને** શરીર–આયુષ્ય–કર્મ–દ્રવ્યપ્રાણ ને યોનિ નથી. ૧. સિદ્ધની સાદિ અનંત અને સર્વ સિદ્ધોની અનાદિ અનંત સ્થિતિ છે.

# જીવવિચારના પ્રશ્નો.

૧. નીચેના શબ્દોના અર્થ કહો. જલણ, કણગ, ઉક્કલિઆ, વન્નિય, અહિરૂગં, લહગાઇ, પિપીલિ, ઢિંકુણ. મુત્તું, પુહુત્તં, રયણીઓ, સમા, નો, ખુત્તો, અણોરપારે, નિહણે, સિટ્ઠે.

૨. જીવનું લક્ષણ શું ? પૃથ્વી, અપ્, તેઉ, વાયુ, વનસ્પતિ અને ત્રસમાં જીવની સાબીતિ કરો.

૩. જીવોના ૫૬૩ ભેદ ગણાવો.

૪. નીચેના જીવો કયા ભેદમાં છે, તે જણાવો.
અબરખ, વંટોળીઓ, કરા, ઝાકળ, ઉલ્કાપાત, ગલો, ચાંચડ, તીડ, અળસીયાં, ખીસકોલી, દેડકાં, મગર, અજગર, કુકડા, ખચ્ચર, વાઘ, હાથી, વાંદરો, અંજણા, વિદ્યુત્કુમાર, રાક્ષસ, સૂર્ય, અચ્યુત, અને આપણે.

૫. જીવ વિચારના કર્ત્તા કોણ? પૂર્વ અને પલ્યોપમ કેમ થાય?

૬. નીચેના જીવોની અવગાહના અને આયુષ્ય એ બે દ્વાર કહો. સમૂચ્છિંમ અને ગર્ભજ જલચર, ચતુષ્પદ, ખેચર, ઉરઃ પરિસર્પ, ભુજ પરિસર્પ અને મનુષ્ય.

૭. નીચેના જીવોની સ્વકાય સ્થિતિ, દ્રવ્ય પ્રાણ અને યોનિનું પ્રમાણ કહો.
પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય, પ્રત્યેક અને સાધારણ વનસ્પતિ, વિકલેંદ્રિય, દેવતા, નારકી અને મનુષ્ય.

૮. સ્વકાય સ્થિતિ અને યોનિનો અર્થ સમજાવો.

૯. સિદ્ધના જીવોનું વર્ણન કરો.

૧૦. જીવ વિચાર જાણવાનું ફળ શું ?

# જૈન દૃષ્ટિએ જીવોનો વિચાર.

## સામાન્યથી જીવોનું સ્વરૂપ.

અનાદિ કાળથી દરેક ભવ્ય અને અભવ્ય જીવો **સૂક્ષ્મ નિગોદ**માં હોય છે. ત્યાંથી **બાદર નિગોદ**માં થઇને જેમ જેમ અકામ ( ઇચ્છા વિના ) નિર્જરા ( કર્મની ઓછાશ ) થાય, તેમ તેમ અનુક્રમે **સૂક્ષ્મ** પૃથ્વી, **પાણી, અગ્નિ, વાયુ** તથા **બાદર** પૃથ્વી, **પાણી, અગ્નિ, વાયુ, પ્રત્યેક વનસ્પતિ, બેઇંદ્રિય, તેઇંદ્રિય,** અને **ચઉરિંદ્રિય**પણાને ઘણે ભાગે જીવો પામે છે. તે પછી **પંચેંદ્રિય**પણું પ્રાપ્ત કરી તિર્યંચ, નારકી, મનુષ્ય અને દેવમાં વારંવાર ઉત્પન્ન થઇને છેવટે **ભવ્ય** ( મુકિત ગમન યોગ્ય ) જીવ મનુષ્યમાં સમ્યકૃત્વ સહિત ચારિત્ર અંગીકાર કરી, કર્મ ખપાવી **સિદ્ધ** થાય છે.

હવે તેનું વિશેષ વિવેચન જીવ વિચારના અનુસારે જણાવીએ છીએ.

## અવ્યવહાર રાશિના જીવોનું સ્વરૂપ.

**જીવોની પ્રાથમિક અવસ્થા**—અનાદિ કાળથી દરેક જીવો **સૂક્ષ્મ નિગોદ** (સાધારણ વનસ્પતિકાય કે અનંતકાય)માં હોય છે. તેમાં અગ્નિથી ધમેલો લોઢાનો ગોળો જેમ આખો રાતો થઈ જાય, તેની માફક એક શરીરમાં અનંત જીવો રહે છે, માટે અનંતકાય કહેવાય છે, અને દરેક જીવો સાથે–આહાર કરે છે અને શ્વાસોશ્વાસ લે છે, તેથી તેનું બીજું

નામ સાધારણ વનસ્પતિકાય પડેલું છે. ત્યાં તે જીવોને શ્વાસોશ્વાસ લેવાની પરતંત્રતા હોવાથી, નારકી જીવો કરતાં પણ અજાણતાં તેઓ અત્યંત દુઃખને ભોગવે છે. સૂક્ષ્મનિગોદમાં રહેલો જીવ પૃથ્વી વિગેરેમાં જીવપણે ઉત્પન્ન થયેલો નહિ હોવાથી અવ્યવહાર રાશિનો જીવ ગણાય છે.

## વ્યવહાર રાશિના જીવોનું સ્વરૂપ.

**બાદર નિગોદનું સ્વરૂપ**--સૂક્ષ્મ નિગોદમાં અત્યંત દુઃખ ભોગવીને પછી કોઇક જીવનાં કર્મ ઓછાં થાય, ત્યારે બાદર=મોટા જીવ. જેનાં અસંખ્યાતાં શરીર ભેગાં થાય, ત્યારે આંખથી જોઈ શકાય તેવી નિગોદમાં ઉત્પન્ન થાય છે.

**બાદર સાધારણ વનસ્પતિકાયનું લક્ષણ**—જેના સાંધા, નસો અને ગાંઠા છાના હોય, જેને ભાગવાથી ચાકના માફક ભુકો થઇ જતો હોય અથવા બંને સરખા ભાગ થતા હોય, જેમકેઃ-ગાજર વિગેરે, વળી જેને તાંતણા ન હોય, તથા છેદીને વાવવાથી ફરીથી ઉગે તે, જેમકેઃ-થોર વિગેરે. સર્વ કુણાં ફળ કે જેમાં બીજ ન થયાં હોય તે, અંકુરા (ફણગા) અને ઉગતાં નવાં પાંદડાં (ટીશીઓ) એ સાધારણ વનસ્પતિકાય કહેવાય છે. તેવી વનસ્પતિ ઘણું કરીને ભૂમિમાં ઉત્પન્ન થાય છે. જેમકે:—આદુ વિગેરે. જો કે મગફળી જમીનની અંદર થાય છે, તો પણ તેમાંથી તેલ નીકળતું હોવાથી અનંતકાય તરીકે તે ગણવામાં આવતી નથી.

આ સાધારણ વનસ્પતિકાયમાં અનંત જીવો હોવાથી વિવેકી જનો તેને વાપરતા નથી. પણ રસનેંદ્રિયની લોલુપતાથી

અજ્ઞાની જીવો પોતે ખાય છે અને બીજાને ખવડાવે છે, તેથી તેવા અજ્ઞાની જીવોને પાપમાંથી બચાવવાને માટે જીવોના ભેદો અને તેની ઓળખાણ કહીશું.

**સૂક્ષ્મ જીવોનું સ્વરૂપ**—બાદર સાધારણ વનસ્પતિકાયમાં પણ ઇચ્છા વિના કષ્ટ સહન કરતાં કર્મ ઓછાં થાય, ત્યારે **સૂક્ષ્મ પૃથ્વી, પાણી, અગ્નિ**, અને **વાયુ**માં ઉપજે છે. તે સૂક્ષ્મ જીવો ૧૪ રાજલોકમાં ( **નીચે ૭ મી નારકીથી** માંડીને ઉપર સિદ્ધશિલા **સુધી** ) ઠાંસી ઠાંસીને ભરેલા છે. તે જીવો કોઈના માર્યા મરતા નથી, તેને અગ્નિ બાળી શકતો નથી, વાયુ ઉડાડી શકતો નથી, પાણી નાશ કરી શકતું નથી, તેમજ તે જીવો મનુષ્યાદિ કોઇ પણ પ્રાણીના ઉપયોગમાં આવતા નથી. તેઓને આપણે આપણી દૃષ્ટિથી જોઈ શકતા નથી, પણ તેઓને કેવળજ્ઞાની પરમાત્મા પોતાના જ્ઞાન અને દર્શનથી જાણે છે અને જુવે છે.

**વસ્તુને જાણવાની બે રીતિ.** એકઃ-પોતે જુવે તે, અને બીજીઃ-બીજાની મારફત સાંભળવામાં આવે તે, જેમકેઃ- પોતાની આંખથી કોઈ વસ્તુ જોઇને પોતે કહે કેઃ-"આ અમુક વસ્તુ છે" અને બીજા દેશોના સમાચારો આપણે બીજાની મારફતે જાણીએ છીએ. તેવીજ રીતે-અરિહંત ભગવાને અર્થથી કહેલું, ગણધર મહારાજે સૂત્રથી રચેલું, અને ગુરૂઓની પરંપરાએ આવેલું તેજ શાસ્ત્ર સાંભળીને "**સૂક્ષ્મ જીવો છે એવી શ્રદ્ધા રાખવી**." જેની બુદ્ધિ તેવા પ્રકારના સૂક્ષ્મ તત્ત્વો જાણવાને અસમર્થ હોય, તે માણસોએ નિઃસ્વાર્થ બુદ્ધિથી પ્રરુપણા કરનાર જ્ઞાની પરમાત્માના વચનમાં વિશ્વાસ રાખવો અને તેમાં જરા પણ શંકા કરવી નહિ.

**બાદર એકેંદ્રિયનું સ્વરૂપ**--તે સૂક્ષ્મ એકેંદ્રિય જીવો પણ ક્રમે ક્રમે જ્ઞાનાદિ ગુણોનો વિકાશ પામવાથી પૃથ્વી આદિ પાંચે બાદર એકેંદ્રિયમાં ઉત્પન્ન થાય છે. તેમનાં શરીર પણ એવાં નાનાં હોય છે કે તેઓ એક, બે, ત્રણ કે સંખ્યાતાં શરીરો ભેગાં થવા છતાં દૃષ્ટિ ગોચર થઇ શકતા નથી, માત્ર અસંખ્યાત શરીરો ભેગાં થાય, ત્યારેજ તેઓ જોઈ શકાય છે. તેઓને માત્ર એક સ્પર્શનેંદ્રિય હોવાથી **એકેંદ્રિય** કહેવાય છે. તેમજ તેઓ સ્થિર રહેતા હોવાથી તેનું બીજું નામ **સ્થાવર** પડેલું છે.

૧. **પૃથ્વીકાય જીવો**-માટી, પત્થર વિગેરે.

૨. **અપૂકાય જીવો**-કુવા તથા વરસાદ વિગેરેનાં પાણી.

૩. **તેઉકાય જીવો**--અંગારા કે લાકડાં વિગેરેના અગ્નિ.

૪. **વાઉકાય જીવો**--શુદ્ધવાયુ, વંટોળીયો વિગેરે.

૫. **વનસ્પતિકાયના બે ભેદ**-પ્રત્યેક વનસ્પતિકાય અને સાધારણ વનસ્પતિકાય. એક શરીરમાં એક જીવ હોય તે **પ્રત્યેક વનસ્પતિકાય**. તેના ૭ પ્રકાર છેઃ--ફળ, ફુલ, છાલ, લાકડું, મૂળ, પાદડાં ને બીજ. આ સાતેયમાં જુદા જુદા પ્રત્યેક વનસ્પતિકાય જીવો હોય છે.

**એકેંદ્રિય જીવોનું લક્ષણ**--જો શરીરમાં જીવ હોય, તોજ શરીર વધે, ઉનું રહે, અને ગમન કરે. જેમકેઃ--**પૃથ્વીકાય** જીવો [માટી વિગેરે] ખાણમાં વધે છે, શિયાળામાં કુવાનાં **પાણી** ઉનાં હોય છે, **અગ્નિ** ઉષ્ણ છે, **વાયુનો** ગતિ સ્વભાવ તો પ્રસિદ્ધજ છે, અને **વનસ્પતિને** આહારાદિ ઇષ્ટ સંજોગ મળવાથી વધતી આપણે જોઇ શકીએ છીએ, માટે તેમાં જીવો

છે, એમ કબુલ કરવું જોઈએ. વૃદ્ધ ડોશીને યુવાન પુરૂષે જોરથી મારેલી મુઠીના પ્રહાર જેટલી વેદના, એકેંદ્રિય જીવોને મનુષ્યાદિકના સ્પર્શ માત્રથી થાય છે.

## ત્રસ અવસ્થા.

**ત્રસ જીવોનું વર્ણન**–તે બાદર એકેંદ્રિયમાંથી પણ અનુક્રમે જ્ઞાનાદિ ગુણોનો વિકાશ થવાથી તે જીવો ત્રસ અવસ્થા પ્રાપ્ત કરે છે. **ત્રસ** એટલે ભય દેખી ત્રાસ પામે, તડકાથી છાંયડે જાય, છાંયડાથી તડકે જાય અને પોતાની ઈચ્છાથી ગમન કરે. તેના ૪ ભેદ છે. **૧. બેઈંદ્રિય, ૨. તેઈંદ્રિય, ૩. ચઉરિંદ્રિય, ને ૪. પંચેંદ્રિય.**

**૧. બેઈંદ્રિય જીવો**–શંખ, પોરા, અળસીઆં વિગેરે.

**૨. તેઈંદ્રિય જીવો**–કાનખજૂરા, માંકણ, કીડી વિગેરે.

**૩. ચઉરિંદ્રિય જીવો**–વીંછી, ભમરા, માખી વિગેરે.

**૪. પંચેંદ્રિયના ૪ ભેદ–૧. તિર્યંચ, ૨. નારકી, ૩. મનુષ્ય અને ૪. દેવ.**

ઈંદ્રિયોના વિભાગ સમજવા માટે મનુષ્યના માથાનું દ્રષ્ટાંત પૂરતું છે. જેમકે:–દાઢીએ હાથ ફેરવવાથી કેવળ ચામડીજ જણાય છે. તે પ્રમાણે એકેંદ્રિય જીવોને ફક્ત ચામડી-સ્પર્શના ઈંદ્રિયજ હોય છે. અનુક્રમે ઉપર ચડતાં–પછી મોઢામાં જીભ આવે છે. એટલે કે બેઈંદ્રિય જીવોને સ્પર્શના અને જીંહા એ બે ઈંદ્રિયો હોય છે. તે થકી ઉપર જતાં નાક, આંખ અને કાન અનુક્રમે આવે છે, એટલે કે તેઈંદ્રિય જીવોને સ્પર્શના, જીંહા અને ઘ્રાણ એ ત્રણ ઈંદ્રિયો હોય છે. ચઉરિંદ્રિય જીવોને સ્પર્શના, જીંહા, ઘ્રાણ અને ચક્ષુ

એ ચાર ઇંદ્રિયો હોય છે. તેમજ પંચેંદ્રિય જીવોને સ્પર્શના રસના, ઘ્રાણ, ચક્ષુ ને શ્રોત્ર એ પાંચે ઇંદ્રિયો હોય છે.

**તિર્યંચ પંચેંદ્રિયના ભેદો**—તિર્યંચ પંચેંદ્રિયના ૩ ભેદ છે. ૧ લા **જલચર** ( પાણીમાં ઉત્પન્ન થનાર. ) માછલાં વિગેરે. ૨ જા **ખેચર** (આકાશમાં ઉડનાર). ચકલી, ચામાચીડીયાં વિગેરે. અને ૩ જા **સ્થલચર** (જમીનઉપર ચાલનાર). તેના ૩ ભેદ છે. ૧ લા **ચતુષ્પદ** [ચાર પગવાળાં] ગાય ભેંસ વિગેરે. ૨ જા **ભુજપરિસર્પ** [ ભુજાથી ચાલનાર ] નોળીઆ, ખીસકોલી વિગેરે અને ૩ જા **ઉરઃપરિસર્પ** [પેટે ચાલનાર] અજગર, સર્પ વિગેરે. આ તિર્યંચ પંચેંદ્રિયમાં કેટલાક માતાપિતાના સંયોગથી ઉત્પન્ન થાય, તે ગર્ભજ. અને કેટલાક માતાપિતાના સંયોગ વિના પોતાની મેળે કાદવમાં ઉત્પન્ન થાય, તે સમૂચ્છિંમ. દેડકાં વિગેરે.

એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચઉરિંદ્રિય જીવો સમૂચ્છિમજ છે.

**નારકીનું વર્ણન**—નારકીના ૭ ભેદ છે. **ઘમ્મા** વિગેરે. તેનાં **રત્નપ્રભાદિ** ૭ ગોત્ર છે. તે સાતે પૃથ્વીઓ ઉંધા વાળેલા છત્રના આકારે, દરેક ૧ રાજલોક પ્રમાણ, નીચે નીચે આવેલી અને વધારે વધારે વિસ્તારવાળી છે. તેમાં રહેલા નારકી જીવોને ત્રણ પ્રકારે વેદના હોય છે. ૧ લી પરમાધામીએ કરેલ, ૨ જી ક્ષેત્રથી થયેલ, અને ૩ જી પરસ્પર જીવો વડે કરાયેલ વેદના, મનુષ્ય અને પંચેંદ્રિય તિર્યંચ કે જેઓ ઘણું પાપ કરે, અનાચાર સેવે, ચોરી કરે, અસત્ય બોલે, ધનાદિ ઉપર અત્યન્ત મૂર્છા રાખે, તેવા જીવો ત્યાં ઉત્પન્ન થાય છે.

# મનુષ્યોનું સ્વરૂપ.

**મનુષ્યોના ભેદો**—મનુષ્યના ૩ ભેદ છે. ૧ લા **કર્મભૂમિના**, ૨ જા **અકર્મભૂમિના** અને ૩ જા **અંતર્દ્વીપના.**

ખેતી વિગેરેનો વેપાર ચાલે, તે **કર્મભૂમિ** ૧૫ છે. **૫ ભરત. ૫ ઐરવત, ને ૫ મહાવિદેહ.**

જ્યાં ખેતી, વેપાર ન ચાલતો હોય તે અકર્મભૂમિ, તે ૩૦ છે. **૫ હિમવત, ૫ ઐરણ્યવત, ૫ હરિવર્ષ, ૫ રમ્યક્, ૫ દેવકુરૂ ને ૫ ઉત્તરકુરૂ.**

**અંતર્દ્વીપ** ૫૬ છે. આ જંબૂદ્વીપમાં પૂર્વ પશ્ચિમ લાંબા એવા હિમવંત અને શિખરી, એ બે પર્વતના ચારે છેડે બબ્બે ગજદન્ત હોવાથી ૮ ગજદન્ત છે, અને તે દરેક ગજદન્ત ઉપર ૭–૭ અન્તર્દ્વીપ હોવાથી ૫૬ અન્તર્દ્વીપ થયા.

તે ૩૦ અકર્મભૂમિ અને ૫૬ અંતર્દ્વીપમાં યુગલિક મનુષ્યો અને તિર્યંચો રહે છે. તેઓ વૈર અને ઈર્ષા રહિત તથા સ્વભાવે સરળ અને કલ્પવૃક્ષથી મેળવેલા આહાર વિગેરેથી જીવન નિર્વાહ કરે છે, તેઓ બંને [યુગલિક–સ્ત્રી પુરૂષનું જોડલું] સાથે જન્મે છે, યોગ્ય ઉંમરે તે ધણીધણીયાણી તરીકે રહે છે અને સાથે મરણ પામે છે. યુગલિકો મરણ પછી દેવગતિમાં જ ઉત્પન્ન થાય છે.

**સમૂર્ચ્છિમ મનુષ્યોની ઉત્પત્તિ**—ઉપર જણાવેલાં ૧૫ કર્મભૂમિ ક્ષેત્રો, ૩૦ અકર્મભૂમિ અને ૫૬ અન્તર્દ્વીપ

મળી ૧૦૧ ક્ષેત્રોમાં રહેલા ગર્ભજ મનુષ્યોના મળ, મૂત્ર, લોહી, માંસ, વીર્ય, પરૂ બળખા વિગેરે ૧૪ અશુચિ સ્થાનકોમાં સમૂચ્છિંમ મનુષ્યો ઉત્પન્ન થાય છે, તેઓનું આયુષ્ય અંતર્મુહૂર્તનું હોય છે. અને તેઓ ચર્મચક્ષુથી દેખી શકાતા નથી.

**મનુષ્ય ક્ષેત્ર—જંબૂદ્વીપ** ૧ લાખ જોજનનો લાંબો પહોળો ને ગોળ છે. તે પછી અનુક્રમે સમુદ્ર અને દ્વીપ વીંટાએલા છે. તેઓ વિસ્તારમાં બમણા બમણા છે, એટલે કે જંબૂદ્વીપની ફરતો ૨ લાખ જોજનનો **લવણસમુદ્ર** વીંટાએલો છે. તેને ફરતો ૪ લાખ જોજનનો **ધાતકીખંડ** વીંટાએલો છે. તેને ફરતો **કાલોદધિ** ૮ લાખ જોજનનો વીંટાએલો છે. તેને ફરતો પુષ્કરાવર્ત દ્વીપ ૧૬ લાખ જોજનનો વીંટાએલો છે. તે **પુષ્કરાવર્ત** દ્વીપના અર્ધ ભાગ એટલે ૮ લાખ જોજન પછી માનુષ્યોત્તર પર્વત ચોતરફ વીંટાએલો છે. તે પર્વતની અંદરની બાજુને મનુષ્યક્ષેત્ર કહે છે, એટલે મેરૂ પર્વતના રૂચક પ્રદેશથી માનુષ્યોત્તર પર્વત સુધી એક બાજુના, ૦।। લાખ જંબૂદ્વીપનો, ૨ લાખ લવણ સમુદ્રના, ૪ લાખ ધાતકીખંડના, ૮ લાખ કાલોદધિના અને ૮ લાખ અર્ધ પુષ્કરાવર્ત દ્વીપના મળી ૨૨।। લાખ જોજન. તેજ પ્રમાણે જંબૂદ્વીપના મેરુથી ગણતરી કરતાં બીજી બાજુના પણ ૨૨।। લાખ જોજન મળી કુલ ૪૫ લાખ જોજનનું મનુષ્યક્ષેત્ર છે, તેમાં ૨।। દ્વીપ અને બે સમુદ્ર આવેલા છે. આ જંબૂદ્વીપ, ધાતકીખંડ અને અર્ધ પુષ્કરાવર્ત મળી ૨।। દ્વીપ થાય છે, ત્યાં સુધીજ મનુષ્યોની વસ્તી હોવાથી તેનેજ મનુષ્યક્ષેત્ર કહેવામાં આવે છે.

આ મનુષ્યક્ષેત્રમાંજ મનુષ્યોનાં જન્મ મરણ થાય છે, પણ અઢી દ્વીપની બહાર થતાં નથી. કદાચ કોઇ દેવ કે વિદ્યાધર, ગર્ભવતી સ્ત્રીને અઢી દ્વીપની બહાર વૈરને લીધે લઇ જાય, તો પણ સ્વભાવે પ્રસૂતિના સમય પહેલાં કરૂણા આવવાને લીધે, તે દેવ કે વિદ્યાધર અથવા બીજો કોઈ દેવ કે વિદ્યાધર તેણીને મનુષ્ય ક્ષેત્રમાં મૂકે, તેથી અઢી દ્વીપની અંદરજ મનુષ્યનો જન્મ થાય છે. વળી વિદ્યાચારણ ૮ મા નંદીશ્વર દ્વીપ સુધી અને જંઘાચારણ તપશ્ચર્યાના પ્રભાવથા ૧૩ મા રૂચકદ્વીપ સુધી જાત્રા માટે જઈ શકે છે. તેઓનું મરણ તો મનુષ્યક્ષેત્રમાંજ થાય છે.

## દેવોનું સ્વરૂપ.

વિશેષ પ્રકારે સુખને ભોગવે તે દેવ. તેના ૪ ભેદ છે. **૧ લા ભવનપતિ, ૨ વ્યંતર, ૩ જ્યોતિષી, અને ૪ વૈમાનિક.**

**અધોલોકમાં દેવોનાં સ્થાન**—રત્નપ્રભા પૃથ્વીનું તળીયું જાડપણે ૧ લાખ ૮૦ હજાર છે. તેમાંથી ઉપર નીચે ૧ હજાર જોજન મૂકીને બાકીના ૧ લાખ ૭૮ હજાર જોજનમાં ૧૦ પ્રકારના **ભવનપતિ** [ અસુરકુમારાદિ ] દેવો રહે છે. નારકી જીવોને દુઃખ આપનારા પરમાધામી દેવો પણ અસુર કુમાર નિકાયના જ છે.

**તિર્ચ્છાલોકમાં દેવોનાં સ્થાન**—ઉપર મૂકેલા ૧ હજાર જોજનમાંથી ઉપર નીચે ૧૦૦ જોજન મૂકીને બાકીના ૮૦૦ જોજનમાં ૮ પ્રકારના **વ્યંતર** દેવો વસે છે. ઉપર

મૂકેલા ૧૦૦ જોજનમાંથી ઉપર નીચે ૧૦ જોજન મૂકીને બાકીના ૮૦ જોજનમાં ૮ પ્રકારના **વાણવ્યંતર** દેવો રહે છે. મેરૂ પર્વતના મધ્ય ભાગે ગોસ્તનાકારે ૪ ઉપર અને ૪ નીચે મળી ૮ રૂચક પ્રદેશ છે, તેને સમભૂતલા પૃથ્વી કહે છે. ત્યાંથીજ ઉપર નીચે ૯૦૦ જોજન મૂકીને ઉર્ધ્વ કે અધોલોકની ગણત્રી થાય છે. એટલે નીચેના ૪ રૂચક પ્રદેશોથી ૯૦૦ જોજન મૂકીને અધોલોકની અને ઉપરના ૪ રૂચક પ્રદેશોથી ૯૦૦ જોજન મૂકીને ઉર્ધ્વલોકની ગણના થાય છે. એટલે તિર્ચ્છાલોક ઉપર નીચે મળી ૧૮૦૦ જોજન અને વિસ્તારમાં ૧ રાજલોક પ્રમાણ છે. અસંખ્યાત જોજને એક રાજલોક થાય છે. સમભૂતલાથી ૭૯૦ યોજને **તારા**, ૮૦૦ યોજને **સૂર્ય**, ૮૮૦ યોજને **ચન્દ્ર**, ૮૮૪ યોજને ૨૮ **નક્ષત્રો**, અને ૯૦૦ યોજન સુધીમાં **ગ્રહો** એમ ૫ પ્રકારના જ્યોતિષી દેવોના વિમાનો અઢી દ્વીપમાં ચર છે. [ચાલે છે.] તેથી રાત્રિ દિવસ રૂપી કાળની ખબર આપણને પડે છે, અને અઢી દ્વીપની બહાર જ્યોતિષી દેવોનાં વિમાનો સ્થિર છે. આ **ચર** અને **સ્થિર** વિમાનોમાં **જ્યોતિષી દેવો** વસે છે.

**ઉર્ધ્વલોકમાં દેવોનાં સ્થાન**—સમભૂતલાથી ૧ રાજલોક ઉપર જઇએ, તો દક્ષિણે **સૌધર્મ** અને ઉત્તરે **ઇશાન** દેવલોક આવે છે, અને તેની નીચે ૧ લા કિલ્બીષિયાની ઉત્પત્તિ છે. બીજા રાજલોકે દક્ષિણે **સનત્કુમાર** અને ઉત્તરે **માહેંદ્ર** દેવલોક તથા સનત્કુમારની નીચે બીજા કિલ્બીષિયા દેવોની ઉત્પત્તિ છે. ૩જા રાજલોકમાં **બ્રહ્મદેવલોક**, લોકાંતિક અને

તેની ઉપર **લાંતક** દેવલોક છે, અને લાંતકની નીચે ૩જા કિલ્બીષિયા દેવોની ઉત્પત્તિ છે. ૪થા રાજલોકમાં **મહાશુક્ર** અને તેની ઉપર **સહસ્રાર** દેવલોક છે. ૫મા રાજલોકમાં દક્ષિણે **આનત** અને ઉત્તરે **પ્રાણત** તથા તે બંનેની ઉપર અનુક્રમે **આરણ** અને **અચ્યુત** દેવલોક આવે છે. ૬ઠ્ઠા રાજલોકમાં ઉપરાઉપર ૯ **ગ્રૈવેયક**, અને ૭મા રાજલોકમાં પૂર્વાદિ ચારે દિશાએ **વિજયાદિ** ૪ વિમાનો અને તેની મધ્યમાં **સર્વાર્થસિદ્ધ** વિમાનમાં **અનુત્તરવાસી** દેવો વસે છે.

તેની ઉપર ૪૫ લાખ જોજનના વિસ્તારવાળી **સિદ્ધશિલા** સ્ફટિકના જેવી નિર્મળ; ધોળા સોનાની બનેલી છે. અને તેની ઉપર અલોકને અડીને **સિદ્ધ પરમાત્મા** રહેલા છે.

જેટલા જીવો મોક્ષે જાય, તેટલા જ જીવો સૂક્ષ્મ નિગોદમાંથી નીકળી બાદર નિગોદ આદિથી દેવ પર્યન્તની વ્યવહાર રાશિમાં ઉત્પન્ન થાય છે. એક વાર વ્યવહાર રાશિમાં આવેલો જીવ ફરીથી સૂક્ષ્મ નિગોદમાં ઉત્પન્ન થાય, તો પણ તે જીવ વ્યવહાર રાશિનોજ ગણાય છે.

જીવોના ભેદો તથા શરીર આદિ પાંચે દ્વારોનું કોષ્ટક જીવ વિચાર પાને ૨૦ થી તથા ૩૮ થી જોઈ લેવું.

## સિદ્ધાવસ્થા.

**સિદ્ધ જીવોનું વર્ણન**—સિદ્ધ પરમાત્માને શરીર, આયુષ્ય, કર્મ, દ્રવ્ય પ્રાણ અને યોનિ નથી. તેમને જન્મ, જરા અને મૃત્યુનું દુઃખ હોતું નથી. તેમની સ્થિતિ એક

સિદ્ધ આશ્રયીને સાદિ અનંત અને સર્વ સિદ્ધો આશ્રયીને અનાદિ અનંત છે. તેઓને અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત ચારિત્ર અને અનંત વીર્ય એ ૪ ભાવ પ્રાણો હોય છે.

**મનુષ્ય જન્મ સફળ કરવા માટે વારંવાર મનન કરવા યોગ્ય ઉપદેશ**—આર્ય દેશ, ઉત્તમકુળ, મનુષ્યપણું અને નિરોગી શરીર પામવું દુર્લભ તો છેજ. તે પામ્યા પછી પણ ભગવંતે ઉપદિશેલ સિદ્ધાંતનું શ્રવણ દુર્લભ છે, તથા શ્રવણ કર્યા પછી પણ તેમણે કહેલાં દરેક વચનો સત્યજ છે, એવી શ્રદ્ધા તો અત્યંત દુર્લભ છે. માટે જ આ **જીવવિચારના** કર્તા **શ્રી શાન્તિસૂરિ** મહારાજ કહે છે કે "શ્રી તીર્થંકર પરમાત્મા અને ગણધર મહારાજે ઉપદેશેલા ધર્મને નહિ પામેલા જીવો સંસારમાં ભટકયા, ભટકે છે અને ભટકશે."

# જીવોનો વિચાર જાણવાનું ફળ.

જીવોનો વિચાર જાણવાનું ફળ એ છે કેઃ—બીજા જીવોને પોતાના આત્મા સમાન ગણવા. જેમ પોતાને કોઇ પીડા કરે તો જેવું દુઃખ થાય છે, તેવું જ દુઃખ બીજાને થતું જ હશે, એમ વિચારીને "**અન્ય જીવોને જરાપણ પીડા કરવી નહિ.**" એ દ્રવ્ય દયા, તથા **ધર્મ રહિત જીવોને ધર્મ પમાડવા** એ ભાવ દયા. આ બંને દયા સમજીને અહિંસા વ્રત ગ્રહણ કરવું અને જેણે અહિંસા વ્રત અંગિકાર કર્યું તે **જીવ** અસત્ય (જુઠું) બોલે જ નહિ, કારણ કે અસત્ય બોલવાથી બીજાને દુઃખ થાય, અને બીજાને દુઃખ કરવું તેનું નામ જ હિંસા. હવે જેણે

અહિંસા અને સત્યનો સ્વીકાર કર્યો તે પ્રાણી ચોરી કરે જ નહિ, કેમકે ચોરી કરવાથી બીજાના મનને આઘાત પહોંચે છે, અને બીજાને આઘાત પહોંચાડવો, તે જ હિંસા કહેવાય છે. દયા, સત્ય અને ચોરીનો ત્યાગી સ્ત્રી સેવન કરે જ નહિ, કારણ કે એકવાર સ્ત્રીસેવનથી ૨ થી ૯ લાખ ગર્ભજ મનુષ્યોની તથા અસંખ્યાત સમૂર્ચ્છિમ પંચેંદ્રિય મનુષ્યો અને વિકલેંદ્રિય જીવોનો નાશ થાય છે, એમ સમજીને સુજ્ઞે (સારી રીતે જાણનાર પુરૂષે) બ્રહ્મચર્ય અવશ્ય પાળવું. જેણે દયા, સત્ય, ચોરીનો ત્યાગ અને બ્રહ્મચર્યનો સ્વીકાર કર્યો તે ધનાદિ ઉપર મૂર્છા ન જ રાખે, કારણ કે ધન મેળવવા માટે અનેક પ્રકારનાં આરંભનાં કાર્યો કરવાં પડે છે. એથી જીવ હિંસા થાય છે, જુઠું બોલાય છે, કુડ, કપટ, રૂપ ચોરી કરાય છે. ધન મળી આવતાં સ્ત્રીને માટે અભિલાષા કરાય છે એટલે પરિગ્રહ એ પણ અનર્થનું મૂળ છે, એમ સમજી તેને પણ છોડવું.

આ દ્રવ્ય દયા અને ભાવ દયા જેના આત્મામાં વસી હોય, તેનુંજ ભણેલું ને ગણેલું જ્ઞાન પણ સાર્થક છે. તેવા પ્રકારનું સમ્યક્ જ્ઞાનાદિ પ્રાપ્ત કરીને અનુક્રમે જીવ અમૃત પદ (મોક્ષ) ને મેળવે છે.

**લેખક–શ્રાવક પંડિત અમૃતલાલ પુરૂષોત્તમ.**

# શ્રી જીવ વિચાર પ્રકરણ મૂળ.

ભુવણ પઈવં વીરં, નમિઊણ ભણામિ અબુહ બોહત્થં ॥ જીવ સરૂવં કિંચિ વિ, જહ ભણિયં પુવ્વ સૂરીહિં ॥ ૧ ॥ જીવા મુત્તા સંસારિણો ય. તસ થાવરા ય સંસારી ॥ પુઢવી જલ જલણ વાઊ, વણસ્સઈ થાવરા નેયા ॥ ૨ ॥ ફલિહ મણિં રયણ વિદ્દુમ, હિંગુલ હરિચાલ મણસિલ રસિંદા ॥ કણગાઈ ધાઉ સેઢી, વન્નિય અરણેટ્ટય પલેવા ॥ ૩ ॥ અબ્ભય તૂરી ઊસં, મટ્ટી પાહાણ જાઇઓ ણેગા ॥ સોવીરંજણ લુણાઈ, પુઢવી ભેયા ઇ ઇચ્ચાઇ ॥ ૪॥ ભોમંતરિક્ખ—મુદગં, ઓસા હિમ કરગ હરિતણુ મહિઆ ॥ હુંતિ ઘણોદહિમાઇ,

ભેયા ણેગા ય આઉસ્સ ॥ ૫ ॥ ઇંગાલ
જાલ મુમ્મુર, ઉક્કાસણિ કણગ વિજ્જુ-
માઈઆ ॥ અગણિ જિયાણં ભેયા,
નાયવ્વા નિઉણ બુદ્ધીએ ॥ ૬ ॥ ઉ-
બ્ભામગ ઉક્કલિયા, મંડલિ મહ સુદ્ધ
ગુંજવાયા ય ॥ ઘણ તણુ વાયાઇઆ,
ભેયા ખલુ વાઉકાયસ્સ ॥ ૭ ॥ સાહા-
રણ પત્તેઆ, વણસ્સઇ જીવા દુહા સુએ
ભણિયા ॥ જેસિ--મણંતાણં તણુ,
એગા સાહારણા તે ઉ ॥૮॥ કંદા અંકુર
કિસલય, પણગા સેવાલ ભમિફોડા ય ॥
અલ્લયતિય ગજ્જર મોત્થ, વત્થુલા થેગ
પલ્લંકા ॥૯॥ કોમલ ફલં ચ સવ્વં, ગૂઢ
સિરાઈં સિણાઈ પત્તાઇં ॥ થોહરિ કુંઆરિ
ગુગ્ગુલી, ગલોય પમુહા ઈ છિન્નરૂહા ॥૧૦॥
ઇચ્ચાઇણો અણેગે, હવંતિ ભેયા અણં-

તકાયાણું ।। તેસિં પરિજાણણત્થં, લક્ખ-
ણ મેઅં સુએ ભણિયં ।।૧૧।। ગૂઢસિર-
સંધિ—પવ્વં, સમભંગ—મહિરૂગં ચ
છિન્નરૂહં ।।સાહારણં સરીરં, તવ્વિવરિઅં
ચ પત્તેયં ।। ૧૨ ।। એગ સરીરે એગો,
જીવો જેસિં તુ તે ય પત્તેયા ।। ફલ ફુલ
છલ્લિ કટ્ઠા, મૂલગ પત્તાણિ બીયાણિ
।।૧૩।। પત્તેય તરું મુત્તું ।। પંચ વિ પુઢ-
વાઇણો સયલ લોએ ।। સુહુમા હવંતિ
નિયમા, અંતમુહુત્તાઉ અદ્દિસ્સા ।।૧૪।।
સંખ કવડ્ડય ગંડુલ, જલોય ચંદણગ
અલસ લહગાઇ ।। મેહરિ કિમિ પૂઅરગા
બેઇંદિય માઇવાહાઈ ।। ૧૫ ।। ગોમી
મંકણ જુઆ, પિપીલિ ઉદ્દેહિયા ય મક્-
કોડા ।। ઈલિય ઘયમિલ્લીઓ, સાવય

ગોક્કીડ જાઇઓ ॥ ૧૬ ॥ ગદ્દહય ચોરકીડા,
ગોમયકીડા ય ધન્નકીડા ય ॥ કુંથુ ગોવા-
લિય ઈલિયા, તેઇંદ્રિય ઈંદગોવાઈ ॥૧૭॥
ચઉરિંદ્રિયા ય વિચ્છુ, ઢિંકુણ ભમરા ય
ભમરિયા તિડ્ડા ॥ મચ્છિય ડંસા મસગા,
કંસારી કવિલ ડોલાઇ॥૧૮॥ પંચિંદ્રિયા
ય ચઉહા, નારય તિરિયા માણુસ્સ દેવા ય ॥
નેરઇયા સત્તવિહા, નાયવ્વા પુઢવીભેએણં
॥૧૯॥ જલયર થલયર ખયરા, તિવિહા
પંચિંદ્રિયા તિરિક્ખા ય॥ સુસુમાર મચ્છ
કચ્છવ, ગાહા મગરા ય જલચારી ॥૨૦॥
ચઉપય ઉરપરિસપ્પા, ભુયપરિસપ્પા ય
થલયરા તિવિહા॥ ગો સપ્પ નઉલ પમુહા,
બોધવ્વા તે સમાસેણં ॥ ૨૧ ॥ ખયરા
રોમય પક્ખી, ચમ્મય પક્ખી ય પાયડા
ચેવ॥નરલોગાઓ બાહિં, સમુગ્ગ પક્ખી
વિયયપક્ખી॥૨૨॥સવ્વે જલથલ ખયરા,

સમુચ્છિમા ગબ્ભયા દુહા હુંતિ ॥ કમ્મા
કમ્મગ ભૂમિ, અંતરદીવા માણુસ્સા ય
॥૨૩॥ દસહા ભવણાહિવઇ, અટ્ઠવિહા
વાણમંતરા હુંતિ ॥ જોઇસિયા પંચવિહા,
દુવિહા વેમાણિયા દેવા ॥૨૪॥ સિદ્ધા
પનરસ ભેયા, તિત્થા તિત્થાઇ સિદ્ધ ભે-
એણં ॥ એએ સંખેવેણં, જીવ વિગપ્પા
સમક્ખાયા ॥૨૫॥ એએસિં જીવાણં,
સરીર[1]—માઉ[2] ઠિઈ સકાયંમિ[3] ॥ પાણા[4]
જોણિ પમાણં, જેસિં જં અત્થિ તં
ભણિમો ॥૨૬॥ અંગુલ અસંખ ભાગો,
સરીર—મેગિંદિયાણ સવ્વેસિં ॥ જોયણ
સહસ્સ-મહિયં, નવરં પત્તેય રૂક્ખાણં
॥૨૭॥ બારસ જોયણ તિન્નેવ, ગાઉઆ
જોયણં ચ અણુક્કમસો ॥ બેઇંદિય તેઇં-
દિય, ચઉરિંદિય દેહ-મુચ્ચત્તં ॥ ૨૮ ॥

ધણુસય પંચ પમાણા, નેરઇયા સત્તમાઈ
પુઢવીએ ।। તત્તો અદ્ધદ્ધુણા, નેયા રયણ-
પ્પહા જાવ ।।૨૯।।જોયણ સહસ્સમાણા,
મચ્છા ઉરગા ય ગબ્ભયા હુંતિ ।। ધણુહ
પુહુત્તં પક્ખીસુ, ભુયચારી ગાઉઅ
પુહુત્તં ।।૩૦।। ખયરા ધણુહ પુહુત્તં,
ભુયગા ઉરગા ય જોયણ પુહુત્તં ।।
ગાઉઅ પુહુત્ત મિત્તા, સમુચ્છિમા ચઉ-
પ્પયા ભણિયા ।।૩૧।। છચ્ચેવ ગાઉઆઈ
ચઉપ્પયા ગબ્ભયા મુણેયવ્વા ।। કોસ
તિગં ચ માણુસ્સા, ઉક્કોસ સરીર મા-
ણેણં ।।૩૨।। ઈસાણંત સુરાણં, રય-
ણીઓ સત્ત હુંતિ ઉચ્ચત્તં ।। દુગ દુગ
દુગ ચઉ ગેવિજ્જ, ણુત્તરે ઇક્કિક્કપરિ-
હાણી ।।૩૩।। બાવીસા પુઢવીએ, સત્ત
ય આઉસ્સ તિન્નિ વાઉસ્સ ।। વાસ

સહસ્સા દસ તરૂ, ગણુાણુ તેઉ તિ
રત્તાઉ ॥ ૩૪ ॥ વાસાણિ બારસાઉ
બેઈંદ્વિયાણું તેઈંદ્વિયાણું તુ ॥ અઉણાપન્ન
દિણાઇં, ચઉરિંદ્વિણું તુ છમ્માસા ॥૩૫॥
સુર નેરઈયાણુ ઠિઈ, ઉક્કોસા સાગરાણિ
તિત્તીસં ॥ ચઉપય તિરિય માણુસ્સા
તિન્નિ ય પલિઓવમા હુંતિ ॥ ૩૬ ॥
જલયર ઉર ભુયગાણું, પરમાઉ હોઇ
પુવ્વ કોડીઓ॥ પક્ખીણું પુણુ ભણિઓ
અસંખ ભાગો ય પલિયસ્સ ॥ ૩૭ ॥
સવ્વે સુહુમા સાહારણા ય, સમુચ્છિમા
માણુસ્સા ય ॥ ઉક્કોસ જહન્નેણું, અંત
મુહુત્તં ચિય જિયંતિ ॥૩૮॥ ઓગાહ-
ણાઉ માણું, એવં સંખેવઓ સમક્-
ખાયં ॥ જે પુણુ ઈત્થ વિસેસા, વિસેસ
સુત્તા ઉ તે નેયા ॥૩૯॥ એગિંદ્વિયા ય

સવ્વે, અસંખ-ઉસ્સપ્પિણી સકાયંમિ॥ ઉવવજ્જંતિ ચયંતિ ય, અણંતકાયા અણંતાઓ ॥ ૪૦ ॥ સંખિજ્જ સમા વિગલા, સત્તટ્ઠ ભવા પણિંદિ તિરિ મણુઆ ॥ ઉવવજ્જંતિ સકાએ, નારય દેવા ય નો ચેવ ॥૪૧॥ દસહા જિયાણ પાણા, ઇંદિય ઉસાસ આઉ બલરૂઆ ॥ એગિંદિએસુ ચઉરો, વિગલેસુ છ સત્ત અટ્ઠેવ ॥૪૨॥ અસન્નિ સન્નિ પંચિં-દિએસુ, નવ દસ કમેણ બોધવ્વા ॥ તેહિં સહ વિપ્પઓગો, જીવાણં ભન્નએ મરણં ॥૪૩॥ એવં અણોરપારે, સંસારે સાયરંમિ ભીમંમિ ॥ પત્તો અણંત ખુત્તો જીવેહિં અપત્ત ધમ્મેહિં ॥૪૪॥ તહ ચઉ-રાસી લક્ખા, સંખા જોણીણ હોઈ જી-વાણં ॥ પુઢવાઇણં ચઉણ્હં, પત્તેયં સત્ત

સત્તેવ ॥૪૫॥ દસ પત્તેય તરૂણં, ચઉદસ લક્ખા હવંતિ ઈયરેસુ ॥ વિગલિંદિએસુ દો દો, ચઉરો પંચિંદિ તિરિયાણં ॥૪૬॥ ચઉરો ચઉરો નારય, સુરેસુ મણુઆણ ચઉદસ હવંતિ ॥ સંપિંડિયા ય સવ્વે, ચુલસી લક્ખા ઉ જોણીણં ॥ ૪૭ ॥ સિદ્ધાણ નત્થિ દેહો, ન આઉ કમ્મં ન પાણ જોણીઓ ॥ સાઈ અણંતા તેસિં, ઠિઈ જિણિંદાગમે ભણિઆ ॥ ૪૮ ॥ કાલે અણાઈનિહણે, જોણિ ગહણંમિ ભીસણે ઈત્થ ॥ ભમિયા ભમિહિંતિ ચિરં, જીવા જિણ વયણ-મલહંતા ॥૪૯॥ તા સંપઈ સંપત્તે, મણુઅત્તે દુલ્લહે વિ સમ્મત્તે ॥ સિરિ-સંતિ-સૂરિ-સિટ્ઠે, કરેહ ભો ઉજ્જમં ધમ્મે ॥૫૦॥ એસો જીવ વિચારો, સંખેવ રૂઇણ જાણણા હેઉ ॥ સંખિત્તો ઉદ્ધરિઓ, રૂદ્દાઓ સુય સમુદ્દાઓ ॥૫૧॥

---

# શ્રી નવતત્ત્વ પ્રકરણ મૂળ.

જીવા-જીવા પુણ્ણં, પાવા-સવ સંવરો ય નિજ્જરણા ॥ બંધો મુક્ખો ય તહા, નવ તત્તા હુંતિ નાયવ્વા ॥૧॥ ચઉદ્દસ ચઉદ્દસ બાયાલીસા બાસી ય હુંતિ બાયાલા ॥ સત્તાવન્નં બારસ, ચઉ નવ ભેયા કમેણેસિં ॥ ૨ ॥ એગવિહ દુવિહ તિવિહા, ચઉવ્વિહા પંચ છવ્વિહા જીવા ॥ ચેયણ તસ ઇયરેહિં, વેય ગઇ કરણ કાએહિં॥૩॥એગિંદિય સુહુમિયરા, સન્નિયર પણિંદિયા ય સ બિ તિ ચઉ ॥ અપજ્જત્તા પજ્જત્તા, કમેણ ચઉદ્દસ જિય-ટ્ઠાણા ॥૪॥ નાણં ચ દંસણં ચેવ, ચરિત્તં ચ તવો તહા॥ વીરિયં ઉવઓગો ય, એઅં જીવસ્સ લક્ખણં ॥ ૫ ॥

આહાર સરીર ઇંદ્રિય, પજ્જત્તી આણુ-
પાણુ ભાસમણે ।। ચઉ પંચ પંચ છપ્પિય,
ઈગ વિગલા-સન્નિ સન્નીણં ।। ૬ ।।
પણિંદ્રિઅ તિ બલુસા, સાઉ દસ પાણ
ચઉ છ સગ અટ્ઠ ।। ઈગ દુ તિ ચઉરિં-
દ્રીણં, અસન્નિ-સન્નીણ નવ દસ ય
।। ૭ ।। ધમ્માऽધમ્મા-ગાસા, તિય તિય
ભેયા તહેવ અદ્ધા ય ।। ખંધા દેસ પએસા,
પરમાણુ અજીવ ચઉદસહા ।।૮।। ધમ્મા-
ધમ્મા પુગ્ગલ, નહ કાલો પંચ હુંતિ
અજજીવા ।। ચલણ સહાવો ધમ્મો, થિર
સંઠાણો અહમ્મો ય ।। ૯ ।। અવગાહો
આગાસં, પુગ્ગલ જીવાણ પુગ્ગલા ચઉહા
।। ખંધા દેસ પએસા, પરમાણુ ચેવ
નાયવ્વા ।। ૧૦ ।। સદ્દંધયાર ઉજ્જોઅ,
પભા છાયા તવેહિ આ ।। વણ્ણ ગંધ રસા

ફાસા, પુગ્ગલાણું તુ લક્ખણું ॥ ૧૧ ॥
એગા કોડિ સત્ત-સટ્ઠિ, લક્ખા સત્ત-
હુત્તરી સહસ્સા ય ॥ દો ય સયા સોલ-
હિઆ, આવલિઆ ઈગ મુહુત્તમ્મિ
॥૧૨॥ સમયાવલિ મુહુત્તા, દીહા પક્ખા
ય માસ વરિસા ય ॥ ભણિઓ પલિઆ
સાગર, ઉસ્સપ્પિણી સપ્પિણી કાલો
૨ ૧ ૧ ૫
॥૧૩॥ પરિણામિ જીવ મુત્તં, સપએસા
૩ ૧ ૨ ૪ ૫
એગ ખિત્ત કિરિઆ ય ॥ ણિચ્ચં કારણ
૧ ૧ ૫ ૬
કત્તા, સવ્વગય ઇયર અપ્પવેસે ॥ ૧૪ ॥
સા ઉચ્ચગોઅ મણુદુગ, સુરદુગ પંચિંદિ-
જાઇ પણુદેહા ॥ આઇ તિતણૂણુ-વંગા,
આઇમ સંઘયણ સંઠાણા ॥૧૫॥ વન્ન
ચઉક્કા-ગુરૂલહુ, પરઘા ઊસાસ આય-
વુજ્જોઅં ॥ સુભખગઇ નિમિણ તસદસ,
સુર-નર-તિરિઆઉ તિત્થયરં ॥ ૧૬ ॥

તસ બાયર પજ્જત્તં, પત્તેઅં થિરં સુભં ચ સુભગં ચ ॥ સુસ્સર આઈજ્જ જસં, તસાઈ દસગં ઈમં હોઈ ॥ ૧૭ ॥
નાણં-તરાય દસગં, નવ બીએ નીઅ સાય મિચ્છત્તં ॥ થાવર દસ નરયતિગં, કસાય પણુવીસ તિરિયદુગં ॥ ૧૮ ॥
ઇગ બિ તિ ચઉ જાઈઓ, કુખગઇ ઉવઘાય હુંતિ પાવસ્સ ॥ અપસત્થં વન્ન-ચઉ, અપઢમ સંઘયણ સંઠાણા ॥૧૯॥
થાવર સુહુમ અપજ્જં, સાહારણ-મથિર-મસુભ-દુભગાણિ ॥ દુસ્સર--ણાઇજ્જ-જસં, થાવર દસગં વિવજ્જત્થં ॥ ૨૦ ॥
ઈંદિઅ કસાય અવ્વય, જોગા પંચ ચઉ પંચ તિન્નિ કમા ॥ કિરિઆઓ પણુવીસં, ઈમા ઉ તાઓ અણુક્કમસો ॥ ૨૧ ॥
કાઇઅ અહિગરણિઆ, પાઉસિયા પારિ-

તાવણી કિરિયા ॥ પાણાઈવાય રંભિઅ, પરિગ્ગહિયા માયવત્તીય ॥૨૨॥ મિચ્છા-દંસણ-વત્તી, અપચ્ચક્ખાણા ય દિટ્ઠિ પુટ્ઠીઅ ॥ પાડુચ્ચિઅ સામં તો, વણીઅ નેસત્થિ સાહત્થી ॥ ૨૩ ॥ આણવણિ વિઆરણિઆ, અણભોગા અણવકંખ-પચ્ચઈઆ ॥ અન્ના પઓગ સમુદાણ, પિજ્જ દોસેરિયાવહિઆ ॥૨૪॥ સમિઈ ગુત્તિ પરિસહ, જઈધમ્મો ભાવણા ચરિ-ત્તાણિ ॥ પણ તિ દુવીસ દસ બારસ, પંચ ભેએહિં સગવન્ના ॥૨૫॥ ઈરિયા-ભાસે-સણા-દાણે, ઉચ્ચારે સમિઈ સુ અ ॥ મણગુત્તિ વયગુત્તિ, કાયગુત્તિ તહેવ ય ॥ ૨૬ ॥ ખુહા પિવાસા સી ઉણ્હં, દંસા-ચેલા-રઈ-ત્થિઓ ॥ ચરિઆ નિસીહિયા સિજ્જા, અક્કોસ વહ જાયણા

॥ ૨૭ ॥ અલાભ રોગ તણુફાસા, મલ સક્કાર પરિસહા ॥ પન્ના અન્નાણ સમ્મત્તં, ઇઅ બાવીસ પરિસહા ॥૨૮॥ ખંતી મદ્દવ અજ્જવ, મુત્તી તવ સંજમે અ બોધવ્વે ॥ સચ્ચં સોઅં આકિંચણં ચ, બંભં ચ જઈ ધમ્મો ॥ ૨૯ ॥ પઢમ-મણિચ્ચ-મસરણં, સંસારો એગયા ય અન્નત્તં ॥ અસુઈત્તં આસવ, સંવરો ય તહ નિજ્જરા નવમી ॥૩૦॥ લોગસહાવો બોહી, દુલ્લહા ધમ્મસ્સ સાહગા અરિહા ॥ એઆઓ ભાવણાઓ, ભાવેઅવ્વા પયત્તેણં ॥ ૩૧ ॥ સામાઇ અત્થ પઢમં, છેઓવટ્ઠાવણં ભવે બીઅં ॥ પરિહાર વિસુદ્ધિઅં, સુહુમં તહ સંપરાયં ચ ॥૩૨॥ તત્તો અ અહક્ખાયં, ખાયં સવ્વંમિ જીવલોગમ્મિ ॥ જં

ચરિત્તેણ સુવિહિઆ, વચ્ચંતિ અયરામરં
ઠાણં ॥ ૩૩ ॥ અણસણ-મુણોઅરિયા,
વિત્તીસંખેવણં રસચ્ચાઓ ॥ કાય
કિલેસો સંલીણયા ય બજ્ઝો તવો હોઇ
॥૩૪॥ પાયચ્છિત્તં વિણઓ, વેયાવચ્ચં
તહેવ સજ્ઝાઓ ॥ ઝાણં ઉસ્સગ્ગો વિ
અ, અબ્ભિંતરઓ તવો હોઈ ॥ ૩૫ ॥
બારસ વિહં તવો નિજ્જરા ય, બંધો
ચઉ વિગિપ્પો અ ॥પયઈ-ઠિઇ-અણુભાગ,
પએસ-ભેએહિં નાયવ્વો ॥ ૩૬ ॥ પયઈ
સહાવો વુત્તો, ઠિઈ કાલાવહારણં ॥
અણુભાગો રસો ણેઓ, પએસો દલ
સંચઓ ॥ ૩૭ ॥ પડ-પડિહાર-સિ-
મજ્જ, હડ-ચિત્ત--કુલાલ--ભંડગારીણં
॥ જહ એએસિં ભાવા, કમ્માણ વિ જાણ
તહ ભાવા ॥૩૮॥ ઇહ નાણ-દંસણા-

વરણ, વેય-મોહાઉ-નામ—ગોઆણિ ॥ વિગ્ઘં ચ પણ નવ દુ, અટ્ઠવીસ ચઉ તિસય દુ પણવિહં ॥ ૩૯ ॥ નાણે અ દંસણાવરણે, વેઅણિએ ચેવ અંતરાએ અ ॥ તીસં કોડાકોડી, અયરાણં ઠિઇ અ ઉક્કોસા ॥ ૪૦ ॥ સત્તરિ કોડાકોડી, મોહણીએ વીસ નામ ગોએસુ ॥ તિત્તીસં અયરાઇં, આઉટ્ઠિઈ બંધ ઉક્કોસા ॥૪૧॥ બારસ મુહુત્ત જહન્ના, વેયણિએ અટ્ઠ નામ-ગોએસુ ॥ સેસાણં-તમુહુત્તં, એયં બંધ-ઠિઇ--માણં ॥ ૪૨ ॥ સંત-પય-પરુવણયા[૧], દવ્વ-પમાણં[૨] ચ ખિત્ત[૩] ફુસણા[૪] ય ॥ કાલો[૫] અ અંતર[૬] ભાગ[૭], ભાવે[૮] અપ્પાબહું[૯] ચેવ ॥૪૩॥ સંતં સુદ્ધ પયત્તા, વિજ્જંતં ખ કુસુમવ્વ ન અસંતં ॥ મુક્ખત્તિ પયં તસ્સ ઉ, પરુવણા

મગ્ગણાઈહિં ॥૪૪॥ ગઇ ઈંદિએ કાએ, જોએ વેએ કસાય નાણે ય ॥ સંજમ દંસણ લેસા, ભવ સમ્મે સન્નિ આહારે ॥૪૫॥ નરગઈ પણિંદિ તસ ભવ, સન્નિ અહક્ખાય ખઇઅ-સમ્મત્તે ॥ મુક્ખો-ણાહાર કેવલ, દંસણ નાણે ન સેસેસુ ॥ ૪૬ ॥ દવ્વપમાણે સિદ્ધાણં, જીવ-દવ્વાણિ હુંતિ ણંતાણિ ॥ લોગસ્સ અસંખિજ્જે, ભાગે ઇક્કો ય સવ્વે વિ ॥ ૪૭ ॥ ફુસણા અહિયા કાલો, ઈગ સિદ્ધ પડુચ્ચ સાઈઓ ણંતો ॥ પડિવાયા-ભાવાઓ, સિદ્ધાણં અંતરં નત્થિ ॥૪૮॥ સવ્વ જિયાણ-મણંતે, ભાગે તે તેસિં દંસણં નાણં ॥ ખઇએ ભાવે પરિણા-મિએ, અ પુણ હોઈ જીવત્તં ॥ ૪૯ ॥ થોવા નપુંસ સિદ્ધા, થી નર સિદ્ધા કમેણ

સંખગુણા ॥ ઇઅ મુક્ખ તત્ત--મેઅં, નવ તત્તા લેસઓ ભણિઆ ॥ ૫૦ ॥ જીવાઇ નવ પયત્થે, જો જાણઈ તસ્સ હોઇ સમ્મત્તં॥ભાવેણ સદ્દહંતો,અયાણ-માણેવિ સમ્મત્તં ॥ ૫૧ ॥ સવ્વાઈં જિણેસર-ભાસિઆઈં, વયણાઈં નન્નહા હુંતિ॥ ઈઅ બુદ્ધી જસ્સ મણે, સમ્મત્તં નિચ્ચલં તસ્સ ॥ ૫૨ ॥ અંતોમુહુત્ત-મિત્તંપિ, ફાસિઅં હુજ્જ જેહિં સમ્મત્તં ॥ તેસિં અવડ્ઢ પુગ્ગલ, પરિઅટ્ટો ચેવ સંસારો ॥ ૫૩ ॥ ઉસ્સપ્પિણી અણંતા, પુગ્ગલ-પરિઅટ્ટઓ મુણેઅવ્વો ॥ તે--ણંતા-તીઅદ્ધા,અણાગયદ્ધા અણંતગુણા ॥ ૫૪ ॥ જિણ અજિણ તિત્થ તિત્થા, ગિહિ અન્ન સલિંગ થી નર નપુંસા ॥ પત્તેય સયંબુદ્ધા,બુદ્ધબોહિય સિદ્ધ-ણિક્કા

ય ॥ ૫૫ ॥ જિણસિદ્ધા અરિહંતા, અજિણસિદ્ધા ય પુંડરિઆ પમુહા ॥ ગણહારિ તિત્થ સિદ્ધા, અતિત્થસિદ્ધા ય મરુદેવી ॥૫૬॥ ગિહિલિંગ સિદ્ધ ભરહો, વક્કલચીરી ય અન્નલિંગમ્મિ ॥ સાહૂ સલિંગ સિદ્ધા, થી સિદ્ધા ચંદણા પમુહા ॥૫૭ ॥ પુંસિદ્ધા ગોયમાઈ, ગાંગેય પમુહ નપુંસયા સિદ્ધા ॥ પત્તેય સયંબુદ્ધા, ભણિયા કરકંડુ કવિલાઈ ॥ ૫૮ ॥ તહ બુદ્ધબોહિ ગુરૂબોહિયા, ઈગસમય ઇગ સિદ્ધા ય ॥ ઈગ સમયે વિ અણેગા, સિદ્ધા તે-ણેગ સિદ્ધા ય ॥ ૫૯ ॥

શ્રી નવતત્ત્વ પ્રકરણ મૂળ.

સ મા પ્ત.

# શ્રી નવતત્ત્વ પ્રકરણના છૂટા બોલ.

જીવના ૧૪ ભેદ, અજીવના ૧૪, પુણ્યના ૪૨, પાપના ૮૨, આશ્રવના ૪૨, સંવરના ૫૭, નિર્જરાના ૧૨, બંધના ૪ અને મોક્ષના ૯ ભેદ છે.

**જીવના ૧૪ ભેદ**—સૂક્ષ્મ એકેંદ્રિય, બાદર એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય, અસંજ્ઞી પંચેંદ્રિય અને સંજ્ઞી પંચેંદ્રિય એ ૭ અપર્યાપ્તા ને ૭ પર્યાપ્તા.

**જીવનું લક્ષણ**—જ્ઞાન દર્શન ચારિત્ર તપ વીર્ય ને ઉપયોગ.

**પર્યાપ્તિ ૬**—આહાર, શરીર, ઈંદ્રિય, શ્વાસોશ્વાસ, ભાષા ને મન. એકેંદ્રિય ને ૪, વિકલેંદ્રિય ને અસંજ્ઞીને ૫, અને સંજ્ઞીને ૬ પર્યાપ્તિ હોય છે.

**દ્રવ્યપ્રાણ**—એકેંદ્રિયને ૪, બેઇંદ્રિયને ૬, તેઇંદ્રિયને ૭, ચઉરિંદ્રિયને ૮, અસંજ્ઞી મનુષ્યને ૭-૮, અસંજ્ઞી તિર્યંચને ૯ અને સંજ્ઞી (મનવાળા)ને ૧૦ પ્રાણ હોય છે.

**અજીવના ૧૪ ભેદ**—ધર્માસ્તિકાયના સ્કંધ, દેશ અને પ્રદેશ. અધર્માસ્તિકાયના સ્કંધ, દેશ ને પ્રદેશ, આકાશાસ્તિકાયના સ્કંધ, દેશ ને પ્રદેશ. પુદ્ગલાસ્તિકાયના સ્કંધ, દેશ, પ્રદેશ ને પરમાણુ. અને કાળનો ૧ ભેદ છે. **સ્કંધ**=આખો ભાગ. **દેશ**=સ્કંધમાંથી કલ્પેલો ભાગ, **પ્રદેશ**=સ્કંધની સાથે મળેલો અને જેને ભાગવાથી બે ભાગ ન થાય તે, **પરમાણુ**=સ્કંધથી છૂટો પડેલો અને જેને ભાગવાથી બે ભાગ ન થાય તે.

**ધર્માસ્તિકાય**—જીવ અને પુદ્ગલને ચાલવામાં સહાય આપનાર, **અધર્માસ્તિકાય**-જીવ અને પુદ્ગલને સ્થિર રહેવામાં સહાય આપનાર, **આકાશાસ્તિકાય**-જીવ અને પુદ્ગલને અવકાશ (જગ્યા) આપનાર. **કાળ**-સર્વમાં વર્તનાર. **પુદ્ગલનું લક્ષણ**—વર્ણ ગંધ રસ ને સ્પર્શ.

**પુણ્ય બાંધવાના ૯ પ્રકાર**—સાધુ પ્રમુખને અન્ન, પાન, સ્થાન, પાટ ને વસ્ત્ર આપવાથી, મન, વચન ને કાયાની શુભ પ્રવૃત્તિથી તથા નમસ્કારાદિક કરવાથી.

**પુણ્ય ભોગવવાના ૪૨ પ્રકાર**—શાતા વેદનીય, ઉચ્ચગોત્ર, મનુષ્યગતિ, મનુષ્યાનુપૂર્વી, દેવગતિ, દેવાનુપૂર્વી, પંચેંદ્રિય જાતિ, ઔદારિક વૈક્રિય આહારક તૈજસ ને કાર્મણ શરીર, ઔદારિક ઉપાંગ, વૈક્રિય ઉપાંગ ને આહારક ઉપાંગ, વજ્ર રૂષભનારાચ, સમચતુરસ્ત્ર, શુભ વર્ણ ગંધ રસ ને સ્પર્શ, અગુરૂલઘુ, પરાઘાત, ઉચ્છ્વાસ, આતપ ને ઉદ્યોત, શુભ વિહાયોગતિ, નિર્માણ, દેવાયુ, નરાયુ, તિર્યંચાયુ, તીર્થંકર, ત્રસ બાદર પર્યાપ્ત પ્રત્યેક સ્થિર શુભ સૌભાગ્ય સુસ્વર આદેય ને યશ.

**પાપ બાંધવાના ૧૮ પ્રકાર**—પહેલે પ્રાણાતિપાત વિગેરે.

**પાપ ભોગવવાના ૮૨ પ્રકાર**—મતિ જ્ઞાનાવરણીય, શ્રુત જ્ઞાનાવરણીય, અવધિ જ્ઞાનાવરણીય, મનઃપર્યવ જ્ઞાનાવરણીય ને કેવળ જ્ઞાનાવરણીય, દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય ને વીર્યાંતરાય. ચક્ષુ દર્શનાવરણીય, અચક્ષુ દર્શનાવરણીય, અવધિ દર્શનાવરણીય ને કેવળ દર્શનાવરણીય, નિદ્રા, નિદ્રા નિદ્રા, પ્રચલા, પ્રચલા પ્રચલા, ને થીણદ્ધિ. નીચ ગોત્ર, અશાતા વેદનીય, મિથ્યાત્વ મોહનીય, નરકગતિ, નરકાનુપૂર્વી ને નરકાયુ. અનંતાનુબંધી ક્રોધ, માન, માયા ને લોભ. અપ્રત્યાખ્યાનીય ક્રોધ, માન, માયા ને લોભ. પ્રત્યાખ્યાનીય ક્રોધ, માન, માયા ને લોભ. સંજ્વલન ક્રોધ, માન, માયા ને લોભ. હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય ને જુગુપ્સા. પુરૂષવેદ, સ્ત્રીવેદ ને નપુંસકવેદ. તિર્યંચગતિ, તિર્યંચાનુપૂર્વી. એકેંદ્રિય, બેઇદ્રિય, તેઇંદ્રિય ને ચઉરિંદ્રિય જાતિ. અશુભ વિહાયોગતિ, ઉપઘાત, અશુભ વર્ણ ગંધ રસ ને સ્પર્શ.

રૂષભનારાચ, નારાચ, અર્ધનારાચ, કીલિકા ને છેવટ્ઠું સંઘયણ. ન્યગ્રોધ સાદિ વામન કુબ્જ ને હુંડક સંસ્થાન. સ્થાવર સૂક્ષ્મ અપર્યાપ્ત સાધારણ અસ્થિર અશુભ દૌર્ભાગ્ય દુઃસ્વર અનાદેય ને અયશ.

**આશ્રવના ૪૨ ભેદ**—પાંચ ઈંદ્રિયની અવિરતિ, ૪ કષાય, પ્રાણાતિપાતાદિ ૫ અવ્રત, ત્રણ યોગ ( મન વચન ને કાય યોગ ) અને ૨૫ ક્રિયાઓ.

**સંવરના ૫૭ ભેદ**—૫ સમિતિ, ૩ ગુપ્તિ, ૨૨ પરિષહ, ૧૦ પ્રકારના યતિધર્મ, ૧૨ ભાવના અને ૫ ચારિત્ર.

**૫ સમિતિ**—ઈર્યા સમિતિ, ભાષા સમિતિ, એષણા સમિતિ, આદાન નિક્ષેપણા સમિતિ ને પારિષ્ઠાપનિકા સમિતિ.

**૩ ગુપ્તિ**–મનગુપ્તિ, વચનગુપ્તિ ને કાયગુપ્તિ.

**૨૨ પરિષહ**–ક્ષુધા (ભૂખ), પિપાસા ( તરસ ), શીત, ઉષ્ણ, દંશ ( ડંખ ), અચેલક ( જીર્ણ વસ્ત્ર ), અરતિ, સ્ત્રી, ચર્યા ( ચાલવાનો ) પરિષહ, નૈષેધિકી ( જવા આવવાના નિષેધ રૂપ) પરિષહ, શય્યા, આક્રોશ, વધ, યાચના, અલાભ, રોગ, તૃણ સ્પર્શ, મલ ( મેલ ), સત્કાર, પ્રજ્ઞા, અજ્ઞાન ને સમ્યક્ત્વ.

**૧૦ પ્રકારના યતિધર્મ**–ક્ષમા, માર્દવ ( નમ્રતા ), આર્જવ ( સરળતા ), મુક્તિ ( નિર્લોભતા ), તપ, સંયમ, સત્ય, શૌચ ( પવિત્રતા ), અકિંચનત્વ ( પરિગ્રહ રહિતપણું ) અને બ્રહ્મચર્ય.

**૧૨ ભાવના**–અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ ( એકલાપણાની ) ભાવના, અન્યત્વ ( જુદાપણાની ) ભાવના, અશુચિત્વ, આશ્રવ, સંવર, નિર્જરા, લોક ( ૧૪ રાજલોકનો ) સ્વભાવ, બોધિ ( સમ્યકત્વ પ્રાપ્તિ ) દુર્લભ અને ધર્મભાવના.

**૫ ચારિત્ર**–સામાયિક, છેદોપસ્થાપનીય ( વડી દીક્ષા લેવી તે ), પરિહાર ( તપ વડે ) વિશુદ્ધિ, સૂક્ષ્મ સંપરાય ( થોડા લોભવાળું ) ને યથાખ્યાત ( કષાય વિનાનું ) ચારિત્ર.

**નિર્જરાના ૧૨ ભેદ—૬ બાહ્ય અને ૬ અભ્યંતર.**

**૬ પ્રકારે બાહ્ય તપ**—અનશન ( ઉપવાસાદિ કરવો ), ઉનોદરિકા ( ૨–૪ કોળીયા ઉણા રહેવું ), વૃત્તિસંક્ષેપ ( આજીવિકાનો સંક્ષેપ કરવો ), રસ ત્યાગ ( વિગઇનો ત્યાગ કરવો ), કાય કલેશ ( લોચાદિ કષ્ટ સહન કરવાં ), અને સંલીનતા ( અંગોપાંગ સંકોચવાં. )

**૬ પ્રકારે અભ્યંતર તપ**—પ્રાયશ્ચિત્ત ( આલોયણ લેવી ). વિનય ( ગુરૂ વિગેરે પ્રત્યે નમ્રતા રાખવી ). વૈયાવૃત્ય ( ગુરૂ વિગેરેની સેવા કરવી. ) સ્વાધ્યાય ( ભણવું ભણાવવું તે. ) ધ્યાન અને કાયોત્સર્ગ.

**બંધના ૪ ભેદ**—પ્રકૃતિ ( કર્મનો સ્વભાવ ). સ્થિતિ ( કર્મના કાળનું માન. ) અનુભાગ ( કર્મનો તીવ્ર મંદરસ ) અને પ્રદેશ ( કર્મના અણુઓનો સમુહ. )

**મોક્ષના ૯ ભેદ**—સત્પદ પ્રરુપણા, દ્રવ્ય ( સંખ્યાનું ) પ્રમાણ, ક્ષેત્ર, સ્પર્શના, કાલ, અંતર, ભાગ, ભાવ અને અલ્પ બહુત્વ.

## મોક્ષ તત્ત્વનાં સંક્ષેપથી ૯ દ્વાર

૧ મોક્ષપદ એક પદપણા માટે છતું છે. ૨. સિદ્ધનાં જીવ દ્રવ્ય અનંતા છે. ૩. સિદ્ધના જીવો અસંખ્યાતા આકાશ પ્રદેશને અવગાહીને રહેલા છે, એક સિદ્ધ તેમજ સર્વ સિદ્ધ લોકના અસંખ્યાતમા ભાગના ક્ષેત્રને અવગાહી રહેલા છે. ૪. ક્ષેત્ર કરતાં સ્પર્શના અધિક છે. ૫. એક સિદ્ધ આશ્રયી સાદિ અનંત ને સર્વ સિદ્ધ આશ્રયી અનાદિ અનંત કાળ છે. ૬. સિદ્ધના જીવોને પરસ્પર અંતર નથી. ૭. સિદ્ધના જીવો સંસારી જીવોને અનંતમે ભાગે છે. ૮. ક્ષાયિક અને પારિણામિક એ બે ભાવ સિદ્ધોને છે. ૯. સર્વ કરતાં થોડા નપુંસક લિંગે સિદ્ધ જાણવા, તે કરતાં સ્ત્રી અને પુરૂષ લિંગે સિદ્ધ અનુક્રમે સંખ્યાત ગુણા જાણવા.

## સિદ્ધ જીવોના પંનર ભેદ.

૧. **જિનસિદ્ધ**—તીર્થંકર થઇને મોક્ષે ગયા તે.

૨. **અજિનસિદ્ધ**—સામાન્ય કેવળી થઈને મોક્ષે ગયા તે.

૩. **તીર્થ સિદ્ધ**—ચતુર્વિધ સંઘ રૂપ તીર્થ પ્રવર્ત્યા પછી જે મોક્ષે ગયા તે, ગણધર પ્રમુખ.

૪. **અતીર્થ સિદ્ધ**—તીર્થની સ્થાપના થયા પહેલાં જે મોક્ષે ગયા તે. મરુદેવી પ્રમુખ.

૫. **ગૃહલિંગ સિદ્ધ**—ગૃહસ્થના વેષે જે કેવળ જ્ઞાન પામી મોક્ષે ગયા તે, ભરત ચક્રવર્તિ પ્રમુખ.

૬. **અન્યલિંગ સિદ્ધ**—તાપસ પ્રમુખને વેશે જે મોક્ષે ગયા તે, વલ્કલચિરી પ્રમુખ.

૭. **સ્વલિંગસિદ્ધ**—સાધુના વેશે જે મોક્ષે ગયા તે.

૮. **સ્ત્રીલિંગ સિદ્ધ**—સ્ત્રીલિંગે મોક્ષે ગયા તે, ચંદનબાલા પ્રમુખ.

૯. **પુરુષલિંગ સિદ્ધ**—પુરૂષલિંગે મોક્ષે ગયા તે, ગૌતમ પ્રમુખ.

૧૦. **નપુંસકલિંગ સિદ્ધ**—નપુંસકલિંગે મોક્ષે ગયા તે, ગાંગેય પ્રમુખ.

૧૧. **પ્રત્યેકબુદ્ધ સિદ્ધ**—કોઇ પણ પદાર્થને દેખી, બોધ પામીને ચારિત્ર લઈ મોક્ષે ગયા તે, કરકંડુ પ્રમુખ.

૧૨. **સ્વયંબુદ્ધ સિદ્ધ**—ગુરૂના ઉપદેશ વિના પોતાની મેળે બોધ પામી મોક્ષે ગયા તે, કપિલ પ્રમુખ.

૧૩. **બુદ્ધબોધિત સિદ્ધ**—ગુરૂના ઉપદેશથી બોધ પામી મોક્ષે ગયા તે.

૧૪. **એક સિદ્ધ**—એક સયયે એક મોક્ષે જાય તે.

૧૫. **અનેક સિદ્ધ**—એક સમયમાં અનેક મોક્ષે જાય તે.

# શ્રી નવતત્ત્વ પ્રકરણ સાર્થ.

| | | |
|---|---|---|
| જીવા–જીવતત્ત્વ. | આસવ–આશ્રવ-તત્ત્વ. | તહા–તેમજ. |
| અજીવા–અજીવ-તત્ત્વ. | સંવરો–સંવર તત્ત્વ. | નવ–નવ. |
| પુણ્ણં–પુણ્ય તત્ત્વ. | નિજ્જરણા–નિર્જરા. | તત્તા–તત્ત્વો. |
| પાવ–પાપ તત્ત્વ. | બંધો–બંધતત્ત્વ. | હુન્તિ–છે. |
| | મુક્ખો–મોક્ષતત્ત્વ. | નાયવ્વા–જાણવા યોગ્ય. |

**નવતત્ત્વનાં નામ.**

**જીવા-જીવા પુણ્ણં**—જીવ તત્ત્વ–અજીવ તત્ત્વ–પુણ્ય તત્ત્વ.
**પાવા-સવ સંવરો ય નિજ્જરણા**—પાપ તત્ત્વ–આશ્રવ તત્ત્વ–સંવર તત્ત્વ–નિર્જરા તત્ત્વ.
**બંધો મુક્ખો ય તહા**—બંધ તત્ત્વ તેમજ મોક્ષ તત્ત્વ.
**નવ તત્તા હુંતિ નાયવ્વા ॥ ૧ ॥**—એ ૯ તત્ત્વો (સત્ય સ્વરૂપે) જાણવા યોગ્ય છે.

૧. પ્રાણ[૧] ધારણ કરે તે **જીવતત્ત્વ.**

૨. તેથી વિપરિત જડસ્વભાવવાળો તે **અજીવતત્ત્વ.**

૩. શુભ કર્મના ઉદયથી સુખનો અનુભવ થાય તે **પુણ્ય-તત્ત્વ.**

૪. અશુભ કર્મના ઉદયથી દુઃખનો અનુભવ થાય તે **પાપતત્ત્વ.**

૫. મિથ્યાત્વાદિક હેતુએ કર્મનું આવવું તે **આશ્રવતત્ત્વ.**

૬. કર્મના હેતુભૂત મિથ્યાત્વાદિકને રોકવા તે **સંવરતત્ત્વ.**

---

૧. પ્રાણ બે પ્રકારે છે. ૧. દ્રવ્ય પ્રાણ, અને ૨. ભાવ પ્રાણ. સંસારીને દ્રવ્ય અને ભાવ પ્રાણ તથા સિદ્ધના જીવોને ભાવ પ્રાણજ હોય છે.

૭. આવતાં કર્મને રોકવાં અને પૂર્વના કર્મનો ધીમે ધીમે ક્ષય કરવો તે **નિર્જરાતત્ત્વ.**

૮. નવાં કર્મ પરમાણુઓનું આત્મપ્રદેશ સાથે ક્ષીરનીરની પેઠે મળવું તે **બંધતત્ત્વ.**

૯. સર્વથા કર્મનો ક્ષય થવો તે **મોક્ષતત્ત્વ.**

## પુણ્ય પાપની ચતુર્ભંગી. (૪ ભાંગા)

**પુણ્યાનુબંધી પુણ્ય**—જે પુણ્ય ભોગવતાં બીજું નવું પુણ્ય બંધાય તે. એના ઉદયથી આ ભવમાં સુખ ભોગવી, આવતા ભવમાં પણ **શાલિભદ્રની** જેમ સુખજ ભોગવે.

**પાપાનુબંધી પુણ્ય**—જે પુણ્ય ભોગવતાં બીજું નવું પાપ બંધાય તે. એના ઉદયથી આ ભવમાં સુખ ભોગવી, આગામી ભવમાં બ્રહ્મદત્ત ચક્રવર્તિની જેમ નરકગતિનાં દુઃખ ભોગવે.

**પુણ્યાનુબંધી પાપ**—જે પાપ ભોગવતાં બીજું નવું પુણ્ય બંધાય તે. એના ઉદયથી પૂર્વે કરેલાં પાપકર્મોથી આ ભવમાં દુઃખ ભોગવી અને આગામી ભવમાં ચંડકૌશિક સર્પની જેમ દેવગતિમાં સુખ ભોગવે.

**પાપાનુબંધી પાપ**—જે પાપ ભોગવતાં બીજું નવું પાપ બંધાય તે. એના ઉદયથી પૂર્વે કરેલાં પાપકર્મોથી આ ભવમાં દુઃખ ભોગવી, અને આ ભવમાં પણ ધર્મકૃત્ય નહિ કરવાથી, આગામી ભવમાં કાલિક કસાઇની જેમ નરકગતિનાં દુઃખ ભોગવે.

## સાત પાંચ અને બે તત્ત્વો.

**પુણ્ય અને પાપ** એ બન્ને તત્ત્વોનો સમાવેશ આશ્રવતત્ત્વમાં થવાથી ૭ તત્ત્વો થાય છે, કારણ કે શુભ અને અશુભ કર્મોનું આવવું તે આશ્રવતત્ત્વ છે.

કર્મ આવ્યાં કે તે જ સમયે આત્માની સાથે બંધ થાય છે, માટે **આશ્રવતત્ત્વ**નો સમાવેશ બંધ તત્ત્વમાં થાય છે અને નિર્જરા કરનાર અવશ્ય **સંવર** કરે જ છે, માટે તે બે તત્ત્વ વિના જીવ, અજીવ, બંધ, નિર્જરા અને મોક્ષ એ પાંચ તત્ત્વો છે.

**નિર્જરા** અને **મોક્ષ** એ બંને આત્માના ગુણોને પ્રગટ કરનાર હોવાથી તેનો સમાવેશ જીવતત્ત્વમાં થાય છે, તેમજ દ્રવ્ય **બંધ** કર્મનો થાય છે અને કર્મ અજીવ હોવાથી તેનો સમાવેશ અજીવતત્ત્વમાં થાય છે. એ પ્રમાણે જીવ અને અજીવ એમ બે તત્ત્વ પણ થાય છે. એ સિવાય લોકમાં કાંઈ પણ અધિક તત્ત્વ નથી.

| | | |
|---|---|---|
| **ચઉદ્દસ**–ચૌદ. | **બાયાલા**–બેંતાલીશ. | **નવ**–નવ. |
| **બાયાલીસા**–બેંતાલીશ. | **સત્તાવન્નં**–સત્તાવન. | **ભેયા**–ભેદો. |
| **બાસી**–બ્યાશી. | **બારસ**–બાર. | **કમેણ**–અનુક્રમે. |
| **હુન્તિ**–છે. | **ચઉ**–ચાર. | **એસિં**–એઓના. |

### નવેતત્ત્વના ભેદો.

**ચઉદસ ચઉદસ બાયાલીસા**—જીવના ૧૪, અજીવના ૧૪, પુણ્યના ૪૨.

**બાસી ય હુંતિ બાયાલા**—પાપના ૮૨ અને આશ્રવના ૪૨.

**સત્તાવન્નં બારસ**—સંવરના ૫૭, નિર્જરાના ૧૨.

**ચઉ નવ ભેયા કમેણેસિં ॥ ૨ ॥**—બંધના ૪, મોક્ષ તત્ત્વના ૯ એમ અનુક્રમે એઓ ( જીવાદિ ૯ તત્ત્વો ) ના ભેદો છે.

## નવતત્ત્વના જીવાદિ ભેદોનું કોષ્ટક.

| ૯ તત્ત્વના | ૨૭૬ ભેદમાં | | ૨૭૬ ભેદમાં | | ૨૭૬ ભેદમાં | | |
|---|---|---|---|---|---|---|---|
| તત્ત્વનાં નામ | જીવ | અજીવ | રૂપી | અરૂપી | હેય[1] | જ્ઞેય[2] | ઉપાદેય[3] |
| જીવ તત્ત્વના. | ૧૪ | ० | ૧૪ | ० | ० | ૧૪ | ० |
| અજીવ તત્ત્વના | ० | ૧૪ | ૪ | ૧० | ० | ૧૪ | ० |
| પુણ્ય તત્ત્વના | ० | ૪૨ | ૪૨ | ० | ० | ० | ૪૨ |
| પાપ તત્ત્વના. | ० | ૮૨ | ૮૨ | ० | ૮૨ | ० | ० |
| આશ્રવ તત્ત્વના | ० | ૪૨ | ૪૨ | ० | ૪૨ | ० | ० |
| સંવર તત્ત્વના. | ૫૭ | ० | ० | ૫૭ | ० | ० | ૫૭ |
| નિર્જરા તત્ત્વના | ૧૨ | ० | ० | ૧૨ | ० | ० | ૧૨ |
| બંધ તત્ત્વના. | ० | ૪ | ૪ | ० | ૪ | ० | ० |
| મોક્ષ તત્ત્વના | ૯ | ० | ० | ૯ | ० | ० | ૯ |
| **કુલ સંખ્યા.** | **૯૨** | **૧૮૪** | **૧૮૮** | **૮૮** | **૧૨૮** | **૨૮** | **૧૨૦** |

૧. તજવા યોગ્ય. ૨. જાણવા યોગ્ય. ૩. ગ્રહણ કરવા યોગ્ય.

પુણ્યતત્ત્વ શ્રાવકને વ્યવહારથી ગ્રહણ કરવા યોગ્ય છે અને નિશ્ચયથી ત્યાગ કરવા યોગ્ય છે, મુનિને મુખ્યતાએ ત્યાગ કરવા યોગ્ય અને અપવાદે ગ્રહણ કરવા યોગ્ય છે.

| | | |
|---|---|---|
| **એગવિહ**–૧ પ્રકારે. | **છવ્વિહા**–૬ પ્રકારે. | **ઇયરેહિં**–ઇતર (સ્થાવર) વડે. |
| **દુવિહ**–૨ પ્રકારે. | **જીવા**–જીવો. | **વેય**–વેદ. |
| **તિવિહા**–૩ પ્રકારે. | **ચેયણ**–ચૈતન્ય. | **ગઇ**–ગતિ. |
| **ચઉવ્વિહા**–૪ પ્રકારે. | **તસ**–ત્રસ. | **કરણ**–ઇંદ્રિયો. |
| **પંચ**–પાંચ પ્રકારે. | | **કાએહિં**–કાય વડે. |

## જીવની જાતિ.

**એગવિહ દુવિહ તિવિહા**—૧ પ્રકારે–૨ પ્રકારે–૩ પ્રકારે.
**ચઉવ્વિહા પંચ છવ્વિહા જીવા**—૪ પ્રકારે–૫ પ્રકારે ને ૬ પ્રકારે જીવો છે.
**ચેયણ તસ ઇયરેહિં**—(સર્વ જીવો) ચૈતન્ય (ઉપયોગ) વડે ૧ પ્રકારે, ત્રસ અને સ્થાવર વડે ૨ પ્રકારે.
**વેય ગઇ કરણ કાએહિં ॥૩॥**—(સ્ત્રી–પુરૂષ ને નપુંસક) વેદ વડે ૩ પ્રકારે, (નરકાદિ) ગતિ વડે ૪ પ્રકારે. ઇંદ્રિયવડે ૫ પ્રકારે અને (પૃથ્વી–અપ્–તેઉ–વાયુ–વનસ્પતિ ને ત્રસ) કાય વડે ૬ પ્રકારે છે.

| | | |
|---|---|---|
| **એગિંદિય**–એકેંદ્રિય. | **સ**–સહિત | **પજ્જત્તા**–પર્યાપ્તા. |
| **સુહુમ**–સૂક્ષ્મ. | **બિ**–બેઇંદ્રિય. | **કમેણ**–અનુક્રમે. |
| **ઇયરા**–ઇતર(બાદર). | **તિ**–તેઇંદ્રિય. | **ચઉદસ**–ચૌદ. |
| **સન્નિ**–સંજ્ઞી. | **ચઉ**–ચઉરિંદ્રિય. | **જીઅટ્ઠાણા**–જીવના ભેદ. |
| **ઇયર**–ઇતર(અસંજ્ઞી) | **અપજ્જત્તા**–અપર્યાપ્તા. | |
| **પણિંદિયા**–પંચેંદ્રિય. | | |

## જીવના ૧૪ ભેદ.

**એગિંદિય સુહુમિયરા**—સૂક્ષ્મ એકેંદ્રિય–બાદર એકેંદ્રિય.
**સન્નીયર પણિંદિયા ય સ બિ તિ ચઉ**—સંજ્ઞી પંચેંદ્રિય અને અસંજ્ઞી પંચેંદ્રિય, બેઇંદ્રિય–તેઇંદ્રિય અને ચઉરિંદ્રિય સહિત ૭ ભેદ થયા.

**અપજ્જત્તા પજ્જત્તા**—એ ૭ અપર્યાપ્તા (સ્વયોગ્ય પર્યાપ્તિ પૂરી ન કરે તે) અને ૭ પર્યાપ્તા. (સ્વયોગ્ય પર્યાપ્તિ પૂરી કરીને મરે તે.)

**કમેણ ચઉદસ જિય-ઠ્ઠાણા ॥૪॥**—એમ અનુક્રમે ૧૪ જીવના ભેદ છે.

૧. સૂક્ષ્મ એકેંદ્રિય અપર્યાપ્તા, ૨ સૂક્ષ્મ એકેંદ્રિય પર્યાપ્તા.
૩. બાદર એકેંદ્રિય અપર્યાપ્તા, ૪. બાદર એકેંદ્રિય પર્યાપ્તા.
૫. બેઇંદ્રિય અપર્યાપ્તા, ૬. બેઇંદ્રિય પર્યાપ્તા.
૭. તેઇંદ્રિય અપર્યાપ્તા, ૮. તેઇંદ્રિય પર્યાપ્તા.
૯. ચઉરિંદ્રિય અપર્યાપ્તા, ૧૦. ચઉરિંદ્રિય પર્યાપ્તા.
૧૧. અસંજ્ઞી પંચેંદ્રિય અપર્યાપ્તા, ૧૨. અસંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તા.
૧૩. સંજ્ઞી પંચેંદ્રિય અપર્યાપ્તા, ૧૪ સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તા.

**સૂક્ષ્મ એકેંદ્રિય**—સૂક્ષ્મ નામ કર્મના ઉદયથી ચર્મ દૃષ્ટિથી ન દેખાય એવા સૂક્ષ્મ શરીરવાળા.

**બાદર એકેંદ્રિય**—બાદર નામ કર્મના ઉદયથી એક કે વધુ જીવોનો સમુહ ભેગો થાય ત્યારે દૃષ્ટિથી દેખાય એવા બાદર દેહવાળા.

**બેઇંદ્રિય**—સ્પર્શના અને રસના એ બે ઇંદ્રિયવાળા.

**તેઇંદ્રિય**—સ્પર્શના રસના, અને ઘ્રાણ એ ત્રણ ઇંદ્રિયવાળા.

**ચઉરિંદ્રિય**—સ્પર્શના રસના ઘ્રાણ અને ચક્ષુ એ ચાર ઇંદ્રિયવાળા.

**અસંજ્ઞિ પંચેંદ્રિય**—મન સંજ્ઞા વિનાના. સ્પર્શના, રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર એ પાંચ ઇંદ્રિયવાળા.

**સંજ્ઞિ પંચેંદ્રિય**—મન સંજ્ઞા સહિત પાંચ ઇંદ્રિય-વાળા જીવો.

**અપર્યાપ્તા**—પોતાને યોગ્ય પર્યાપ્તિ* પૂર્ણ ન કરી હોય એવા જીવો.

**પર્યાપ્તા**—પોતાને યોગ્ય પર્યાપ્તિ પૂર્ણ કરી હોય એવા જીવો.

| | | |
|---|---|---|
| **નાણં**-જ્ઞાન. | **તવો**-તપ. | **એઅં**-એ, આ. |
| **દંસણં**-દર્શન. | **તહા**-તેમજ. | **જીવસ્સ**-જીવનું (તે). |
| **ચેવ**-અને નિશ્ચે. | **વિરિયં**-વીર્ય. | **લક્ખણં**-લક્ષણ. |
| **ચરિત્તં**-ચારિત્ર. | **ઉવઓગો**-ઉપયોગ. | |

**જીવનું લક્ષણ.**

**નાણં ચ દંસણં ચેવ**—જ્ઞાન (૮ પ્રકારે) અને નિશ્ચે દર્શન (૪ પ્રકારે.)

**ચરિત્તં ચ તવો તહા**—ચારિત્ર (૭ પ્રકારે) અને તેમજ તપ (૧૨ પ્રકારે.)

**વીરિયં ઉવઓગો ય**—વીર્ય (૨ પ્રકારે) અને ઉપયોગ (૧૨ પ્રકારે)

**એઅં જીવસ્સ લક્ખણં ॥ ૫ ॥**—એ (૭) લક્ષણ (દરેક) જીવને હોય છે.

---

* આહારાદિક પુદ્ગલોને ગ્રહણ કરીને પરિણમાવવાની શક્તિ વિશેષ.

**જ્ઞાન**—મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યવ-કેવલજ્ઞાન-મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન ને વિભંગ જ્ઞાન. એ ૮ માંથી ૧ કે વધુ જેમાં હોય તે જીવ.

**દર્શન**—ચક્ષુ-અચક્ષુ-અવધિ ને કેવલ દર્શન. એ ૪ માંથી ૧ કે વધુ જેમાં હોય તે જીવ.

**ચારિત્ર**—સામાયિક-છેદોપસ્થાપનીય-પરિહાર વિશુદ્ધિ સૂક્ષ્મ સંપરાય-યથાખ્યાત-દેશવિરતિ ને અવિરતિ. એ ૭માંથી ૧ કે વધુ જેમાં હોય તે જીવ.

**તપ**—૬ બાહ્ય અને ૬ અભ્યંતર તપમાંથી ૧ કે વધુ જેમાં હોય તે જીવ.

**વીર્ય**—લબ્ધિ ( આત્માનું બળ ) અને કરણ (ઇંદ્રિયોનું) બળ. એ ૨ ભેદમાંથી ૧ કે વધુ જેમાં હોય તે જીવ.

**ઉપયોગ**—૫ જ્ઞાન-૩ અજ્ઞાન ને ૪ દર્શન મળી ૧૨ ઉપયોગમાંથી ઓછામાં ઓછા ૨ કે વધુ જેને હોય તે જીવ.

**આહાર**-આહાર.
**સરીર**-શરીર.
**ઇંદિય**-ઇંદ્રિય.
**પજ્જત્તી**-પર્યાપ્તિ.
**આણુપાણુ**-શ્વાસોશ્વાસ.

**ભાસ**-ભાષા.
**મણે**-મન.
**ચઉ**-ચાર.
**પંચ**-પાંચ.
**છપ્પિ**-છ.

**ઇગ**-એકેંદ્રિયને.
**વિગલા**-વિકલેંદ્રિયને.
**અસન્નિ**-અસંજ્ઞિને.
**સન્નીણં**-સંજ્ઞીને.

### એકેદ્રિયાદિ જીવોની પર્યાપ્ત.

**આહાર સરીર ઇંદિય**—આહાર પર્યાપ્તિ-શરીર પર્યાપ્તિ-ઇંદ્રિય પર્યાપ્તિ.

**પજ્જત્તી આણુપાણુ ભાસ મણે**—શ્વાસોશ્વાસ પર્યાપ્તિ-ભાષા પર્યાપ્તિ અને મન પર્યાપ્તિ એ ૬ પર્યાપ્તિ છે.

**ચઉ પંચ પંચ છપ્પિય**—(તેમાંથી પ્રથમની) ૪-૫-૫ ને ૬ પર્યાપ્તિ અનુક્રમે.

**ઈગ વિગલાસન્નિ સન્નીણં ॥ ૬ ॥**—એકેંદ્રિયને (૪), વિકલેંદ્રિયને (૫), અસંજ્ઞીને (૫) અને સંજ્ઞીને (૬ પર્યાપ્તિ) હોય છે.

૧. **આહાર પર્યાપ્તિ**—બીજા ભવમાં ઉત્પત્તિ સમયે આહાર ગ્રહણ કરીને રસ અને ખળ રૂપે જુદું કરવાની શક્તિ વિશેષ.

૨. **શરીર પર્યાપ્તિ**—રસરૂપ આહારમાંથી રસ, રૂધિર, માંસ, મેદ્ (ચરબી), અસ્થિ (હાડકાં), મજ્જા (હાડકાંમાં રહેલ ચિકાશ) અને શુક્ર (વીર્ય) એ સાત ધાતુરૂપે પરિણમાવવાની શક્તિ વિશેષ.

૩. **ઇંદ્રિય પર્યાપ્તિ**—સાત ધાતુમાંથી જેને જેટલાં દ્રવ્ય ઇંદ્રિય જોઈએ, તેને તેટલાં ઇંદ્રિયપણે પરિણમાવવાની શક્તિ વિશેષ.

આ ત્રણ પર્યાપ્તિ પૂરી કર્યા વિના કોઈ જીવ મરે નહિ. તથા સમૂર્ચ્છિમ મનુષ્યને પણ પ્રથમની ત્રણ પર્યાપ્તિ હોય છે.

૪. **શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ**—શ્વાસોશ્વાસ વર્ગણાનાં દલિક ગ્રહણ કરી, શ્વાસોશ્વાસપણે પરિણમાવી, અવલંબી મૂકવાની શક્તિ વિશેષ.

૫. **ભાષા પર્યાપ્તિ**—ભાષા વર્ગણાનાં દલિક ગ્રહણ કરી, ભાષાપણે પરિણમાવી, અવલંબી મૂકવાની શકિત વિશેષ.

૬. **મનઃ પર્યાપ્તિ**—મનોવર્ગણાનાં દલિક ગ્રહણ કરી, મનપણે પરિણમાવી, અવલંબી મૂકવાની શક્તિ વિશેષ.

## કયા કયા જીવોને કેટલી પર્યાપ્તિ હોય અને તે પૂરી કરતાં દરેકમાં કેટલો કાળ (વખત) લાગે તેનું કોષ્ટક.

| જીવોનાં નામ. | પર્યાપ્તિ સંખ્યા | આહાર પર્યાપ્તિ | શરીર પર્યાપ્તિ | ઇંદ્રિય પર્યાપ્તિ | શ્વાસોશ્વાસ પર્યાપ્તિ | ભાષા પર્યાપ્તિ | મન પર્યાપ્તિ |
|---|---|---|---|---|---|---|---|
| એકેંદ્રિય. | ૪ | *સ | અં | અં | અં | | |
| વિકલેંદ્રિય અને અસંજ્ઞી પંચેંદ્રિય. | ૫ | સ | અં | અં | અં | અં | |
| ઔદારિક શરીરી મનુષ્યને તિર્યંચ. | ૬ | સ | અં | અં | અં | અં | અં |
| વૈક્રિય શરીરી અને આહારક શરીરી | ૬ | સ | અં | સ | સ | સ | સ |
| નારકી. | ૬ | સ | અં | સ | સ | સ | સ |
| દેવતા. | ૬ | સ | અં | સ | સ | સ | |

*સ=સમય. અં=અંતર્મુહૂર્ત. દેવતા ૫-૬ઠ્ઠી પર્યાપ્તિ ભેગી ૧ સમયમાં કરે છે.

**પણિંદિય**–૫ ઇંદ્રિયો.
**તિ બલ**–ત્રણ બલ.
**ઊસાસ**–શ્વાસોશ્વાસ.
**આઉ**–આયુષ્ય.
**દસ**–દશ.
**પાણ**–પ્રાણ.
**ચઉ છ**–ચાર, છ.
**સગ અટ્ઠ**–સાત, આઠ.
**ઇગ**–એકેંદ્રિયને.
**દુ**–બેઈંદ્રિય.
**તિ**–તેઇંદ્રિય.
**ચઉરિંદીણં**–ચઉરિંદ્રિયને.
**અસન્નિ**–અસંજ્ઞીને.
**સન્નીણ**–સંજ્ઞીને.

### એકેંદ્રિયાદિ જીવોને દ્રવ્ય પ્રાણ.

**પણિંદિઅ તિ બલુસા**—૫ ઈંદ્રિયો, ૩ બળ (યોગ), ૧ શ્વાસોશ્વાસ.

**સાઉ દસ પાણ ચઉ છ સગ અટ્ઠ**—૧ આયુષ્ય. એ ૧૦ પ્રાણો છે. તેમાંથી ૪–૬–૭ ને ૮ પ્રાણો અનુક્રમે.

**ઈગ દુ તિ ચઉરિંદીણં**—એકેંદ્રિયને [૪], બેઇંદ્રિયને [૬], તેઇંદ્રિયને [૭] અને ચઉરિંદ્રિયને [૮].

**અસન્નિ સન્નીણ નવ દસ ય ॥ ૭ ॥**—અસંજ્ઞી તિર્યંચને ૯ અને સંજ્ઞીને ૧૦ પ્રાણ હોય છે.

## નવતત્ત્વના પ્રશ્નો

૧. નવે તત્ત્વના અર્થ અને ભેદ તથા રૂપી, અરૂપી, હેય, જ્ઞેય, અને ઉપાદેયની સંખ્યા કહો.
૨. પુણ્ય અને પાપની ચઉભંગી.
૩. જીવની જાતિ, ભેદો અને લક્ષણનું વિસ્તારથી વિવેચન કરો.
૪. પર્યાપ્તિ એટલે શું ? તે દરેક પર્યાપ્તિની વ્યાખ્યા અને તેનો કાળ કેટલો ?
૫. પૃથ્વી, અપ્, તેઉ, વાઉ, વનસ્પતિ, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય, દેવતા, નારકી, સમૂર્ચ્છિમ અને ગર્ભજ તિર્યંચ અને મનુષ્યને કેટલી પર્યાપ્તિ અને કેટલા પ્રાણ છે ? તે કહો.

---

## ૨ જું અજીવતત્ત્વ.

| | | |
|---|---|---|
| **ધમ્મા**—ધર્માસ્તિકાય. | **તિય તિય**—ત્રણ ત્રણ. | **દેસ**—દેશ. |
| **અધમ્મા**—અધર્માસ્તિકાય. | **ભેયા**—ભેદો. | **પએસા**—પ્રદેશ. |
| **આગાસા**—આકાશાસ્તિકાય. | **તહેવ**—તેમજ. | **પરમાણુ**—પરમાણુ. |
| | **અદ્ધા**—કાળ. | **અજીવ**—અજીવતત્ત્વ. |
| | **ખંધા**—સ્કંધ | **ચઉદસહા**—૧૪ પ્રકારે |

### અજીવતત્ત્વના ૧૪ ભેદ.

**ધમ્માઽધમ્મા ગાસા**—ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય.

**તિય તિય ભેયા તહેવ અદ્ધા ય**—એ ત્રણે ત્રણ ભેદવાળા છે. તેમજ કાળ અને

**ખંધા દેસ પએસા**—(પુદ્ગલાસ્તિકાયના) સ્કંધ–દેશ–પ્રદેશ (અને)

**પરમાણુ અજીવ ચઉદસહા ॥ ૮ ॥**—પરમાણુ. એ સર્વ મળી અજીવ તત્ત્વ ૧૪ પ્રકારે (ભેદે) છે.

**સ્કંધ**=આખો ભાગ.

**દેસ**=સ્કંધની સાથે સબંધવાળો કલ્પેલો કેટલોક ભાગ.

**પ્રદેશ**=સ્કંધની સાથે મળેલો અને જેને કેવળીની બુદ્ધિ વડે ભાગવાથી બીજો ભાગ ન થાય તે.

**પરમાણુ**=સ્કંધથી છુટો પડેલો અને જેના કેવળીની બુદ્ધિએ વડે બે ભાગ ન થાય તે.

**અસ્તિકાય**=પ્રદેશનો સમૂહ.

## અજીવ તત્ત્વના ૧૪ ભેદ.

| | અજીવ દ્રવ્ય. ૫ | સ્કંધ | દેશ | પ્રદેશ | પરમાણુ | ભેદ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ધર્માસ્તિકાયના | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૨ | અધર્માસ્તિકાયના | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૩ | આકાશાસ્તિકાયના | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૪ | પુદ્ગલાસ્તિકાયના | ૧ | ૧ | ૧ | ૧ | ૪ |
| ૫ | કાળનો | | | | | ૧ |
| | | | | | | ૧૪ |

**ગુણ અને પર્યાય જેને હોય તે દ્રવ્ય કહેવાય.**

ધમ્મા–ધર્માસ્તિકાય.
અધમ્મા–અધર્માસ્તિ કાય.
પુગ્ગલ–પુદ્ગલાસ્તિ- કાય.
નહ–આકાશાસ્તિકાય.
કાલો–કાલ.
પંચ–પાંચ.
હુન્તિ–છે.
અજીવા–અજીવદ્રવ્ય.

ચલણ સહાવો–ચલન સ્વભાવવાળો.
ધમ્મો–ધર્માસ્તિકાય.
થિર સંઠાણો–સ્થિર સ્વભાવવાળો.
અહમ્મો–અધર્માસ્તિ કાય.
અવગાહો–અવકાશ.
આગાસં–આકાશા- સ્તિકાય.

પુગ્ગલ–પુદ્ગલોને.
જીવાણ–જીવોને.
પુગ્ગલા–પુદ્ગલદ્રવ્ય.
ચઉહા–૪ પ્રકારે.
ખંધા–સ્કંધ.
દેસ–દેશ.
પએસા–પ્રદેશ.
પરમાણુ–પરમાણુ.
ચેવ–અને નિશ્ચે.
નાયવ્વા–જાણવા યોગ્ય.

### અજીવદ્રવ્ય અને તેના ગુણ.

**ધમ્મા-ધમ્મા પુગ્ગલ**—ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય.

**નહ કાલો પંચ હુંતિ અજીવા**—આકાશાસ્તિકાય અને કાળ એ ૫ અજીવદ્રવ્ય છે.

**ચલણ સહાવો ધમ્મો**—(જીવ અને પુદ્ગલને) ચાલવામાં સહાય આપવાના સ્વભાવવાળો ધર્માસ્તિકાય છે.

**થિર સંઠાણો અહમ્મો ય ॥ ૯ ॥**—અને સ્થિર રહેવામાં સહાય આપવાના સ્વભાવવાળો અધર્માસ્તિકાય છે.

**અવગાહો આગાસં**—અવકાશ (જગ્યા) આપવાના સ્વભાવ વાળો આકાશાસ્તિકાય છે. ( કોને આપે છે ? )

**પુગ્ગલ જીવાણુ પુગ્ગલા ચઉહા**—પુદ્ગલો અને જીવોને. પુદ્ગલ દ્રવ્ય ૪ પ્રકારે છે.

**ખંધા દેસ પએસા**—સ્કંધ, દેશ, પ્રદેશ.

**પરમાણુ ચેવ નાયવ્વા ॥ ૧૦ ॥**—અને પરમાણુ નિશ્ચે જાણવા યોગ્ય છે.

સદ્દ–શબ્દ. અંધયાર–અંધકાર. ઉજ્જોઅ–પ્રકાશ. પભા–પ્રભા. જ્યોતિ. છાયા–પ્રતિબિંબ. આતવેહિ–તડકાવડે. આ–અથવા. વન્ન–વર્ણ. ગંધ–ગંધ. રસા–રસ. ફાસા–સ્પર્શ. પુગ્ગલાણં–પુદ્દગલોનું તુ–વળી. લક્ખણં–લક્ષણ.

## પુદ્દગલનું લક્ષણ.

**સદ્દંધયાર ઉજ્જોઅ**—શબ્દ, અંધકાર, (ચંદ્રાદિકનો ઠંડો) પ્રકાશ.

**પભા છાયા તવેહિ આ**—(દિવા વિગેરેની) જયોતિ, છાયા (પ્રતિબિંબ) અને તડકાવડે પુદ્દગલો જણાય છે, અથવા

**વણ્ણ ગંધ રસા ફાસા**—વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શ.

**પુગ્ગલાણં તુ લક્ખણં ॥ ૧૧ ॥**—એ વળી પુદ્દગલોનું લક્ષણ ( ગુણ ) છે.

એગાકોડી–૧ ક્રોડ. સત્તસટ્ઠિ–સડસઠ. લક્ખા–લાખ. સત્તહુત્તરી–સત્તોતેર. સહસ્સા–હજાર. દોય સયા–બસો. સોલહિયા–૧૬ અધિક. આવલિયા–આવલિકા. ઇગ–એક. મુહુત્તમ્મિ–મુહૂર્તમાં. સમય–સમય. આવલી–આવલી. મુહુત્તા–મુહૂર્ત. દીહા–દિવસ. પક્ખા–પખવાડીયું. માસ–મહિનો. વરિસા–વર્ષ. ભણિઓ–કહ્યું છે. પલિઆ–પલ્યોપમ. સાગર–સાગરોપમ. ઉસ્સપ્પિણી–ઉત્સર્પિણી. સપ્પિણી–અવસર્પિણી. કાલો–કાલચક્ર.

## કાળના ભેદો.

**એગા કોડિ સત્ત સટ્ઠિ**—૧ ક્રોડ ૬૭ લાખ.

**લક્ખા સત્તહુત્તરી સહસ્સા ય**—૭૭ હજાર.

**દો ય સયા સોલહિઆ**—બસો ને (અધિક) સોળ.

**આવલિઆ ઈગ મુહુત્તમ્મિ ॥ ૧૨ ॥**—આવલિકાઓ ૧ મુહૂર્તમાં થાય છે.

**સમયાવલિ મુહુત્તા**—સમય (અતિ સૂક્ષ્મકાળ), (અસંખ્યાત સમયની) આવલી, (૧,૬૭,૭૭,૨૧૬ આવલીનું) ૧ મુહૂર્ત.

**દીહા પક્ખા ય માસ વરિસા ય**—(૩૦ મુહૂર્તનો) દીવસ, પખવાડીયું, માસ અને વર્ષ.

**ભણિઓ પલિઆ સાગર**—(અસંખ્યાત વર્ષે) પલ્યોપમ, (૧૦ કોડાકોડી પલ્યોપમે) સાગરોપમ કહ્યું છે.

**ઉસ્સપ્પિણી સપ્પિણી કાલો ॥૧૩॥**—(૧૦ કોડાકોડી સાગરોપમે) ઉત્સર્પિણી, (૧૦ કોડાકોડી સાગરોપમે) અવસર્પિણી, (૧ ઉત્સર્પિણી અને અવસર્પિણી મળીને) કાળચક્ર થાય છે.

| | | |
|---|---|---|
| **પરિણામિ**—પરિણામી. | **ખિત્ત**—ક્ષેત્ર | **સવ્વગય**—સર્વગત. |
| **જીવ**—જીવ. | **કિરિઆ**—સક્રિય. | **ઈયર**—બીજાં.બાકીનાં. |
| **મુત્તં**—મૂર્તિમંત. | **ણિચ્ચં**—નિત્ય. | |
| **સપએસા**—સપ્રદેશી. | **કારણ**—કારણ. | **અપ્પવેસે**—પ્રવેશ રહિત. |
| **એગ**—એક. | **કત્તા**—કર્તા. | |

### ૬ દ્રવ્યોનું વિશેષ સ્વરૂપ.

**પરિણામિ જીવ મુત્તં**—જીવ અને પુદ્ગલ એ બે પરિણામી, જીવદ્રવ્ય એ જીવ, પુદ્ગલ એ મૂર્તિમંત (રૂપી).

**સપએસા એગ ખિત્ત કિરિઆ ય**—કાળ સિવાય ૫ દ્રવ્ય સપ્રદેશી. ધર્મ, અધર્મ અને આકાશાસ્તિકાય એ ૩ એક. આકાશ એ ક્ષેત્ર, જીવ ને પુદ્ગલ એ બે સક્રિય.

**ણિચ્ચં કારણ કત્તા**—ધર્મ, અધર્મ આકાશ અને કાળ એ ૪ નિત્ય, જીવ વિના ૫ દ્રવ્ય કારણ, જીવ એ કર્ત્તા.

**સવ્વગય ઇયર અપ્પવેસે ॥ ૧૪ ॥**—આકાશ સર્વગત (લોક અને અલોકમાં છે.) બાકીનાં ૫ લોકમાં છે. ૬ એ દ્રવ્ય પ્રવેશરહિત છે. (એકે દ્રવ્ય બીજા દ્રવ્યરુપે થતું નથી.)

| ૬ દ્રવ્યનાં નામ. | પરિણામી | જીવ | મૂર્ત | સપ્રદેશી | એક અનેક | ક્ષેત્ર | સક્રિય | નિત્ય | કારણ | કર્તા | સર્વગત | અપ્રવેશી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જીવાસ્તિકાય. | ૧ | ૧ | ૦ | ૧ | અનંત | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ધર્માસ્તિકાય. | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ |
| અધર્માસ્તિકાય | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ |
| આકાશાસ્તિકાય | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ |
| પુદ્ગલાસ્તિકાય | ૧ | ૦ | ૧ | ૧ | અનંત | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| કાલ. | ૦ | ૦ | ૦ | ૦ | અનેક | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ |
| કુલ સંખ્યા | ૨ | ૧ | ૧ | ૫ | ૩ | ૧ | ૨ | ૪ | ૫ | ૧ | ૧ | ૬ |

**ધર્માસ્તિકાય** અને **અધર્માસ્તિકાય** એ બંને વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, શબ્દ અને રૂપરહિત; ચૌદરાજલોક વ્યાપી, અસંખ્ય પ્રદેશી; ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણ કાળે શાશ્વતપણે રહેનાર છે.

**આકાશાસ્તિકાય** વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને રૂપ રહિત, લોકઅલોક વ્યાપી, અનંત પ્રદેશી; ત્રિકાલ સ્થાયી છે.

**કાળ**--સમયાદિરૂપ છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, શબ્દ અને રૂપ રહિત, વ્યવહારથી અઢીદ્વીપ વ્યાપી, અપ્રદેશી; ત્રિકાળ એક સમયરૂપ દ્રવ્યપણે રહેનાર છે.

**પુદ્ગલાસ્તિકાય**—વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, શબ્દ ને રૂપ સહિત; ચૌદ રાજલોક વ્યાપી, બે પરમાણુથી માંડીને સંખ્ય, અસંખ્ય, અને અનંત પ્રદેશી સ્કંધવાળો અને પુરણ ગલન[1] સ્વભાવી છે.

| દ્રવ્યનાં નામ. | દ્રવ્યથી | ક્ષેત્રથી. | કાળથી | ભાવથી. | ગુણથી. | સંસ્થાન. |
|---|---|---|---|---|---|---|
| ધર્માસ્તિકાય. | ૧ | ૧૪રાજલોક | અનાદિ અનંત | અરૂપી | ગતિ સહાયક | લોકાકાશ |
| અધર્માસ્તિકાય. | ૧ | ,, | અનાદિ અનંત | ,, | સ્થિતિ સહાયક | ,, |
| આકાશાસ્તિકાય | ૧ | લોકાલોક | અનાદિ અનંત | ,, | જગ્યા આપનાર | ઘનગોલક |
| પુદ્ગલાસ્તિકાય. | અનંત | ૧૪રાજલોક | અનાદિ અનંત | રૂપી | સડવું–પડવું વિ૦ | +મંડલાદિ.૫ |
| કાળ. | અનંત | અઢીદ્વીપ | અનાદિ અનંત | અરૂપી | વર્તના વિગેરે | નથી |
| જીવાસ્તિકાય. | અનંત | ૧૪રાજલોક | અનાદિ અનંત | ,, | જ્ઞાનાદિ | શરીર આકારે |

## અજીવતત્ત્વના પ્રશ્નો.

૧. દ્રવ્ય એટલે શું ? અને તે કેટલાં અને કયાં રહેલાં છે ?
૨. અજીવ દ્રવ્યોના ભેદ, અને ગુણ કહો.
૩. સ્કંધ, દેશ અને અસ્તિકાય કોને કહે.
૪. પ્રદેશ અને પરમાણુમાં શું ફેર ? આવલી અને પલ્યોપમ શી રીતે થાય?
૫. ૬ એ દ્રવ્યનું પરિણામી આદિ વિશેષ સ્વરૂપ કહો.

---

૧ પૂરાવું=પરમાણુઓનું મળવું અને ગળી જવું=ઓછું થવું થવું તે.
+ મંડલ (મંડલ આકારે) વૃત્ત (ગોળ) ત્ર્યસ્ર–ચતુરસ્ર ને આયત (દીર્ઘ.)

## ૩ જું પુણ્ય તત્ત્વ.

**સા**–શાતા વેદનીય.
**ઉચ્ચગોઅ**-ઉચ્ચગોત્ર
**મણુ દુગ**–મનુષ્યદ્વિક.
**સુર દુગ**–દેવદ્વિક.
**પંચિંદિજાઈ**-પંચેંદ્રિય જાતિ.
**પણ દેહા**–૫ શરીર.
**આઈ**–આદિનાં.
**તિતણૂણ**–૩ શરીરનાં.

**ઉવંગા**–ઉપાંગ.
**આઇમિ**–પહેલું.
**સંઘયણ**–સંઘયણ.
**સંઠાણા**–સંસ્થાન.
**વન્નચઉક્કા**-વર્ણ ચતુષ્ક.
**અગુરૂલહુ**–અગુરૂલઘુ
**પરઘા**–પરાઘાત.
**ઊસાસ**–શ્વાસોશ્વાસ.
**આયવ**–આતપ.

**ઉજ્જોઅં**-ઉદ્યોત.
**સુભખગઇ**–શુભખગતિ. (વિહાયોગતિ).
**નિમિણ**–નિર્માણ.
**તસ દસ**–ત્રસ દશક.
**સુર**–દેવનું (આયુષ્ય).
**નર**-મનુષ્યનું(આયુષ્ય)
**તિરિઆઉ**–તિર્યંચાયુ.
**તિત્થયરં**–તિર્થંકર.

### પુણ્ય તત્ત્વના ૪૨ ભેદ.

**સા ઉચ્ચગોઅ મણુદુગ**—શાતા વેદનીય, ઉચ્ચ ગોત્ર, મનુષ્યદ્વિક (મનુષ્ય ગતિ ને મનુષ્યાનુપૂર્વી.)

**સુરદુગ પંચિંદિજાઇ પણદેહા**—દેવદ્વિક (દેવગતિ–દેવાનુપૂર્વી), પંચેંદ્રિય જાતિ, ૫ શરીર (ઔદારિક–વૈક્રિય-આહારક–તૈજસ ને કાર્મણ).

**આઈતિતણૂણુ-વંગા**—પ્રથમનાં ૩ શરીરનાં ઉપાંગ (ઔદારિક ઉપાંગ–વૈક્રિય ઉપાંગ ને આહારક ઉપાંગ.)

**આઇમિ સંઘયણ સંઠાણા ॥૧૫॥**—પહેલું સંઘયણ (વજ્ર ઋષભ નારાચ) ને પહેલું સંસ્થાન (સમચતુરસ્ર).

**વન્ન ચઉક્કા-ગુરૂલહુ**—વર્ણ ચતુષ્ક (શુભવર્ણ, શુભગંધ, શુભરસ, શુભસ્પર્શ) અગુરૂલઘુ.

**પરઘા ઊસાસ આય-વુજ્જોઅં**—પરાઘાત, શ્વાસોશ્વાસ, આતપ (અને) ઉદ્યોત.

**સુભખગઈ નિમિણુ તસદસ**—શુભ વિહાયોગતિ, નિર્માણ અને ત્રસ વિગેરે ૧૦.

**સુર-નર-તિરિઆઉ તિત્થયરં ॥૧૬॥**—દેવનું આયુષ્ય, મનુષ્યનું આયુષ્ય, તિર્યંચનું આયુષ્ય ને તીર્થંકર નામકર્મ.

( એ સર્વ ૪૨ ભેદ પુણ્યના ઉદયથી મળે છે. )

## પુણ્ય બાંધવાના નવ પ્રકાર.

૧. સાધુ પ્રમુખને–અન્ન આપવાથી,
૨. પાણી આપવાથી,
૩. રહેવાને સ્થાનક આપવાથી,
૪. સુવાને પાટ પ્રમુખ આપવાથી,
૫. પહેરવા–ઓઢવા માટે વસ્ત્ર આપવાથી,
૬. તેમને વિષે મનમાં શુભ સંકલ્પ કર્યાથી,
૭. વચને કરીને સ્તુત્યાદિક કર્યાથી,
૮. કાયાએ કરીને સેવા કર્યાથી, અને
૯. નમસ્કારાદિક કર્યાથી.

## પુણ્ય ભોગવવાના બેંતાલીશ પ્રકાર.

૧. **સાતાવેદનીય**—જે (કર્મ)ના ઉદયથી શારીરિક સુખનો અનુભવ થાય તે.
૨. **ઉચ્ચ ગોત્ર**—જેના ઉદયથી ઐશ્વર્યાદિકે કરીને યુક્ત ઉચ્ચ કુળમાં જન્મ ધારણ કરીને પૂજા પ્રતિષ્ઠાદિક પામે.
૩. **મનુષ્ય ગતિ નામ૦**—જેના ઉદયથી મનુષ્ય ગતિ પામે.
૪. **મનુષ્યાનુપૂર્વી નામ૦**—જેના ઉદયથી અન્ય ગતિમાં વાંકા જતા જીવને મનુષ્ય ગતિમાં લાવે તે.

આનુપૂર્વી એટલે પરભવમાં વક્રગતિએ જતા જીવને બળદના નાથની પેઠે સીધો ઉત્પત્તિ સ્થાને લઈ જાય તે.

૫. **દેવગતિ નામ૦**—જેના ઉદયથી દેવગતિ પામે તે.

૬. **દેવાનુપૂર્વી નામ૦**—બીજી ગતિમાં વાંકા જતા જીવને દેવગતિમાં લાવે તે.

૭. **પંચેંદ્રિય જાતિ નામ૦**—જેના ઉદયથી પંચેંદ્રિયપણું પ્રાપ્ત થાય તે.

૮. **ઔદારિક શરીર નામ૦**—જેના ઉદયથી ઔદારિક શરીર યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરીને, તેને તેજ શરીરપણે પરિણમાવીને, જીવ પોતાના આત્મપ્રદેશ સાથે મેળવે તે.

૯. **વૈક્રિય શરીર[1] નામ૦**—જેના ઉદયથી વિવિધ ક્રિયા કરવાને સમર્થ એવા શરીરની પ્રાપ્તિ થાય તે.

૧૦. **આહારક શરીર નામ૦**—જેના ઉદયથી ચૌદ પૂર્વધર સાધુ, તીર્થંકરની ઋદ્ધિ જોવા માટે અથવા તો સૂક્ષ્મ અર્થનો સંદેહ ટાળવા માટે મહાવિદેહ ક્ષેત્રમાં જવાને એક હાથના પ્રમાણનું વિશિષ્ટ રૂપવાળું શરીર કરે તે.

૧૧. **તૈજસ શરીર નામ૦**—જેના ઉદયથી આહાર પચાવવાના અને તેજોલેશ્યાના હેતુભૂત શરીરની પ્રાપ્તિ થાય તે.

૧૨. **કાર્મણ શરીર નામ૦**—જેના ઉદયથી સર્વ પ્રકારના શરીરના ઉપાદાન (મૂલ) કારણરૂપ અને ૮ કર્મના વિકારરૂપ એવા કાર્મણ શરીરની પ્રાપ્તિ થાય તે.

---

૧ વૈક્રિય શરીરના બે ભેદ છે. ૧ ભવ પ્રત્યયિક. ને ૨ લબ્ધિ પ્રત્યયિક. ભવપ્રત્યયિક નારકી તથા દેવને હોય છે, અને લબ્ધિ પ્રત્યયિક મનુષ્ય તથા તિર્યંચને હોય છે.

**૧૩. ઔદારિક અંગોપાંગ નામ૦**—જેના ઉદયથી ઔદારિક શરીરના અંગ[૧] તથા ઉપાંગની[૨] પ્રાપ્તિ થાય તે.

**૧૪. વૈક્રિય અંગોપાંગ નામ૦**—જેના ઉદયથી વૈક્રિય શરીરના અંગ ઉપાંગની પ્રાપ્તિ થાય તે.

**૧૫. આહારક અંગોપાંગ નામ૦**—જેના ઉદયથી આહારક શરીરના અંગ ઉપાંગની પ્રાપ્તિ થાય તે.

**૧૬. વજ્રઋષભનારાચ સંઘયણ નામ૦**—(વજ્ર=ખીલી, ઋષભ=પાટો, નારાચ=બે પાસે મર્કટબંધ, સંઘયણ=હાડકાનો સમુહ). જેના ઉદયથી બે પાસે મર્કટ બંધ ઉપર પાટો અને તેની ઉપર ખીલી જેવો મજબૂત બંધ હોય તે.

**૧૭. સમચતુરસ્ર* સંસ્થાન નામ૦**—જેના ઉદયથી પર્યંકાસને બેસતાં જેની ચારે બાજુ સરખી હોય એવા સંસ્થાન ( શરીરની આકૃતિ ) નો પ્રાપ્તિ થાય તે.

---

૧ બે હાથ, બે સાથળ, પીઠ, મસ્તક, છાતી અને પેટ એ આઠ અંગ છે.

૨ અંગુલી પ્રમુખ તે ઉપાંગ ને રેખાદિ તે અંગોપાંગ. પહેલાં ત્રણ શરીરને અંગોપાંગ છે, શેષ તૈજસ અને કાર્મણ એ બે શરીરને અંગોપાંગ નથી.

* ૧. બે ઢીંચણનું અંતર ૨. જમણો ઢીંચણ અને ડાબા ખભાનું અંતર. ૩. ડાબો ઢીંચણ અને જમણા ખભાનું અંતર. અને ૪. પલાંઠી અને લલાટના મધ્યભાગનું અંતર.

**૧૮. શુભવર્ણ નામ૦**—જેના ઉદયથી શ્વેત, પીત, અને રક્તરૂપ શુભ વર્ણની પ્રાપ્તિ થાય તે.

**૧૯. શુભગંધ નામ૦**—જેના ઉદયથી સુરભિ ગંધની પ્રાપ્તિ થાય તે.

**૨૦. શુભરસ નામ૦**—જેના ઉદયથી આમ્લ, કષાયેલા અને મીઠારસ રૂપ શુભ રસની પ્રાપ્તિ થાય તે.

**૨૧. શુભસ્પર્શ નામ૦**—જેના ઉદયથી હળવો, ચીકણો, સુંવાળો, અને ઉષ્ણ સ્પર્શરૂપ શુભ સ્પર્શની પ્રાપ્તિ થાય તે.

**૨૨. અગુરૂલઘુ નામ૦**—જેના ઉદયથી લોહના ગોળાપેરે અત્યંત ભારે નહિ, તેમજ આકડાના રૂની પેરે અત્યંત હલકું પણ નહિ, એવા મધ્યમ વજનદાર (પોતે પોતાના શરીરથી ગમનાદિ કરી શકે તેવા) શરીરનો પ્રાપ્તિ થાય તે.

**૨૩ પરાઘાત નામ૦**—જેના ઉદયથી ગમે તેવા બળવાનને પણ જીતવા સમર્થ થાય તે.

**૨૪. શ્વાસોશ્વાસ નામ૦**—જેના ઉદયથી શ્વાસોશ્વાસ લબ્ધિવાળો હોય તે.

**૨૫. આતપ[૧] નામ૦**—જેના ઉદયથી પોતે શીતળ છતાં અન્યને તાપ કરનાર થાય તે.

---

૧ સૂર્યના વિમાનમાં રહેલા બાદર પર્યાપ્તા પૃથ્વીકાય એકેન્દ્રિયને જ આતપ નામ કર્મનો ઉદય હોય છે.

૨૬. **ઉદ્યોત નામ૦**—જેના ઉદયથી ચંદ્રાદિની પેઠે શીતળ અને પ્રકાશ યુક્ત શરીરની પ્રાપ્તિ થાય તે.

૨૭. **શુભખગતિ નામ૦**—જેના ઉદયથી વૃષભ તથા હંસની પેરે સારી ચાલવાની ગતિ પ્રાપ્ત થાય તે.

૨૮. **નિર્માણ નામ૦**—જેના ઉદયથી સુથારે ઘડેલ પુતળીની પેઠે અંગોપાંગ યોગ્ય સ્થળે ગોઠવાય તે.

૨૯ **થી ૩૮. ત્રસ દશક**—જેના ઉદયથી ત્રસ આદિ દશકની પ્રાપ્તિ થાય તે.

૩૯. **સુરાયુ**—જેના ઉદયથી દેવતાનું આયુષ્ય પામે તે.

૪૦. **મનુષ્યાયુ**—જેના ઉદયથી મનુષ્યનું આયુષ્ય પ્રાપ્ત થાય તે.

૪૧. **તિર્યંચાયુ**—જેના ઉદયથી તિર્યંચનું આયુષ્ય પ્રાપ્ત થાય તે.

૪૨. **તીર્થંકર નામ૦**—જેના ઉદયથી ત્રિભુવનના જીવોને પૂજવા યોગ્ય થાય તે. તેનો ઉદય તીર્થંકર કેવળીને જાણવો.

| | જ્ઞાના૦ | દર્શના૦ | વેદનીય | મોહનીય. | આયુષ્ય. | નામ. | ગોત્ર. | અંતરાય. | કુલ. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પુણ્યતત્ત્વમા | ૦ | ૦ | ૧ | ૦ | ૩ | ૩૭ | ૧ | ૦ | ૪૨ |

| | | |
|---|---|---|
| **તસ**–ત્રસ. | **સુભં**–શુભ. | **તસાઈ**–ત્રસાદિ. |
| **બાયર**–બાદર. | **સુભગં**–સૌભાગ્ય. | **દસગં**–૧૦ પ્રકૃતિઓ. |
| **પજ્જત્તં**–પર્યાપ્ત. | **સુસ્સર**–સુસ્વર. | **ઈમં**–એ. આ. |
| **પત્તેઅં**–પ્રત્યેક. | **આઈજ્જ**–આદેય. | **હોઈ**–છે. |
| **થિરં**–સ્થિર. | **જસં**–યશ. કીર્તિ. | |

ત્રશ દશક.

**તસ બાયર પજ્જત્તં**—ત્રસ, બાદર, પર્યાપ્ત.
**પત્તેઅં થિરં સુભં ચ સુભગં ચ**—પ્રત્યેક–સ્થિર–શુભ અને સૌભાગ્ય.

**સુસ્સર આઈજ્જ જસં**—સુસ્વર આદેય અને યશ.
**તસાઈ દસગં ઈમં હોઈ ॥૧૭॥**—એ ત્રસ વિગેરે ૧૦ પ્રકૃતિઓ [ભેદો. નામકર્મના] છે.

૧. **ત્રસ નામ૦**—જેના ઉદયથી બેઈંદ્રિયાદિ જીવપણાની પ્રાપ્તિ થાય તે.

૨. **બાદર નામ૦**—જેના ઉદયથી ચર્મ ચક્ષુએ દેખાય એવા મોટા દેહની પ્રાપ્તિ થાય તે.

૩. **પર્યાપ્ત નામ૦**—જેના ઉદયથી જીવ પોતાને યોગ્ય પર્યાપ્તિ પૂર્ણ કરે તે.

૪. **પ્રત્યેક નામ૦**—જેના ઉદયથી એક શરીરને વિષે ૧ જીવ હોય તે.

૫. **સ્થિર નામ૦**—જેના ઉદયથી હાડ, દાંત, આદિ સ્થિર અવયવો હોય તે.

૬. **શુભ નામ૦**—જેના ઉદયથી નાભિના ઉપરનું અંગ અંગે અડવાથી બીજાને ખેદકારી ન થાય તે.

૭. **સુભગ નામ૦**—જેના ઉદયથી સર્વ માણસોને પ્રિય લાગે તે.

૮. **સુસ્વર નામ૦**—જેના ઉદયથી કોયલના જેવા મધુર સ્વરની પ્રાપ્તિ થાય તે.

૯. **આદેય નામ૦**—જેના ઉદયથી લોકમાં વચન માનનીય થાય તે.

૧૦. **યશ નામ૦**-જેના ઉદયથી લોકમાં યશકીર્તિ ફેલાય તે.

## પુણ્ય તત્ત્વના પ્રશ્નો.

૧. પુણ્ય કેટલા પ્રકાર વડે અને કયા કયા પ્રકારો વડે બંધાય ?
૨. પુણ્ય તત્ત્વમાં કયા કયા કર્મની કેટલી પ્રકૃતિ છે તે સંખ્યામાં કહો.
૩. નીચેની પ્રકૃતિનો અર્થ કહો.

ઔદારિક શરીર, વજ્ર ૠષભનારાચ, સમચતુરસ્ત્ર, શુભ વર્ણ ચતુષ્ક, પરાઘાત, આતપ, નિર્માણ, તિર્થંકર, બાદર અને સૌભાગ્ય નામકર્મ.

૪. સંઘયણ, સંસ્થાન અને આનુપૂર્વીનો અર્થ કહો.
૫. પુણ્ય ભોગવવાના ૪૨ ભેદોનાં ફક્ત નામ ગાથા ઉપરથી કહો.

## ૪ થું પાપતત્ત્વ.

**નાણ**—જ્ઞાનાવરણીય.
**અંતરાય**—અંતરાય.
**દસગં**—દશ.
**નવ**—નવ.
**બીએ**—બીજા(કર્મ)ના
**નીઅ**—નીચ ગોત્ર.
**અસાય**—આશાતા વેદનીય.
**મિચ્છત્તં**—મિથ્યાત્વ.
**થાવર દસ**—સ્થાવર દશક.
**નરય તિગં**—નરક-ત્રિક.
**કસાય**—કષાય.
**પણ વીસ**—પચીશ.
**તિરિય દુગં**—તિર્યંચ દ્વિક.
**ઇગ**—એકેંદ્રિય.
**બિ**—બેઇંદ્રિય.
**તિ**—તેઇંદ્રિય.
**ચઉ**—ચઉરિંદ્રિય.
**જાઇઓ**—જાતિઓ.
**કુખગઇ**—અશુભ વિહાયો ગતિ.
**ઉવઘાય**—ઉપઘાત.
**હુન્તિ**—છે.
**પાવસ્સ**—પાપના(ભેદ)
**અપસત્થં**—અશુભ.
**વન્નચઉ**—વર્ણાદિ ૪.
**અપઢમ**—પ્રથમ વિના.
**સંઘયણ**—સંઘયણ.
**સંઠાણા**—સંસ્થાન.

## પાપતત્ત્વના ૮૨ ભેદ.

**નાણંતરાય દસગં**—૫ જ્ઞાનાવરણીય અને ૫ અંતરાય (એ બે) મળીને ૧૦ ભેદ.

મતિજ્ઞાનાવરણીય–શ્રુત જ્ઞાનાવરણીય–અવધિ જ્ઞાનાવરણીય–મનઃપર્યવ જ્ઞાનાવરણીય–અને કેવલ જ્ઞાનાવરણીય, દાનાંતરાય–લાભાંતરાય––ભોગાંતરાય––ઉપભોગાંતરાય અને વીર્યાંતરાય.

**નવ બીએ નીઅ સાયમિચ્છત્તં**—બીજા દર્શનાવરણીયના ૯ ભેદ–નીચ ગોત્ર–અશાતા વેદનીય–મિથ્યાત્વ મોહનીય.

ચક્ષુ દર્શનાવરણીય, અચક્ષુ દર્શનાવરણીય, અવધિ દર્શનાવરણીય, કેવલદર્શનાવરણીય, નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા ને થીણદ્ધિ.

**થાવર દસ નરયતિગં**—સ્થાવર વિગેરે ૧૦ ભેદ–નરકત્રિક [નરકગતિ–નરકાનુપૂર્વી ને નરકાયુષ્ય.]

**કસાય પણવીસ તિરિયદુગં ॥ ૧૮ ॥**—૨૫ કષાય ને તિર્યંચદ્વિક [તિર્યંચગતિ–તિર્યંચાનુપૂર્વી.]

**ઇગ બિ તિ ચઉ જાઇઓ**—એકેંદ્રિય જાતિ–બેઇંદ્રિય જાતિ–તેઇંદ્રિય જાતિ ને ચઉરિંદ્રિય જાતિ.

**કુખગઇ ઉવઘાય હુંતિ પાવસ્સ**—અશુભ વિહાયોગતિ ને ઉપઘાત નામ૦ એ પાપના ભેદ છે.

**અપસત્થં વન્નચઉ**—અશુભ વર્ણાદિ–૪ ( અશુભવર્ણ–ગંધ–રસ ને સ્પર્શ.)

**અપઢમ સંઘયણ સંઠાણા ॥ ૧૯ ॥**—પહેલા વિના ૫ સંઘયણ ને પહેલા વિના ૫ સંસ્થાન.

ઋષભનારાચ–નારાચ–અર્ધનારાચ–કીલિકા ને છેવટ્ઠું એ ૫ સંઘયણ. ન્યગ્રોધ પરિમંડલ–સાદિ–વામન–કુબ્જ ને હુંડક એ ૫ સંસ્થાન. (એ સર્વ ૮૨ ભેદ પાપના ઉદયથી મળે છે.)

## પાપ બાંધવાના ૧૮ પ્રકાર.

૧ પ્રાણાતિપાત, ૨ મૃષાવાદ, ૩ અદત્તાદાન, ૪ મૈથુન, ૫ પરિગ્રહ, ૬ ક્રોધ, ૭ માન, ૮ માયા, ૯ લોભ, ૧૦ રાગ, ૧૧ દ્વેષ, ૧૨ કલહ, ૧૩ અભ્યાખ્યાન, ૧૪ પૈશુન્ય, ૧૫ રતિઅરતિ, ૧૬ પરપરિવાદ, ૧૭ માયામૃષાવાદ અને ૧૮ મિથ્યાત્વશલ્ય.

## પાપ ભોગવવાના બ્યાસી પ્રકાર.

૧. **મતિ જ્ઞાનાવરણીય**—જેના ઉદયથી પાંચ ઇંદ્રિય તથા મનવડે જે નિયત વસ્તુનું જ્ઞાન થાય એવા મતિજ્ઞાનનું આચ્છાદન થાય તે.

૨. **શ્રુત જ્ઞાનાવરણીય**—જેના ઉદયથી શાસ્ત્રાનુસારે જે જ્ઞાન થાય એવા શ્રુતજ્ઞાનનું આચ્છાદન થાય તે.

૩. **અવધિ જ્ઞાનાવરણીય**—જેના ઉદયથી ઇંદ્રિયાદિકની અપેક્ષા વિના આત્માવડે, મર્યાદાપૂર્વક જે રૂપી દ્રવ્યનું જ્ઞાન થાય એવા અવધિજ્ઞાનનું આચ્છાદન થાય તે.

૪. **મનઃપર્યવ જ્ઞાનાવરણીય**—જેના ઉદયથી સાધુ ૨॥ દ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિયના મનોગત ભાવ જાણી શકે એવા મનઃપર્યવજ્ઞાનનું આચ્છાદન થાય તે.

૫. **કેવળ જ્ઞાનાવરણીય**—જેના ઉદયથી લોકાલોકમાં રહેલા રૂપી અરૂપી પદાર્થોનું જ્ઞાન થાય એવા કેવળજ્ઞાનનું આચ્છાદન થાય તે.

૬. **દાનાંતરાય**—જેના ઉદયથી પોતાના ઘરમાં દેવા યોગ્ય વસ્તુ છતાં, યોગ્ય પાત્રનો સમાગમ થયા છતાં, તથા દાનનું ફળ જાણવા છતાં, પણ દાન આપી શકાય નહિ તે.

૭. **લાભાંતરાય**—જેના ઉદયથી સામો દાતાર છતાં, દાતારના ઘરમાં વસ્તુ છતાં, અને માગનાર પોતે પાત્ર છતાં, પોતાને ઇચ્છિત વસ્તુ મળી શકે નહિ તે.

૮. **ભોગાંતરાય**[૧]—જેના ઉદયથી પોતે યુવાન અને સુરૂપ છતાં, તથા ભોગ્ય વસ્તુની પ્રાપ્તિ થયા છતાં, પણ ભોગવી ન શકે તે.

૯. **ઉપભોગાંતરાય**[૨]—જેના ઉદયથી પોતે યુવાન અને સુરૂપ છતાં, તથા આભૂષણાદિ ઉપભોગ્ય વસ્તુ પ્રાપ્ત થયા છતાં, પણ ભોગવી ન શકે તે.

૧૦ **વીર્યાંતરાય**—જેના ઉદયથી પોતે યુવાન અને નિરોગી છતાં હીન બળવાળો થાય તે.

૧૧. **ચક્ષુ દર્શનાવરણીય**—જેના ઉદયથી આંખે કરી રૂપનું સામાન્યપણે જ્ઞાન થાય એવા ચક્ષુદર્શનનું આચ્છાદન થાય તે.

૧૨. **અચક્ષુ દર્શનાવરણીય**—જેના ઉદયથી ચક્ષુ વિના બાકીની ઇંદ્રિયે કરીને જે પોતપોતાના વિષયનું સામાન્યપણે જ્ઞાન થાય એવા અચક્ષુદર્શનનું આચ્છાદન થાય તે.

---

૧. એકવાર ભોગવાય એવા આહારાદિક ભોગ કહેવાય છે,

૨. વારંવાર ભોગવાય એવા વસ્ત્ર આભૂષણ આદિ ઉપભોગ કહેવાય છે.

૧૩. **અવધિદર્શનાવરણીય**—જેના ઉદયથી ઇંદ્રિયાદિકની અપેક્ષા વિના મર્યાદા પૂર્વક રૂપી દ્રવ્યનું સામાન્યપણે જ્ઞાન થાય એવા અવધિદર્શનનું આચ્છાદન થાય તે.

૧૪. **કેવળદર્શનાવરણીય**—જેના ઉદયથી લોકાલોકમાં રહેલા રૂપી અરૂપી પદાર્થનું સામાન્યપણે જ્ઞાન થાય એવા કેવળદર્શનનું આચ્છાદન થાય તે.

૧૫. **નિદ્રા**—જેના ઉદયથી નિદ્રાવસ્થામાંથી સુખે કરીને પ્રતિબોધ (જાગવું) થાય તે.

૧૬. **નિદ્રાનિદ્રા**—જેના ઉદયથી નિદ્રાવસ્થામાંથી દુઃખે કરીને જાગૃત અવસ્થાની પ્રાપ્તિ થાય તે.

૧૭. **પ્રચલા**—જેના ઉદયથી ઉભા અને બેઠા થકાં નિદ્રા આવે તે.

૧૮. **પ્રચલાપ્રચલા**—જેના ઉદયથી ચાલતાં ચાલતાં પણ નિદ્રા આવે તે.

૧૯. **થીણદ્ધિ**[૧]—જેના ઉદયથી જાગૃત અવસ્થામાં ચિંતવેલું કાર્ય રાત્રીએ નિદ્રાવસ્થામાં કરે તે.

૨૦ **નિચગોત્ર**—જેના ઉદયથી ઐશ્વર્યાદિક રહિત નિચ કુલમાં જન્મ થાય તે.

૨૧ **અશાતા વેદનીય**—જેના ઉદયથી શરીરે દુઃખનો અનુભવ થાય તે.

---

૧ વજ્રઋષભનારાચ સંઘયણવાળાને થીણદ્ધિ નિદ્રાના સમયે વાસુદેવથી અર્ધ બળ હોય છે. ચક્રવર્તિ અને વાસુદેવને તે નિદ્રા ન હોય, કારણ કે તેઓનું બળ અધિક છે. બીજા સંઘયણોવાળાને પોતાના સહજ બળથી બમણું ત્રમણું બળ હોય છે. થીણદ્ધિ નિદ્રાના ઉદયે મરનાર જીવ નરકગામી જાણવો. દેવ અને નારકી મરીને નરક ગતિમાં ઉત્પન્ન થતા નથી, તેથી તેઓને તે નિદ્રા ન હોય.

૨૨. **મિથ્યાત્વ મોહનીય**—જેના ઉદયથી વીતરાગના વચનથી વિપરીત શ્રદ્ધા થાય તે.

૨૩-૩૨. **સ્થાવર દશક**—જેના ઉદયથી સ્થાવર આદિ ૧૦ ની પ્રાપ્તિ થાય તે. (તેનું વર્ણન આગળ કહેવાશે.)

૩૩. **નરકગતિ નામ૦**—જેના ઉદયથી નરકમાં ઉત્પન્ન થાય તે.

૩૪. **નરકાનુપૂર્વી નામ૦**—જેના ઉદયથી અન્ય ગતિમાં જતા જીવને નરકની સન્મુખ લઇ જાય તે.

૩૫. **નરકાયુ**—જેના ઉદયથી (આયુષ્યની સ્થિતિ અનુસારે) નારકીમાં રહેવું પડે તે.

૩૬-૩૯. [1]**અનંતાનુબંધી** ૪—ક્રોધ, માન, માયા ને લોભ. જેના ઉદયથી સમ્યકત્વ પ્રાપ્ત ન થાય, ઉત્કૃષ્ટપણે યાવજ્જીવ[2] સુધી રહે ને મરીને તે જીવ નરકગતિ પામે. તેનો ક્રોધ પર્વતની રેખા સમાન છે, માન પાષાણના સ્તંભ સમાન છે, માયા વંશના મૂલ સમાન છે ને લોભ કીરમજના રંગ સમાન છે.

૪૦-૪૩ [3]**અપ્રત્યાખ્યાનીય** ૪—ક્રોધ, માન, માયા ને લોભ. જેના ઉદયથી દેશવિરતિપણું ન પામે, એક વર્ષ સુધી રહે. મરીને તિર્યંચની ગતિમાં જાય. તેનો ક્રોધ સુકાયેલા તળાવની રેખા સમાન, માન હાડકાના સ્તંભ સમાન, માયા મેંઢાના શીંગડા સમાન, અને લોભ ગાડાની મળી સમાન છે.

---

૧. અનંત સંસારની પરંપરાના હેતુ ભૂત.

૨. યાવજ્જીવ અને નરકાદિગતિ એ પ્રાયિક વચન છે.

૩. જેના ઉદયથી થોડું પણ પ્રત્યાખ્યાન ન પામે.

૪૪-૪૭. +**પ્રત્યાખ્યાનીય** ૪—ક્રોધ, માન, માયા ને લોભ. જેના ઉદયથી સર્વવિરતિપણું ન પામે, ચાર માસ સુધી રહે. મરીને મનુષ્યગતિમાં જાય. તેનો ક્રોધ રેતીની રેખા સરખો, માન કાષ્ટના સ્તંભ સરખો, માયા ગોમૂત્ર સરખી, અને લોભ કાજળના રંગ સરખો જાણવો.

૪૮-૫૧. ***સંજ્વલન** ૪-ક્રોધ, માન, માયા ને લોભ. જેના ઉદયથી યથાખ્યાત ચારિત્ર ન પામે, તેની સ્થિતિ એક પક્ષની છે, મરીને દેવગતિમાં જાય. તેનો ક્રોધ જલ-રેખા સમાન છે, માન નેતરની લતા સમાન છે, માયા વંશની છાલ સમાન છે, ને લોભ હલદરના રંગ સમાન છે.

(એવી રીતે સોળ [૧]કષાય થયા, હવે નવ [૨]નોકષાયનું વર્ણન કરે છે.)

૫૨-૫૭. **હાસ્યષટ્ક**—જેના ઉદયથી કોઇ પણ નિમિત્તે અથવા તો નિમિત્ત વિના (ચિંતવવાથી) હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય અને જુગુપ્સા (દુગંછા) થાય તે.

૫૮. **પુરૂષવેદ**—જેના ઉદયથી સ્રી ભોગવવાની ઇચ્છા થાય તે. આ વેદનો ઉદય તૃણના અગ્નિ સરખો જાણવો.

---

+ જેના ઉદયથી સર્વ વિરતિરૂપ પ્રત્યાખ્યાન ન પામે.

* જેના ઉદયથી ચારિત્ર ધારણ કરનારને પણ થોડો કષાય થાય.

૧. કષ=સંસાર+આય=લાભ=સંસારની પરંપરા જેનાથી મળે તે.

૨. કષાયના સહચારી, કષાયની ઉત્પત્તિમાં મદદ કરનાર.

૫૯. **સ્ત્રીવેદ**—જેના ઉદયથી પુરૂષ ભોગવવાની ઈચ્છા થાય તે. આ વેદનો ઉદય બકરીની લીંડીઓના અગ્નિ સરખો જાણવો.

૬૦. **નપુંસકવેદ**—જેના ઉદયથી સ્ત્રી પુરૂષ બન્નેને ભોગવવાની ઈચ્છા થાય તે. આ વેદનો ઉદય નગરના દાહ સમાન જાણવો.

૬૧. **તિર્યંચગતિ નામ૦**—જેના ઉદયથી તિર્યંચમાં ઉત્પન્ન થાય તે.

૬૨. **તિર્યંચાનુપૂર્વી નામ૦**—જેના ઉદયથી અન્ય ગતિમાં વાંકા જતાં જીવને તિર્યંચ ગતિમાં લઇ જાય તે.

૬૩. **એકેન્દ્રિયજાતિ નામ૦**—જેના ઉદયથી એકેન્દ્રિયપણું પ્રાપ્ત થાય તે.

૬૪. **બેઇંદ્રિયજાતિ નામ૦**—જેના ઉદયથી બેઇંદ્રિયપણું પ્રાપ્ત થાય તે.

૬૫. **તેઇંદ્રિયજાતિ નામ૦**—જેના ઉદયથી તેઇંદ્રિયપણું પ્રાપ્ત થાય તે.

૬૬. **ચઉરિંદ્રિયજાતિ નામ૦**—જેના ઉદયથી ચઉરિંદ્રિયપણું પ્રાપ્ત થાય તે.

૬૭. **અશુભ વિહાયોગતિ નામ૦**—જેના ઉદયથી ઉંટ તથા ગધેડાની પેઠે અશુભ [illegible] વાની ગતિ પ્રાપ્ત થાય તે.

૬૮. **ઉપઘાત નામ૦**—[illegible] યથી પોતાના અવયવોવડે પોતે હણાય. જે[illegible] રસોળી, પડજીભી આદિ પ્રાપ્ત થાય તે.

૬૯. **અપ્રશસ્ત વર્ણ નામ૦**—જેના ઉદયથી નીલ તથા કૃષ્ણરૂપ અશુભ વર્ણની પ્રાપ્તિ થાય તે.

૭૦. **અપ્રશસ્ત ગંધ નામ૦**—જેના ઉદયથી દુરભિગંધરૂપ અશુભ ગંધની પ્રાપ્તિ થાય તે.

૭૧. **અપ્રશસ્ત રસ નામ૦**—જેના ઉદયથી તિક્ત તથા કટુકરૂપ અશુભ રસની પ્રાપ્તિ થાય તે.

૭૨. **અપ્રશસ્ત સ્પર્શ નામ૦**-જેના ઉદયથી ભારે,લુખો, ખડબચડો અને શીત સ્પર્શરૂપ અશુભ સ્પર્શની પ્રાપ્તિ થાય તે.

૭૩. **ઋષભનારાચ સંઘયણ નામ૦**—જેના ઉદયથી બે પાસે મર્કટબંધ અને તેની ઉપર પાટો હોય, એવો હાડકાનો બંધ પ્રાપ્ત થાય તે.

૭૪. **નારાચ સંઘયણ નામ૦**—જેના ઉદયથી બન્ને પાસે મર્કટબંધ હોય, એવો હાડકાનો બંધ પ્રાપ્ત થાય તે.

૭૫. **અર્ધનારાચ સંઘયણ નામ૦**—જેના ઉદયથી એક પાસે મર્કટબંધ હોય અને બીજે પાસે ખીલી હોય, એવો હાડકાનો બંધ પ્રાપ્ત થાય તે.

૭૬. **કીલિકા સંઘયણ નામ૦**—જેના ઉદયથી માંહોમાંહે મળેલા હાડકાને ફકત ખીલીનો બંધ હોય તે.

૭૭. **છેવટ્ઠું સંઘયણ નામ૦**-જેના ઉદયથી હાડકાં પરસ્પર અડીને રહેલાં હોય તે, અથવા તેલ ચોળવા વિગેરે સેવાની જરૂરીયાત રાખે તે સેવાર્ત.

૭૮. **ન્યગ્રોધ પરિમંડલ સંસ્થાન નામ૦**-જેના ઉદયથી વડની પેઠે નાભિની ઉપરનું અંગ લક્ષણોપેત હોય તે.

૭૯. **સાદિ સંસ્થાન નામ૦**—જેના ઉદયથી નાભિની નીચેનું અંગ લક્ષણવાળું પ્રાપ્ત થાય અને ઉપરલું અંગ હીન હોય તે.

૮૦. **વામન સંસ્થાન નામ૦**—જેના ઉદયથી ઉદર, હૃદય, ને પીઠ લક્ષણોપેત હોય અને હાથ, પગ, માથું ને ડોક પ્રમાણ હીન હોય તે.

૮૧. **કુબ્જ સંસ્થાન નામ૦**—જેના ઉદયથી હાથ, પગ, માથું ને ડોક પ્રમાણોપેત હોય અને ઉદર, હૃદય ને પીઠ પ્રમાણ હીન હોય તે.

૮૨. **હુંડક સંસ્થાન નામ૦**—જેના ઉદયથી સર્વ અવયવો પ્રમાણ વિનાના હોય તે.

| | | |
|---|---|---|
| થાવર-સ્થાવર. | અસુભ-અશુભ. | થાવર-સ્થાવર. |
| સુહુમ-સૂક્ષ્મ. | દુભગાણિ-દૌર્ભાગ્ય. | |
| અપજ્જં-અપર્યાપ્ત. | દુસ્સર-દુસ્વર. | દસગં--દશક. |
| સાહારણં-સાધારણ. | અણાઇજ્જ-અનાદેય. | વિવજ્જત્થં-વિપરીતાર્થ. |
| અથિરં-અસ્થિર. | અજસં-અયશ. | |

સ્થાવર દશક.

**થાવર સુહુમ અપજ્જં**—સ્થાવર-સૂક્ષ્મ-અપર્યાપ્ત.

**સાહારણ-મથિર-મસુભ-દુભગાણિ**-સાધારણ-અસ્થિર-અશુભ-દૌર્ભાગ્ય.

**દુસ્સર-ણાઈજ્જ-જસં**-દુઃસ્વર-અનાદેય ને અપયશ નામ.

**થાવર દસગં વિવજ્જત્થં ॥ ૨૦ ॥**—એ સ્થાવર દશક (ત્રસ દશકથી) વિપરીત અર્થવાળો છે.

૧. **સ્થાવર નામ૦**—જેના ઉદયથી સ્થાવરપણું પ્રાપ્ત થાય તે.

૨. **સૂક્ષ્મ નામ૦**—જેના ઉદયથી ચર્મચક્ષુને અદૃશ્ય એવા સૂક્ષ્મ દેહપણાની પ્રાપ્તિ થાય તે.

૩. **અપર્યાપ્ત નામ૦**—જેના ઉદયથી પોતાને યોગ્ય પર્યાપ્તિ પૂર્ણ ન કરે તે.

૪. **સાધારણ નામ૦**—જેના ઉદયથી અનંતા જીવ વચ્ચે એક શરીરની પ્રાપ્તિ થાય તે.

૫. **અસ્થિર નામ૦**—જેના ઉદયથી દાંત (લોહી-હોઠ-જીભ) આદિ અસ્થિર પુદ્ગલનો બંધ હોય તે.

૬. **અશુભ નામ૦**—જેના ઉદયથી નાભિની નિચેનું અંગ અંગે અડવાથી અશુભ લાગે તે.

૭. **દૌર્ભાગ્ય નામ૦**—જેના ઉદયથી સર્વ લોકને અપ્રિય લાગે તે.

૮. **દુઃસ્વર નામ૦**—જેના ઉદયથી કાગડા અને ગધેડાની પેઠે ખરાબ સ્વરની પ્રાપ્તિ થાય તે.

૯. **અનાદેય નામ૦**—જેના ઉદયથી લોકમાં વચન માન્ય ન થાય તે.

૧૦. **અયશ નામ૦**—જેના ઉદયથી લોકમાં અપકીર્ત્તિ ફેલાય તે.

| | જ્ઞાના૦ | દર્શના૦ | વેદની૦ | મોહની૦ | આયુષ્ય૦ | નામ૦ | ગોત્ર૦ | અંતરાય૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પાપતત્ત્વમાં | ૫ | ૯ | ૧ | ૨૬ | ૧ | ૩૪ | ૧ | ૫ | ૮૨ |

નામકર્મમાં વર્ણાદિ ૪ પુણ્ય અને પાપ એ બંને તત્ત્વમાં ગણેલા છે.

## પાપ તત્ત્વના પ્રશ્નો.

૧. પાપ શાથી બંધાય ?

૨. પાપ તત્ત્વમાં કયા કયા કર્મની કેટલી પ્રકૃતિ છે ? તે સંખ્યામાં કહો.

૩. થીણદ્ધિ નિદ્રા કોને કહે ? નારકી, દેવતા. ચક્રવર્તિ અને મુનિરાજને તે નિદ્રા હોય કે નહિ ? તે કારણ સાથે કહો.

૪. તિર્યંચનું આયુષ્ય અને ગતિ કયા તત્ત્વમાં છે તે કારણ સહિત જણાવો. ઉ૦ તિર્યંચાયુ પુણ્યતત્ત્વમાં છે કારણ કે તિર્યંચો આયુષ્યને ઇચ્છે છે અને ગતિ પાપતત્ત્વમાં છે કારણ કે તે ગતિમાં કષ્ટ સહન કરવું પડે છે માટે ગતિ ઇચ્છતા નથી.

૫. ન્યગ્રોધ અને શુભ, સાદિ અને અશુભ નામકર્મ તથા ભોગાંતરાય અને ઉપભોગાંતરાયમાં તફાવત કહો.

૬. નીચેના શબ્દોનું વિવેચન કરો.

અવધિ જ્ઞાનાવરણીય–પ્રચલા–નરકાયુ–અપ્રત્યાખ્યાનીય ૪–

ઉપઘાત–અર્ધનારાચ–હુંડક–દૌર્ભાગ્ય–સૂક્ષ્મ ને અનાદેય.

---

## ૫ મું આશ્રવ તત્ત્વ.

| | | |
|---|---|---|
| **ઇંદિય**–ઇંદ્રિયો. (૫) | **પંચ તિન્નિ**–પાંચ ત્રણ. | **ઇમા**–આ. |
| **કસાય**–કષાયો. (૪) | **કમા**–અનુક્રમે. | **તાઓ**–તે (૨૫ ક્રિયાઓ) |
| **અવ્વય**–અવ્રતો (૫) | **કિરિઆઓ**–ક્રિયાઓ. | **અણુક્કમસો**–અનુક્રમે. |
| **જોગા**–યોગો. (૩) | **પણવીસં**–પચીશ. | |
| **પંચ ચઉ**–પાંચ. ચાર. | | |

**ઈંદિઅ કસાય અવ્વય, જોગા પંચ ચઉ પંચ તિન્નિ**

**કમા**—અનુક્રમે ૫ ઇંદ્રિયો, ૪ કષાયો, ૫ અવ્રતો (અને) ૩ યોગો. [ મળી ૧૭ ભેદ અને ]

**કિરિઆઓ પણવીસં**—૨૫ ક્રિયાઓ. ( મળીને ૪૨ ભેદ થયા.

**ઈમા ઉ તાઓ અણુક્કમસો ॥ ૨૧ ॥**—આ [ આગળ કહેવાતી ] તે ૨૫ ક્રિયાઓ અનુક્રમે છે.

મિથ્યાત્વાદિક હેતુએ કરીને કર્મનું આવવું તેને આશ્રવ તત્ત્વ કહે છે. જીવના શુભાશુભ પરિણામ તે **ભાવાશ્રવ**, અને તેને લીધે કર્મનું આવવું તે **દ્રવ્યાશ્રવ**.

**૫.** સ્પર્શનેંદ્રિય, રસનેંદ્રિય, ઘ્રાણેંદ્રિય, ચક્ષુરિંદ્રિય, અને શ્રોત્રેંદ્રિય, એ પાંચ ઇંદ્રિયની અવિરતિ.

**૬-૯.** ક્રોધ[૧] માન[૨] માયા[૩] અને લોભ[૪] એ ચાર કષાય.

**૧૦-૧૪.** પ્રાણાતિપાત,[૫] મૃષાવાદ,[૬] અદત્તાદાન,[૭] મૈથુન,[૮] અને પરિગ્રહ,[૯] એ પાંચ અવ્રત.

**૧૫-૧૭.** મનયોગ,[૧૦] વચનયોગ,[૧૧] અને કાયયોગ,[૧૨] એ ત્રણ યોગ.

---

૧. ગુસ્સો. ૨. અહંકાર. ૩. કપટ. ૪. ધનાદિ વધારે મેળવવાની ઇચ્છા. ૫. પ્રાણનો નાશ. ૬. જુઠું. ૭. ચોરી. ૮. કામભોગ. ૯. વસ્તુના સંગ્રહ ઉપર મમત્વ ભાવ. ૧૦. શુભ અશુભમાં મનને જોડવું. ૧૧. શુભ અશુભમાં વચનને જોડવું. ૧૨. શુભ અશુભમાં કાયાને જોડવી.

**કાઇઅ**–કાયિકી.
**અહિગરણીઆ**–અધિકરણિકી.
**પાઉસિયા**–પ્રાદ્વેષિકી.
**પારિતાવણી**–પારિતાપનિકી.
**કિરિયા**–ક્રિયા.
**પાણાઇવાય**–પ્રાણાતિપાતિકી.
**રંભિય**–આરંભિકી.
**પરિગ્ગહિયા**-પરિગ્રહિકી.
**માયવત્તી ય**–અને માયા પ્રત્યયિકી.

**મિચ્છાદંસણવત્તી**–મિથ્યાદર્શન પ્રત્યયિકી.
**અપચ્ચક્ખાણાય**–અપ્રત્યાખ્યાનિકી.
**દિટ્ઠિ**–દૃષ્ટિકી.
**પુટ્ઠીઅ**–સ્પૃષ્ટિકી કે પૃચ્છિકી.
**પાડુચ્ચિઅ**–પ્રાતિત્યકી.
**સામંતોવણીઅ**–સામંતોપનિપાતિકી.
**નેસત્થિ**–નૈશસ્ત્રિકી.
**સાહત્થી**-સ્વાહસ્તિકી.

**આણવણિ**–આજ્ઞાપનિકી. આનયનિકી.
**વિઆરણિઆ**–વિદારણિકી.
**અણભોગા**–અનાભોગિકી.
**અણવકંખપચ્ચઇઆ**-અનવકાંક્ષા પ્રત્યયિકી.
**અન્ના**–બીજી.
**પઓગ**–પ્રાયોગિકી.
**સમુદાણ**-સમાદાનિકી.
**પિજ્જ**–પ્રેમિકી.
**દોસ**–દ્વેષિકી.
**ઇરિયાવહિઆ**—ઇર્યા પથિકી.

**કાઇઅ અહિગરણીઆ**—કાયિકી––અધિકરણિકી.

**પાઉસિયા પારિતાવણી કિરિયા**—પ્રાદ્વેષિકી–પારિતાપનિકી ક્રિયા.

**પાણાઇવાય રંભિઅ**—પ્રાણાતિપાતિકી–આરંભિકી.

**પરિગ્ગહિયા માયવત્તી ય ।। ૨૨ ।।**—પરિગ્રહિકી ને માયા પ્રત્યયિકી.

**મિચ્છા–દંસણ–વત્તી**—મિથ્યાદર્શન પ્રત્યયિકી.

**અપચ્ચક્ખાણા ય દિટ્ઠિ પુટ્ઠી અ**—અપ્રત્યાખ્યાનિકી–દૃષ્ટિકી ને સ્પૃષ્ટિકી.

**પાડુચ્ચિઅ સામંતો, વણીઅ**—પ્રાતિત્યકી–સામંતોપનિપાતિકી.

**નેસત્થિ સાહત્થી ॥ ૨૩ ॥**—નૈશસ્ત્રિકી અને સ્વાહસ્તિકી.

**આણવણિ વિઆરણિઆ**—આનયનિકી [ આજ્ઞાપનિકી ], વિદારણિકી.

**અણભોગા અણવકંખ પચ્ચઈઆ**—અનાભોગિકી-અનવકાંક્ષા પ્રત્યયિકી.

**અન્ના પઓગ સમુદાણ**—બીજી પ્રાયોગિકી-સમાદાનિકી.

**પિજ્જ દોસેરિયાવહિઆ ॥ ૨૪ ॥**—પ્રેમિકી, દ્વેષિકી, ઇર્યાપથિકી.

## પચ્ચીશ ક્રિયાઓ.

૧. **કાયિકી ક્રિયા**-કાયાને અયતનાએ પ્રવર્તાવતાં જે ક્રિયા લાગે તે.

૨. **અધિકરણિકી ક્રિયા**—ઘંટી આદિ અધિકરણે કરી જીવોને હણવાથી જે ક્રિયા લાગે તે.

૩. **પ્રાદ્વેષિકી ક્રિયા**—જીવ અને અજીવ ઉપર દ્વેષ કરવાથી જે ક્રિયા લાગે તે.

૪. **પારિતાપનિકી ક્રિયા**—પોતાને અને પરને પરિતાપ ઉપજાવવાથી જે ક્રિયા લાગે તે.

૫. **પ્રાણાતિપાતિકી ક્રિયા**—એકેંદ્રિયાદિક જીવને હણવા હણાવવાથી જે ક્રિયા લાગે તે.

૬. **આરંભિકી ક્રિયા**—ખેતી આદિક આરંભ કરવા કરાવવાથી જે ક્રિયા લાગે તે.

૭. **પરિગ્રહિકી ક્રિયા**—ધન ધાન્યાદિક મેળવતાં અને તેના ઉપર મૂર્છા રાખતાં જે ક્રિયા લાગે તે.

૮. **માયાપ્રત્યયિકી ક્રિયા**—કપટ વડે અન્યને છેતરવાથી જે ક્રિયા લાગે તે.

૯. **મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા**—જિન વચનની અશ્રદ્ધા કરવાથી તથા વિપરીત પ્રરૂપણા કરવાથી જે ક્રિયા લાગે તે.

૧૦. **અપ્રત્યાખ્યાનિકી ક્રિયા**—અવિરતિએ કરી (પચ્ચક્ખાણ નહિ કરવાથી) જે સર્વ વસ્તુની ક્રિયા લાગે તે.

૧૧. **દૃષ્ટિકી ક્રિયા**—કૌતુકે કરીને અશ્વ પ્રમુખ જોવાથી જે ક્રિયા લાગે તે.

૧૨. **સ્પૃષ્ટિકી કે પૃચ્છિકી ક્રિયા**–રાગાદિકના વશે કરી સ્ત્રી, પુરૂષ, સુકુમાળ વસ્તુ વિગેરેને સ્પર્શ કરવાથી જે ક્રિયા લાગે તે. અથવા રાગાદિકથી પૂછવા વડે જે ક્રિયા લાગે તે પૃચ્છિકી ક્રિયા.

૧૩. **પ્રાતિત્યકી ક્રિયા**—બીજાને ઘેર હસ્તી ઘોડા વિગેરે દેખી ઈર્ષા કરવાથી જે ક્રિયા લાગે તે.

૧૪. **સામંતોપનિપાતિકી ક્રિયા**—પોતાના ઘોડા પ્રમુખને જોવા આવેલા લોકોને પ્રશંસા કરતા સાંભળી હર્ષ ધારણ કરવાથી જે ક્રિયા લાગે તે, અથવા ઘી તેલ વિગેરેનાં ભાજન ઉઘાડાં મૂકવાથી જે ક્રિયા લાગે તે.

૧૫. **નૈસૃષ્ટિકી ક્રિયા**—રાજાદિકના આદેશે યંત્ર, શસ્ત્રાદિ ઘડાવવાથી જે ક્રિયા લાગે તે.

૧૬. **સ્વાહસ્તિકી ક્રિયા**—નોકરને કરવા યોગ્ય કાર્ય અભિમાનથી પોતાના હાથે કરવાથી જે ક્રિયા લાગે તે.

૧૭. **આનયનિકી કે આજ્ઞાપનિકી ક્રિયા**–જીવ પાસે કાંઇ મંગાવવાથી જે ક્રિયા લાગે તે. અથવા જીવ અજીવને આજ્ઞા કરવાથી જે ક્રિયા લાગે તે આજ્ઞાપનિકી ક્રિયા.

૧૮. **વિદારણિકી ક્રિયા**—જીવ અજીવને વિદારણ કરવાથી જે ક્રિયા લાગે તે, અથવા તો કોઈનાં અછતાં દુષણ પ્રકાશ કરી તેની માન પૂજાનો નાશ કરવાથી જે ક્રિયા લાગે તે. (અને અન્યને ઠગવાથી જે ક્રિયા લાગે તે વૈતારણિકી ક્રિયા.)

૧૯. **અનાભોગિકી ક્રિયા**—ઉપયોગ વિના શુન્યપણાથી ઉઠતાં, બેસતાં, કે ગમનાદિક કરતાં જે ક્રિયા લાગે તે.

૨૦ **અનવકાંક્ષા પ્રત્યયિકી ક્રિયા**—આલોક અને પરલોક વિરૂદ્ધ કાર્ય કરવું. (અથવા વીતરાગે કહેલી વિધિમાં અનાદર કરવાથી જે ક્રિયા લાગે તે.)

૨૧. **પ્રાયોગિકી ક્રિયા**—મન, વચન અને કાયાના અશુભ વ્યાપારથી જે ક્રિયા લાગે તે.

૨૨. **સમાદાનિકી ક્રિયા**—કોઈપણ એવી પાપરૂપ ક્રિયા કરે, કે જેથી આઠે કર્મનું સમુદાયપણે ગ્રહણ થાય તે. (અથવા ફાંસીના લાકડે ચઢાવાતા માણસને જોવા જનારા તમામને જે ક્રિયા લાગે તે.)

૨૩. **પ્રેમિકી ક્રિયા**—માયા તથા લોભવડે પરને પ્રેમ ઉપજાવવાથી જે ક્રિયા લાગે તે.

૨૪. **દ્વેષિકી ક્રિયા**—ક્રોધ અને માનથી એવાં ગર્વિત વચન બોલે કે જેથી અન્યને દ્વેષ ઉત્પન્ન થાય તે.

૨૫. **ઈર્યાપથિકી ક્રિયા**—કેવળીને માત્ર યોગવડે બે સમયનો બંધ થાય તે. અથવા તો ચાલતાં પાપ લાગે તે.

### આશ્રવ તત્ત્વના પ્રશ્નો.

૧. આશ્રવ તત્ત્વના ૪૨ ભેદ સંક્ષેપથી ગાથા ઉપરથી કહો.

૨. દ્રવ્યાશ્રવ અને ભાવાશ્રવ એટલે શું ?

૩. નીચેની ક્રિયાઓનો અર્થ કહો.
પ્રાદ્વેષિકી, આરંભિકી, પૃચ્છિકી, પ્રાતિત્યકી,સામંતોપનિપાતિકી, સ્વાહસ્તિકી, અનાભોગિકી, અનવકાંક્ષા પ્રત્યયિકી, સમાદાનિકી, ઇર્યાપથિકી.

---

## ૬ ઠું સંવર તત્ત્વ.

| | | |
|---|---|---|
| **સમિઇ**—સમિતિ. | **ભાવણા**—ભાવના. | **દસ બારસ**—દશ,બાર. |
| **ગુત્તિ**—ગુપ્તિ. | **ચરિત્તાણિ**—ચારિત્ર. | **પંચ**—પાંચ. |
| **પરિસહ**—પરિષહ. | **પણ તિ**—પાંચ. ત્રણ. | **ભેએહિં**—ભેદો વડે. |
| **જઇધમ્મો**—યતિધર્મ. | **દુવીસ**—બાવીશ. | **સગવન્ના**—સત્તાવન. |

### સંવર તત્ત્વના ૫૭ ભેદ.

**સમિઇ ગુત્તિ પરિસહ**—સમિતિ, ગુપ્તિ, પરિષહ.

**જઇધમ્મો ભાવણા ચરિત્તાણિ**—યતિધર્મ, ભાવના ને ચારિત્ર. [એના અનુક્રમે]

**પણ તિ દુવીસ દસ બારસ**—૫ (સમિતિ), ૩ (ગુપ્તિ), ૨૨ [પરિષહ], ૧૦ [યતિધર્મ], ૧૨ [ભાવના], અને

**પંચ ભેએહિં સગવન્ના ॥૨૫॥**—૫ [ચારિત્રના] ભેદો વડે સંવરના ૫૭ ભેદ થાય છે.

કર્મના હેતુભૂત મિથ્યાત્વાદિકને રોકવાં, તેને સંવર-તત્ત્વ કહે છે. તે બે પ્રકારે છે–ભાવસંવર અને દ્રવ્યસંવર. તેમાં **ભાવસંવર** તે કર્મને રોકવા સમર્થ જે આત્માના શુભ પરિણામ તે, અને તે નિમિત્તે કર્મદલનું રોકાવું તેને **દ્રવ્યસંવર** કહે છે.

૧. **સમિતિ**—સમ્યક્ ઉપયોગ પૂર્વક પ્રવૃત્તિ કરવી તે.

૨. **ગુપ્તિ**—અશુભ મન વચન અને કાયયોગોને રોકવા, અને શુભ મન વચન ને કાયયોગોને પ્રવર્તાવવા.

૩. **પરિષહ**—મોક્ષમાર્ગમાં સ્થિર કરવા માટે અને કર્મની નિર્જરાને માટે સમ્યક્ પ્રકારે સહન કરવું તે.

૪. **યતિ ધર્મ**—ક્રોધાદિ વિભાવ દશામાં પડતા જીવને શુદ્ધ આત્મદશામાં ધારણ કરવા તે.

૫. **ભાવના**—સંવેગ ( મોક્ષ પ્રાપ્ત કરવાની ઇચ્છા ) અને વૈરાગ્ય ( સંસાર ઉપર રાગ ન કરવો તે ) ને માટે વિચારણા કરવી તે.

૬. **ચારિત્ર**—હિંસાદિ સાવદ્ય યોગ થકી વિરમી, શુદ્ધ આત્મદશામાં સ્થિરતા કરવી તે.

**ઇરિયા**–ઇર્યા સમિતિ.
**ભાસા**–ભાષા સમિતિ.
**એસણા**–એષણા સમિતિ.
**આદાણે**–આદાન નિક્ષેપણા સમિતિ.
**ઉચ્ચારે**–પારિષ્ઠાપનિકા.
**સમિઈ**–સમિતિ.
**સુ**–સારી. ભલી.
**મણગુત્તિ**–મનગુપ્તિ.
**વયગુત્તિ**–વચનગુપ્તિ.
**કાયગુત્તિ**–કાયગુપ્તિ.
**તહેવ**–તેમજ.

## પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ.

**ઈરિયા-ભાસે-સણા-દાણે**—ઈર્યાસમિતિ-ભાષાસમિતિ-એષણા સમિતિ-આદાનભંડમત્ત નિક્ખેવણા સમિતિ.

**ઉચ્ચારે સમિઇ સુ અ**—પારિષ્ઠાપનિકા (એ પાંચે) સમિતિ સારી છે.

**મણગુત્તિ વયગુત્તિ**—મનગુપ્તિ-વચનગુપ્તિ.

**કાયગુત્તિ તહેવ ય ॥૨૬॥**—અને તેમજ કાયગુપ્તિ. [એ આઠ પ્રવચન માતા કહેવાય છે.]

૧. **ઈર્યા સમિતિ**[1]—ધુંસરા પ્રમાણ ભૂમિકા જોઇને ચાલવું તે.

૨. **ભાષા સમિતિ**—હિત, મિત, શંસય રહિત અને દોષ રહિત વચન બોલવું તે.

૩. **એષણા સમિતિ**—૪૨ દોષ ટાલીને અન્ન, વસ્ત્ર પાત્ર આદિ ગ્રહણ કરવાં તે.

૪. **આદાન નિક્ષેપણા સમિતિ**—વસ્ત્ર પાત્ર વિગેરે જોઇ, તે પછી રજોહરણથી પ્રમાર્જીને લેવું તથા મૂકવું તે.

૫. **પારિષ્ઠાપનિકા સમિતિ**—જીવોથી રહિત ભૂમિ જોઇને તથા પૂંજીને મળ મૂત્ર આદિકનો ત્યાગ કરવો તે.

૧. **મનોગુપ્તિ**—અશુભ સંકલ્પનો ત્યાગ કરવો ને શુભ સંકલ્પ (વિચાર) કરવા. અથવા શુભ કે અશુભ બન્ને પ્રકારના સંકલ્પનો ત્યાગ કરવો તે.

૨. **વચન ગુપ્તિ**—ખપ પૂરતું પાપ રહિત વચન બોલવું તે. અથવા તો સર્વથા મૌન ધારણ કરવું તે.

---

૧. સમિતિ-આર્હત ધર્મને અનુસારે સમ્યક્ પ્રકારની ચેષ્ટા.

૩. **કાય ગુપ્તિ***—સૂવું, બેસવું, જવું, આવવું, ઈત્યાદિ ક્રિયાને વિષે કાયાના વ્યાપારનો નિયમ કરવો અથવા સર્વથા કાયયોગનો રોધ કરવો તે.

આ આઠે, ચારિત્રનો નિર્વાહ કરવામાં માતા સમાન હોવાથી તેને અષ્ટ પ્રવચન માતા કહેવામાં આવે છે.

| | | |
|---|---|---|
| **ખુહા**–ક્ષુધા. ભૂખ. | **ચરિઆ**–ચર્યા. | **મલ**–મલ. મૅલ. |
| **પિવાસા**–પિપાસા. તરસ. | **નિસીહિયા**-નૈષેધિકી. | **સક્કાર**-સત્કાર. |
| **સી**–શીત. ટાઢ. | **સિજ્જા**–શય્યા. | **પરિસહા**--પરિષહ. |
| **ઉણ્હં**-ઉષ્ણ. તાપ. | **અક્કોસ**–આક્રોશ. | **પન્ના**–પ્રજ્ઞા. |
| **દંસા**–દંશ. | **વહ**–વધ. | **અન્નાણ**–અજ્ઞાન. |
| **અચેલ**–અચેલક. | **જાયણા**–યાચના. | **સમ્મત્તં**-સમ્યક્ત્વ. |
| **અરઈ**–અરતિ. | **અલાભ**–અલાભ. | **ઈઅ**–એ પ્રમાણે. |
| **ઈત્થિઓ**–સ્ત્રી. | **રોગ**–રોગ. | **બાવીસ**–બાવીશ. |
| | **તણફાસા**–તૃણસ્પર્શ. | **પરિસહા**–પરિષહ. |

**બાવીશ પરિષહ.**

**ખુહા પિવાસા સી** ઉણ્હં—ક્ષુધા [ભૂખ] પરિષહ–તૃષા (તરસ) પરિષહ–શીત પરિષહ–ઉષ્ણ પરિષહ.

**દંસા-ચેલા-રઈ-ત્થિઓ**—દંશ [ડંખ] પરિષહ–અચેલક (જીર્ણ વસ્ત્ર) પરિષહ—અરતિ પરિષહ–સ્ત્રીપરિષહ.

**ચરિઆ નિસીહિયા સિજ્જા**—ચર્યા [ચાલવાનો] પરિષહ, નૈષેધિકી (જવા આવવાના નિષેધરૂપ) પરિષહ–શય્યા પરિષહ.

**અક્કોસ વહ જાયણા ॥ ૨૭ ॥**—આક્રોશ પરિષહ, વધ પરિષહ, યાચના પરિષહ.

---

* ગુપ્તિ–સમ્યક્ પ્રકારે યોગનો નિગ્રહ કરવો તે.

**અલાભ રોગ તણુફાસા**—અલાભ પરિષહ, રોગ પરિષહ, તૃણુ સ્પર્શ પરિષહ.

**મલ સક્કાર પરિસહા**—મલ [મેલ] પરિષહ, સત્કાર પરિષહ.

**પન્ના અન્નાણુ સમ્મત્તં**—પ્રજ્ઞા (જ્ઞાન) પરિષહ, અજ્ઞાન પરિષહ, સમ્યક્ત્વ પરિષહ,

**ઇઅ બાવીસ પરિસહા ॥ ૨૮ ॥**--એ પ્રમાણે બાવીશ પરિષહો છે.

સમ્યગ્ દર્શનાદિ માર્ગથી ભ્રષ્ટ નહિ થવા માટે તથા કર્મની નિર્જરાને માટે જે સમભાવે સહન કરવા યોગ્ય છે. તેને પરિષહ કહે છે. તે બાવીશ છે.

૧. **ક્ષુધા પરિસહ**--ગમે તેવી ભૂખ લાગે, તોપણુ દોષવાળા આહારની ઇચ્છા ન કરતાં ભૂખથી ઉત્પન્ન થતી વેદનાને સમભાવે સહન કરવી તે.

૨. **પીપાસા પરિસહ**--ગમે તેવી તૃષા લાગે તો પણુ દોષવાળા સચિત્ત જલની ઇચ્છા ન કરતાં તૃષાને સહન કરવી તે.

૩. **શીત પરિસહ**--ટાઢથી થતી વેદનાને સહન કરવી તે.

૪. ઉષ્ણુ **પરિસહ**—તાપથી થતી વેદનાને સહન કરવી તે.

૫. **દંશ પરિસહ**--જૂ માંકડ આદિના ડંખને સમભાવે સહન કરવો તે.

૬. **અચેલક પરિસહ**—નવાં અને સારાં વસ્રને અભાવે ખેદ ન કરતાં, જુનાં અને મેલાં વસ્રથી ઉદ્વેગ ન કરવો તે.

૭ **અરતિ પરિસહ**--રોગાદિકના સદ્ભાવે મનમાં અરતિ ધારણ ન કરતાં, એ પૂર્વકૃત કર્મનું ફળ છે, એમ જાણી સમ પરિણામમાં રહેવું તે.

૮. **સ્ત્રી પરિસહ**—સ્ત્રીના હાવભાવ જોઈને તેના ઉપર મોહ ન કરતાં તે દુર્ગતિની હેતુ છે, એમ ચિંતવી મનને સ્થિર કરવું તે.

૯. **ચર્યા પરિસહ**—ગામોગામ અપ્રતિબદ્ધ વિહાર કરવો તે.

૧૦. **નૈષેધિકી પરિસહ**—શ્મશાન પ્રમુખમાં કાઉસ્સગ્ગ ધ્યાને રહેતાં વ્યાઘ્રાદિકના ભયથી ડરવું નહિ તે.

૧૧. **શય્યા પરિસહ**--ઉંચી નીચી ભૂમિ ઉપર સંથારો કરવાથી ઉત્પન્ન થતા દુઃખને સમ્યક્ પ્રકારે સહન કરવું તે.

૧૨. **આક્રોશ પરિષહ**—કોઈ આક્રોશનાં વચન કહે, તો તેના ઉપર દ્વેષ ન કરતાં સમ પરિણામમાં રહેવું તે. ( દ્રઢ પ્રહારીની જેમ. )

૧૩. **વધ પરિસહ**—કોઇ વધ કરે તો તે કરનાર ઉપર દ્વેષ ન કરતાં સમ પરિણામમાં રહેવું તે. ( સ્કંધક સૂરિના શિષ્યોની જેમ. )

૧૪. **યાચના પરિસહ**—ચક્રવર્ત્યાદિ પણ સંયમ લઇને ભિક્ષા લેવા જતાં લજ્જા ન પામે તે.

૧૫. **અલાભ પરિસહ**—ગૃહસ્થને ત્યાં કાંઇ પણ ચીજ લેવા જતાં મળે નહિ, તો તેથી ઉદ્વેગ ન કરે તે. ( ઢંઢણકુમારની જેમ. )

૧૬. **રોગ પરિસહ**--રોગ થકી ઉત્પન્ન થયેલી વેદનાને સમ્યક્ પ્રકારે સહન કરે તે. ( સનત્કુમારની જેમ. )

૧૭. **તૃણ સ્પર્શ પરિસહ**--ડાભની શય્યાએ સૂતાં, તેના અગ્ર ભાગ લાગવાથી ઉદ્વેગ ધારણ ન કરે તે.

૧૮. **મલ પરિસહ**—પરસેવો મેલ વિગેરે શરીર ઉપર ચડવાથી ગંધાય, તેથી ઉદ્વેગ ધારણ ન કરે તે.

૧૯. **સત્કાર પરિસહ**—માન સત્કાર થવાથી મનમાં અભિમાન ન આણે તે.

૨૦. **પ્રજ્ઞા પરિસહ**--વિશેષ શ્રુતનો જાણ હોય, તેથી પૂછેલા પ્રશ્નનો જવાબ દેવાની શકિત હોવાથી, લોકો બહુ માન કરે, તે દેખી ગર્વ ધારણ ન કરે તે.

૨૧. **અજ્ઞાન પરિસહ**—પોતે ભણે પણ ન આવડે, તેથી મનમાં દીનતા ધારણ ન કરે, પણ એમ વિચારે કે મારે જ્ઞાનાવરણીય કર્મનો ઉદય છે, તે તપ અનુષ્ઠાનથી દૂર થશે.

૨૨. **સમ્યક્ત્વ પરિસહ**—શાસ્ત્રની સૂક્ષ્મ વાતની સમજણ ન પડવાથી એ સાચું હશે ? કે જુઠું હશે ? એવી શંકા ન આણે તે. ( એટલે કે વીતરાગે કહેલ તે સાચું જ છે, એ પ્રકારે શ્રદ્ધા રાખે તે. )

## એક સમયે વધુમાં વધુ પરિષહો.

એ ૨૨ પરિષહોમાંથી એક મનુષ્યને શીત અને ઉષ્ણમાંથી એક હોય અને ચર્યા, નિષદ્યા (નૈષેધિકી) તથા શય્યા એ ત્રણમાંથી એક પરિષહ ૧ સમયે હોય, કારણકે એક બીજાથી પરસ્પર વિરોધી છે, માટે એમાંથી ૩ પરિષહો ઓછા કરતાં ૧૯ પરિષહો ૧ સમયે ૧ મનુષ્યને વધુમાં વધુ હોય.

## પરિષહોમાં કર્મોદય, ગુણસ્થાનક તથા અનુકુલાદિનું કોષ્ટક.

| પરિષહોનાં નામ. | કયા કર્મના ઉદયથી. | કયે ગુણસ્થાનકે. | અનુકૂલ[1] | પ્રતિકૂલ[2] | રાગ[3] | દ્વેષ[4] |
|---|---|---|---|---|---|---|
| સમ્યક્ત્વ પરિષહ. | દર્શન મોહનીય | ૧થી૭ સુધી | નથી | છે | નથી | છે |
| અચેલક. | જુગુપ્સા ,, | ૧થી૯ સુધી | × | ,, | × | ,, |
| અરતિ. | અરતિ ,, | ,, | × | ,, | × | ,, |
| સ્ત્રી. | પુરૂષવેદ ,, | ,, | છે | × | છે | × |
| નૈષેધિકી. | ભય ,, | ,, | × | છે | × | છે |
| આક્રોશ. | ક્રોધ ,, | ,, | × | ,, | × | ,, |
| યાચના. | માન ,, | ,, | × | ,, | × | ,, |
| સત્કાર. | લોભ ,, | ,, | છે | × | છે | × |
| પ્રજ્ઞા. | જ્ઞાનાવરણીય. | ૧થી૧૨ સુધી | છે | × | × | છે |
| અજ્ઞાન. | ,, | ,, | × | છે | × | ,, |
| અલાભ. | લાભાંતરાય. | ,, | × | ,, | × | ,, |
| ક્ષુધા-પીપાસા-શીત ઉષ્ણ-દંશ-ચર્યા. શય્યા-મલ-વધ. રોગ-તૃણસ્પર્શ. | અશાતા વેદનીય. | ૧થી૧૩ સુધી | છે | ,, | × | ,, |

૧. ચિત્તને ક્ષોભ કર્યા વિના વેદાય તે. ૨. ચિત્તને ક્ષોભ ઉત્પન્ન કરે તે. ૩. રાગ ઉત્પન્ન કરે તે. ૪. દ્વેષ ઉત્પન્ન કરે તે.

| | | |
|---|---|---|
| ખંતી–ક્ષમા. | તવ–તપ. | સોઅં–શૌચ. |
| મદ્દવ–માર્દવ.નમ્રતા. | સંજમે–સંયમ. | આકિંચણું–અકિંચનત્વ. |
| અજ્જવ–સરળતા. | બોધવ્વે–જાણવા. | બંભં–બ્રહ્મચર્ય. |
| મુત્તી–મુક્તિ. નિર્લોભતા. | સચ્ચં–સત્ય. | જઇધમ્મો–યતિધર્મ. |

૧૦ પ્રકારનો યતિ ધર્મ.

**ખંતી મદ્દવ અજ્જવ**—ક્ષમા, માર્દવ (નમ્રતા), આર્જવ (સરળતા) ધર્મ.

**મુત્તી તવ સંજમે અ બોધવ્વે**—મુક્તિ ( નિર્લોભતા ), તપ અને સંયમ ધર્મ જાણવો.

**સચ્ચં સોઅં આકિંચણું ચ**—સત્ય, શૌચ (પવિત્રતા), અકિંચનત્વ (પરિગ્રહ રહિતપણું) અને

**બંભં ચ જઇધમ્મો ॥ ૨૯ ॥**—બ્રહ્મચર્ય એ ૧૦ પ્રકારે સાધુ ધર્મ છે.

૧. **ક્ષમા ધર્મ**—ક્રોધનો અભાવ ( ક્ષમા. )
૨. **માર્દવ ધર્મ**—માનનો અભાવ ( નમ્રતા. )
૩. **આર્જવ ધર્મ**—કપટ રહિતપણું ( સરળતા. )
૪. **મુક્તિ ધર્મ**—નિર્લોભતા.
૫. **તપ ધર્મ**—ઇચ્છાનો રોધ કરવો.
૬. **સંયમ ધર્મ**—પ્રાણાતિપાતાદિ પાંચનું વિરમણ, પાંચ ઇંદ્રિયોનો નિગ્રહ, ચાર કષાયનો જય, ને ત્રણ દંડની નિવૃત્તિ. એ સત્તર પ્રકારે સંયમ ધર્મ જાણવો.
૭. **સત્ય ધર્મ**—સાચું બોલવું.
૮. **શૌચ ધર્મ**—પગ વિગેરે અવયવ શુદ્ધ રાખવા તથા બેંતાલીશ દોષ રહિત આહાર પાણી લેવો તે દ્રવ્ય-

શૌચ, અને આત્માના શુદ્ધ પરિણામ રાખવા તે ભાવ શૌચ.

૯. **અકિંચનત્વ ધર્મ**—સમગ્ર પરિગ્રહ ઉપરથી મૂર્છાનો ત્યાગ કરવો.

૧૦. **બ્રહ્મચર્ય ધર્મ**—નવ પ્રકારે ઔદારિક ને નવ પ્રકારે વૈક્રિય સંબંધી મૈથુનનો ત્યાગ કરવો તે.

| | | |
|---|---|---|
| **પઢમં**–પ્રથમ. | **સંવરો**–સંવર. | **ધમ્મસ્સ**–ધર્મના. |
| **અણિચ્ચં**–અનિત્ય. | **તહ**–તેમજ. | **સાહુગા**–સાધક. |
| **અસરણં**–અશરણ. | **નિજ્જરા**–નિર્જરા. | **અરિહા**–અરિહંત. |
| **સંસારો**–સંસાર. | **નવમી**–નવમી. | **એઆઓ**–એ. |
| **એગયા**–એકત્વ. | **લોગસહાવો**–લોક-સ્વભાવ. | **ભાવણાઓ**–ભાવનાઓ. |
| **અન્નત્તં**–અન્યત્વ. | | |
| **અસુઇત્તં**–અશુચિત્વ. | **બોહી**–બોધિ. | **ભાવેયવ્વા**–ભાવવી. |
| **આસવ**–આશ્રવ. | **દુલ્લહા**–દુર્લભ. | **પયત્તેણં**–પ્રયત્ન વડે. |

**બાર ભાવના.**

**પઢમ-મણિચ્ચ-મસરણં**—પહેલી અનિત્ય ભાવના, ૨ જી અશરણ ભાવના.

**સંસારો એગયા ય અન્નત્તં**—૩ જી સંસારભાવના, ૪ થી એકત્વ [ એકલાપણાની ] ભાવના અને ૫ મી અન્યત્વ ( જુદાપણાની ) ભાવના.

**અસુઇત્તં આસવ**—૬ઠ્ઠી અશુચિત્વ ભાવના, ૭મી આશ્રવ ભાવના.

**સંવરો ય તહ નિજ્જરા નવમી ॥૩૦॥**—૮મી સંવર ભાવના અને તેમજ ૯મી નિર્જરા ભાવના.

**लोगसहावो बोही**—१० मी लोक (१४ राजलोकनो) स्वभाव, ११मी बोधि ( सम्यक्त्व प्राप्ति ) दुर्लभ.

**दुल्लहा धम्मस्स साहगा अरिहा**—१२मी धर्मना साधक अरिहंत पामवा दुर्लभ (धर्म भावना).

**एआओ भावणाओ**—ए (१२) भावनाओ.

**भावेअव्वा पयत्तेणं ॥ ३१ ॥**—प्रयत्न वडे भाववी.

१. **अनित्य भावना**—आ संसारमां शरीर, धन, धान्य, कुटुंब, आदि सर्व वस्तुओ अनित्य छे, एवुं चिन्तववुं ते.

२. **अशरण भावना**—( माणसो विनाना अरण्यमां क्षुधा पामेल बलवान सिंहना हाथमां पकडायेल मृगलाने कोइनुं शरणुं होतुं नथी. तेवीज रीते ) जन्म, मरण आदि व्याधिए पीडित जीवने आ संसारमां धर्म शिवाय कोईनुं शरण नथी, एवुं चिन्तववुं ते.

३. **संसार भावना**—आ अनादि अनंत संसारमां स्वजन अने परजननी कोइ पण प्रकारनी व्यवस्था नथी. माता मरीने स्त्री थाय; स्त्री मरीने माता थाय; पिता मरीने पुत्र थाय; पुत्र मरीने पिता थाय; एवी रीते संसारनी विचित्रता भाववी ते.

४. **एकत्व भावना**—जीव एकलो ज उत्पन्न थाय छे, ने एकलो ज मृत्यु पामे छे; एकलो ज कर्म बांधे छे अने एकलोज कर्म भोगवे छे. इत्यादि चिन्तववुं ते.

५. **अन्यत्व भावना**—हुं ( आत्मा ) शरीर थकी भिन्न छुं, शरीर अनित्य छे, ने हुं नित्य छुं; शरीर जड छे, ने हुं चेतन छुं. ए प्रकारे चिन्तववुं ते.

૬. **અશુચિત્વ ભાવના**—આ શરીર અપવિત્ર છે, કારણ કે આ શરીરનું આદિ કારણ શુક્ર છે, ને પછીનું કારણ આહારાદિકનો પરિણામ છે. તે બંને અત્યંત અપવિત્ર છે; નગરના ખાળની પેઠે પુરૂષના નવ દ્વારમાંથી ને સ્ત્રીના બાર દ્વારમાંથી નિરંતર અશુચિ વહ્યા કરે છે, એવું ચિન્તવવું તે.

૭. **આશ્રવ ભાવના**—મિથ્યાત્વાદિકે કરીને કર્મનું આવવું થાય છે, તેથી આત્મા મલિન થાય છે; દયા દાનાદિકે શુભ કર્મ બંધાય છે, અને વિષય કષાયાદિકે અશુભ કર્મ બંધાય છે; એવું ચિન્તવવું તે.

૮. **સંવર ભાવના**—સમિતિ ગુપ્તિ આદિ પાળવાથી આશ્રવનો રોધ થાય છે, એવું ચિન્તવવું તે.

૯. **નિર્જરા ભાવના**—બાર પ્રકારના તપ વડે કર્મનો ધીમે ધીમે ક્ષય થાય છે, એવું ચિન્તવવું તે.

૧૦. **લોક સ્વભાવ ભાવના**—કેડ ઉપર હાથ મૂકી, પગ પહોળા કરી, ઉભા રહેલ પુરૂષના આકારે ધર્માસ્તિકાયાદિ છ દ્રવ્યથી પૂર્ણ, એવા આ ચૌદ રાજલોકનું ઉત્પત્તિ સ્થિતિ અને નાશના સ્વભાવવાળું સ્વરૂપ વિચારવું તે.

૧૧. **બોધિ દુર્લભ ભાવના**—આ અનાદિ સંસારને વિષે નરકાદિક ગતિમાં ભ્રમણ કરતાં, અકામ નિર્જરા વડે પુન્યના ઉદયથી મનુષ્ય જન્મ, આર્ય દેશ, ઉત્તમ કુળ, નિરોગી કાયા, ધર્મ શ્રવણની સામગ્રી ઇત્યાદિ

પામી શકાય છે, પરંતુ જીવને સમ્યગ્ દર્શન પામવું અતિ દુર્લભ છે; એવું ચિન્તવવું તે.

૧૨. **ધર્મભાવના**—દુસ્તર સંસાર સમુદ્રમાં તારવાને વહાણ સમાન શ્રી વીતરાગ પ્રણીત શુદ્ધ ધર્મ પામવો અતિ દુર્લભ છે, તથા ધર્મના સાધક અરિહંતાદિનો યોગ પણ પામવો અતિ દુર્લભ છે, એવું ચિંતવવું તે.

આ બાર ભાવના ઉપરાંત મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય એ ૪ ભાવનાઓ તથા દરેક મહાવ્રતની ૫-૫ ભાવનાઓ હોવાથી ૨૫ ભાવનાઓ છે.

૧. **મૈત્રી**—સર્વ જીવોની સાથે મિત્રતા રાખવી.

૨. **પ્રમોદ**—ગુણી જનોના ગુણ દેખી હર્ષિત થવું.

૩. **કારુણ્ય**—દુઃખી જીવો ઉપર દયા રાખવી.

૪. **માધ્યસ્થ્ય**—નહિ સમજી શકે તેવા મૂઢ પ્રાણિઓ ઉપર મધ્યસ્થપણું રાખવું.

**સામાઈઅ**-સામાયિક.
**અત્થ**—અહીંયાં.
**પઢમં**—પહેલું.
**છેઓવટ્ઠાવણં**—છેદોપસ્થાપનીય.
**ભવે**—છે.
**બીઅં**—બીજું.
**પરિહાર વિસુદ્ધિઅં**—પરિહાર વિશુદ્ધિ.
**સુહુમં**—સૂક્ષ્મ.
**તહ**—તેમજ.
**સંપરાયં**—સંપરાય.
**તત્તો**—તે પછી.
**અહક્ખાયં**—યથાખ્યાત.
**ખાયં**—પ્રસિદ્ધ.
**સવ્વંમિ**—સર્વ.
**જીવલોગંમિ**—જગતમાં.
**જં**—જેને
**ચરિઊણ**-આચરીને.
**સુવિહિઆ**—સુવિહિત સાધુ.
**વચ્ચંતિ**—પામે છે.
**અયરામરં**—મોક્ષ.
**ઠાણં**—સ્થાનકને.

## પાંચ ચારિત્ર.

**સામાઈ અત્થ પઢમં**—અહીંયાં પહેલું સામાયિક ચારિત્ર.

**છેઓવટ્ઠાવણં ભવે બીઅં**—બીજું છેદોપસ્થાપનીય ચારિત્ર [ વડી દીક્ષા લેવી તે ] છે.

**પરિહાર વિસુદ્ધિઅં**—૩જું પરિહાર ( તપ વડે ) વિશુદ્ધિ ચારિત્ર.

**સુહુમં તહ સંપરાયં ચ ॥ ૩૨ ॥**—અને તેમજ ૪થું સૂક્ષ્મ સંપરાય [થોડા લોભવાળું] ચારિત્ર.

**તત્તો અ અહક્ખાયં**—અને તે પછી ૫મું યથાખ્યાત (કષાય વિનાનું) ચારિત્ર.

**ખાયં સવ્વંમિ જીવલોગમ્મિ**—એ સર્વ જગતમાં પ્રસિદ્ધ છે. (શાથી ?)

**જં ચરિઊણ સુવિહિઆ**—જે ચારિત્ર આચરીને સુવિહિત (સારી વિધિ પ્રમાણે પાળનારા) સાધુઓ.

**વચ્ચંતિ અયરામરં ઠાણં ॥ ૩૩ ॥**—અજરામર સ્થાન (મોક્ષ) ને પામે છે.

૧. **સામાયિક ચારિત્ર**—સમ=રાગદ્વેષ રહિતપણું. આય= લાભ. જેમાં રાગદ્વેષના રહિતપણાનો લાભ થાય છે, તેને સામાયિક ચારિત્ર કહે છે. તે બે પ્રકારે છે, દેશવિરતિ અને સર્વ વિરતિ. સાવદ્ય યોગની કેટલેક અંશે વિરતિ હોય તેને દેશવિરતિ, અને સર્વ પ્રકારે વિરતિ હોય તેને સર્વ વિરતિ કહે છે.

૨. **છેદોપસ્થાપનીય**—પૂર્વના સદોષ કે નિર્દોષ પર્યાય ( કાચી દીક્ષા )ને છેદીને, ગણાધિપે આપેલું પંચમહાવ્રતરૂપ ચારિત્ર ( વડીદીક્ષા ) લેવું તે.

તેના બે ભેદ-૧. સાતિચાર અને ૨. નિરતિચાર. તેમાં જેણે મહાવ્રતોનો મૂળથી ભંગ કર્યો હોય, તેને ફરીથી

દીક્ષા આપવી તે સાતિચાર. તથા નવ દીક્ષિત શિષ્ય છ-જજીવણીયા અધ્યયન ભણ્યા પછી વડી દીક્ષા લે તે, અથવા પાર્શ્વનાથના તીર્થના સાધુ કેશીની જેમ ચાર મહાવ્રત રૂપ ધર્મને છોડીને, મહાવીર સ્વામીના તીર્થે આવી પાંચ મહાવ્રત રૂપ ધર્મને અંગીકાર કરે તે નિરતિચાર.

**૩. પરિહાર[૧] વિશુદ્ધિ**—તપ[૨] વિશેષે કરીને શુદ્ધિ કરવી તે.

**૪. સૂક્ષ્મ સંપરાય**—જ્યાં સૂક્ષ્મ [થોડો] કષાયનો ઉદય હોય છે તે ચારિત્રને તથા ૧૦ મા ગુણઠાણાને સૂક્ષ્મ સંપરાય કહે છે. ઉપશમ શ્રેણિએ ચડતાં વિશુદ્ધ મન-વાળા અને પડતાં સંકિલષ્ટ મનવાળા મનુષ્ય હોય છે.

**૫. યથાખ્યાત**—જ્યાં સર્વથા કષાયના ઉદયનો અભાવ હોય તે. ઔપશમિકને અગ્યારમે ગુણઠાણે, ક્ષાયિક

---

૧. નવ જણાનો ગચ્છ નિકળે, તેમાંથી ચાર જણ તપસ્યા કરે અને ચાર જણ વેયાવચ્ચ કરે ને એકને આચાર્ય સ્થાપે, એ પ્રકારે ૭ માસ સુધી તપસ્યા કરે; પછીથી વેયાવચ્ચ કરનાર ચાર જણ તપસ્યા કરે ને તપસ્યા કરનાર વેયાવચ્ચ કરે, તે પણ પૂર્વોક્ત ૭ માસ સુધી. પછીથી આચાર્ય ૭ માસ સુધી તપસ્યા કરે સાત જણ વેયાવચ્ચ કરે ને એકને આચાર્ય સ્થાપે. એ પ્રકારે અઢાર માસ સુધી તપસ્યા કરે તેને પરિહાર વિશુદ્ધિ ચારિત્ર જાણવું.

૨. તપ ઉનાળામાં જઘન્યથી ૧ ઉપવાસ, મધ્યમથી ૨ અને ઉત્કૃષ્ટથી ૩, શિયાળામાં ૨–૩–૪ ઉપવાસ અને ચોમાસામાં ૩–૪–૫ ઉપવાસ કરે, પારણે આયંબીલ કરે. વેયાવચ્ચ કરનાર નિત્ય આયંબીલ કરે.

છદ્મસ્થને બારમે ગુણઠાણે ને કેવલીને તેરમે-ચૌદમે ગુણઠાણે યથાખ્યાત ચારિત્ર હોય છે.

હાલે ભરત અને ઐરવત ક્ષેત્રમાં પ્રથમનાં બે ચારિત્ર હોય છે. પછીનાં ૩ ચારિત્ર વિચ્છેદ ગયાં છે.

### સંવર તત્ત્વના પ્રશ્નો.

૧. સંવર તત્ત્વના ભેદ સંક્ષેપથી ગાથા સાથે કહો.
૨. સમિતિ, ગુપ્તિ, પરિષહ, યતિધર્મ, ભાવના અને ચારિત્ર કોને કહે ?
૩. નીચેના શબ્દોની વ્યાખ્યા કરો.
અચેલક, નૈષેધિકી, મલ, પ્રજ્ઞા, સમ્યક્ત્વ પરિષહ, માર્દવ, શૌચ અને બ્રહ્મચર્ય ધર્મ.
૪. એક સમયે વધુમાં વધુ કેટલા પરિષહ હોય ? તે સમજાવો. તથા કયા કર્મના ઉદયથી કયો પરિષહ થાય તે કહો.
૫. નીચેના શબ્દોનો ભાવાર્થ કહો.
અનિત્ય, અશુચિત્વ, ધર્મ ભાવના, સામાયિક, પરિહાર વિશુદ્ધિ અને યથાખ્યાત ચારિત્ર.

---

## ૭ મું નિર્જરા તત્ત્વ.

છ પ્રકારના બાહ્ય અને છ પ્રકારના અભ્યંતર તપવડે નિર્જરા થાય છે.

| | | |
|---|---|---|
| **અણસણં**-અનશન. | **રસચ્ચાઓ**-રસત્યાગ. | **બજ્ઝો**-બાહ્ય. |
| **ઊણોઅરિયા**-ઉણોદરિકા. | **કાયકિલેસો**-કાય કલેશ. | **તવો**-તપ. |
| **વિત્તીસંખેવણં**-વૃત્તિ-સંક્ષેપ. | **સંલીણયા**-સંલીનતા. | **હોઈ**-છે. |

**અણસણ—મૂણોઅરિયા**—અનશન તપ ( ઉપવાસાદિ કરવો), ઉનોદરિકા તપ [૨-૪ કોળીયા ઉણા રહેવું.]

**વિત્તીસંખેવણં રસચ્ચાઓ**—વૃત્તિ સંક્ષેપ (આજીવિકાનો સંક્ષેપ કરવો), રસત્યાગ (વિગઈનો ત્યાગ કરવો.)
**કાય કિલેસો સંલીણયા**—કાયકલેશ (લોચાદિ કષ્ટ સહન કરવાં), સંલીનતા [અંગોપાંગ સંકોચવાં.]
**ય બજ્ઝો તવો હોઇ ॥ ૩૪ ॥**—એ છ પ્રકારે બાહ્ય તપ છે.

## છ પ્રકારનો બાહ્ય તપ.

૧. **અનશન તપ**—થોડા કાલને માટે અથવા યાવજ્જીવ સુધી આહારાદિકનો ત્યાગ કરવો તે.
૨. **ઉણોદરિકા તપ**—પાંચ સાત કોલીઆ ઉણું રહેવું તે.
૩. **વૃત્તિ સંક્ષેપ**—આજીવિકાનો સંક્ષેપ કરવો તે. તથા અભિગ્રહ કરવો અને ૧૪ નિયમ ધારવા તે.
૪. **રસ ત્યાગ**—દૂધ, દહીં, ઘી તેલ, ગોળ અને પક્વાન એ ૬ વિગઈમાંથી ૧ કે અધિક વિગઈનો ત્યાગ કરવો તે.
૫. **કાય કલેશ**—લોચ, કાઉસ્સગ્ગ અદિ વડે કાયાને કષ્ટ આપવું તે.
૬. **સંલીનતા**—અંગોપાંગ સંકોચી રાખવાં, તેના ૪ ભેદ- ઇંદ્રિય સંલીનતા, કષાય સંલીનતા, યોગ સંલીનતા, ને વિવિક્તચર્યા સંલીનતા (એકાંતસ્થાને વસવું તે).

**પાયચ્છિત્તં**-પ્રાયશ્ચિત્ત.
**વિણઓ**–વિનય.
**વેયાવચ્ચં**–વૈયાવૃત્ય.
**તહેવ**–તેમજ.
**સજ્ઝાઓ**-સ્વાધ્યાય.
**ઝાણં**–ધ્યાન.
**ઉસ્સગ્ગો**-કાયોત્સર્ગ.
**વિ**–પણ.
**અબ્ભિંતરઓ**–અભ્યંતર.
**તવો**–તપ.
**હોઇ**–છે.

**પાયચ્છિત્તં વિણઓ**—પ્રાયશ્ચિત્ત (આલોયણ લેવી.) વિનય [ગુરૂ વિગેરે પ્રત્યે નમ્રતા રાખવી.]

**વેયાવચ્ચં તહેવ સજ્ઝાઓ**—વૈયાવૃત્ય [ગુરૂ વિગેરેની સેવા કરવી], તેમજ સ્વાધ્યાય [ભણવું ભણાવવું તે.]

**ઝાણં ઉસ્સગ્ગો વિ અ**—ધ્યાન અને વળી કાઉસ્સગ્ગ.

**અબ્ભિંતરઓ તવો હોઈ ॥૩૫॥**—એ છ પ્રકારે અભ્યંતર તપ છે.

## છ પ્રકારે અભ્યંતર તપ.

૧. **પ્રાયશ્ચિત્ત**—કરેલા અપરાધની શુદ્ધિ માટે ગુરૂએ કરવા કહેલું તપ પ્રમુખ કરવું તે.

૨. **વિનય તપ**—જ્ઞાની અને જ્ઞાનાદિકનો વિનય કરવો તે.

૩. **વૈયાવૃત્ય તપ**—આચાર્યાદિક ૧૦ ની સેવા કરવી તે.

૧. આચાર્ય, ૨. ઉપાધ્યાય, ૩. તપસ્વી, ૪. નવદીક્ષિત શિષ્ય, ૫. રોગી, ૬. કુલ (૧ આચાર્યનો શિષ્ય સમુદાય.) ૭. ગણ (ઘણા આચાર્યોનો પરિવાર.) ૮. સંઘ. ૯. સાધુ. ને ૧૦. સમનોજ્ઞ (જ્ઞાનાદિ ગુણો વડે સમાન.)

૪. **સ્વાધ્યાય તપ**—વાચના[1] પૃચ્છના[2] પરાવર્તના[3] અનુપ્રેક્ષા[4] અને ધર્મકથા[5] એ પાંચ પ્રકારે જાણવો.

૫. **ધ્યાન**—આર્ત અને રૌદ્ર ધ્યાન તજીને ધર્મધ્યાન અને શુક્લધ્યાન ધ્યાવવાં તે.

૬. **કાયોત્સર્ગ**—કર્મના ક્ષય નિમિત્તે કાઉસ્સગ્ગ કરવો તે.

---

૧ ભણવું. ૨ સંદેહ દૂર કરવો. ૩ ભણેલું સંભારવું. ૪ અર્થનું ચિંતવન કરવું. ૫ ધર્મોપદેશ કરવો.

નિર્જરાના ૨ ભેદ-૧ સકામ. અને અકામ. અથવા ૧ દ્રવ્ય અને ૨ ભાવ.

**૧. સકામ**—ઈચ્છા પૂર્વક કષ્ટ સહન કરવું તે.

**૨. અકામ**—ઈચ્છા વિના તિર્યંચાદિકની માફક કષ્ટ સહન કરવું તે.

**૧. દ્રવ્ય નિર્જરા**—જેમાં કષ્ટ ઘણું અને લાભ થોડો તથા જે શરીરને કૃશ કરે અને જેને બીજા લોકો તપ કરી માને તે.

**૨. ભાવ નિર્જરા**—જેમાં કષ્ટ થોડું અને આત્માના શુદ્ધ અધ્યવસાય હોવાથી લાભ ઘણો થાય તે.

## નિર્જરા તત્ત્વના પ્રશ્નો.

૧. દ્રવ્ય નિર્જરા અને ભાવ નિર્જરા કોને કહે?

૨. નિર્જરાના ભેદ કેટલા અને કયા કયા છે? તે ગણાવો.

૩. નીચેના શબ્દોનો અર્થ વિસ્તારથી કહો.
વૃત્તિ સંક્ષેપ, સંલીનતા, વિનય, સ્વાધ્યાય અને ધ્યાન.

---

## ૮ મું બંધતત્ત્વ.

**બારસવિહં**—૧૨ પ્રકારે.
**તવો**—તપ.
**નિજ્જરા**—નિર્જરા.
**બંધો**—બંધતત્ત્વ.
**ચઉ**—ચાર.
**વિગપ્પો**—ભેદે. પ્રકારે.
**પયઈ**—પ્રકૃતિ.
**ઠિઈ**—સ્થિતિ.
**અણુભાગ**—રસ.
**પએસ**—પ્રદેશના.
**ભેએહિં**—ભેદ વડે.
**નાયવ્વો**—જાણવો.
**પયઇ**—પ્રકૃતિ.
**સહાવો**—સ્વભાવ.
**વુત્તો**—કહ્યો છે.
**ઠિઇ**—સ્થિતિ.
**કાલ**—કાળનો.
**અવહારણં**—નિશ્ચય.
**અણુભાગો**—અનુભાગ.
**રસો**—રસ.
**ણેઓ**—જાણવો.
**પએસો**—પ્રદેશ.
**દલ**—દલિકનો.
**સંચઓ**—સમૂહ.

**બારસ વિહં તવો નિજ્જરા ય**—૧૨ પ્રકારનો તપ એ નિર્જરાતત્ત્વ છે. અને

**બંધો ચઉ વિગપ્પો અ**—(૮મું) બંધ તત્ત્વ ૪ પ્રકારે છે. (કયા ૪ પ્રકાર?)

**પયઈ–ઠિઈ–અણુભાગ**—૧. પ્રકૃતિબંધ, ૨. સ્થિતિબંધ ૩. અનુભાગ [રસ] બંધ અને

**પએસ–ભેએહિં નાયવ્વો ॥ ૩૬ ॥**—૪. પ્રદેશબંધના ભેદ વડે જાણવો.

**પયઈ સહાવો વુત્તો**—પ્રકૃતિબંધ એટલે કર્મનો સ્વભાવ કહ્યો છે.

**ઠિઇ કાલાવહારણં**—સ્થિતિબંધ એટલે કર્મના કાળનો નિયમ (નિશ્ચય).

**અણુભાગો રસો ણેઓ**—અનુભાગ એટલે કર્મનો (તીવ્ર–મંદ) રસ જાણવો.

**પએસો દલસંચઓ ॥ ૩૭ ॥**—પ્રદેશ એટલે કર્મના દલિકનો (અણુઓનો) સમૂહ.

## બંધતત્ત્વ સમજાવવાને માટે મોદકનું દૃષ્ટાંત કહે છે.

જેમ સુંઠ વિગેરે વસ્તુથી બનેલો મોદક સ્વભાવથી વાત (વાયુ)નું હરણ કરે છે. જીરૂં વિગેરે ઠંડી વસ્તુથી બનેલો મોદક સ્વભાવથી પિત્તનું હરણ કરે છે. તેમ જ્ઞાનાવરણીય કર્મનો સ્વભાવ જ્ઞાનને આવરવાનો છે. દર્શનાવરણીય કર્મનો સ્વભાવ દર્શનને આવરવાનો છે. એ **પ્રકૃતિબંધ** જાણવો.

જેમ કોઈ મોદક ૧ દિવસ ૧૫ દિવસ ૨૦ દિવસ કે માસ સુધી રહે અને પછી વર્ણ-ગંધ-રસ અને સ્પર્શનો ફેરફાર થવાથી બગડી જાય, તેમ કોઈ કર્મ ઉત્કૃષ્ટથી ૨૦, ૩૦ કે ૭૦ કોડાકોડી સાગરોપમ અને જઘન્યથી ૧૨-૮ મુહૂર્ત કે અંતર્મુહૂર્ત પછી નાશ પામે, તે **સ્થિતિબંધ** જાણવો.

જેમ કોઈ મોદકમાં ઘી ગોળ વિગેરે ઘણાં હોય અને કોઈમાં થોડાં હોય, તેવીજ રીતે કોઇ કર્મનો રસ ઘાતી કે અઘાતી, તીવ્ર કે મંદ, શુભ કે અશુભ, અથવા એક-ઠાણિઓ, બેઠાણિઓ, ત્રિઠાણિઓ કે ચઉ ઠાણિઓ રસ હોય છે. એ **રસબંધ** જાણવો.

જેમ કોઈ મોદક થોડા પુદ્ગલ પરમાણુનો બનેલો હોય અને કોઇ વધુ પરમાણુનો બનેલો હોય, તેવીજ રીતે કોઇ કર્મમાં થોડા પ્રદેશો અને કોઈમાં વધારે પ્રદેશો હોય, એ **પ્રદેશબંધ** જાણવો.

**પડ**-પાટો.
**પડિહાર**-પોળીઓ.
**અસિ**-તરવાર.
**મજ્જ**-મદિરા. દારૂ.
**હડ**-હેડ (બેડી).
**ચિત્ત**-ચિતારો.
**કુલાલ**-કુંભાર.
**ભંડગારીણં**-ભંડારી.
**જહ**-જેમ.
**એએસિં**-એ(વસ્તુઓ) ના.
**ભાવા**-સ્વભાવો.
**કમ્માણવિ**-કર્મોના પણ.
**જાણ**-સમજ.
**તહ**-તેમજ.
**ભાવા**-સ્વભાવોને.

## ૮ કર્મનો સ્વભાવ.

**પડ-પડિહાર-સિ-મજ્જ**-આંખના પાટા સમાન જ્ઞાનાવરણીય કર્મ, પોળીઆ [દ્વારપાળ] સમાન દર્શનાવરણીય, મધથી લેપાયેલી તરવારની ધારને ચાટવા જેવું વેદનીય, મદિરા (દારૂ) જેવું મોહનીય.

**હડ-ચિત્ત-કુલાલ-ભંડગારીણું**—હેડ (બેડી) સમાન આયુ કર્મ, ચિતારા સમાન નામકર્મ, કુંભારે ઘડેલ ઘડા સમાન ગોત્રકર્મ, ભંડારી સમાન અંતરાય કર્મ છે.

**જહ એએસિં ભાવા**—જેમ એઓના (આંખે બાંધેલા પાટા વિગેરે ૮ના) સ્વભાવો છે.

**કમ્માણ વિ જાણ તહ ભાવા ॥૩૮॥**—તેમ ૮ કર્મોના પણ સ્વભાવોને તું જાણ.

**જ્ઞાનાવરણીય** કર્મનો સ્વભાવ પાટા જેવો છે, જેમ વસ્ત્રના ઘણા કે ઓછા પાટાથી આંખનું તેજ અનુક્રમે ઓછું કે વધતું થાય છે, તેમ જ્ઞાનનાં ઘણાં કે થોડાં આવરણોથી જીવને ઓછો કે વધતો જ્ઞાનનો ક્ષયોપશમ થાય છે.

**દર્શનાવરણીય** કર્મનો સ્વભાવ પોળીયા જેવો છે. જેમ દ્વારપાળથી રોકાયેલો માણસ રાજાનું દર્શન કરી શકે નહિ, તેમ દર્શનાવરણીય કર્મથી જીવ ઘટાદિ પદાર્થોનું દર્શન કરી શકે નહિ.

**વેદનીય** કર્મનો સ્વભાવ મધથી લેપાયેલ તરવારની ધારને ચાટવા જેવો છે. જેમ તરવારની ધારને ચાટતાં સુખ થાય અને જીભ કપાય ત્યારે દુઃખ થાય છે, તેમ વેદનીય કર્મના ઉદયથી જીવને સુખ અને દુઃખ થાય છે.

**મોહનીય** કર્મનો સ્વભાવ મદિરા જેવો છે. જેમ મદિરા પીનારને હિતાહિતનું ભાન રહેતું નથી, તેમ મોહનીય કર્મના ઉદયથી જીવને હિતાહિતનો વિવેક રહેતો નથી.

**આયુષ્ય** કર્મનો સ્વભાવ હેડ (બેડી) ના જેવો છે. જેમ બેડીમાં પડેલો પ્રાણી તેની મુદત પૂરી થયા વિના છૂટી

શકતો નથી, તેમ આયુષ્ય કર્મની મુદત પૂરી થયા વિના જીવ છૂટી શકતો નથી.

**નામ** કર્મનો સ્વભાવ ચિતારા જેવો છે. જેમ ચિતારો વિવિધ પ્રકારનાં રૂપો (ચિત્રો) આળેખે છે, તેમ નામ કર્મના ઉદયથી જીવ પણ ગતિ જાતિ વિગેરે વિવિધ રૂપો કરે છે.

**ગોત્ર** કર્મનો સ્વભાવ કુંભાર જેવો છે. જેમ કુંભાર માંગલિક કાર્ય માટે અને મદિરા ભરવા માટે ઘડો બનાવે છે, તે આકાર માત્રથી પૂજનીય અને નિંદનીય થાય છે. તેમ ઉંચ કુળમાં ઉત્પન્ન થવાથી જીવ પૂજાને પામે છે અને નીચ કુલમાં ઉત્પન્ન થવાથી જીવ નિંદાને પામે છે.

**અંતરાય** કર્મનો સ્વભાવ ભંડારી જેવો છે. જેમ ભંડારી વિપરીત થયો થકો રાજા દાનાદિ કરી શકતો નથી, તેમ અંતરાય કર્મના ઉદયથી જીવ પણ દાનાદિ કરી શકતો નથી.

**ઇહ**—અહીંયાં.
**નાણ**—જ્ઞાનાવરણીય.
**દંસણ**—દર્શન.
**આવરણ**—આવરણીય.
**વેય**—વેદનીય.
**મોહ**—મોહનીય.
**આઉ**—આયુષ્ય.
**નામ**—નામ (કર્મ).
**ગોઆણિ**—ગોત્ર.
**વિગ્ઘં**—અંતરાય.
**પણ નવ**—પાંચ. નવ.
**દુ**—બે.
**અઠ્ઠવીસ** અઠ્યાવીશ
**ચઉ**—ચાર.
**તિસય**—એકસો ત્રણ.
**પણવિહં**—પ પ્રકારે.

આઠે કર્મના ઉત્તર ભેદ.

**ઈહ નાણ-દંસણાવરણ**—અહીં જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય.

**વેય-મોહાઉ-નામ-ગોઆણિ**—વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્રકર્મ.

**વિગ્ઘં ચ પણ નવ દુ**—અને અંતરાય એ આઠ કર્મ અનુક્રમે ૫-૯-૨ પ્રકારે.

**અટ્ઠવીસ ચઉ તિસય દુ પણુવિહં ॥૩૯॥**—૨૮-૪-૧૦૩-૨ અને ૫ પ્રકારે છે.

**નાણે**-જ્ઞાનાવરણીય.
**દંસણાવરણે**-દર્શનાવરણીયને વિષે.
**વેઅણિએ**-વેદનીય.
**ચેવ**-નિશ્ચે.
**અંતરાએ**-અંતરાયને વિષે.
**તીસં**-ત્રીશ.
**કોડાકોડી**-કોડાકોડી.
**અયરાણં**-સાગરોપમની.
**ઠિઈ**-સ્થિતિ.
**ઉક્કોસા**-ઉત્કૃષ્ટથી.
**સત્તરિ**-સિત્તેર.
**કોડાકોડી**-કોડાકોડી.
**મોહણીએ**-મોહનીયને વિષે.
**વીસ**-વીશ.
**નામ**-નામ.
**ગોએસુ**-ગોત્રને વિષે.
**તિત્તીસં**-તેત્રીશ.
**અયરાઇં**-સાગરોપમ.
**આઉ**-આયુષ્યની.
**ઠિઇબંધ**-સ્થિતિબંધ.
**ઉક્કોસા**-ઉત્કૃષ્ટથી.

## ૮ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ.

**નાણે અ દંસણાવરણે**—જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીયને વિષે.

**વેઅણિએ ચેવ અંતરાએ અ**—વેદનીય અને અંતરાય કર્મને વિષે નિશ્ચે.

**તીસં કોડાકોડી**—૩૦ કોડાકોડી.

**અયરાણં ઠિઈ અ ઉક્કોસા ॥ ૪૦ ॥**—સાગરોપમ સ્થિતિ (બંધ) ઉત્કૃષ્ટથી છે.

**સત્તરિ કોડાકોડી**—૭૦ કોડાકોડી સાગરોપમ [સ્થિતિ]

**મોહણીએ વીસ નામ ગોએસુ**—મોહનીય કર્મને વિષે

છે. નામ અને ગોત્રને વિષે ૨૦ કોડાકોડી સાગરોપમ [સ્થિતિ] છે.

**તિત્તીસં અયરાઈ**—૩૩ સાગરોપમ.

**આઉટ્ઠિઈ—બંધ ઉક્કોસા ॥૪૧॥**—આયુષ્ય કર્મની સ્થિતિનો બંધ ઉત્કૃષ્ટથી છે.

| | | |
|---|---|---|
| **બારસ**-બાર. | **નામ**-નામ. | **એયં**-એ. |
| **મુહુત્ત**-મુહૂર્ત સુધી. | **ગોએસુ**-ગોત્રને વિષે. | **બંધ**-બંધની. |
| **જહન્ના**-જઘન્ય. | **સેસાણ**-બાકીનાંની. | |
| **વેયણીએ**-વેદનીયની. | **અંતમુહુત્તં**-અંતમુર્હૂર્ત. | **ઠિઈ**-સ્થિતિનું. |
| **અટ્ઠ**-આઠ. (મુહૂર્ત) | | **માણું**-પ્રમાણ. |

## ૮ કર્મની જઘન્ય સ્થિતિ.

**બારસ મુહુત્ત જહન્ના**—૧૨ મુહૂર્તની જઘન્ય સ્થિતિ.

**વેયણિએ અટ્ઠ નામ-ગોએસુ**—વેદનીય કર્મની છે. નામ અને ગોત્ર કર્મની ૮ મુહૂર્ત જઘન્ય સ્થિતિ છે.

**સેસાણું-તમુહુત્તં**—બાકીનાંની (૫ કર્મની જઘન્ય સ્થિતિ) અંતર્મુહૂર્ત છે.

**એયં બંધ-ઠિઈ-માણું ॥૪૨॥**—એ (જઘન્ય) બંધની સ્થિતિ (સ્થિતિ બંધ)નું પ્રમાણ કહ્યું.

## બંધ તત્ત્વના પ્રશ્નો.

૧. બંધના ભેદ કેટલા ? અને તે દરેક ભેદનો અર્થ દૃષ્ટાંત આપી સમજાવો.

૨. આઠે કર્મનો સ્વભાવ વિસ્તારથી કહો.

૩. દરેક કર્મ આત્માના કયા ગુણને આવરે છે ? તે કહો.

૪. આઠે કર્મના ઉત્તર ભેદ તથા ઉત્કૃષ્ટ અને જઘન્ય સ્થિતિ બંધ કહો.

| | ૮ કર્મનાં નામ. | કોના જેવું. | આત્માના કયા ગુણને રોકયો. | ઉત્તર ભેદ. | ઉત્કૃષ્ટ સ્થિતિ. | જઘન્ય સ્થિતિ. |
|---|---|---|---|---|---|---|
| ૧ | જ્ઞાનાવરણીય. | આંખે પાંટા જેવું. | અનંત જ્ઞાન. | ૫ | ૩૦ કોડાકોડી સાગરોપમ | અંતર્મુહૂર્ત. |
| ૨ | દર્શનાવરણીય. | પોળીઆ જેવું | અનંત દર્શન. | ૯ | ૩૦ ,, ,, | ,, |
| ૩ | વેદનીય કર્મ. | તરવારની ધાર ,, | અવ્યાબાધ સુખ. | ૨ | ૩૦ ,, ,, | ૧૨ મુહૂર્ત. |
| ૪ | મોહનીય કર્મ. | મદિરા ,, | અનંત ચારિત્ર. | ૨૮ | ૭૦ ,, ,, | અંતર્મુહૂર્ત. |
| ૫ | આયુષ્ય કર્મ. | હેડ (કેદખાનું) ,, | અક્ષય સ્થિતિ. | ૪ | ૩૩ સાગરોપમ. | ,, |
| ૬ | નામ કર્મ. | ચિતારા ,, | અરૂપીપણું. | ૧૦૩ | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૮ મુહૂર્ત. |
| ૭ | ગોત્ર કર્મ. | કુંભારે ઘડેલ ઘટ ,, | અગુરૂલઘુ. | ૨ | ૨૦ ,, ,, | ૮ ,, |
| ૮ | અંતરાય કર્મ. | ભંડારી ,, | અનંતદાનાદિ લબ્ધિ | ૫ | ૩૦ ,, ,, | અંતમુહૂત. |
| | | | | ૧૫૮ | | |

## ૯ મું મોક્ષ તત્ત્વ.

**સંતપય**–છતા પદની.
**પરૂવણયા**–પ્રરૂપણા.
**દવ્વપમાણં**–દ્રવ્ય પ્રમાણ.
**ખિત્ત**–ક્ષેત્ર.
**ફુસણા**–સ્પર્શના.
**કાલો**–કાલ.
**અંતર**–અંતર.
**ભાગ**–ભાગ.
**ભાવે**–ભાવ.
**અપ્પાબહું**–અલ્પ બહુત્વ.
**ચેવ**–અને નિશ્ચે.

**સંતપય-પરૂવણયા**—છતા પદની પ્રરૂપણા દ્વાર.
**દવ્વ-પમાણં ચ ખિત્ત ફુસણા ય**—દ્રવ્ય (સંખ્યાનું) પ્રમાણ-ક્ષેત્ર અને સ્પર્શના.
**કાલો અ અંતર ભાગ**—કાલ-અંતર અને ભાગ.
**ભાવે અપ્પાબહું ચેવ ॥ ૪૩ ॥**—ભાવ અને નિશ્ચે અલ્પ બહુત્વ (એ ૯ ભેદ મોક્ષ તત્ત્વના જાણવા.)

### મોક્ષતત્ત્વના ૯ ભેદ.

૧. **સત્પદ પ્રરૂપણા દ્વાર**—મોક્ષપદ છતું છે, વિદ્યમાન છે; એવી પ્રરૂપણા કરવી તે.
૨. **દ્રવ્ય પ્રમાણ દ્વાર**—સિદ્ધનાં જીવ દ્રવ્ય કેટલાં છે, એમ વિચારવું તે.
૩. **ક્ષેત્ર દ્વાર**—સિદ્ધના જીવ કેટલા ક્ષેત્રમાં રહેલ છે, એમ વિચારવું તે.
૪. **સ્પર્શના દ્વાર**—સિદ્ધના જીવો કેટલા આકાશ પ્રદેશને સ્પર્શીને રહેલા છે, એમ વિચારવું તે.
૫. **કાલ દ્વાર**—સિદ્ધના જીવોની સ્થિતિ કેટલા કાળ સુધીનો છે, એમ વિચારવું તે.
૬. **અંતર દ્વાર**—સિદ્ધના જીવોને કેટલું અંતર છે, એમ વિચારવું તે.

૭. **ભાગ દ્વાર**—સિદ્ધના જીવો સંસારી જીવોના કેટલામે ભાગે છે, એમ વિચારવું તે.

૮. **ભાવ દ્વાર**—સિદ્ધના જીવો પાંચ ભાવમાંથી કયે ભાવે રહેલા છે, એમ વિચારવું તે.

૯. **અલ્પબહુત્વ દ્વાર**—પંનર ભેદે સિદ્ધ થયેલામાંથી વેદને આશ્રયીને કોણ વધારે અને કોણ ઓછા છે, એમ વિચારવું તે.

**સંતં**-છતું.
**સુદ્ધપયત્તા**-શુદ્ધ પદ પણાથી.
**વિજ્જંતં**-વિદ્યમાન.
**ખકુસુમ**-આકાશના ફુલની.
**વ્વ**-પેઠે. જેમ.
**ન**-નથી.
**અસંતં**-અછતું.
**મુક્ખત્તિ**-મોક્ષ એ.
**પયં**-પદ.
**તસ્સ ઉ**-તેની વળી.
**પરુવણા**-પ્રરૂપણા.
**મગ્ગણાઇહિં**-માર્ગણાઓ વડે.

### પહેલું સત્પદ પ્રરૂપણાદ્વાર.

**સંતં સુદ્ધ-પયત્તા**—શુદ્ધ (એક) પદ પણું હોવાથી (મોક્ષ એ) છતું એટલે.

**વિજ્જંતં ખ-કુસુમવ્વ ન અસંતં**—વિદ્યમાન છે, પરંતુ આકાશના ફુલની પેઠે અછતું નથી. (કારણ કે)

**મુક્ખત્તિ પયં તસ્સ ઉ**—મોક્ષ એ ૧ પદ છે.તેની (મોક્ષની) વળી.

**પરુવણા મગ્ગણાઇહિં ॥૪૪॥**—પ્રરૂપણા ૧૪ માર્ગણાઓ (અને તેની ૬૨ ઉત્તર માર્ગણાઓ) વડે થાય છે.

મોક્ષ ૧ પદવાળું નામ હોવાથી દુનિયામાં ઘટ પટ વિગેરેની જેમ અવશ્ય હોય છેજ. બે પદવાળાં નામ હોય અથવા ન પણ હોય, જેમકેઃ-પ્રભુની પ્રતિમા છે અને ઘોડાનું શિંગડું એ નથી.

**માર્ગણા**—કહેલા ભાવોનો ગત્યાદિ વડે વિચાર કરવો તે.

ગઈ- ગતિ.
ઇંદિએ-ઈંદ્રિય.
કાએ-કાય.
જોએ-યોગ.
વેએ-વેદ.
કસાય-કષાય.
નાણે-જ્ઞાન.
સંજમ-સંયમ.
દંસણ-દર્શન.
લેસા-લેશ્યા.
ભવ-ભવ્ય.
સમ્મે-સમ્યક્ત્વ.
સન્નિ-સંજ્ઞી.
આહારે-આહાર.
નરગઇ-મનુષ્ય. ગતિ.
પણિંદિ-પંચેંદ્રિય જાતિ.
તસ-ત્રસકાય.
ભવ-ભવ્ય.
સન્નિ-સંજ્ઞી.
અહક્ખાય-યથા-ખ્યાત.
ખઇઅ-ક્ષાયિક.
સમ્મત્તે-સમ્યક્ત્વ.
મુક્ખો-મોક્ષ.
અણાહાર-અણહારી.
કેવલ-કેવળ.
દંસણ-દર્શન.
નાણે-(કેવળ) જ્ઞાન.
ન-નથી.
સેસેસુ-બાકીની (માર્ગણા)ને વિષે.

**૧૪ મૂળ માર્ગણા અને તેના ૬૨ ભેદ.**

**ગઇ ઈંદિએ કાએ**—૪ ગતિ-૫ ઈંદ્રિય ( જાતિ )-૬ કાય.

**જોએ વેએ કસાય નાણે ય**—૩ યોગ-૩ વેદ-૪ કષાય અને ૮ જ્ઞાન.

**સંજમ દંસણ લેસા**—૭ સંયમ-૪ દર્શન-૬ લેશ્યા.

**ભવ સમ્મે સન્નિ આહારે ॥ ૪૫ ॥**—૨ ભેદે ભવ્ય, ૬ સમ્યકત્વ, ૨ ભેદે સંજ્ઞી અને ૨ ભેદે આહાર માર્ગણા છે.

**ગતિ.-૪.** (નરક-તિર્યંચ-મનુષ્ય ને દેવગતિ.)

**ઇંદ્રિય. જાતિ-૫.** (એકેંદ્રિય-બેઈંદ્રિય-તેઈંદ્રિય-ચઉરિંદ્રિય ને પંચેંદ્રિય.)

**કાય-૬.** (પૃથ્વીકાય--અપ્કાય-તેઉકાય-વાયુકાય-વનસ્પતિકાય ને ત્રસકાય.)

**યોગ-૩.** (મન યોગ-વચનયોગ ને કાયયોગ.)

**વેદ-૩.** (પુરૂષવેદ-સ્ત્રીવેદ ને નપુંસક વેદ.)

**કષાય-૪.** (ક્રોધ-માન-માયા ને લોભ.)

**જ્ઞાન-૮.** (મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યવ ને કેવળજ્ઞાન, મતિઅજ્ઞાન-શ્રુતઅજ્ઞાન ને વિભંગ જ્ઞાન.)

**સંયમ**-૭. (સામાયિક-છેદોપસ્થાપનીય-પરિહાર વિશુદ્ધિ-સૂક્ષ્મસંપરાય યથાખ્યાત-દેશવિરતિ ને અવિરતિ.)
**દર્શન-૪.** (ચક્ષુ-અચક્ષુ-અવધિ ને કેવળ દર્શન.)
**લેશ્યા-૬.** (કૃષ્ણ-નીલ-કાપોત-તેજો-પદ્મ ને શુકલ લેશ્યા.)
**ભવ્ય** માર્ગણા-૨ (ભવ્ય ને અભવ્ય.)
**સમ્યક્ત્વ-૬.** (ઔપશમિક-ક્ષાયોપશમિક-ક્ષાયિક-મિથ્યાત્વ-સાસ્વાદન મિશ્ર.
**સંજ્ઞી** માર્ગણા-૨. (સંજ્ઞી ને અસંજ્ઞી.)
**આહાર** માર્ગણા-૨. (આહારી ને અણાહારી.)

**નરગઇ પણિંદિ તસ ભવ**—મનુષ્યગતિ-પંચેંદ્રિય જાતિ, ત્રસકાય-ભવ્ય માર્ગણા.

**સન્નિ અહક્ખાય ખઇઅ-સમ્મત્તે**—સંજ્ઞી-યથાખ્યાત ચારિત્ર-ક્ષાયિક સમ્યક્ત્વ.

**મુક્ખો-ણાહાર કેવલ, દંસણ નાણે ન સેસેસુ ॥૪૬॥**—
અણાહારી-કેવલ દર્શન (અને) કેવળજ્ઞાન (એ ૧૦ માગણીમાં પોતાની યોગ્યતા)થી મોક્ષ થાય છે. પણ બાકીની (૪ મૂળ અને બાવન ઉત્તર) માર્ગણાને વિષે (માંથી) કોઈ મોક્ષે જતા નથી.

**દવ્વપમાણે**-દ્રવ્ય પ્રમાણને વિષે.
**સિદ્ધાણં**-સિદ્ધોનાં.
**જીવ દવ્વાણિ**-જીવ-દ્રવ્યો.
**હુન્તિ**-છે.
**ણંતાણિ**-અનંતા.
**લોગસ્સ**-લોકના.
**અસંખિજ્જે**-અસંખ્યાતમા.
**ભાગે**-ભાગમાં.
**ઇક્કો**-એક.
**ય**-અને.
**સવ્વેવિ**-સર્વપણ.

## બીજું દ્રવ્ય પ્રમાણ દ્વાર.

**દવ્વપમાણે સિદ્ધાણં**—દ્રવ્ય પ્રમાણ દ્વારમાં વિચારતાં સિદ્ધોનાં (માં).

**જીવ-દવ્વાણિ હુંતિ ણંતાણિ**—જીવ દ્રવ્યો (જીવોની સંખ્યા) અનંત છે.

### ૩ જું ક્ષેત્રદ્વાર.

**લોગસ્સ અસંખિજ્જે, ભાગે**—લોકાકાશના અસંખ્યાતમા ભાગ જેટલા ક્ષેત્રમાં.

**ઈક્કો ય સવ્વે વિ ॥૪૭॥**—૧ સિદ્ધ અને સર્વે સિદ્ધો પણ રહેલા છે.

૧ સિદ્ધનું ક્ષેત્ર જઘન્ય ૧ હાથ ને ૮ આંગળ, તથા ઉત્કૃષ્ટ ૩૩૩⅓ ધનુષ્ય અને સર્વસિદ્ધોનું ૪૫ લાખ જોજન છે.

| | | |
|---|---|---|
| **ફુસણા**—સ્પર્શના. | **પડુચ્ચ**—આશ્રયી. | **અભાવાઓ**—અભાવ હોવાથી. |
| **અહિઆ**—અધિક. | **સાઇઓ**—આદિ સહિત | **સિદ્ધાણં**—સિદ્ધોને. |
| **કાલો**—કાલ. | **ણંતો**—અનંત. | **અંતરં**—અંતર. |
| **ઈગસિદ્ધ**—એક સિદ્ધ. | **પડિવાય**—પડવાનો. | **નત્થિ**—નથી. |

### ૪ થું સ્પર્શના અને ૫ મું કાળદ્વાર.

**ફુસણા અહિયા કાલો**—સિદ્ધના જીવોની સ્પર્શના (પોતાના અવગાહ કરતાં) અધિક છે.

જેમકેઃ—૧ પરમાણુને ૪ દિશા, ઉર્ધ્વ-અધો ને જે સ્થળે રહ્યો હોય તે સ્થળની, એમ ૭ આકાશ પ્રદેશની સ્પર્શના હોય છે.

કાળ (દ્વારમાં સિદ્ધને કેટલો કાળ ?)

**ઈગસિદ્ધ પડુચ્ચ સાઈઓ ણંતો**—૧ સિદ્ધ આશ્રયી સાદિ અનંત (કાળ) છે.

જીવ મોક્ષે જાય તે વખતે તેની આદિ થઈ, માટે આદિ સહિત (સાદિ) અને ત્યાંથી પડવાનો અભાવ હોવાથી અનંત છે.

### ૬ ઠું અંતર દ્વાર.

**પડિવાયા-ભાવાઓ**—પડી જવાનો [સિદ્ધપણું મટી સંસારીપણું પ્રાપ્ત થવાનો] અભાવ હોવાથી.

**સિદ્ધાણું અંતરં નત્થિ ॥૪૮॥**—સિદ્ધના જીવોને અંતર નથી. [સિદ્ધપણું પામ્યા પછી મનુષ્યપણું પામી ફરી સિદ્ધ થાય તે અંતર=છેટું નથી. અથવા સિદ્ધના જીવોને માંહોમાંહે અંતર નથી.]

| | | |
|---|---|---|
| **સવ્વ**-સર્વ. | **તેસિં**-તેઓને. | **પરિણામિએ**-પારિણામિક ભાવે. |
| **જિયાણું**-જીવોના. | **દંસણું**-કેવળ દર્શન. | **પુણ**-વળી. |
| **અણંતે**-અનંતમે. | **નાણું**-કેવળજ્ઞાન. | **હોઈ**-હોય છે. |
| **ભાગે**-ભાગે. | **ખઇએ ભાવે**-ક્ષાયિક ભાવે. | **જીવત્તં**-જીવપણું. |
| **તે**-તે (સિદ્ધના જીવો). | | |

### ૭ મું ભાગ દ્વાર.

**સવ્વ જિયાણ-મણંતે, ભાગે તે**—સર્વ સંસારી જીવોના અનંતમે ભાગે તે સિદ્ધના જીવો છે.

### ૮ મું. ભાવ દ્વાર.

**તેસિં દંસણું નાણું**—તે સિદ્ધના જીવોને કેવળજ્ઞાન અને કેવળદર્શન.

**ખઇએ ભાવે પરિણામિએ**—ક્ષાયિક ભાવે વર્તે છે, અને પારિણામિક ભાવે.

**અ પુણ હોઈ જીવત્તં ॥૪૯॥**—વળી (એ સિદ્ધના જીવોને) જીવપણું હોય છે.

| | | |
|---|---|---|
| **થોવા**-થોડા. | **સિદ્ધા**-સિદ્ધ થયેલા. | **મુક્ખતત્તં**-મોક્ષતત્ત્વ. |
| **નપુંસ**-નપુંસકલિંગે. | **કમેણ**-અનુક્રમે. | **એઅં**-એ. |
| **સિદ્ધા**-સિદ્ધ થયેલા. | **સંખગુણા**-સંખ્યાત ગુણા. | **નવતત્તા**-નવતત્ત્વો. |
| **થી**-સ્ત્રી. | | **લેસઓ**-સંક્ષેપથી. |
| **નર**-પુરૂષ. | **ઇઅ**-એ પ્રમાણે. | **ભણિઆ**-કહ્યાં. |

## ૯ મું અલ્પબહુત્વ દ્વાર.

**થોવા નપુંસ સિદ્ધા**—[કૃત્રિમ] નપુંસકલિંગે સિદ્ધ થયેલા સર્વથી થોડા છે.

**થી નર સિદ્ધા કમેણ સંખગુણા**—સ્ત્રીલિંગે અને પુરૂષ લિંગે સિદ્ધ થયેલા અનુક્રમે સંખ્યાતગુણા છે.

**ઇઅ મુક્ખ તત્ત-મેઅં**—એ મોક્ષ તત્ત્વ કહ્યું. એ પ્રમાણે. **નવ તત્તા લેસઓ ભણિઆ ॥૫૦॥**—[જીવાદિ] નવતત્ત્વો [નું સ્વરૂપ] સંક્ષેપથી કહ્યું.

દ્રવ્ય [લિંગાકાર માત્ર] વેદે મોક્ષે જાય, પણ ભાવ [અભિલાષ રૂપ] વેદે મોક્ષે ન જાય, જન્મથી નપુંસક ભાવ ચારિત્ર ન પામે, પણ પછીથી કૃત્રિમ નપુંસક થયેલા ૧ સમયે ૧૦, સ્ત્રીઓ ૨૦ અને પુરૂષો ૧૦૮ ઉત્કૃષ્ટથી મોક્ષે જાય.

### મોક્ષતત્ત્વનાં સંક્ષેપથી ૯ દ્વારનો સાર.

૧ મોક્ષપદ એક પદપણા માટે છતું છે. ૨. સિદ્ધનાં જીવ દ્રવ્ય અનંતા છે. ૩. સિદ્ધના જીવો અસંખ્યાતા આકાશ પ્રદેશને અવગાહીને રહેલા છે, એક સિદ્ધ તેમજ સર્વ સિદ્ધ લોકના અસંખ્યાતમા ભાગના ક્ષેત્રને અવગાહી રહેલા છે. ૪. ક્ષેત્ર કરતાં સ્પર્શના અધિક છે. ૫. એક સિદ્ધ આશ્રયી સાદિ અનંત ને સર્વ સિદ્ધ આશ્રયી અનાદિ અનંતકાળ છે. ૬. સિદ્ધના જીવોને પરસ્પર અંતર નથી. ૭. સિદ્ધના જીવો સંસારી જીવોના અનંતમે ભાગે છે. ૮ ક્ષાયિક અને પારિણામિક એ બે ભાવ સિદ્ધોને છે. ૯. સર્વ કરતાં થોડા નપુંસક લિંગે સિદ્ધ જાણવા, તે કરતાં સ્ત્રી અને પુરૂષ લિંગે સિદ્ધ અનુક્રમે સંખ્યાતગુણા જાણવા.

**જીવાઇ**-જીવાદિ.
**નવ પયત્થે**-૯ પદાર્થોને.
**જો**-જે.
**જાણઇ**-જાણે.
**તસ્સ**-તેને.
**હોઇ**-હોય.
**સમ્મત્તં**-સમ્યક્ત્વ.
**ભાવેણ**-ભાવથી.
**સદ્દહંતો**-શ્રદ્ધા રાખનાર.
**અયાણમાણે વિ**-અજાણને વિષે પણ.
**સમ્મત્તં**-સમ્યક્ત્વ.
**સવ્વાઇં**-સર્વે.
**જિણેસર**-જિનેશ્વરોએ.
**ભાસિઆઇં**-કહેલાં.
**વયણાઇં**-વચનો.
**ન**-નહિ. ન.
**અન્નહા**-અન્યથા.
**હુંતિ**-હોય.
**ઇઅ**-એવી.
**બુદ્ધી**-બુદ્ધિ.
**જસ્સ**-જેના.
**મણે**-મનમાં.
**સમ્મત્તં**-સમ્યક્ત્વ.
**નિચ્ચલં**-નિશ્ચલ.
**તસ્સ**-તેને.

**જીવાઈ નવપયત્થે**—જીવાદિ ૯ પદાર્થો (તત્ત્વો) ને

**જો જાણઈ તસ્સ હોઇ સમ્મત્તં**—જે (ભવ્ય પ્રાણી) જાણે, તેણે સમ્યક્ત્વ હોય છે.

**ભાવેણ સદ્દહંતો**—અથવા ભાવથી (નવતત્ત્વની) શ્રધ્ધા કરનાર એવા.

**અયાણમાણેવિ સમ્મત્તં ।।૫૧।।**—અજાણ (નવતત્ત્વ નહિ જાણનાર) જીવને વિષે પણ સમ્યક્ત્વ હોય છે.

**સવ્વાઈ જિણેસર-ભાસિઆઈ**—જીનેશ્વરે કહેલાં સર્વે.

**વયણાઈ નન્નહા હુંતિ**—વચનો અન્યથા (અસત્ય) ન હોય.

**ઇઅ બુદ્ધી જસ્સ મણે**—એવી બુદ્ધિ જેના મનમાં હોય.

**સમ્મત્તં નિચ્ચલં તસ્સ ।। ૫૨ ।।**—તેને નિશ્ચલ [૬૭] સમ્યક્ત્વ હોય છે.

**અંતોમુહુત્ત**-અંતર્મુહૂર્ત.
**મિત્તંપિ**-માત્ર પણ.
**ફાસિઅં**-સ્પર્શ્યું.
**હુજ્જ**-હોય.
**જેહિં**-જેઓએ. (તે).
**સમ્મત્તં**-સમ્યક્ત્વ.
**તેસિં**-તેઓને.
**અવડ્ઢ**-અર્ધ.
**પુગ્ગલ**-પુદ્ગલ.
**પરિઅટ્ટો**-પરાવર્ત.
**ચેવ**-નિશ્ચે.
**સંસારો**-સંસાર.

**અંતો મુહુત્ત-મિત્તંપિ**—અંતર્મુહૂર્ત માત્ર પણ [ ૯ સમયથી માંડીને બે ઘડી (૪૮ મીનીટ)માં ૧ સમય ઓછા વખત સુધી.]

**ફાસિઅં હુજ્જ જેહિં સમ્મત્તં**—જે જીવોને સમ્યક્ત્વ સ્પર્શ્યું હોય.

**તેસિં અવડ્ઢ પુગ્ગલ, પરિઅટ્ટો ચેવ સંસારો ॥ ૫૩॥**—તે જીવોને (છેલ્લો) અર્ધ પુદ્ગલ પરાવર્ત નિશ્ચે સંસાર બાકી રહે છે. (અને પછી તે જીવ મોક્ષે જાય છે.)

અર્ધ પુદ્ગલ પરાવર્ત સંસાર બાકી રહેલો તે ઘણી આશાતના કરનારને જાણવો. શુદ્ધ સમ્યક્ત્વી તો કોઈ તે ભવમાં કે તેની પછીના તરત ભવોમાં મોક્ષે જાય.

**ઉસ્સપ્પિણી**—ઉત્સર્પિણીએ.
**અણંતા**—અનંત.
**પુગ્ગલ**—પુદ્ગલ.
**પરિઅટ્ટઓ**—પરાવર્ત (કાળ)
**મુણેયવ્વો**—જાણવો.
**તે**—તેવા.
**અણંતા**—અનંતા.(પ્રમાણવાળો.)
**અતીઅદ્ધા**—ભૂતકાળ.
**અણાગયદ્ધા**—ભવિષ્યકાળ.
**અણંતગુણા**—અનંત ગુણા.

## પુદ્ગલ પરાવર્તનો કાળ.

**ઉસ્સપ્પિણી અણંતા**—અનંત ઉત્સર્પિણી અવસર્પિણી કાલે

**પુગ્ગલ-પરિઅટ્ટઓ મુણેઅવ્વો**—૧ પુદ્ગલ પરાવર્ત કાળ જાણવો.

**તે-ણંતા-તીઅદ્ધા**—તે (તેવા) અનંત પુદ્ગલ પરાવર્ત પ્રમાણ ભૂતકાળ છે.

**અણાગયદ્ધા અણંતગુણા ॥ ૫૪॥**—[ અને તેથી ] અનંતગુણા (પુદ્ગલ પરાવર્ત જેટલો) ભવિષ્યકાળ છે.

જિણ-જિનસિદ્ધ.
અજિણ-અજિન સિદ્ધ.
તિત્થ-તીર્થસિદ્ધ.
અતિત્થા-અતીર્થ સિદ્ધ.
ગિહિ-ગૃહસ્થલિંગ સિદ્ધ.
અન્ન-અન્યલિંગ-સિદ્ધ.
સલિંગ-સ્વલિંગ સિદ્ધ.
થી-સ્ત્રીલિંગ સિદ્ધ.
નર-પુરૂષલિંગ સિદ્ધ.
નપુંસા-નપુંસકલિંગ સિદ્ધ.
પત્તેઅ-પ્રત્યેકબુદ્ધ સિદ્ધ.
સયંબુદ્ધા-સ્વયંબુદ્ધ સિદ્ધ.
બુદ્ધબોહિય-બુદ્ધ-બોધિત સિદ્ધ.
સિદ્ધ-(એક)સિદ્ધ.
અણિક્કા-અનેક સિદ્ધ.
ય-અને

**જિણ અજિણ તિત્થ તિત્થા**—જિનસિદ્ધ, અજિનસિદ્ધ, તીર્થસિદ્ધ, અતીર્થસિદ્ધ.

**ગિહિ અન્ન સલિંગ થી નર નપુંસા**—ગૃહસ્થલિંગ સિદ્ધ, અન્યલિંગ સિદ્ધ, સ્વલિંગ સિદ્ધ, સ્ત્રીલિંગ સિદ્ધ, પુરૂષ લિંગ સિદ્ધ, નપુસકલિંગ સિદ્ધ.

**પત્તેય સયંબુદ્ધા**—પ્રત્યેકબુદ્ધ સિદ્ધ, સ્વયંબુદ્ધ સિદ્ધ,

**બુદ્ધબોહિય સિદ્ધ-ણિક્કા ય ॥૫૫॥**—બુદ્ધબોધિત સિદ્ધ, એક સિદ્ધ અને અનેક સિદ્ધ. (એ પ્રમાણે સિદ્ધની પૂર્વ અવસ્થાના ૧૫ ભેદ છે.)

અન્યલિંગી વિગેરેનું આયુષ્ય કેવળજ્ઞાન થયા પછી વધારે હોય તો તેઓ સાધુનો વેષ ગ્રહણ કરે છે.

સ્ત્રીલિંગ પ્રત્યેકબુદ્ધ હોતા નથી.

જિણસિદ્ધા–જિન-સિદ્ધ.
અરિહંતા–અરિહંત.
અજિણ સિદ્ધા–અજિનસિદ્ધ.
પુંડરિઆ–પુંડરીક.
પમુહા–પ્રમુખ.વિગેરે.
ગણહારિ–ગણધરો.
તિત્થસિદ્ધા–તીર્થ સિદ્ધ.
અતિત્થસિદ્ધા–અ-તીર્થ સિદ્ધ.
મરુદેવી–મરુદેવી માતા.
ગિહિલિંગ–ગૃહસ્થ-લિંગે.
સિદ્ધ–સિદ્ધ.
ભરહો–ભરત ચક્રી.

વક્કલચીરી–વલ્કલ-ચીરી.
અન્ન લિંગમ્મિ–અન્યલિંગે.
સાહૂ–સાધુ.
સલિંગ સિદ્ધા–સ્વ-લિંગે સિદ્ધ.
થી સિદ્ધા–સ્ત્રીલિંગે સિદ્ધ.
ચંદણા–ચંદનબાલા.
પુંસિદ્ધા–પુરૂષલિંગે સિદ્ધ.
ગોયમાઇ–ગૌતમાદિ.
ગાંગેય–ગાંગેય.
નપુંસયા સિદ્ધા–નપુંસકલિંગે સિદ્ધ.
પત્તેય–પ્રત્યેકબુદ્ધ.
સયંબુદ્ધા–સ્વયંબુદ્ધ સિદ્ધ.
ભણિયા–કહ્યા છે.

કરકંડુ–કરકંડુ.
કવિલાઇ–કપિલાદિ.
તહ–તેમજ.
બુદ્ધબોહિ–બુદ્ધ-બોધિત.
ગુરુ–ગુરૂ પાસે.
બોહિઆ–બોધ પામેલા.
ઇગસમય–૧ સમયમાં
ઇગ સિદ્ધા–૧ સિદ્ધ.
ઇગ સમયે–૧ સમ-યમાં.
વિ–પણ.
અણેગા–અનેક.
સિદ્ધા–સિદ્ધ થયા.
તે–તે.
અણેગસિદ્ધા–અનેક સિદ્ધ.

**સિદ્ધના (પૂર્વ અવસ્થાને લીધે થયેલ) ૧૫ ભેદ દૃષ્ટાંત સહિત.**

**જિણસિદ્ધા અરિહંતા**—શ્રી તીર્થંકરો (સિદ્ધ થયેલા) તે જિન સિદ્ધ.

**અજિણસિદ્ધા ય પુંડરિઆ પમુહા**—અને પુંડરિક ગણધર વિગેરે સિદ્ધ તે અજિન સિદ્ધ.

**ગણહારિ તિત્થ સિદ્ધા**—(સર્વે) ગણધરો [સિદ્ધ] તે તીર્થસિદ્ધ.

**અતિત્થસિદ્ધા ય મરુદેવી ॥ ૫૬ ॥**—અને મરુદેવી માતા (વિગેરે) સિદ્ધ તે અતીર્થ સિદ્ધ.

**ગિહિલિંગ સિદ્ધ ભરહો**—ભરત ચક્રવર્તિ (વિગેરે) સિદ્ધ તે ગૃહસ્થલિંગે સિદ્ધ.

**વક્કલચીરી ય અન્નલિંગમ્મિ**—વલ્કલચીરી (વિગેરે) તાપસ વેષે ) સિદ્ધ તે અન્ય લિંગે સિદ્ધ.

**સાહૂ સલિંગ સિદ્ધા**—સાધુ વેષે સિદ્ધ તે સ્વલિંગ સિદ્ધ.

**થી સિદ્ધા ચંદણા પમુહા ॥ ૫૭ ॥**—ચંદનબાલા પ્રમુખ સિદ્ધ તે સ્ત્રીલિંગ સિદ્ધ.

**પુંસિદ્ધા ગોયમાઇ**—ગૌતમ વિગેરે સિદ્ધ તે પુરૂષલિંગ સિદ્ધ.

**ગાંગેય પમુહ નપુંસયા સિદ્ધા**—ગાંગેય પ્રમુખ સિદ્ધ તે નપુંસકલિંગ સિદ્ધ.

**પત્તેય સયંબુદ્ધા**—[ કોઈ પદાર્થ દેખી પ્રતિબોધાએલા તે] પ્રત્યેકબુદ્ધ સિદ્ધ અને સ્વયંબુદ્ધ સિદ્ધ (પોતાની મેળે બોધ પામેલા તે) અનુક્રમે.

**ભણિયા કરકંડુ કવિલાઈ ॥ ૫૮ ॥**—કરકંડુ અને કપિલ કેવળી વિગેરે કહ્યા છે.

**તહ બુદ્ધબોહિ ગુરૂબોહિયા**—તેમજ ગુરૂના ઉપદેશે સિદ્ધ તે બુદ્ધબોધિત સિદ્ધ.

**ઈગસમય ઇગ સિદ્ધા ય**—૧ સમયમાં મહાવીર સ્વામિની જેમ ૧ મોક્ષે જાય તે ૧ સિદ્ધ.

**ઇગ સમયે વિ અણેગા**—૧ સમયમાં પણ અનેક ( ૨ થી માંડીને ૧૦૮ સુધી.)

**સિદ્ધા તે ણેગ-સિદ્ધા ય ॥ ૫૯ ॥**—સિદ્ધ થયા તે અનેક સિદ્ધ. [ રૂષભદેવની જેમ ૧ સમયે ૧૦૮ સિદ્ધ થયા.]

આ ૧૫ ભેદમાંથી રૂષભદેવ ભગવાન્ જિનસિદ્ધ, તીર્થ-સિદ્ધ, સ્વલિંગ સિદ્ધ, પુરૂષલિંગ સિદ્ધ, સ્વયંબુદ્ધ સિદ્ધ, ને અનેકસિદ્ધ કહેવાય. એવી રીતે દરેક સિદ્ધ ૧૫ ભેદમાંથી ઘટતા એવા ૬ ભેદમાં આવે.

કોઈ જિનને પ્રશ્ન કરે કે કેટલા જીવો મોક્ષમાં ગયા છે? ત્યારે તીર્થંકર ભગવાન્ ઉત્તર આપે કે અત્યારસુધી એક નિગોદનો અનંતમો ભાગ મોક્ષે ગયો છે.

## મોક્ષતત્ત્વના પ્રશ્નો.

૧. નીચેના શબ્દોના અર્થો સ્પષ્ટતાથી કહો.

સત્પદ પ્રરૂપણા, ક્ષેત્ર, અંતર અને અલ્પબહુત્વ.

૨. માર્ગણા એટલે શું? અને કઇ કઇ માર્ગણાવાળા જીવો મોક્ષે જાય?

૩. અજ્ઞાની જીવોને સમ્યક્ત્વ હોય કે નહિ? તે કહો.

૪. જીવને નિશ્ચલ દૃઢ સમ્યક્ત્વ ક્યારે થાય? અને તે થયા પછી સંસારમાં જઘન્યથી અને ઉત્કૃષ્ટથી કેટલા કાળ સુધી રહે.

૫. પુદ્ગલ પરાવર્તનો કાળ કેટલો ?

૬. પ્રત્યેક બુદ્ધ અને સ્વયંબુદ્ધ કોને કહે ?

૭. રૂષભદેવ ભગવાન્ અને મરૂદેવી માતા સિદ્ધના ૧૫ ભેદમાંથી કયા કયા ભેદોએ સિદ્ધ થયાં ?

૮. નવતત્ત્વના રચનાર કોણ? અને તેને જાણવાનું ફલ શું ?

## શ્રી નવતત્ત્વ પ્રકરણ સાર્થ સમાપ્ત.

# શ્રી દંડક પ્રકરણ સાર્થ.

## મંગલાચરણ.

**નમિઉં**–નમસ્કાર કરીને.
**ચઉવીસ**–ચોવીશ.
**જિણે**–જિનોને.
**તસ્સુત્ત**–તેમના સૂત્રના.

**વિયાર**–વિચારને.
**લેસ**–લેશ માત્ર.
**દેસણઓ**–કહેવાથી.
**દંડગ**–દંડકના.
**પએહિં**–પદોવડે.

**તેચ્ચિય**–તે(જિનોને) નિશ્ચે.
**થોસામિ**–સ્તવીશ.
**સુણેહ**–સાંભળો.
**ભો ભવ્વા**–હે ભવ્યો !

**નમિઉં ચઉવીસ જિણે**—ચોવીશ જિનેશ્વરોને નમસ્કાર કરીને.

**તસ્સુત્ત વિયાર લેસ દેસણઓ**—તેમના સૂત્રના વિચારને લેશ માત્ર કહેવાથી.

**દંડગપએહિં તે ચ્ચિય**—દંડકના પદોએ કરીને તે જિનેશ્વરોને નિશ્ચે.

**થોસામિ સુણેહ ભો ભવ્વા ॥ ૧ ॥**—હું સ્તવીશ. હે ભવ્યજનો ! (તે) તમે સાંભળો.

જીવો જેને વિષે દંડાય તે દંડક કહેવાય.

## હવે ૨૪ દંડક દેખાડે છે.

**નેરઇઆ**–નારકી (૧)
**અસુરાઈ**–અસુરકુમારાદિ (૧૦)
**પુઢવાઈ**–પૃથ્વીકાયાદિ (૫)

**બેઇંદિયાદઓ**–બેઇંદ્રિયાદિ (૩)
**ચેવ**–નિશ્ચે.
**ગબ્ભય**–ગર્ભજ.
**તિરિય**–તિર્યંચ (૧)

**મણુસ્સા**–મનુષ્ય (૧)
**વંતર**–વ્યંતર (૧)
**જોઇસિય**–જ્યોતિષી (૧)
**વેમાણી**–વૈમાનિક (૧)

**નેરઈઆ અસુરાઈ**—સાતે નારકીનો ૧, અસુરકુમારાદિ દશ ભવનપતિના-૧૦,

**પુઢવાઈ બેઈંદિયાદઓ ચેવ**—પૃથ્વીકાયાદિ પાંચ સ્થાવરના-૫, (અને) બેઈંદ્રિય આદિ (વિકલેંદ્રિયના) ત્રણજ.

**ગબ્ભય તિરિય મણુસ્સા**—ગર્ભજ તિર્યંચનો-૧, (અને) મનુષ્યનો-૧

**વંતર જોઇસિય વેમાણી ॥ ૨ ॥**—વ્યંતરનો-૧, જ્યોતિષીનો-૧ અને વૈમાનિકનો-૧

તેમાં પૃથ્વીકાયાદિકથી માંડીને તિર્યંચ ગતિના ૯ અને મનુષ્ય ગતિનો ૧ મળી ૧૦. અસુર કુમારાદિ ચાર પ્રકારના દેવતાના ૧૩ અને નારકીનો ૧ એમ બધા મળી ૨૪ દંડક થયા.

## હવે ચોવીસ દ્વાર કહે છે.

**સંખિત્તયરી**—અત્યંત સંક્ષેપ.
**ઉ**—વળી.
**ઈમા**—આ.
**સરીરં**—શરીર.
**ઓગાહણા**—અવગાહના.
**સંઘયણા**—સંઘયણ(૬)
**સન્ના**—સંજ્ઞા (૪-૧૦)
**સંઠાણ**—સંસ્થાન(૬)

**કસાય**—કસાય (૪)
**લેસ**—લેશ્યા (૬)
**ઇંદિય**—ઇંદ્રિય (૫)
**દુસમુગ્ઘાયા**—બે સમુદ્ઘાત.
**દિટ્ઠી**—દૃષ્ટિ (૩)
**દંસણ**—દર્શન (૪)
**નાણે**—જ્ઞાન (૫+૩)
**જોગ**—જોગ (૧૫)
**ઉવઓગ**—ઉપયોગ (૧૨)

**ઉવવાય**—ઉપપાત
**ચવણ**—ચ્યવન. મરણ.
**ઠિઇ**—સ્થિતિ. આયુષ્ય.
**પજ્જત્તિ**—પર્યાપ્તિ.
**કિમાહારે**—કિમાહાર.
**સન્ની**—સંજ્ઞા (૩)
**ગઈ**—ગતિ.
**આગઈ**—આગતિ.
**વેએ**—વેદ (૩)

**સંખિત્તયરી ઉ ઈમા**—આ સંઘયણી વળી અત્યંત સંક્ષેપ છે.

**સરીર-મોગાહણા ય સંઘયણા**—શરીર પાંચ-અવગાહના અને સંઘયણ છ.

**સન્ના સંઠાણ કસાય**—સંજ્ઞા ચાર-સંસ્થાન છ-કષાય ચાર.

**લેસ ઈંદિય દુસમુગ્ઘાયા ॥ ૩ ॥**—લેશ્યા છ, ઈંદ્રિય પાંચ, ( જીવ અને અજીવ એ ) બે ભેદે સમુદ્ઘાત.

**દિટ્ઠી દંસણ નાણે**—દૃષ્ટિ ત્રણ, દર્શન ચાર, જ્ઞાન પાંચ, અજ્ઞાન ત્રણ.

**જોગુ-વઓગો-વવાય ચવણ-ઠિઈ**-યોગ ૧૫,ઉપયોગ બાર, ઉપપાત ( જન્મ )-ચ્યવન(મરણ)-સ્થિતિ ( આયુષ્ય ).

**પજ્જત્તિ કિમાહારે**—પર્યાપ્તિ છ-કિમાહાર ( કેટલી દિશાનો આહાર લે તે )

**સન્ની ગઈ આગઈ વેએ ॥૪॥**—સંજ્ઞા ત્રણ-ગતિ-આગતિ -વેદ ત્રણ.

**૨૪ દંડકમાં કયા કયા દંડકે કયું કયું દ્વાર હોય, તે કહે છે.**

## પહેલું શરીરદ્વાર.

**ચઉ**—ચાર.
**ગબ્ભતિરિ**—ગર્ભજ તિર્યંચ.
**વાઉસુ**—વાયુકાયને વિષે
**મણુઆણં**-મનુષ્યોને.
**પંચ**—પાંચ.
**સેસ**—બાકીના (૨૧)ને
**તિસરીરા**—૩ શરીર.
**થાવર ચઉગે**—ચાર સ્થાવરને.
**દુહઓ**—બન્ને પ્રકારે.
**અંગુલ**—આંગળના.
**અસંખ**—અસંખ્યાતમા
**ભાગ**—ભાગનું.
**તણૂ**—શરીર.
**સવ્વેસિંપિ**—સર્વ દંડકે પણ.
**જહન્ના**—જઘન્યથી.
**સાહાવિઅ**-સ્વાભાવિક
**અંગુલસ્સ**—આંગળનો.
**અસંખ**-અસંખ્યાતમો.
**અંસો**—ભાગ.
**ઉક્કોસ**—ઉત્કૃષ્ટથી .
**પણ સય**—પાંચસો.
**ધણૂ**—ધનુષ્યવાળા.
**નેરઇયા**—નારકી.
**સત્તહત્થ**—૭ હાથના.
**સુરા**—દેવતા.

**ચઉ ગબ્ભ તિરિ ય વાઉસુ**—ગર્ભજ તિર્યંચ અને વાઉ-કાયને વિષે ( ઔદારિક-વૈક્રિય-તૈજસ અને કાર્મણ એ ) ચાર શરીર હોય છે.

**મણુઆણં પંચ સેસ તિસરીરા**—( તેમાં આહારક ઉમેરીએ તો ) મનુષ્યને ૫ શરીર હોય છે. અને બાકીના ૨૧ દંડકે ત્રણ શરીર હોય છે.

( નારકીનો-૧ અને દેવતાના ૧૩ દંડક મળી ૧૪ દંડકે વૈક્રિય -તૈજસ અને કાર્મણ એ ત્રણ શરીર અને વાયુકાય વિના ૪ સ્થાવર તથા વિકલેંદ્રિય મળી ૭ દંડકે ઔદારિક-તૈજસ અને કાર્મણ એ ત્રણ શરીર હોય છે. )

## ( ૨ જું અવગાહના દ્વાર. )

**થાવર ચઉગે દુહઓ**—વનસ્પતિકાય વિના ) ૪ સ્થાવરને ( જઘન્ય અને ઉત્કૃષ્ટથી એમ ) બન્ને પ્રકારે.

**અંગુલ અસંખ ભાગ તણૂ ॥ ૫ ॥**—આંગળના અસં-ખ્યાતમા ભાગનું શરીર હોય છે.

**સવ્વેસિંપિ જહન્ના**—( ૪ સ્થાવર વિના બાકીના ) સર્વ દંડકે પણ જઘન્યથી.

**સાહાવિય અંગુલસ્સ અસંખંસો**—સ્વાભાવિક (શરીર) આંગળનો અસંખ્યાતમો ભાગ હોય છે.

**ઉક્કોસ પણસય ધણૂ**—ઉત્કૃષ્ટથી ૫૦૦ ધનુષ્ય શરીરવાળા

**નેરઈયા સત્ત હત્થ સુરા ॥ ૬ ॥**—નારકી હોય છે, અને દેવતા ૭ હાથના હોય છે.

ગબ્ભતિરિ–ગર્ભજ તિર્યંચનું.
સહસ્સ–હજાર.
જોયણુ–જોજન.
વણસ્સઈ-વનસ્પતિનું,
અહિય–અધિક.
સહસ્સં–હજાર.
નર–મનુષ્ય.
તેઈંદિ–તેઈંદ્રિયનું.
તિ ગાઉ–૩ ગાઉ.

બેઈંદિય–બેઈંદ્રિયનું.
જોયણે બાર–૧૨ જોજન.
જોયણું–જોજન.
એગં–એક.
ચઉરિંદિ-ચઉરિંદ્રિયનું.
દેહં–શરીર.
ઉચ્ચત્તણં–ઉંચપણે.
સુએ–સૂત્રમાં.

ભણિયં–કહ્યું છે.
વેઉવ્વિય–( ઉત્તર ) વૈક્રિય.
પુણ–વળી.
અંગુલ–આંગળનો.
સંખ–સંખ્યાતમો.
અંસં–ભાગ.
આરંભે–આરંભતી વખતે.

ગબ્ભ તિરિ સહસ્સ જોયણ—ગર્ભજ તિર્યંચનું શરીર ૧૦૦૦ જોજન હોય છે.

વણસ્સઈ અહિય જોયણ સહસ્સં—વનસ્પતિકાયનું શરીર ૧૦૦૦ જોજનથી ( કાંઇક ) અધિક હોય છે.

નર તેઈંદિ તિ ગાઉ—મનુષ્ય અને તેઈંદ્રિયનું શરીર ૩ ગાઉ હોય છે.

બેઈંદિય જોયણે બાર ॥ ૭ ॥—બેઈંદ્રિયનું શરીર ૧૨ જોજન હોય છે.

જોયણ-મેગં ચઉરિંદિ—ચઉરિંદ્રિયનું ૧ જોજન

દેહમુચ્ચત્તણં સુએ ભણિઅં—શરીર ઉંચપણે સૂત્રને વિષે કહ્યું છે.

વેઉવ્વિય દેહં પુણ—વળી ( ઉત્તર ) વૈક્રિય શરીર

અંગુલ સંખંસ—મારંભે ॥ ૮ ॥—આરંભતી વખતે આંગળનો સંખ્યાતમો ભાગ હોય છે.

| | | |
|---|---|---|
| દેવ–દેવતાનું. | નવ–નવ. | નારયાણં–નારકીઓનું. |
| નર–મનુષ્યનું. | જોયણ–જોજન. | ભણિયં–કહ્યું છે. |
| અહિય–અધિક. | સયાઈ–સો. | વેઉવ્વિય–( ઉત્તર ) વૈક્રિય. |
| લક્ખં–લાખ (જોજન) | દુગુણં–બમણું. | |
| તિરિયાણં–તિર્યંચોનું. | તુ–વળી. | સરીરં–શરીર. |

**દેવ નર અહિય લક્ખં**—દેવતાનું વૈક્રિય શરીર લાખ જોજન અને મનુષ્યનું લાખ જોજનથી ( ૪ આંગળ ) અધિક હોય છે.

( કારણકે દેવતાઓ ભૂમિથી ઓછામાં ઓછા ૪ આંગળ ઉપર ચાલે છે. )

**તિરિયાણં નવ ય જોયણ સયાઈ**—તિર્યંચનું ( વૈક્રિય શરીર ) ૯૦૦ જોજન

**દુગુણં તુ નારયાણં**—નારકીઓનું વળી પોતાના શરીરથી બમણું.

**ભણિયં વેઉવ્વિય સરીરં ॥ ૯ ॥**—વૈક્રિય શરીર કહ્યું છે.

| | | |
|---|---|---|
| અંતમુહુત્તં–અંતર્મુહૂર્ત. | તિરિય–તિર્યંચ. | ઉક્કોસ–ઉત્કૃષ્ટથી. |
| નિરએ–નારકીમાં. | મણુએસુ–મનુષ્યમાં. | વિઉવ્વણા–વિકુર્વણાનો. |
| મુહુત્તચત્તારિ–૪ મુહૂર્ત. | દેવેસુ–દેવોમાં. | |
| | અદ્ધમાસો–અડધોમાસ | કાલો–કાલ. |

## વિકુર્વેલ વૈક્રિય શરીરનો કાળ.

**અંતમુહુત્તં નિરએ**—નારકીમાં અંતર્મુહૂર્ત

**મુહુત્ત ચત્તારિ તિરિય મણુએસુ**—તિર્યંચ અને મનુષ્યમાં ૪ મુહૂર્ત

**દેવેસુ અદ્ધમાસો**—દેવતામાં અડધો માસ

**ઉક્કોસ વિઉવ્વણા કાલો ॥ ૧૦ ॥**—ઉત્કૃષ્ટથી ઉત્તર વૈક્રિય શરીરનો કાળ જાણવો.

**થાવર**—સ્થાવર (૫)
**સુર**—દેવતા (૧૩)
**નેરઈઆ**—નારકી.
**અસંઘયણા**—સંઘયણ રહિત.
**વિગલ**—વિકલેંદ્રિયને.
**છેવટ્ઠું**—છેવટ્ઠું.
**સંઘયણ**—સંઘયણ.
**છગ્ગં**—છ.
**ગબ્ભય**—ગર્ભજ.
**નર**—મનુષ્ય.
**તિરિએસુ**—તિર્યંચને વિષે.
**વિ**—પણ.
**મુણેયવ્વં**—જાણવાં.

## ૩ જું સંઘયણ દ્વાર.

**થાવર સુર નેરઈઆ**—૫ સ્થાવર દેવતા અને નારકી ( એ ૧૯ દંડક )

**અસંઘયણા ય વિગલ છેવટ્ઠું**—સંઘયણ રહિત છે અને વિકલેંદ્રિયને છેવટ્ઠું ( સેવાર્ત ) સંઘયણ હોય છે.

**સંઘયણ છગ્ગં ગબ્ભય**—છ સંઘયણ ( વજ્રૠષભ નારાચ—ૠષભ નારાચ—નારાચ—અર્ધ નારાચ—કીલિકા અને છેવટ્ઠું )

**નર તિરિએસુવિ મુણેયવ્વં ॥ ૧૧ ॥**—ગર્ભજ મનુષ્ય અને તિર્યંચને વિષે પણ જાણવાં.

**સવ્વેસિં**—સર્વે (૨૪) ને વિષે.
**ચઉ દહ વા**—૪ કે ૧૦
**સન્ના**—સંજ્ઞા.
**સવ્વે**—સર્વે.
**સુરા**—દેવતાઓ.
**ચઉરંસા**—સમચતુરસ્ર.
**નર**—મનુષ્ય.
**તિરિય**—તિર્યંચને.
**છસંઠાણા**—૬ સંસ્થાન.
**હુંડા**—હુંડક.
**વિગલિંદિ**—વિકલેંદ્રિય
**નેરઇઆ**—નારકીને.
**નાણાવિહ**—જુદા પ્રકારના.
**ધય**—ધ્વજાના.
**સૂઇ**—સોયના.
**બુબ્બુય**—પરપોટાના.
**વણ**—વનસ્પતિ.
**વાઉ**—વાયુકાય.
**તેઉ**—તેઉકાય.
**અપકાયા**—અપ્કાય.
**પુઢવી**—પૃથ્વીકાય.
**મસુર**—મસૂરની દાળ.
**ચંદ**—ચંદ્રમાના.
**આકારા**—આકારવાળા.
**સંઠાણઓ**—સંસ્થાનથી.
**ભણિયા**—કહ્યા છે.

| દ્વારનું નામ | ૧ લું શરીર. | | | | | ૨ જું અવગાહના. | |
|---|---|---|---|---|---|---|---|
| દંડકનું નામ. | ઔદારિક | વૈક્રિય | આહારક | તૈજસ | કાર્મણ | ઉત્કૃષ્ટ | જઘન્ય. આરંભતી વખતે મૂલ શરીર |
| નારકી | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૫૦૦ ધનુષ્ય ૭॥ ૬ આંગળ | ચોવીશે દંડકે અંગુલનો અસંખ્યાતમો ભાગ. |
| ૧૦ ભવનપતિ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૭ હાથ | |
| વ્યંતર | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૭ હાથ | |
| જ્યોતિષી | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૭ હાથ | |
| વૈમાનિક | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૭ થી ૧ હાથ સુધી | |
| પૃથ્વીકાય. | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | આંગળનો | |
| અપ્કાય | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | અસંખ્યાતમો ભાગ. | |
| વનસ્પતિકાય | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૧૦૦૦જોજનથીવધુ | |
| તેઉકાય | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | આંગળનો અસંખ્યાતમો ભાગ (તેઉકાય, વાઉકાય) | |
| વાઉકાય | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | | |
| બેઇંદ્રિય | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૧૨ જોજન | |
| તેઇંદ્રિય | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૩ ગાઉ | |
| ચઉરિંદ્રિય | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૧ જોજન | |
| ગર્ભજ તિર્યંચ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૧૦૦૦ જોજન | |
| ગર્ભજમનુષ્ય | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૩ ગાઉ | |

| આરંભતી વખતે ઉત્તર વૈક્રિય શરીર | વધુમાં વધુ ઉત્તર વૈક્રિય શરીર | વિકુર્વેલ ઉત્તર વૈક્રિય શરીરનો કાળ. | ૩ જું સંઘયણ. વજ્ર ઋષભ નારાચ | ઋષભ નારાચ | નારાચ | અર્ધ નારાચ | કીલિકા | છેવટું (સેવાર્ત) |
|---|---|---|---|---|---|---|---|---|
| અંગુલનો | પોતાના મૂળ શરીરથી બમણું. | અંતર્મુહૂર્ત | નથી | | | | | |
| | ૧ લાખ જોજન | ૦॥ માસ | ,, | | | | | |
| | ,, ,, | ,, | ,, | | | | | |
| સંખ્યાતમો | ,, ,, | ,, | ,, | | | | | |
| ભાગ. | ,, ,, | ,, | ,, | | | | | |
| નથી | નથી | નથી | નથી | | | | | |
| ,, | ,, | ,, | ,, | | | | | |
| ,, | ,, | ,, | ,, | | | | | |
| ,, | ,, | ,, | ,, | | | | | |
| અંગુલનો અસંખ્યાતમો ભાગ. | અંગુલનો અસંખ્યાતમો ભાગ. | અંતર્મુહૂર્ત | ,, | | | | | |
| નથી | નથી | નથી | | | | | | ૧ |
| ,, | ,, | ,, | | | | | | ૧ |
| ,, | ,, | ,, | | | | | | ૧ |
| અંગુલનો સંખ્યાતમો ભાગ. | ૯૦૦ જોજન | ૪ મુહૂર્ત | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| | ૧ લાખ જોજનથી ૪ આંગળ અધિક | ,, | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |

## ૪ થું સંજ્ઞા દ્વાર.

**સવ્વેસિં ચઉ દહ વા, સન્ના**—સર્વે ( ૨૪ દંડકો ) ને વિષે ૪-૧૦ કે ૧૬ સંજ્ઞા હોય છે.

( આહાર--ભય--મૈથુન અને પરિગ્રહ એ ચાર. ક્રોધ--માન--માયા --લોભ--ઓઘ અને લોક મળી ૧૦. સુખ--દુઃખ--મોહ--વિતિગિચ્છા-- ધર્મ અને શોક મળી ૧૬ )

## ( ૫ મું સંસ્થાન દ્વાર )

**સવ્વે સુરા ય ચઉરંસા**—સર્વે દેવતાઓ સમચતુરસ્ર સંસ્થાનવાળા હોય છે.

**નર તિરિય છ સંઠાણા**—મનુષ્ય અને તિર્યંચને ( સમચતુ- રસ્ર–ન્યગ્રોધ–સાદિ–વામન–કુબ્જ અને હુંડક એ ) છ સંસ્થાન હોય છે.

**હુંડા વિગલિંદિ નેરઇયા ॥ ૧૨ ॥**—વિકલેંદ્રિય અને નારકીને હુંડક સંસ્થાન હોય છે.

**નાણાવિહ ધય સૂઈ**—જુદા જુદા પ્રકારના ( સંસ્થાનવાળા) ધજાના, સોયના ( અને )

**બુબ્બુય વણ વાઉ તેઉ અપકાયા**—પરપોટાના સંસ્થા- નવાળા અનુક્રમે વનસ્પતિકાય, વાયુકાય, તેઉકાય, અને અપ્કાય હોય છે.

**પુઢવી મસુર ચંદા**—પૃથ્વીકાય મસૂરની દાળ અને ચંદ્રમાના

**કારા સંઠાણઓ ભણિયા ॥ ૧૩ ॥**—આકારવાળા સંસ્થાનથી કહ્યા છે.

**સવ્વેવિ**--સર્વે જીવો પણ.
**ચઉ કસાયા**--૪ કષાયવાળા.
**લેસ છગ્ગં**--૬ લેશ્યા.
**ગબ્ભ**--ગર્ભજ.
**તિરિય**--તિર્યંચ.
**મણુએસુ**--મનુષ્યને વિષે.
**નારય**--નારકી.
**તેઉ**--તેઉકાય.
**વાઉ**--વાયુકાય.
**વિગલા**--વિકલેંદ્રિય.
**વેમાણિય**--વૈમાનિક.
**તિ લેસા**--૩ લેશ્યાવાળા
**જોઇસિય**--જ્યોતિષી.
**તેઉ લેસા**--તેજોલેશ્યા.
**સેસા**--બાકીના (૧૪).
**સવ્વેવિ**--સર્વે પણ.
**હુન્તિ**--હોય છે.
**ચઉ લેસા**--૪ લેશ્યા.
**ઇંદિય દારં**--ઇંદ્રિય દ્વાર.
**સુગમં**--સુગમ.
**મણુઆણું**--મનુષ્યોને
**સત્ત**--સાત.
**સમુગ્ઘાયા**--સમુદ્ઘાત.

## ૬ ઠું કષાય દ્વાર.

**સવ્વે વિ ચઉ કસાયા**—સર્વે જીવો પણ (ક્રોધ-માન-માયા અને લોભ એમ) ૪ કષાયવાળા હોય છે.

## (૭ મું લેશ્યા દ્વાર)

**લેસ છગ્ગં ગબ્ભ તિરિય મણુએસુ**—ગર્ભજ તિર્યંચ અને મનુષ્યને વિષે (કૃષ્ણ-નીલ-કાપોત-તેજો-પદ્મ અને શુકલ એ) ૭ લેશ્યા હોય છે.

**નારય તેઉ વાઉ**—નારકી, તેઉકાય અને વાયુકાય.

**વિગલા વેમાણિય તિ લેસા ॥ ૧૪ ॥**—વિકલેંદ્રિય અને વૈમાનિક ૩ લેશ્યાવાળા હોય છે.

(નારકી-તેઉકાય વાયુકાય અને વિકલેંદ્રિયને કૃષ્ણ-નીલ અને કાપોત અને વૈમાનિકને તેજો-પદ્મ અને શુકલ લેશ્યા હોય છે.)

**જોઇસિય તેઉ લેસા**—જ્યોતિષી તેજો લેશ્યાવાળા હોય છે.

**સેસા સવ્વેવિ હુંતિ ચઉ લેસા**—બાકીના સર્વે (૧૦ ભવનપતિ-વ્યંતર-પૃથ્વી-અપ્ અને વનસ્પતિ એ ૧૪ દંડક) પણ ૪ લેશ્યાવાળા હોય છે.

## ( ૮ મું ઈંદ્રિય દ્વાર )

**ઈંદિય દારં સુગમં**—ઈંદ્રિયદ્વાર સહેલું છે.

## ( ૯ મું સમુદ્દ્ઘાત દ્વાર )

**મણુઆણું સત્ત સમુગ્ઘાયા ॥ ૧૫ ॥**—મનુષ્યોને ૭ સમુદ્દ્ઘાત હોય છે.

**વેયણ**—વેદના.
**કસાય**—કષાય.
**મરણે**—મરણ.
**વેઉવ્વિય**—વૈક્રિય.
**તેયએ**—તૈજસ.
**આહારે**—આહારક.
**કેવલિ**—કેવલી.
**સમુગ્ઘાયા**—સમુદ્દ્ઘાત.
**સત્ત**—સાત.
**ઇમે**—એ. આ.
**હુન્તિ**—હોય છે.
**સન્નીણં**—સંજ્ઞી (મનુષ્યો)ને.
**એગિંદિયાણ**—એકેંદ્રિયોને.
**કેવલિ**—કેવલી.
**તેય**—તૈજસ.
**આહારગ**—આહારક.
**વિણાઉ**—વિના વળી.
**ચત્તારિ**—ચાર.
**તે**—તે ( ત્રણ )
**વેઉવ્વિય**—વૈક્રિય.
**વજ્જા**—વર્જીને.
**વિગલા**—વિકલેંદ્રિય.
**અસન્નીણ**—અસંજ્ઞીને.
**તે ચેવ**—તે (ત્રણ) નિશ્ચે.
**પણ**—પાંચ.
**ગબ્ભતિરિ**—ગર્ભજ તિર્યંચ.
**સુરેસુ**—દેવોને વિષે.
**નારય**—નારકી.
**વાઉસુ**—વાયુકાયને વિષે.
**ચઉર્**—ચાર.
**તિય**—ત્રણ.
**સેસે**—બાકી (૪)
**વગલ**—વિકલેંદ્રિયને.
**દુ દિટ્ઠી**—બે દૃષ્ટિ.
**થાવર**—થાવરને.
**મિચ્છત્તી**—મિથ્યાદૃષ્ટિ.
**સેસ**—બાકીના (૧૬)ને.
**તિય દિટ્ઠી**—૩ દૃષ્ટિ.

**વેયણ કસાય મરણે**—વેદના, કષાય અને મરણ.
**વેઉવ્વિય તેયએ ય આહારે**—વૈક્રિય તૈજસ આહારક અને.
**કેવલિ ય સમુગ્ઘાયા**—કેવલી સમુદ્દ્ઘાત.
**સત્ત ઇમે હુંતિ સન્નીણં ॥ ૧૬ ॥**—એ ૭ સમુદ્દ્ઘાત સંજ્ઞી મનુષ્યોને હોય છે.
**એગિંદિયાણ કેવલિ**—એકેંદ્રિય ( વાયુકાય ) ને કેવલી.

**તેયા-હારગ વિણા ઉ ચત્તારિ**—તૈજસ અને આહારક (એ ત્રણ) વિના વળી (પ્રથમની) ૪ સમુદ્‌ઘાત હોય છે.

**તે વેઉવ્વિય વજ્જા**—તે (ત્રણ) અને વૈક્રિય વર્જીને.

**વિગલા-સન્નીણ તે ચેવ ॥૧૭॥**—તે (પ્રથમની) ત્રણ સમુદ્‌ઘાતો વિકલેંદ્રિય અને અસંજ્ઞીને નિશ્ચે હોય છે.

**પણ ગબ્ભ તિરિ સુરેસુ**—ગર્ભજ તિર્યંચ અને દેવતાને વિષે (પ્રથમની) ૫ (સમુદ્‌ઘાત).

**નારય વાઉસુ ચઉર તિય સેસે**—નારકી અને વાયુકાયને વિષે ૪ અને બાકીના (પૃથ્વી-અપ્-તેઉ અને વનસ્પતિ એ ૪) દંડકે ૩ સમુદ્‌ઘાત હોય છે.

## (૧૦ મું દૃષ્ટિદ્વાર)

**વિગલ દુ દિટ્ઠી થાવર**—વિકલેંદ્રિયને વિષે (મિથ્યાદૃષ્ટિ અને કેટલાક અપર્યાપ્ત વિકલેંદ્રિયને સાસ્વાદન હોવાથી સમ્યક્‌દૃષ્ટિ એમ) બે દૃષ્ટિ હોય છે. સ્થાવરને વિષે.

**મિચ્છત્તી સેસ તિય દિટ્ઠી ॥ ૧૮ ॥**—૧ મિથ્યાદૃષ્ટિ હોય છે. બાકીના (ગર્ભજ તિર્યંચ-મનુષ્ય-નારકી અને દેવતા એ ૧૬) દંડકે (સમકિત-મિશ્ર અને મિથ્યા એ) ત્રણ દૃષ્ટિ હોય છે.

| | | |
|---|---|---|
| **થાવર**-સ્થાવર. | **તદ્દુગં**-તે બે (દર્શન.) | **દંસણિણો**-દર્શનવાળા |
| **બિ**-બેઈંદ્રિય. | | |
| **તિસુ**-તેઇંદ્રિયને વિષે. | **સુએ**-સૂત્રમાં. | **સેસેસુ**-બાકીના |
| **અચક્ખુ**-અચક્ષુ દર્શન. | **ભણિયં**-કહ્યાં છે. | (૧૫) ને. |
| | **મણુઆ**-મનુષ્યો. | **તિગં તિગં**-ત્રણ ત્રણ. |
| **ચઉરિંદિસુ**-ચઉરિંદ્રિયને. | **ચઉ**-ચાર. | **ભણિયં**-કહ્યાં છે. |

## ૧૧ મું દર્શન દ્વાર.

**થાવર બિ તિસુ અચક્ખુ**—સ્થાવર, બેઇંદ્રિય અને તેઇંદ્રિયને વિષે અચક્ષુદર્શન હોય છે.

**ચઉરિંદિસુ તદ્દુગં સુએ ભણિઅં**—ચઉરિંદ્રિયને વિષે તે બે ( ચક્ષુ અને અચક્ષુ ) દર્શન સૂત્રમાં કહ્યાં છે.

**મણુઆ ચઉ દંસણિણો**—મનુષ્યો (ચક્ષુ અચક્ષુ અવધિ અને કેવલ એ ) ચારે દર્શનવાળા હોય છે.

**સેસેસુ તિગં તિગં ભણિયં ॥ ૧૯ ॥**—બાકીનાને વિષે (ગર્ભજ તિર્યંચ-નારકી અને દેવતા. એ ૧૫ દંડકે ચક્ષુ અચક્ષુ અને અવધિ એ) ત્રણ ત્રણ દર્શન કહ્યાં છે.

| | | |
|---|---|---|
| **અન્નાણ**—અજ્ઞાન. | **થિરે**—સ્થાવરને વિષે. | **વિગલે**—વિકલેંદ્રિયને. |
| **નાણ**—જ્ઞાન. | **અન્નાણદુગં**—બે અજ્ઞાન. | **મણુએ**—મનુષ્યને વિષે. |
| **તિય તિય**—ત્રણ ત્રણ. | **નાણ**—જ્ઞાન (બે). | **પણ નાણ**—૫ જ્ઞાન. |
| **સુર**—દેવતા. | **અન્નાણદુ**—બે અજ્ઞાન. | **તિ અન્નાણા**—૩ અજ્ઞાન. |
| **તિરિ**—તિર્યંચ. | | |
| **નિરએ**—નારકીને વિષે. | | |

## ૧૨ મું જ્ઞાન અને ૧૩ મું અજ્ઞાનદ્વાર.

**અન્નાણ નાણ તિય તિય**—૩ અજ્ઞાન ( મતિ અજ્ઞાન-શ્રુત અજ્ઞાન ને વિભંગજ્ઞાન ) અને ૩ જ્ઞાન ( મતિ-શ્રુત ને અવધિ )

**સુર તિરિ નિરએ થિરે અન્નાણ દુગં**—દેવતા, તિર્યંચ અને નારકીને વિષે હોય છે. સ્થાવરને વિષે ( મતિ અને શ્રુત એ ) બે અજ્ઞાન હોય છે.

**નાણાન્નાણ દુ વિગલે**—બે જ્ઞાન અને બે અજ્ઞાન વિક- લેંદ્રિયને વિષે હોય છે.

**મણુએ પણ નાણ તિ અન્નાણા ॥ ૨૦ ॥**—મનુષ્યને વિષે ૫ જ્ઞાન અને ૩ અજ્ઞાન હોય છે.

ઇક્કારસ–૧૧ (યોગ).
સુર–દેવતા.
નિરએ–નારકીને વિષે.
તિરિએસુ–તિર્યંચને વિષે.

તેર–૧૩ (યોગ)
પન્નર–૧૫ (યોગ).
મણુએસુ–મનુષ્યને વિષે.
વિગલે–વિકલેંદ્રિયને.

ચઉ–ચાર.
પણ–પાંચ.
વાએ–વાયુકાયને વિષે.
જોગ તિયં–૩ જોગ.
થાવરે–સ્થાવરમાં.
હોઇ–હોય છે.

## ૧૪ મું યોગ દ્વાર.

**ઈક્કારસ સુર નિરએ**—દેવતા અને નારકીને વિષે ( ઓદા- રિક દ્વિક અને આહારક દ્વિક વિના ) ૧૧ યોગ હોય છે.

**તિરિએસુ તેર પન્નર મણુએસુ**—તિર્યંચને વિષે ૧૩ ( આહારક દ્વિક વિના. ) અને મનુષ્યને વિષે ૧૫ યોગ હોય છે.

**વિગલે ચઉ પણ વાએ**—વિકલેંદ્રિયને વિષે ૪ ( ઓદા- રિક દ્વિક–કાર્મણ ને વ્યવહાર ભાષા. ) વાયુકાયને વિષે ૫ યોગ ( ઓદારિક દ્વિક–કાર્મણ ને વૈક્રિયદ્વિક. )

**જોગ તિયં થાવરે હોઈ ॥ ૨૧ ॥**—સ્થાવરને વિષે ૩ જોગ હોય છે. ( ઔદારિક દ્વિક ને કાર્મણ. )

ઉવઓગા—ઉપયોગ.
મણુએસુ—મનુષ્યને વિષે.
બારસ—બાર.
નવ—નવ.
નિરય—નારકી.
તિરિય—તિર્યંચ.
દેવેસુ—દેવોને વિષે.
વિગલ દુગે—બે વિકલેંદ્રિયને વિષે.
પણ—પાંચ.
છક્કં—છ.
ચઉરિંદ્દિસુ—ચઉરિંદ્રિયને વિષે.
થાવરે—સ્થાવરને વિષે.
તિયગં—ત્રણ.

## ૧૫ મું ઉપયોગ દ્વાર.

**ઉવઓગા મણુએસુ**—મનુષ્યને વિષે ઉપયોગ ૧૨ હોય છે.

**બારસ નવ નિરય તિરિય દેવેસુ**—નારકી, તિર્યંચ અને દેવતાને વિષે ૯.

**વિગલ દુગે પંણ છક્કં**—બે વિકલેંદ્રિય (બે ઈંદ્રિય-તેઈંદ્રિય) ને વિષે ૫, ચઉરિંદ્રિયને વિષે ૬, (અને)

**ચઉરિંદિસુ થાવરે તિયગં ॥ ૨૨ ॥**—સ્થાવરને વિષે ૩ ઉપયોગ હોય છે.

સંખં—સંખ્યાતા
અસંખા—અસંખ્યાતા.
સમયે—૧ સમયમાં.
ગબ્ભયતિરિ—ગર્ભજ તિર્યંચ.
વિગલ—વિકલેંદ્રિય.
નારય—નારકી.
સુરા—દેવો.
મણુઆ—મનુષ્યો.
નિયમા—નિશ્ચે.
વણુ—વનસ્પતિકાય.
અણંતા—અનંતા.
થાવર—સ્થાવર.
અસંખા—અસંખ્યાતા.
અસન્ની નર—અસંજ્ઞી મનુષ્ય.
જહ—જેમ.
ઉવવાએ—ઉપજવામાં.
તહેવ—તેમજ.
ચવણે વિ—ચ્યવવામાં પણ
બાવીસ—બાવીશ.
સગ—સાત.
તિ—ત્રણ.
દસ—દશ.
વાસ—વર્ષનું.
સહસ્સ—હજાર.
ઉક્કિટ્ઠ—ઉત્કૃષ્ટ.
પુઢવાઈ—પૃથ્વી આદિનું.

## ૧૬ મું ઉપપાત અને ૧૭ મું ચ્યવન દ્વાર.

**સંખ-મસંખા સમયે**—૧ સમયને વિષે સંખ્યાતા અને અસંખ્યાતા.

**ગબ્ભય તિરિ વિગલ નારય સુરા ય**—ગર્ભજ તિર્યંચ, વિકલેંદ્રિય, નારકી અને દેવતા ઉપજે છે.

**મણુઆ નિયમા સંખા**—મનુષ્યો નિશ્ચે સંખ્યાતા ઉપજે છે.

**વણુ-ણુંતા થાવર અસંખા ॥ ૨૩ ॥**—વનસ્પતિકાય અનંતા અને સ્થાવર અસંખ્યાતા ઉપજે છે.

**અસન્ની નર અસંખા**—અસંજ્ઞી મનુષ્યો અસંખ્યાતા ઉપજે છે.

**જહ ઉવવાએ તહેવ ચવણે વિ**—જેમ ઉપજવામાં તેમજ ચ્યવવામાં પણ જાણવું.

## ૧૮ મું ઉત્કૃષ્ટ અને જઘન્ય આયુષ્ય દ્વાર.

**બાવીસ સગ તિ દસ વાસ**—૨૨ હજાર, ૭ હજાર, ૩ હજાર અને ૧૦ હજાર વર્ષનું.

**સહસ્સ ઉક્કિટ્ઠ પુઢવાઈ ॥ ૨૪ ॥**—ઉત્કૃષ્ટ આયુષ્ય અનુક્રમે પૃથ્વીકાયાદિનું (પૃથ્વી–અપ્–વાયુ ને વનસ્પતિનું) હોય છે.

**તિ દિણ**–૩ દિવસનું.
**અગ્ગિ**–અગ્નિકાયનું.
**તિ પલ્લ**–૩ પલ્યોપમ.
**આઊ**–આયુષ્યવાળા.
**નર**–મનુષ્ય.

**તિરિ**–તિર્યંચ.
**સુર**–દેવ.
**નિરય**–નારકીનું.
**સાગર**–સાગરોપમ.
**તિત્તીસા**–તેત્રીશ.
**વંતર**–વ્યંતરનું.

**પલ્લં**–પલ્યોપમ.
**જોઇસ**–જ્યોતિષીનું.
**વરિસ**–વર્ષ.
**લક્ખાહિઅં**–લાખ અધિક.
**પલિયં**–પલ્યોપમ.

| દ્વારનું નામ ☞ | ૪ થું સંજ્ઞા | ૫ મું સંસ્થાન | | | | | | ૬ ઠું કષાય | ૭ મું લેશ્યા. | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| દંડકનું નામ. | | સમચઉરસ | નિગ્રોધ | સાદિ | વામન | કુબ્જ | હુંડક | | કૃષ્ણ | નીલ | કાપોત | તેજો | પદ્મ | શુક્લ |
| નારકી | સર્વ દંડકે ૪-૧૦ અને ૧૬ સંજ્ઞા હોય છે. | — | — | — | — | — | ૧ | ક્રોધ-માન-માયા ને લોભ એ ૪ કષાય સર્વ દંડકે હોય છે. | ૧ | ૧ | ૧ | — | — | — |
| ૧૦ ભવનપતિ | | ૧ | — | — | — | — | — | | ૧ | ૧ | ૧ | ૧ | — | — |
| વ્યંતર | | ૧ | — | — | — | — | — | | ૧ | ૧ | ૧ | ૧ | — | — |
| જ્યોતિષી | | ૧ | — | — | — | — | — | | — | — | — | ૧ | — | — |
| વૈમાનિક | | ૧ | — | — | — | — | — | | — | — | — | ૧ | ૧ | ૧ |
| પૃથ્વીકાય | | મસુરની દાળ જેવું ૧ | | | | | | | ૧ | ૧ | ૧ | ૧ | — | — |
| અપ્કાય | | પાણીના પરપોટા જેવું ૧ | | | | | | | ૧ | ૧ | ૧ | ૧ | — | — |
| વનસ્પતિકાય | | જુદા જુદા પ્રકારનું ૧ | | | | | | | ૧ | ૧ | ૧ | ૧ | — | — |
| તેઉકાય | | સોયના જેવું ૧ | | | | | | | ૧ | ૧ | ૧ | — | — | — |
| વાઉકાય | | ધજાના જેવું ૧ | | | | | | | ૧ | ૧ | ૧ | — | — | — |
| બેઇંદ્રિય | | — | — | — | — | — | ૧ | | ૧ | ૧ | ૧ | — | — | — |
| તેઇંદ્રિય | | — | — | — | — | — | ૧ | | ૧ | ૧ | ૧ | — | — | — |
| ચઉરિંદ્રિય | | — | — | — | — | — | ૧ | | ૧ | ૧ | ૧ | — | — | — |
| ગર્ભજ તિર્યંચ | | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ગર્ભજ મનુષ્ય | | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |

| ૮ મું ઇંદ્રિય. | | | | | ૯ મું સમુદ્ઘાત | | | | | | | ૧૦મું દ્રષ્ટિ | | | ૧૧ મું દર્શન | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સ્પર્શ | રસ | ઘ્રાણ | ચક્ષુ | શ્રોત્ર | વેદના | કષાય | મરણ | વૈક્રિય | તૈજસ | આહારક | કેવલી | સમકિત | મિશ્ર | મિથ્યા | ચક્ષુ | અચક્ષુ | અવધિ | કેવલ |
| ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | — | — | — | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | — |
| ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | — | — | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | — |
| ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | — | — | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | — |
| ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | — | — | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | — |
| ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | — | — | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | — |
| ૧ | — | — | — | — | ૧ | ૧ | ૧ | — | — | — | — | — | — | ૧ | — | ૧ | — | — |
| ૧ | — | — | — | — | ૧ | ૧ | ૧ | — | — | — | — | — | — | ૧ | — | ૧ | — | — |
| ૧ | — | — | — | — | ૧ | ૧ | ૧ | — | — | — | — | — | — | ૧ | — | ૧ | — | — |
| ૧ | — | — | — | — | ૧ | ૧ | ૧ | — | — | — | — | — | — | ૧ | — | ૧ | — | — |
| ૧ | — | — | — | — | ૧ | ૧ | ૧ | ૧ | — | — | — | — | — | ૧ | — | ૧ | — | — |
| ૧ | ૧ | — | — | — | ૧ | ૧ | ૧ | — | — | — | — | ૧ | — | ૧ | — | ૧ | — | — |
| ૧ | ૧ | ૧ | — | — | ૧ | ૧ | ૧ | — | — | — | — | ૧ | — | ૧ | — | ૧ | — | — |
| ૧ | ૧ | ૧ | ૧ | — | ૧ | ૧ | ૧ | — | — | — | — | ૧ | — | ૧ | ૧ | ૧ | — | — |
| ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | — | — | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | — |
| ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |

| દ્વારનું નામ ☞ | ૧૨ મું જ્ઞાન | | | | | ૧૩ મું અજ્ઞાન | | | ૧૪ મું યોગ=શક્તિ | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| દંડકનું નામ. | મતિ | શ્રુત | અવધિ | મનઃપર્યવ | કેવલ | મતિ અજ્ઞાન | શ્રુત અજ્ઞાન | વિભંગ જ્ઞાન | સત્ય મન | અસત્ય મન | સત્યાસત્ય મન | અસત્યામૃષા મન | સત્ય વચન | અસત્ય વચન | સત્યાસત્ય વચન |
| નારકી. | ૧ | ૧ | ૧ | — | — | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૧૦ભવનપતિ. | ૧ | ૧ | ૧ | — | — | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| વ્યંતર | ૧ | ૧ | ૧ | — | — | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| જ્યોતિષી | ૧ | ૧ | ૧ | — | — | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| વૈમાનિક | ૧ | ૧ | ૧ | — | — | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| પૃથ્વીકાય | — | — | — | — | — | ૧ | ૧ | — | — | — | — | — | — | — | — |
| અપ્કાય | — | — | — | — | — | ૧ | ૧ | — | — | — | — | — | — | — | — |
| વનસ્પતિકાય | — | — | — | — | — | ૧ | ૧ | — | — | — | — | — | — | — | — |
| તેઉકાય | — | — | — | — | — | ૧ | ૧ | — | — | — | — | — | — | — | — |
| વાયુકાય | — | — | — | — | — | ૧ | ૧ | — | — | — | — | — | — | — | — |
| બેઇંદ્રિય | ૧ | ૧ | — | — | — | ૧ | ૧ | — | — | — | — | — | — | — | — |
| તેઇંદ્રિય | ૧ | ૧ | — | — | — | ૧ | ૧ | — | — | — | — | — | — | — | — |
| ચઉરિંદ્રિય | ૧ | ૧ | — | — | — | ૧ | ૧ | — | — | — | — | — | — | — | — |
| ગર્ભજ તિર્યંચ | ૧ | ૧ | ૧ | — | — | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ગર્ભજ મનુષ્ય | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |

# ૧૫ મું ઉપયોગ.

| અસત્યામૃષાવચન | ઔદારિક કાય | ઔદારિક મિશ્ર | વૈક્રિય કાય | વૈક્રિય મિશ્ર | આહારક કાય | આહારક મિશ્ર | તૈજસ-કાર્મણ કાય | મતિજ્ઞાન | શ્રુતજ્ઞાન | અવધિજ્ઞાન | મનઃપર્યવજ્ઞાન | કેવળજ્ઞાન | મતિઅજ્ઞાન | શ્રુતઅજ્ઞાન | વિભંગજ્ઞાન | ચક્ષુ દર્શન | અચક્ષુદર્શન | અવધિ દર્શન | કેવળ દર્શન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | — | — | ૧ | ૧ | — | — | ૧ | ૧ | ૧ | ૧ | — | — | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | — |
| ૧ | — | — | ૧ | ૧ | — | — | ૧ | ૧ | ૧ | ૧ | — | — | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | — |
| ૧ | — | — | ૧ | ૧ | — | — | ૧ | ૧ | ૧ | ૧ | — | — | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | — |
| ૧ | — | — | ૧ | ૧ | — | — | ૧ | ૧ | ૧ | ૧ | — | — | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | — |
| ૧ | — | — | ૧ | ૧ | — | — | ૧ | ૧ | ૧ | ૧ | — | — | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | — |
| — | ૧ | ૧ | — | — | — | — | ૧ | — | — | — | — | — | ૧ | ૧ | — | — | ૧ | — | — |
| — | ૧ | ૧ | — | — | — | — | ૧ | — | — | — | — | — | ૧ | ૧ | — | — | ૧ | — | — |
| — | ૧ | ૧ | — | — | — | — | ૧ | — | — | — | — | — | ૧ | ૧ | — | — | ૧ | — | — |
| — | ૧ | ૧ | — | — | — | — | ૧ | — | — | — | — | — | ૧ | ૧ | — | — | ૧ | — | — |
| — | ૧ | ૧ | ૧ | ૧ | — | — | ૧ | — | — | — | — | — | ૧ | ૧ | — | — | ૧ | — | — |
| ૧ | ૧ | ૧ | — | — | — | — | ૧ | ૧ | ૧ | — | — | — | ૧ | ૧ | — | — | ૧ | — | — |
| ૧ | ૧ | ૧ | — | — | — | — | ૧ | ૧ | ૧ | — | — | — | ૧ | ૧ | — | — | ૧ | — | — |
| ૧ | ૧ | ૧ | — | — | — | — | ૧ | ૧ | ૧ | — | — | — | ૧ | ૧ | — | ૧ | ૧ | — | — |
| ૧ | ૧ | ૧ | ૧ | ૧ | — | — | ૧ | ૧ | ૧ | ૧ | — | — | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | — |
| ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |

| | | |
|---|---|---|
| **અસુરાણ**–અસુર કુમારોનું. | **દુ પલ્લય**ં-૨ પલ્યોપમ. | **દિણ**–દિવસ. |
| **અહિય**—અધિક. | **નવ નિકાયે**–૯ નિકાયમાં. | **છમ્માસ**–૭ માસ. |
| **અયરં**–સાગરોપમ. | **બારસવાસ**–૧૨ વર્ષ. | **ઉક્કિટ્ઠ**–ઉત્કૃષ્ટ. |
| **દેસુણ**–કાંઇક ઓછું. | **ઉણપણ**–ઓગણપચાશ. | **વિગલ**–વિકલેંદ્રિયનું. |
| | | **આઊ**–આયુષ્ય. |

**તિ દિણગ્ગિ તિ પલ્લાઊ**—૩ દિવસનું અગ્નિકાયનું આયુષ્ય હોય છે. ૩ પલ્યોપમ આયુષ્યવાળા.

**નર તિરિ સુર નિરય સાગર તિત્તીસા**—મનુષ્ય અને તિર્યંચ હોય છે. દેવતા અને નારકીનું (ઉત્કૃષ્ટ આયુષ્ય) ૩૩ સાગરોપમ હોય છે.

**વંતર પલ્લં જોઈસ**—વ્યંતરનું ૧ પલ્યોપમ અને જ્યોતિષીનું (આયુષ્ય)

**વરિસ લકખા-હિયં પલિયં ॥ ૨૫ ॥**—૧ લાખ વર્ષ અધિક ૧ પલ્યોપમ હોય છે.

**અસુરાણ અહિય અયરં**—અસુર કુમારોનું આયુષ્ય ૧ સાગરોપમથી અધિક (પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક) હોય છે.

**દેસૂણ દુ પલ્લયં નવ નિકાયે**—બાકીના ૯ નિકાયને વિષે કાંઇક ઉણું ૨ પલ્યોમમ આયુષ્ય હોય છે.

**બારસ વાસુણ પણદિણ**—૧૨ વર્ષ, ૪૯ દિવસ (અને)

**છમ્માસ ઉક્કિટ્ઠ વિગલાઊ ॥ ૨૬ ॥**—૬ માસ અનુક્રમે વિકલેંદ્રિયનું ઉત્કૃષ્ટ આયુષ્ય હોય છે.

**પુઢવાઇ**–પૃથ્વીકાયાદિ.
**દસ પયાણું**–૧૦ પદોની.
**અંતમુહુત્તં**–અંતર્મુહૂર્ત.
**જહન્ન**–જઘન્યથી.
**આઉ**–આયુષ્યની.
**ઠિઈ**–સ્થિતિ.
**દસ સહસ**–૧૦ હજાર.
**વરિસ**–વર્ષની.
**ભવણાહિવ**–ભવનપતિ.
**નિરય**–નારકી.
**વંતરિઆ**–વ્યંતર.
**વેમાણિય**–વૈમાનિક.
**જોઇસિયા**–જ્યોતિષી.
**પલ્લ**–પલ્યોપમ.
**તયટ્ઠ**–તેનો આઠમો.
**અંસ**–ભાગ.
**આઉઆ**–આયુષ્યવાળા.
**હુન્તિ**–હોય છે.
**સુર**–દેવતા.
**નર**–મનુષ્ય.
**તિરિ**–તિર્યંચ.
**નિરએસુ**–નારકીને વિષે.
**છ પજ્જત્તી**–૬ પર્યાપ્તિ.
**થાવરે**–સ્થાવરને વિષે.
**ચઉગં**–૪ (પર્યાપ્તિ.)
**વિગલે**–વિકલેંદ્રિયને વિષે.
**પંચ પજ્જત્તી**–૫ પર્યાપ્તિ.
**છદ્દિસિ**–૬ દિશાનો.
**આહાર**–આહાર.
**હોઈ**–હોય છે.
**સવ્વેસિં**–સર્વેને.
**પણગાઈ**–પાંચ આદિ.
**પયે**–પદને વિષે.
**ભયણા**–વિકલ્પ.
**અહ**–હવે.
**સન્નિ તિયં**–૩ સંજ્ઞા.
**ભણિસ્સામિ**–કહીશ.

## હવે જઘન્ય સ્થિતિ કહે છે.

**પુઢવાઈ દસ પયાણું**—પૃથ્વી કાયાદિ ૧૦ પદોની (૫ સ્થાવર–૩ વિકલેંદ્રિય–તિર્યંચ અને મનુષ્યની)

**અંતમુહુત્તં જહન્ન આઉ ઠિઈ**—જઘન્યથી આયુષ્યની સ્થિતિ અંતર્મુહૂર્ત હોય છે.

**દસ સહસ વરિસ ઠિઈ**—૧૦ હજાર વર્ષની સ્થિતિ (આયુષ્ય) વાળા.

**ભવણાહિવ નિરય વંતરિઆ ॥ ૨૭ ॥**—ભવનપતિ, નારકી અને વ્યંતર હોય છે.

**વેમાણિય જોઈસિયા**—વૈમાનિક અને જ્યોતિષી દેવો (જઘન્યથી)

**પલ્લ તયટ્ઠંસ આઉઆ હુંતિ**—અનુક્રમે ૧ પલ્યોપમ અને તેનો (૧ પલ્યોપમનો) ૮ મો ભાગ આયુષ્યવાળા હોય છે.

## ૧૯ મું પર્યાપ્તિ દ્વાર.

**સુર નર તિરિ નિરએસુ**—દેવતા, મનુષ્ય, તિર્યંચ અને નારકીને વિષે.

**છ પજ્જત્તી થાવરે ચઉગં ॥ ૨૮ ॥**—૬ પર્યાપ્તિ હોય છે અને સ્થાવરને વિષે ૪ પર્યાપ્તિ હોય છે.

**વિગલે પંચ પજ્જત્તી**—વિકલેંદ્રિયને વિષે ૫ પર્યાપ્તિ હોય છે.

## ૨૦ મું કિમાહાર દ્વાર.

**છદ્દિસિ આહાર હોઈ સવ્વેસિં**—સર્વ જીવોને (પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઉર્ધ્વ ને અધો એ) ૬ દિશાનો આહાર હોય છે.

**પણગાઈ પયે ભયણા**—પૃથ્વીકાયાદિ પાંચ (સૂક્ષ્મ સ્થાવરના) પદને વિષે ભજના હોય છે.

(એટલે કોઈને ૩–૪–૫ અને ૬ દિશાનો આહાર હોય છે.)

## ૨૧ મું સંજ્ઞાદ્વાર

**અહ સન્નિ તિયં ભણિસ્સામિ ॥ ૨૯ ॥**—હવે ૩ સંજ્ઞા કહીશ.

**ચઉવિહ**--૪ પ્રકારના.
**સુર**–દેવ.
**તિરિએસુ**–તિર્યંચને વિષે.
**નિરએસુ**–નારકીને વિષે.
**દિહ કાલિગી**–દીર્ઘ-કાલિકી.
**સન્ના**–સંજ્ઞા.
**વિગલે**–વિકલેંદ્રિયને વિષે.
**હેઊવએસા**–હેતૂ-પદેશિકી.
**રહિયા**–રહિત.
**થિરા**–સ્થાવરો.
**સવ્વે**–સર્વે.

**ચઉવિહ સુર તિરિએસુ**—૪ પ્રકારના દેવતા અને તિર્યંચને વિષે.

**નિરએસુ અ દીહકાલિગી સન્ના**—(તથા) નારકીને વિષે દીર્ઘ કાલિકી (પૂર્વાપરનું જાણવું તે) સંજ્ઞા હોય છે.

**વિગલે હેઊવએસા**—વિકલેંદ્રિયને વિષે હેતૂપદેશિકી (તાત્કાલિક ઈષ્ટમાં પ્રવૃત્તિ અને અનિષ્ટથી પાછા ફરવું તે) સંજ્ઞા હોય છે.

**સન્ના રહિયા થિરા સવ્વે ॥ ૩૦ ॥**—સર્વે સ્થાવરો સંજ્ઞા રહિત હોય છે.

**મણુઆણ**–મનુષ્યોને.
**દીહકાલિય**–દીર્ઘ-કાલિકી.
**દિટ્ઠીવાઓવએસિયા**–દૃષ્ટિવાદોપદેશિકી.
**કેવિ**–કેટલાક પણ.
**પજ્જ**–પર્યાપ્તા.
**પણ**–પંચેંદ્રિય.
**તિરિ**–તિર્યંચ.
**મણુઅ**–મનુષ્યો.
**ચ્ચિય**–નિશ્ચે.
**ચઉવિહ**–૪ પ્રકારના.
**દેવેસુ**–દેવોમાં.
**ગચ્છન્તિ**–જાય છે.
**સંખાઉ**–સંખ્યાતા આયુષ્યવાળા.
**પણિંદિ**–પંચેંદ્રિય.
**તિરિય**–તિર્યંચ.
**નરેસુ**–મનુષ્યોને વિષે.
**તહેવ**–તેમજ.
**પજ્જત્તે**–પર્યાપ્તા.
**ભૂ**–પૃથ્વીકાય.
**દગ**–અપ્કાય.
**પત્તેય**–પ્રત્યેક.
**વણે**–વનસ્પતિકાય.
**એએસુ**–એ (૫ વિષે.
**સુર**–દેવોનું.
**આગમણં**–આગમન.

**મણુઆણુ દીહકાલિય**—મનુષ્યોને દીર્ઘકાલિકી સંજ્ઞા હોય છે

**દિટ્ઠિવાઓ-વએસિયા કેવિ**—કેટલાક (સમકિતી મનુષ્યો) દૃષ્ટિવાદોપદેશિકી (દ્વાદશાંગીનું જ્ઞાન જેને હોય તે) સંજ્ઞાવાળા પણ હોય છે.

## ૨૨ મું ગતિ અને ૨૩ મું આગતિદ્વાર.

**પજ્જ પણ તિરિ મણુઅ ચ્ચિય**—પર્યાપ્ત પંચેંદ્રિય તિર્યંચ અને મનુષ્યો નિશ્ચે.

**ચઉ વિહ દેવેસુ ગચ્છંતિ ॥ ૩૧ ॥**—૪ પ્રકારના દેવતાઓને વિષે જાય છે. (એ દેવોની આગતિ કહી.)

**સંખાઉ પજ્જ પણિંદિ**—સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા પર્યાપ્તા પંચેંદ્રિય.

**તિરિય નરેસુ તહેવ પજ્જત્તે**—તિર્યંચ અને મનુષ્યોને વિષે તેમજ પર્યાપ્તા.

**ભૂ દગ પત્તેયવણે**—પૃથ્વીકાય, અપ્કાય અને પ્રત્યેક વનસ્પતિકાય.

**એએસુ ચ્ચિય સુરાગમણં ॥ ૩૨ ॥**—એ (પાંચ) ને વિષે નિશ્ચે દેવતાનું આગમન (ઉત્પત્તિ) છે. (એ દેવોની ગતિ કહી.)

**પજ્જત્ત**—પર્યાપ્તા.
**સંખ**—સંખ્યાતા (આયુષ્યવાળા.)
**ગબ્ભય**—ગર્ભજ.
**તિરિય**—તિર્યંચ.
**નરા**—મનુષ્યો.

**નિરય**—નરકમાં.
**સત્તગે**—સાતે.
**જંતિ**—જાય છે. ઉપજે છે.
**નિરય**—નરકમાંથી.
**ઉવટ્ટા**—નિકળેલા.

**એએસુ**—એ (બે) ને વિષે.
**ઉવવજ્જંતિ**—ઉપજે છે.
**ન**—નથી.
**સેસેસુ**—બાકીનામાં.

**પજ્જત્ત સંખ ગબ્ભય**—પર્યાપ્તા સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા ગર્ભજ ( કોણ ? )

**તિરિય નરા નિરય સત્તગે જંતિ**—તિર્યંચ અને મનુષ્યો સાતે નરકને વિષે ઉપજે છે. ( નારકીની આગતિ કહી. )

**નિરય ઉવટ્ટા એએસુ**—નરકમાંથી નીકળેલા જીવો એ બે ( તિર્યંચ અને મનુષ્ય )ને વિષે.

**ઉવવજ્જંતિ ન સેસેસુ ॥ ૩૩ ॥**—ઉપજે છે. ( પણ એ બે વિના ) બાકીના દંડકમાં ઉપજતા નથી. ( નારકીની ગતિ કહી. )

| | | |
|---|---|---|
| **પુઢવી**–પૃથ્વીકાય. | **વિવજ્જિઆ**–વર્જીને. | **નિય નિય**–પોત-પોતાના. |
| **આઉ**–અપ્કાય. | **જીવા**–જીવો. | **કમ્મ**–કર્મના. |
| **વણસ્સઈ**–વનસ્પતિ. | **સવ્વે**–સર્વે. | **અણુમાણેણં**–અનુસારે. |
| **મજ્ઝે**–માં. માંહે. | **ઉવવજ્જંતિ**–ઉપજે છે. | |
| **નારય**–નારકી. | | |

**પુઢવી આઉ વણસ્સઈ**—પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાય.

**મજ્ઝે નારય વિવજ્જિયા જીવા**—માંહે નારકી વર્જીને ( બાકીના ૨૩ દંડકના )

**સવ્વે ઉવવજ્જંતિ**—સર્વે જીવો ઉપજે છે. ( પૃથ્વી અપ્ અને વનસ્પતિની આગતિ કહી. )

**નિય નિય કમ્માણુમાણેણં ॥ ૩૪ ॥**—પોત પોતાના કર્મના અનુસારે કરીને.

પુઢવાઇ—પૃથ્વી આદિ.
દસ પયેસુ—૧૦ પદોમાં.
પુઢવી—પૃથ્વીકાય.
આઉ—અપ્કાય.
વણસ્સઈ—વનસ્પતિ.
જંતિ—જાય છે. ઉપજે છે.
પુઢવાઈ—પૃથ્વી આદિ.
દસ પએહિ—૧૦ પદોથી.

તેઉ—તેઉકાય.
વાઊસુ—વાયુકાયમાં.
ઉવવાઓ—ઉપજે છે.
તેઉ—તેઉકાય.
વાઉ—વાઉકાયની.
ગમણં—ગતિ.
પુઢવી—પૃથ્વીકાય.
પમુહંમિ—પ્રમુખ. વિગેરે.
હોઇ—હોય છે.

પય નવગે—૯ પદમાં.
પુઢવાઇ—પૃથ્વી આદિ.
ઠાણ—સ્થાનકના ( જીવો ).
દસગા—દશ.
વિગલાઈ—વિકલેંદ્રિય.
તિયં—ત્રણે.
તહિં—તે (૧૦ પદ)માં.
જંતિ—જાય છે.

**પુઢવાઈ દસ પએસુ**—પૃથ્વીકાયાદિ ૧૦ પદોને વિષે.

**પુઢવી આઉ વણસ્સઈ જંતિ**—પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાય ઉપજે છે. (એ ત્રણની ગતિ કહી.)

**પુઢવાઈ દસ પએહિ ય**—અને પૃથ્વીકાયાદિ ૧૦ પદમાંથી નીકળેલા જીવો.

**તેઉ વાઉસુ ઉવવાઓ ॥ ૩૫ ॥**—તેઉકાય અને વાયુકાયને વિષે ઉપજે છે. (તેઉ અને વાયુકાયની આગતિ કહી.)

**તેઊ વાઊ ગમણં**—તેઉકાય અને વાયુકાયનું ગમન(ગતિ)

**પુઢવી પમુહંમિ હોઇ પય નવગે**—પૃથ્વીકાય પ્રમુખ ૯ પદને વિષે હોય છે.

**પુઢવાઈ ઠાણ દસગા**—પૃથ્વીકાયાદિ ૧૦ સ્થાનકના જીવો.

**વિગલાઈ તિયં તહિં જંતિ ॥ ૩૬ ॥**—વિકલેંદ્રિય થાય (ઉપજે) અને ત્રણે વિકલેંદ્રિય તે (પૃથ્વી આદિ ૧૦ પદ) માં જાય છે. (વિકલેંદ્રિયની આગતિ અને ગતિ કહી.)

| | | |
|---|---|---|
| **ગમણ**–ગતિ. | **ઠાણેસુ**––સ્થાનકોમાં. | **તેઉ**–તેઉકાય. |
| **આગમણં**–આગતિ. | **સવ્વત્થ**–સર્વ દંડકોમાં. | **વાઉહિં**–વાયુકાય-માંથી. |
| **ગબ્ભય**–ગર્ભજ. | **જંતિ**–જાય છે. | **નો જંતિ**–ન જાય. |
| **તિરિયાણં**–તિર્યંચોની. | **મણુઆ**–મનુષ્યો. | |
| **સયલજીવ**–સર્વ જીવ. | | |

**ગમણા-ગમણં ગબ્ભય**—ગતિ અને આગતિ ગર્ભજ ( કોની ? )

**તિરિયાણં સયલ જીવ ઠાણેસુ**—તિર્યંચોની સર્વ (૨૪) દંડકોને વિષે થાય છે.

**સવ્વત્થ જંતિ મણુઆ**—મનુષ્યો સર્વ દંડકોને વિષે જાય છે. ( મનુષ્યોની ગતિ. )

**તેઉ વાઉહિં નો જંતિ ॥ ૩૭ ॥**—(પણ) તેઉ અને વાયુકાયમાંથી મનુષ્યોમાં ન જાય. ( મનુષ્યોની આગતિ ૨૨ દંડકમાંથી. )

| | | |
|---|---|---|
| **વેય તિય**–૩ વેદ. | **ચઉવિહ**–૪ પ્રકારના. | **નપુંસ વેઓ**–નપુંસક વેદ. |
| **તિરિ**–તિર્યંચ. | **સુરેસુ**–દેવોને વિષે. | **હવઈ**–હોય છે. |
| **નરેસુ**–મનુષ્યોમાં. | **થિર**–૫ સ્થાવર. | **એગો**–એક. |
| **ઈત્થી**–સ્ત્રીવેદ. | **વિગલ**–વિકલેંદ્રિય. | |
| **પુરિસો**–પુરૂષવેદ. | **નારએસુ**–નારકીને વિષે. | |

## ૨૪ મું વેદ દ્વાર.

**વેય તિય તિરિ નરેસુ**—૩ વેદ તિર્યંચ અને મનુષ્યને વિષે હોય છે.

**ઈત્થી પુરિસો ય ચઉવિહ સુરેસુ**—૪ પ્રકારના દેવતાને વિષે સ્રીવેદ અને પુરૂષવેદ હોય છે.

**થિર વિગલ નારએસુ**—૫ સ્થાવર, ૩ વિકલેંદ્રિય અને નારકીને વિષે.

**નપુંસ વેઓ હવઈ એગો ॥ ૩૮ ॥**—૧ નપુંસક વેદ હોય છે.

**પજ્જ**—પર્યાપ્તા.
**મણુ**—મનુષ્ય.
**બાયરગ્ગિ**—બાદરઅગ્નિ.
**વેમાણિય**—વૈમાનિક.
**ભવણ**—ભવનપતિ.
**નિરય**—નારકી.
**વંતરિયા**—વ્યંતર.
**જોઈસ**—જ્યોતિષી.
**ચઉ**—ચઉરિંદ્રિય.
**પણ**—પંચેંદ્રિય.
**તિરિયા**—તિર્યંચ.
**બેઇંદિય**—બેઇંદ્રિય.
**તેઈંદિય**—તેઇંદ્રિય.
**ભૂ**—પૃથ્વીકાય.
**આઉ**—અપ્કાય.
**વાઉ**—વાયુકાય.
**વણસ્સઇ**—વનસ્પતિ.
**ચિય**—નિશ્ચે.
**અહિયા અહિયા**—અધિક અધિક.
**કમેણ**—અનુક્રમે.
**ઇમે**—એ. આ.
**હુંતિ**—હોય છે.
**સવ્વેવિ**—સર્વે પણ.
**ભાવા**—ભાવો.
**જિણા**—હે જિનેશ્વરો !
**મએ**—મેં.
**અણંતસો**—અનંતીવાર.
**પત્તા**—પ્રાપ્ત કર્યા.

## પર્યાપ્તા જીવોનું અલ્પ બહુત્વ.

**પજ્જ મણુ બાયરગ્ગિ**—પર્યાપ્તા મનુષ્ય ( સૌથી થોડા, તેથી અધિક ) બાદર અગ્નિકાય.

**વેમાણિય ભવણ નિરય વંતરિયા**—વૈમાનિક, ભવનપતિ, નારકી, વ્યંતર.

**જોઈસ ચઉ પણ તિરિયા**—જ્યોતિષી, ચઉરિંદ્રિય, પંચેંદ્રિય તિર્યંચ.

**બેઈંદિય તેઈંદિય ભૂ આઊ ॥ ૩૯ ॥**—બેઇંદ્રિય, તેઇંદ્રિય, પૃથ્વીકાય, અપકાય,

**વાઉ વણસ્સઈ ચિય**—વાઉકાય અને નિશ્ચે વનસ્પતિકાય.

**અહિયા અહિયા કમેણ મે હુંતિ**—એ (સર્વે પર્યાપ્તા) અનુક્રમે (એક એકથી) અધિક અધિક હોય છે.

**સવ્વે વિ ઈમે ભાવા**—આ સર્વે પણ ભાવો.

**જિણા મએ ણંતસો પત્તા ॥ ૪૦ ॥**—હે જિનેશ્વરો! મેં અનંતીવાર પ્રાપ્ત કર્યા છે.

| | | |
|---|---|---|
| **સંપઇ**—હમણાં. | **ભમણ**—ભમવાથી. | **સુલહં**—સુલભ. |
| **તુમ્હ**—તમારા. | **ભગ્ગ**—નિવૃત્ત. | **લહુ**—ઝટ. |
| **ભત્તસ્સ**—ભક્ત (એવા). | **હિયયસ્સ**—હૃદયવાળા. | **મમ**—મને. |
| **દંડગ**—દંડકના. | **દંડતિય**—૩ દંડના. | **દિંતુ**—આપો. |
| **પય**—સ્થાનને વિષે. | **વિરય**—વિરામથી. | **મુક્ખપયં**—મોક્ષપદ. |

**સંપઇ તુમ્હ ભત્તસ્સ, દંડગ પય ભમણ ભગ્ગ હિયયસ્સ**—હમણાં (૨૪) દંડકના સ્થાનને વિષે ભમવાથી નિવૃત્ત મનવાળા તમારા ભક્ત એવા **મને.**

**દંડતિય વિરય સુલહં**—(મન વચનને કાયા એ) ૩ દંડના વિરામથી સુલભ એવું.

**લહુ મમ દિંતુ મુક્ખ પયં ॥ ૪૧ ॥**—મોક્ષપદ ઝટ આપો.

| | | |
|---|---|---|
| **સિરિ**—શ્રી. | **સીસેણ**—શિષ્ય. | **એસા**—આ. |
| **જિણહંસ**—જિનહંસ. | **ગજસારેણ**—ગજસાર મુનિએ. | **વિન્નત્તી**—વિજ્ઞપ્તિ. |
| **મુણીસર**—મુનીશ્વરના. | | **અપ્પહિયા**—પોતાના હિતને માટે. |
| **રજ્જે**—રાજ્યને વિષે. | **લિહિય**—લખી. | |

**સિરિ જિણહંસ મુણીસર**—શ્રી જિનહંસ મુનીશ્વરના.
**રજ્જે સિરિ ધવલચંદ સીસેણ**--રાજ્ય (પાટ)ને વિષે
શ્રી ધવલચંદ્ર મુનિના શિષ્ય.
**ગજસારેણ લિહિયા, એસા વિન્નત્તિ અપ્પહિયા**
॥ ૪૨ ॥--ગજસાર મુનિએ આ વિજ્ઞપ્તિ પોતાના
( આત્માના ) હિતને અર્થે લખી.

# શ્રી દંડક પ્રકરણ સાર્થ સમાપ્ત.

---

## દંડકના પ્રશ્નો.

૧ નીચેના શબ્દોનો અર્થ સ્પષ્ટતાથી સમજાવો.
દંડક–અવગાહના–યોગ–ઉવવાય–ચ્યવન અને કિમાહાર.

૨ નારકી, જ્યોતિષી, વનસ્પતિકાય, વાયુકાય, તેઈંદ્રિય અને ગર્ભજ તિર્યંચને વિષે શરીર, અવગાહના, સંઘયણ, સંસ્થાન, લેશ્યા,–સમુદ્‌ઘાત–દ્રષ્ટિ–ઉપયોગ–સ્થિતિ–સંજ્ઞા–ગતિ આગતિ અને અલ્પ બહુત્વ કહો.

૩ વૈક્રિય શરીરનો ઉત્કૃષ્ટ કાળ કેટલો ? દેવ અને મનુષ્યને વૈક્રિય લબ્ધિ શાથી પ્રાપ્ત થાય ? ઉ૦ ( ભવ અને ગુણથી. )

૪ ઓજાહાર એટલે શું ? સૂક્ષ્મજીવોને કેટલી દિશાનો આહાર હોય ?

૫ દંડક સૂત્રના રચનાર કોણ ?

| દ્વારનું નામ☞ | ૧૬ મું ઉપપાત | ૧૭ મું ચ્યવન | ૧૮ મું સ્થિતિ (આયુષ્ય) | |
|---|---|---|---|---|
| દંડકનું નામ. | ૧ સમયમાં કેટલા ઉપજે | ૧ સમયમાં કેટલા ચ્યવે | ઉત્કૃષ્ટ | જઘન્ય |
| નારકી | સંખ્યાતા કે અસંખ્યાતા | ઉપપાત દ્વાર પ્રમાણે ચ્યવનદ્વાર ૨૪ મુહૂર્ત જાણવું. | ૩૩ સાગરોપમ | ૧૦હજાર વર્ષ |
| અસુરકુમાર | ,, | | ૧ સાગરોપમથી અ. | ,, |
| ૯ નાગાદિ | ,, | | દેશે ઉણાએ પલ્યોપમ | ,, |
| વ્યંતર. | ,, | | ૧ પલ્યોપમ | ,, |
| જ્યોતિષી. | ,, | | ૧ પલ્યોપમ ને ૧ લાખ વર્ષ | ⅛ પલ્યોપમ |
| વૈમાનિક. | ,, | | ૩૩ સાગરોપમ | ૧ પલ્યોપમ |
| પૃથ્વીકાય. | અસંખ્યાતા | | ૨૨ હજાર વર્ષ | અંતર્મુહૂર્ત |
| અપ્કાય. | ,, | | ૭ હજાર વર્ષ | ,, |
| વનસ્પતિકાય. | અનંતા | | ૧૦ હજાર વર્ષ | ,, |
| તેઉકાય. | અસંખ્યાતા | | ૩ રાત્રિ દિવસ | ,, |
| વાયુકાય. | ,, | | ૩ હજાર વર્ષ | ,, |
| બેઇંદ્રિય. | સંખ્યાતા કે અ૦ | | ૧૨ વર્ષ | ,, |
| તેઇંદ્રિય. | ,, ,, | | ૪૯ દિવસ | ,, |
| ચઉરિંદ્રિય. | ,, ,, | | ૬ માસ | ,, |
| ગર્ભજ તિર્યંચ | ,, ,, | | ૩ પલ્યોપમ | ,, |
| ગર્ભજ મનુષ્ય | સંખ્યાતા | | ,, | ,, |
| અસંજ્ઞી મનુષ્ય | અસંખ્યાતા | | | |

| દ્વારનું નામ☞ | ૧૯ મું પર્યાપ્તિ | | | | | | ૨૦ મું ક્રિમાહાર. | ૨૧ મું સંજ્ઞા. | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| દંડકનું નામ. | આહાર | શરીર | ઇંદ્રિય | શ્વાસોશ્વાસ | ભાષા | મન | | દીર્ઘ કાલિકી | હેતુવાદોપદેશિકી | દ્રષ્ટિવાદોપદેશિકી |
| નારકી. | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૬ દિશાનો | ૧ | — | — |
| ૧૦ભવનપતિ. | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ,, | ૧ | — | — |
| વ્યંતર | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ,, | ૧ | — | — |
| જ્યોતિષી | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ,, | ૧ | — | — |
| વૈમાનિક | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ,, | ૧ | — | — |
| પૃથ્વીકાય | ૧ | ૧ | ૧ | ૧ | — | — | સ્યાત્ ૩–૪–૫–૬ દિશાનો. | — | — | — |
| અપ્કાય | ૧ | ૧ | ૧ | ૧ | — | — | | — | — | — |
| વનસ્પતિકાય | ૧ | ૧ | ૧ | ૧ | — | — | | — | — | — |
| તેઉકાય | ૧ | ૧ | ૧ | ૧ | — | — | | — | — | — |
| વાયુકાય | ૧ | ૧ | ૧ | ૧ | — | — | | — | — | — |
| બેઇંદ્રિય | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૬ દિશાનો | — | ૧ | — |
| તેઇંદ્રિય | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | — | ,, | — | ૧ | — |
| ચઉરિંદ્રિય | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | — | ,, | — | ૧ | — |
| ગર્ભજ તિર્યંચ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ,, | ૧ | — | — |
| ગર્ભજ મનુષ્ય | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ,, | ૧ | — | ૧ |

| ૨૨ મું ગતિ. | ૨૩ મું આગતિ. | ૨૪મું વેદ. | | |
|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | નપુંસક |
| પર્યાપ્તા સંખ્યાતા વર્ષના આયુવાળા ગર્ભજ તિર્યંચને મનુષ્યોમાં | પર્યાપ્તા સંખ્યાતા વર્ષના આયુવાળા ગર્ભજ તિર્યંચને મનુષ્યમાંથી | — | — | ૧ |
| સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા પર્યાપ્તા પંચેંદ્રિય તિર્યંચ મનુષ્ય–પૃથ્વી-અપ્ ને | ગર્ભજ પર્યાપ્તા પંચેંદ્રિય તિર્યંચ અને મનુષ્યમાંથી | ૧ | ૧ | — |
| | | ૧ | ૧ | — |
| | ઉપર પ્રમાણે | ૧ | ૧ | — |
| વનસ્પતિકાયમાં | ,, ,, | ૧ | ૧ | — |
| ૫ સ્થાવર-૩ વિકલેંદ્રિય, તિર્યંચ અને મનુષ્યમાં | નારકી વિના ૨૩ દંડકમાંથી | — | — | ૧ |
| | ઉપર પ્રમાણે | — | — | ૧ |
| ,, ,, | ,, ,, | — | — | ૧ |
| ૫સ્થાવર-૩વિકલેંદ્રિયને તિર્યંચમાં | ૫ સ્થાવર-૩ વિકલેંદ્રિય-તિર્યંચ અને મનુષ્યમાંથી | — | — | ૧ |
| | | — | — | ૧ |
| ૫ સ્થાવર ૩ વિકલેંદ્રિય તિર્યંચ ને મનુષ્યમાં | ઉપર પ્રમાણે | — | — | ૧ |
| | ,, ,, | — | — | ૧ |
| | ,, ,, | — | — | ૧ |
| ૨૪ દંડકમાં | ૨૪ દંડકમાંથી | ૧ | ૧ | ૧ |
| ઉપર પ્રમાણે | તેઉ–વાયુ વિના ૨૨ દંડકમાંથી | ૧ | ૧ | ૧ |

## કયો જીવ વધુમાં વધુ કઈ નરક સુધી મરણ પામીને ઉપજે

સમૂચ્છિંમ તિર્યંચ પંચેંદ્રિય પહેલી નરક સુધી, ભુજ-પરિસર્પ બીજી નરક સુધી, ખેચર ત્રીજી નરક સુધી, સિંહ વિગેરે ચોથી નરક સુધી, ઉરઃપરિસર્પ પાંચમી નરક સુધી, સ્ત્રી છઠ્ઠી નરક સુધી, મનુષ્ય અને મત્સ્ય સાતમી નરક સુધી અશુભ અધ્યવસાયે કરીને ઉપજે.

## કઈ નારકીમાંથી આવેલો જીવ કયાં આવી ઉપજે અને ત્યાં વધુમાં વધુ શું પામી શકે ?

પહેલી નરક પૃથ્વીમાંથી નીકળેલો જીવ ચક્રવર્તિ[1] આદિ (નીચે લખેલી) પદવીઓ પામી શકે એ પ્રમાણે દરેક નરક પૃથ્વીમાં નીચે લખેલી બાબતો પામે, પણ ઉપર કહેલી બાબતો ન પામે.

બીજી નરક પૃથ્વીમાંથી નીકળેલો જીવ વાસુદેવ કે બળદેવ પણું પામે પણ ચક્રવર્તિ નજ થાય.

ત્રીજી નરક પૃથ્વીમાં નીકળેલો જીવ તિર્થંકર પદવી પામે પણ ચક્રવર્તિ વાસુદેવ કે બળદેવ નજ થાય.

ચોથી નરક પૃથ્વીમાંથી નીકળેલો જીવ સામાન્ય કેવળી થાય પણ તિર્થંકર આદિ ન જ થાય.

પાંચમી નરક પૃથ્વીમાંથી નીકળેલો જીવ સર્વવિરતિ પણું પામે પણ સામાન્ય કેવળી વિગેરે ન જ થાય.

છઠ્ઠી નરક પૃથ્વીમાંથી નીકળેલો જીવ ગર્ભજ તિર્યંચ કે મનુષ્યમાં દેશવિરતિ પણું પામે પણ સર્વવિરતિપણું નજ પામે.

સાતમી નરકમાંથી નીકળેલો જીવ ગર્ભજ તિર્યંચ થાય અને સમ્યકત્વ પણ પામે પણ દેશ વિરતિપણું નજ પામે.

---

૧. જે જીવ ચક્રવર્તિ થાય તે વાસુદેવ કે બળદેવની પદવી ન જ પામે.

# શ્રી દંડક પ્રકરણ મૂળ.

નમિઉં ચઉવીસ જિણે, તસ્સુત્ત વિયાર લેસ દેસણઓ ।। દંડગપએહિં તે ચ્ચિય, થોસામિ સુણેહ ભો ભવ્વા ।। ૧ ।। નેરઇઆ અસુરાઇ, પુઢવાઈ બેઇં-દિયાદઓ ચેવ ।। ગબ્ભય તિરિય મણુ-સ્સા, વંતર જોઇસિય વેમાણી ।। ૨ ।। સંખિત્તયરી ઉ ઈમા, સ[૧]રીર-મોગા[૨]હણા ય સંઘ[૩]યણા ।। સન્ના[૪] સંઠા[૫]ણ કસા[૬]ય, લેસ[૭] ઈંદિય[૮] કુસમુ[૯]ગ્ઘાયા ।। ૩ ।। દિટ્ઠી[૧૦] દંસણ[૧૧] નાણે[૧૨][૧૩], જોગુ[૧૪]-વઓગો-વવાય[૧૫] ચવણ[૧૬][૧૭]-ઠિઈ[૧૮] ।। પજ્જત્તિ[૧૯] કિમાહારે[૨૦], સન્ની[૨૧] ગઈ[૨૨] આગઈ[૨૩] વેએ[૨૪] ।।૪।। ચઉ ગબ્ભ તિરિ ય વાઉસુ, મણુઆણં પંચ સેસે તિસરીરા ।।

થાવર ચઉગે દુહઓ, અંગુલ અસંખ ભાગ તણૂ ॥ ૫ ॥ સવ્વેસિંપિ જહન્ના, સાહાવિય અંગુલસ્સ અસંખંસો ॥ ઉક્-કોસ પણુસય ધણૂ, નેરઇયા સત્ત હત્થ સુરા ॥ ૬॥ ગબ્ભ તિરિ સહસ્સ જોયણ, વણુસ્સઈ અહિય જોયણ સહસ્સં ॥ નર તેઈંદિ તિગાઉ, બેઈંદિય જોયણે બાર ॥ ૭ ॥ જોયણ-મેગં ચઉરિંદિ, દેહ મુચ્ચત્તણં સુએ ભણિઅં ॥ વેઉવ્વિય દેહં પુણ, અંગુલ સંખંસ-મારંભે ॥ ૮ ॥ દેવ નર અહિય લક્ખં, તિરિયાણં નવ ય જોયણ સયાઈ ॥ દુ-ગુણં તુ નારયાણં, ભણિયં વેઉવ્વિય સરીરં ॥ ૯ ॥ અંતમુહુત્તં નિરએ, મુહુ-ત્ત ચત્તારિ તિરિય મણુએસુ ॥ દેવેસુ અદ્ધમાસો, ઉક્કોસ વિઉવ્વણા કાલો

॥ ૧૦ ॥ થાવરસુર નેરઈઆ, અસંઘય-
ણા ય વિગલ છેવટ્ઠં ॥ સંઘયણ છગ્ગં
ગબ્ભય, નર તિરિએસુવિ મુણેયવ્વં
॥ ૧૧ ॥ [૨૪]સૅવ્વેસિં ચઉ દહ વા, સન્ના
સવ્વે સુરા ય ચઉરંસા ॥ નર તિરિય છ
સંઠાણા, હુંડા વિગલિંદિ નેરઈયા ॥૧૨॥
નાણાવિહ ધય સૂઇ, બુબ્બુય વણ વાઉ
તેઉ અપકાયા ॥ પુઢવી મસૂર ચંદા,
કારા સંઠાણઓ ભણિયા ॥ ૧૩ ॥ [૨૪]સૅવ્વે
વિ ચઉ કસાયા, લેસ છગ્ગં ગબ્ભ
તિરિય મણુએસુ ॥ નારય તેઉ વાઉ,
વિગલા વેમાણિય તિ લેસા ॥ ૧૪ ॥
જોઈસિય તેઉ લેસા, સેસૅા[૧૪] સવ્વેવિ હુંતિ
ચઉ લેસા ॥ ઈંદ્રિય દારં સુગમં, મણુ-
આણં સત્ત સમુગ્ઘાયા ॥ ૧૫ ॥ વેયણ
કસાય મરણે, વેઉવ્વિય તેયએ ય આહારે ॥

કેવલિ ય સમુગ્ઘાયા, સત્ત ઇમે હુંતિ સન્નીણું ॥ ૧૬ ॥ એગિંદિયાણ કેવલિ, તેયા-હારગ વિણા ઉ ચત્તારિ ॥ તે વેઉ-વ્વિય વજ્જા, વિગલા-સન્નીણ તે ચેવ ॥ ૧૭ ॥ પણ ગબ્ભ તિરિ સુરેસુ, ના-રય વાઉસુ ચઉર તિય સેસે [4] ॥ વિગલ દુ દિટ્ઠી થાવર, મિચ્છત્તી સેસ [16] તિય દિટ્ઠી ॥૧૮॥ થાવર બિ તિસુ અચક્ખુ, ચઉરિંદિસુ તદ્દુગં સુએ ભણિઅં ॥ માણુઆ ચઉ દંસણિણો, સેસેસું [15] તિગં તિગં ભણિયં ॥ ૧૯ ॥ અન્નાણ નાણ તિય તિય, સુર તિરિ નિરએ થિરે અન્નાણ દુગં ॥ નાણાન્નાણ દુ વિગલે, મણુએ પણ નાણ તિ અન્નાણા ॥ ૨૦ ॥ ઇક્કા-રસ સુર નિરએ, તિરિએસુ તેર પન્નર મણુએસુ ॥ વિગલે ચઉ પણ વાએ,

જોગ તિયં થાવરે હોઇ ॥ ૨૧ ॥ ઉવઓ-
ગા મણુએસુ, બારસ નવ નિરય તિરિય
દેવેસુ ॥ વિગલ દુગે પણ છક્કં, ચઉરિં-
દિસુ થાવરે તિયગં ॥ ૨૨ ॥ સંખ-
મસંખા સમયે, ગબ્ભય તિરિ વિગલ
નારય સુરા ય ॥ મણુઆ નિયમા સંખા,
વણ-ણંતા થાવર અસંખા ॥ ૨૩ ॥
અસન્ની નર અસંખા, જહ ઉવવાએ
તહેવ ચવણે વિ ॥ બાવીસ સગ તિ
દસ વાસ, સહસ્સ ઉક્કિટ્ઠ પુઢવાઇ
॥ ૨૪ ॥ તિ દ્દિણગ્ગિ તિ પલ્લાઊ, નર
તિરિ સુર નિરય સાયર તિત્તીસા ॥ વં-
તર પલ્લં જોઇસ, વરિસ લક્ખા-હિયં
પલિયં ॥ ૨૫ ॥ અસુરાણ અહિય અયરં,
દેસૂણ દુ પલ્લયં નવ નિકાયે ॥ બારસ
વાસુણ પણદિણ, છમ્માસ ઉક્કિટ્ઠ વિગ-

લાઊ ।। ૨૬ ।। પુઢવાઈ દસ પયાણં,
અંતમુહુત્તં જહન્ન આઉ ઠિઇ ।। દસ
સહસ વરિસ ઠિઈ, ભવણાહિવ નિરય
વંતરિઆ ।। ૨૭ ।। વેમાણિય જોઈસિયા.
પલ્લ તયટ્ઠંસ આઉઆ હુંતિ ।। સુર
નર તિરિ નિરએસુ, છ પજ્જત્તી થાવરે
ચઉગં ।। ૨૮ ।। વિગલે પંચ પજ્જત્તી,
છદ્દિસિ આહાર હોઈ સવ્વેસિં ।। પણ-
ગાઈ પયે ભયણા, અહ સન્નિ તિયં ભણિ-
સ્સામિ ।। ૨૯ ।। ચઉવિહ સુર તિરિ-
એસુ, નિરએસુ અ દીહકાલિગી સન્ના ।।
વિગલે હેઊવએસા, સન્ના રહિયા થિરા
સવ્વે ।। ૩૦ ।। મણુઆણ દીહકાલિય,
દિટ્ઠિવાઓ-વએસિયા કે વિ । પજ્જ પણ
તિરિ મણુઅ ચ્ચિય, ચઉ વિહ દેવેસુ
ગચ્છંતિ ।। ૩૧ ।। સંખાઉ પજ્જ પ-

ણિંદિ, તિરિય નરેસુ તહેવ પજ્જત્તે ॥
ભૂ દગ પત્તેયવણે, એએસુ ચ્ચિય સુરા-
ગમણં ॥ ૩૨॥ પજ્જત્ત સંખ ગબ્ભય,
તિરિય નરા નિરય સત્તગે જંતિ ॥ નિરય
ઉવટ્ટા એએસુ, ઉવવજ્જંતિ ન સેસેસુ
॥૩૩॥પુઢવી આઉ વણસ્સઇ,મજ્ઝે નારય
વિવજ્જિયા જીવા ॥ સવ્વે ઉવવજ્જંતિ,
નિય નિય કમ્માણુમાણેણં ॥ ૩૪ ॥
પુઢવાઈ દસ પએસુ, પુઢવી આઉ વણ-
સ્સઇ જંતિ ॥ પુઢવાઇ દસ પએહિ ય,
તેઉ વાઉસુ ઉવવાઓ ॥૩૫॥ તેઊ વાઊ
ગમણં, પુઢવી પમુહંમિ હોઇ પય
નવગે ॥ પુઢવાઈ ઠાણ દસગા, વિગલાઈ
તિયં તહિં જંતિ॥ ૩૬ ॥ગમણા-ગમ-
ણં ગબ્ભય, તિરિયાણં સયલ જીવ
ઠાણેસુ ॥ સવ્વત્થ જંતિ મણુઆ, તેઊ

વાઊહિં નો જંતિ ॥ ૩૭ ॥ વેય તિય
તિરિ નરેસુ, ઇત્થી પુરિસો ય ચઉવિહ
સુરેસુ ॥ થિર વિગલ નારએસુ, નપુંસ
વેઓ હવઇ એગો ॥ ૩૮ ॥ પજ્જ મણુ
બાયરગ્ગિ, વેમાણિય ભવણ નિરય વંત-
રિયા ॥ જોઈસ ચઉ પણ તિરિયા, બેઇં-
દિય તેઇંદિય ભૂ આઊ ॥ ૩૯ ॥ વાઉ
વણસ્સઈ ચ્ચિય, અહિયા અહિયા કમેણ
મે હુંતિ ॥ સવ્વે વિ ઇમે ભાવા, જિણા
મએ ણંતસો પત્તા ॥ ૪૦ ॥ સંપઈ
તુમ્હ ભત્તસ્સ, દંડગ પય ભમણ ભગ્ગ
હિયયસ્સ ॥ દંડતિય વિરય સુલહં, લહુ
મમ દિંતુ મુક્ખ પયં ॥ ૪૧ ॥ સિરિ
જિણહંસ મુણીસર, રજ્જે સિરિ ધવલ-
ચંદ સીસેણ ॥ ગજસારેણ લિહિયા,
એસા વિન્નત્તિ અપ્પહિયા ॥ ૪૨ ॥

# શ્રી લઘુ સંગ્રહણી પ્રકરણ સાર્થ.

| | | |
|---|---|---|
| નમિય–નમસ્કાર કરીને. | જગગુરૂં–જગતના ગુરૂ. | પયત્થે–પદાર્થોને. |
| જિણું–જીતનાર. જિનને | મહાવીરં–મહાવીર સ્વામીને. | વુચ્છં–કહીશ. |
| સવ્વન્નું–સર્વજ્ઞ. | જંબુદ્દીવ–જંબૂદ્વીપના. | સુત્તા–સૂત્રથી. |
| જગપુજ્જં–જગતને પૂજ્ય. | | સ પર–પોતાના અને પરના. |
| | | હેઉ–હેતુએ. માટે. |

**નમિય જિણું સવ્વન્નું, જગપુજ્જં જગગુરૂં મહાવીરં**—રાગદ્વેષને જીતનાર, સર્વજ્ઞ, ત્રણ જગતને પૂજ્ય, ત્રણ જગતના ગુરૂ એવા શ્રી મહાવીર સ્વામીને નમસ્કાર કરીને.

**જંબુદ્દીવ પયત્થે**—જંબૂદ્વીપના ( શાશ્વતા ) પદાર્થોને.

**વુચ્છં સુત્તા સપરહેઉ ॥૧॥**—સૂત્રના અનુસારે પોતાના અને પરના માટે કહીશ.

| | | |
|---|---|---|
| ખંડા–ખાંડવા. ખંડ. | તિત્થ–તીર્થો. | પિંડ–સમુહ. |
| જોયણ– જોજન. | સેઢીઓ–શ્રેણિઓ. | એસિં–એઓનો. |
| વાસા–ક્ષેત્રો. | વિજય–વિજયો. | હોઈ–છે. |
| પવ્વય–પર્વતો. | દહ–દ્રહો. | સંઘયણી–સંગ્રહણી. |
| કુડા–શિખરો. | સલિલાઓ–નદીઓ. | |

**ખંડા જોયણ વાસા**—ખાંડવા ( ખંડ )–જોજન–ક્ષેત્રો.

**પવ્વય કુડા ય તિત્થ સેઢીઓ**—પર્વતો–શિખરો–તીર્થો અને શ્રેણિઓ.

**વિજય દહ સલિલાઓ**—વિજય (ચક્રવર્તિને જીતવા યોગ્ય દેશ)–દ્રહો (સરોવરો) અને નદીઓ.

**પિંડેસિં હોઈ સંઘયણી ॥ ૨ ॥**—એઓનો (૧૦ પદાર્થોનો) સમુહ તે સંગ્રહણી છે.

| | | |
|---|---|---|
| **નઉઅ સયં**–૧૯૦ | **લક્ખે**–લાખને. | **ભરહ પમાણં**–ભરતના પ્રમાણને. |
| **ખંડાણં**–ખાંડવા. | **અહવા**–અથવા. | **હવઈ**–થાય. હોય. |
| **ભરહ**–ભરતક્ષેત્રના. | **નઉઅ સય**–૧૯૦ થી. | **લક્ખં**–લાખ. |
| **પમાણેણ**–પ્રમાણ વડે. | **ગુણં**–ગુણતાં. | |
| **ભાઈએ**–ભાગે છતે. | | |

## ૧ લું ખંડ દ્વાર.

**નઉઅ સયં ખંડાણં**—૧૯૦ ખંડ (૫૨૬ જોજન ને ૬ કલા પ્રમાણવાળા) થાય. (ક્યારે?)

**ભરહ પમાણેણ ભાઇએ લક્ખે**—ભરતક્ષેત્રના પ્રમાણ (૫૨૬ જો૦ ને ૬ કલા) વડે જંબૂદ્વીપના ૧ લાખ જોજનને ભાગે છતે થાય.

**અહવા નઉઅસય-ગુણં, ભરહ-પમાણં હવઈ લક્ખં ॥ ૩ ॥**—અથવા ભરતક્ષેત્રના પ્રમાણને ૧૯૦ વડે ગુણતાં ૧ લાખ જોજન થાય.

---

૧ જોજનની ૧૯ કલા થાય તેથી કલા કરવા માટે જોજનને ૧૯ એ ગુણવા. ૧ લાખ જોજનના જંબૂદ્વીપની કલા ૧૯ લાખને ભરતક્ષેત્રની કલા દશ હજારે ભાગતાં ૧૯૦ ખાંડવા થાય. અથવા ૫૨૬ જોજનને એકસો નેવુએ ગુણતાં નવાણું હજાર નવસો ચાલીશ જોજન થાય અને ૭ કલાને ૧૯૦ એ ગુણતાં અગીયારસો ચાલીશ કલા થાય તેના જોજન કરવા માટે ઓગણીસે ભાગતાં ૬૦ યોજન થાય તે ૯૯૯૪૦ માં ઉમેરીએ તો ૧ લાખ જોજનનો જંબૂદ્વીપ થાય.

**ભરતનું પ્રમાણ.**

```
        ૫૨૬−૬
        ×૧૯
       ───────
       ૪૭૩૪
       ૫૨૬×
      ───────
       ૯૯૯૪
         +૬ કલા ઉમરીએ.
     ─────────
       ૧૦૦૦૦ ભરતની કલા.
     ૧૦૦૦૦૦ જોજનનો જંબૂદ્વીપ.
        ×૧૯ તેની કલા કરવા ૧૯ એ ગુણવા.
     ─────────
૧૦૦૦૦) ૧૯૦૦૦૦૦ (૧૯૦
        ૧૦૦૦૦
       ───────
        ૯૦૦૦૦
        ૯૦૦૦૦
       ───────
        ૦૦૦૦૦૦
```

**યોજન ને** **કલા. ભરતનું પ્રમાણ.**

```
  ૫૨૬              ૬
  ×૧૯૦             ×૧૯૦
 ───────          ───────
   ૦૦૦               ૦
 ૪૭૩૪×             ૫૪×
 ૫૨૬×              ૬×
 ───────          ───────
 ૯૯૯૪૦ યોજન       ૧૧૪૦ કલાના યોજન કરવા
   +૬૦                 ૧૯ એ ભાગીએ.
 ───────              ૧૯) ૧૧૪૦(૬૦ યોજન.
૧૦૦૦૦૦ યોજનનો જંબૂદ્વીપ.   ૧૧૪
                        ─────
                         ૦૦૦૦
```

**અહવા**—અથવા.
**ઇગ ખંડ**—૧ ખંડ.
**ભરહે**—ભરતક્ષેત્રનો.
**દો**—બે.
**હિમવંતે**—હિમવંત પર્વતના.
**અ**—અને.
**હેમવઈ**—હિમવંત ક્ષેત્રના.
**ચઉરો**—ચાર.
**અટ્ઠ**—આઠ.
**મહા હિમવંતે**—મહાહિમવંત પર્વતમાં.
**સોલસ**—સોળ.
**ખંડાઇં**—ખંડ
**હરિવાસ**—હરિવર્ષ ક્ષેત્રમાં.
**બત્તીસં**—બત્રીશ.
**પુણ**—વળી.
**નિસઢ્ઢે**—નિષધ પર્વતમાં.
**મિલિયા**—મળેલા, મળીને.
**તેસટ્ઠી**—ત્રેશઠ.
**બીય પાસે વિ**—બીજી બાજુને વિષે પણ.
**ચઉસટ્ઠી**—ચોસઠ.
**ઉ**—વળી.
**વિદેહે**—મહાવિદેહને વિષે.
**તિરાસિ**—ત્રણે સમુહને
**પિંડે**—એકઠા કરે છતે.
**નઉય સયં**—એક સોને નેવું.

**અહવિગ ખંડે ભરહે**—અથવા ૧ ખંડ ભરતક્ષેત્રનો.
**દો હિમવંતે અ હેમવઈ ચઉરો**—૨ ખંડ હિમવંત પર્વતના અને ૪ ખંડ હિમવંત ક્ષેત્રના.
**અટ્ઠ મહા હિમવંતે**—૮ ખંડ મહાહિમવંત પર્વતના.
**સોલસ ખંડાઈ હરિવાસે ॥ ૪ ॥**—૧૬ ખંડ હરિવર્ષ-ક્ષેત્રના છે.
**બત્તીસં પુણ નિસઢ્ઢે**—વળી ૩૨ ખંડ નિષધ પર્વતના.
**ામલિઆ તેસટ્ઠી બીયપાસે વિ**—એ સર્વ મળી ૬૩ ખંડ થાય. એમ બીજી બાજુને વિષે પણ ૬૩ ખંડ (૧ ખંડ ઐરવત ક્ષેત્રનો-૨ શિખરી પર્વતના-૪ ઐરણ્યવત ક્ષેત્રના-૮ રૂકમી પર્વતના-૧૬ રમ્યક્ ક્ષેત્રના-૩૨ નીલવંત પર્વતના એ સર્વ મળી ૬૩ ખંડ).
**ચઉસટ્ઠી ઉ વિદેહે**—વળી મહાવિદેહ ક્ષેત્રને વિષે ૬૪ ખંડ છે.

**તિરાસિ પિંડે ઈ નઉય સયં ॥ ૫ ॥**—એ ત્રણે રાશિને એકઠા કરે છતે ૧૯૦ ખંડ થાય.

| નંબર | ૭ ક્ષેત્રો ને ૬ વર્ષધર પર્વતો. | ખંડ. | યોજન. | કળા. |
|---|---|---|---|---|
| ૧ | ભરત ક્ષેત્ર. | ૧ | ૫૨૬ | – ૬ |
| ૨ | હિમવંત પર્વત. | ૨ | ૧૦૫૨ | – ૧૨ |
| ૩ | હિમવંત ક્ષેત્ર. | ૪ | ૨૧૦૫ | – ૫ |
| ૪ | મહાહિમવંત પવર્ત. | ૮ | ૪૨૧૦ | – ૧૦ |
| ૫ | હરિવર્ષ ક્ષેત્ર. | ૧૬ | ૮૪૨૧ | – ૧ |
| ૬ | નિષધ પર્વત. | ૩૨ | ૧૬૮૪૨ | – ૨ |
| ૭ | મહાવિદેહ ક્ષેત્ર. | ૬૪ | ૩૩૬૮૪ | – ૪ |
| ૮ | નીલવંત પર્વત. | ૩૨ | ૧૬૮૪૨ | – ૨ |
| ૯ | રમ્યક્ ક્ષેત્ર. | ૧૬ | ૮૪૨૧ | – ૧ |
| ૧૦ | રૂકિમ પર્વત. | ૮ | ૪૨૧૦ | – ૧૦ |
| ૧૧ | ઐરણ્યવંત ક્ષેત્ર. | ૪ | ૨૧૦૫ | – ૫ |
| ૧૨ | શિખરી પર્વત. | ૨ | ૧૦૫૨ | – ૧૨ |
| ૧૩ | ઐરવત ક્ષેત્ર. | ૧ | ૫૨૬ | – ૬ |
| | | ૧૯૦ | ૯૯૯૯૬ | ૭૬ કળાના |
| | | | +૪ યોજન મેળવતાં | |
| | | | ૧૦૦૦૦૦ યોજન જંબૂદ્વીપનો વિસ્તાર. | |

**જોયણ**—જોજનના.
**પરિમાણાઇં**—પ્રમાણવાળા.
**સમચઉરંસાઈ**—સમચોરસ.

**ઇત્થ**—અહીં (જંબૂદ્વીપમાં)
**ખંડાઇં**—ખંડ ભાગ.
**લક્ખસ્સ**—લાખના.
**પરિહીએ**—પરિધિને.

**તપ્પાય**—તેના ચોથા ભાગે.
**ગુણે**—ગુણવાથી.
**હુંતેવ**—નિશ્ચે થાય.

## ૨ જું જોજન દ્વાર.

**જોયણ પરિમાણાઈ**—જોજનના પ્રમાણવાળા.

**સમચઉરંસાઈ ઈત્થ ખંડાઈ**—સમચતુરસ્ર (સમચોરસ) ખંડ અહીંયાં (જંબૂદ્વીપના) કેવી રીતે થાય?

**લક્ખસ્સ ય પરિહીએ**—૧ લાખ જોજનના પરિધિને.

**તપ્પાય ગુણે ય હુંતેવ ॥ ૬ ॥**—તેના (૧ લાખના) ચોથા ભાગ વડે ગુણવાથી નિશ્ચે [ક્ષેત્રફળ] થાય.

| | | |
|---|---|---|
| **વિક્ખંભ**—પહોળાઈના. | **કરણી**—વર્ગમૂળ કરતાં. | **વિક્ખંભ**—વિસ્તારના. |
| **વગ્ગ**—વર્ગને. | **વટ્ટસ્સ**—વાટલાક્ષેત્રની. | **પાય**—ચોથા ભાગે. |
| **દહગુણ**—૧૦ ગુણા કરીને. | **પરિરઓ**—પરિધિ. ઘેરાવો. | **ગુણિઓ**—ગુણવાથી. |
| | **હોઇ**—થાય. | **પરિરઓ**—પરિધિને. |
| | | **તસ્સ**—તે (ગોળક્ષેત્ર)નું. |
| | | **ગણિય પયં**—ક્ષેત્રફળ. |

**વિક્ખંભ વગ્ગ દહ ગુણ**—પહોળાઈના વર્ગને (તે સંખ્યાને તેજ સંખ્યાએ ગુણ્યા પછી) ૧૦ ગુણા કરીને.

**કરણી વટ્ટસ્સ પરિરઓ હોઈ**—વર્ગમૂળ કરવાથી ગોળ ક્ષેત્રની પરિધિ થાય.

**વિક્ખંભ પાય ગુણિઓ**—તે **પરિધિને** વિસ્તારના ચોથા ભાગ વડે ગુણતાં.

**પરિરઓ તસ્સ ગણિય-પયં ॥ ૭ ॥**—તે (ગોળક્ષેત્ર)નું ક્ષેત્રફળ થાય.

| | | |
|---|---|---|
| **પરિહી**—પરિધિ. | **સત્તવીસ**—સત્યાવીશ. | **ધણુ**—ધનુષ્ય. |
| **તિ લક્ખ**—૩ લાખ. | **અહિયા**—અધિક. | **સય**—સો. |
| **સોલસ સહસ્સ**—૧૬ હજાર. | **કોસ તિગ**—૩ ગાઉ. | **તેરંગુલદ્ધ**—૧૩॥ આંગળથી. |
| **દોય સય**—બસેં ને. | **અટ્ઠાવીસં**—અઠયાવીશ. | **અહિયં**—અધિક. |

પરિહી તિલક્ખ સોલસ, સહસ્સ—( જંબૂદ્વીપની ) પરિધિ ૩ લાખ ૧૬ હજાર.
દો ય સય સત્તવીસ-હિયા—૨૨૭ જોજન અધિક.
કોસ તિગ અટ્ઠાવીસં—૩ ગાઉ ૧૨૮ ધનુષ અને
ધણુસય તેરંગુલદ્ધહિઅં ॥૮॥—૧૩॥ આંગળથી અધિક થાય છે.

## જંબૂદ્વીપની પરિધિ.

૧૦૦૦૦૦ જંબૂદ્વીપનો વિષ્કંભ—( વિસ્તાર ).
×૧૦૦૦૦૦ વર્ગ કરવા માટે એજ રકમથી ગુણાકાર.

૧૦૦૦૦૦૦૦૦૦૦ વર્ગ તેને
×૧૦ દશે ગુણવા, પછી વિષમ | સમ-કરી, વર્ગમૂળ કાઢવું.

)૧૦૦૦૦૦૦૦૦૦૦૦( ૩૧૬૨૨૭ યોજન પરિધ.

| | |
|---|---|
| ૩<br>+૩ | ૯ |
| ૬૧<br>+૧ | ૧૦૦(૧<br>૬૧ |
| ૬૨૬<br>+૬ | ૩૯૦૦(૬<br>૩૭૫૬ |
| ૬૩૨૨<br>+૨ | ૧૪૪૦૦(૨<br>૧૨૬૪૪ |
| ૬૩૨૪૨<br>+૨ | ૧૭૫૬૦૦(૨<br>૧૨૬૪૮૪ |
| ૬૩૨૪૪૭<br>+૭ | ૪૯૧૧૬૦૦(૭<br>૪૪૨૭૧૨૯ |
| ૬૩૨૪૫૪ | ૪૮૪૪૭૧ |

ભાજકથી પરિધિ અડધી આવે.

૬૩૨૪૫૪　　　　　૪૮૪૪૭૧
×૪ કોશ ( ગાઉ ) કરવા માટે.

૬૩૨૪૫૪) ૧૯૩૭૮૮૪ (૩ ગાઉ.
૧૮૯૭૩૬૨

૪૦૫૨૨
×૨૦૦૦ ધનુષ્ય કરવા માટે.

૬૩૨૪૫૪) ૮૧૦૪૪૦૦૦ (૧૨૮ ધનુષ.
૬૩૨૪૫૪

૧૭૭૯૮૬૦
૧૨૬૪૯૦૮

૫૧૪૯૫૨૦
૫૦૫૯૬૩૨

૮૯૮૮૮
×૯૬ આંગળ કરવા માટે.

૫૩૯૩૨૮
૮૦૮૯૯૨×

૬૩૨૪૫૪) ૮૬૨૯૨૪૮ (૧૩॥ આંગળ.
૬૩૨૪૫૪

૨૩૦૪૭૦૮
૧૮૯૭૩૬૨

યોજન. ગાઉ. ધનુષ્ય. આંગળ.　૪૦૭૩૪૬
૩૧૬૨૨૭—૩— ૧૨૮— ૧૩॥　૩૧૬૨૨૭

૯૧૧૧૯

જેઓને વર્ગમૂળ કાઢતાં ન આવડતું હોય તેમણે વિસ્તારને બાવીસે ગુણી સાતે ભાગવાથી લગભગ પરિધિ આવશે.

| | | |
|---|---|---|
| સત્તેવ–નિશ્ચે સાત. | સહસ્સા–હજાર. | ધણૂણિ–ધનુષ્ય. |
| કોડી–ક્રોડ. | સયં દિવડ્ઢં–દોઢસો | પન્નરસ–પંનર. |
| સયા–સો. | સાહિયં–અધિક. | સર્ટ્ઠિ–સાએઠ. |
| નઉઆ–નેવું. | ગાઉઅં–ગાઉ. | અંગુલાઇં–આંગળ. |
| છપ્પન્ન–છપ્પન. | એગં–એક. | જંબુદ્દીવસ્સ–જંબૂદ્વીપનું. |
| સય સયસ્સાઈ–લાખ | પનરસ–પંનર. | ગણિય પયં–ગણિત પદ. |
| ચઉનઉયં–ચોરાણું. | ધણુ સયા–સો ધનુષ્ય. | |
| ચ–અને. | તહ–તેમજ. | |

સત્તેવ ય કોડિસયા, નઉઆ—નિશ્ચે ૭૯૦ ક્રોડ.

છપ્પન્ન સય-સહસ્સાઈ—૫૬ લાખ.

ચઉનઉયં ચ સહસ્સા—૯૪ હજાર અને.

સયં દિવડ્ઢં ચ સાહિયં ॥ ૯ ॥—૧૫૦ જોજનથી અધિક.

ગાઉઅ-મેગં પનરસ, ધણુસયા તહ ધણૂણિ પન્નરસ—૧ ગાઉ તેમજ ૧૫ સો ૧૫ ધનુષ.

સટ્ઠિં ચ અંગુલાઈ—અને ૬૦ આંગળ.

જંબુદ્દીવસ્સ ગણિય પયં ॥ ૧૦ ॥—એટલું જંબૂદ્વીપનું ગણિતપદ (ક્ષેત્રફળ) છે.

૨૪ આંગળનો ૧ હાથ.

૪ હાથનો ૧ ધનુષ.

૯૬ આંગળનો ૧ ધનુષ.

૨૦૦૦ ધનુષનો ૧ ગાઉ.

૮૦૦૦ હાથનો ૧ ગાઉ.

૪ ગાઉનો ૧ જોજન.

# જંબૂદ્વીપનું ગણિતપદ (ક્ષેત્રફળ).

| યોજન. | | ગાઉ. |
|---|---|---|
| ૩૧૬૨૨૭ | — | ૩ |
| ×૨૫૦૦૦ | | ×૨૫૦૦૦ |
| ૦૦૦૦૦૦ | | ૭૫૦૦૦ ગાઉ |
| ૦૦૦૦૦૦× | | તેને ચારે ભાગવાથી યોજન |
| ૦૦૦૦૦૦× | | આવે. |
| ૧૫૮૧૧૩૫× | | |
| ૬૩૨૪૫૪× | | |

૭૯૦૫૬૭૫૦૦૦

૧૮૭૫૦ યો. ગાઉમાંથી.

૪૦૦ યો. ધનુષ્યમાંથી.

---

૭૯૦,૫૬૯૪૧૫૦

૧—૧૫૧૫—૬૦

---

૭૯૦૫૬૯૪૧૫૦—૧—૧૫૧૫—૬૦

૪) ૭૫૦૦૦ (૧૮૭૫૦ યોજન.

૪

---

૩૫

૩૨

---

૩૦

૨૮

---

૨૦

૨૦

---

૦૦૦

---

૭૯૦ ક્રોડ, ૫૬ લાખ, ૯૪ હજાર, ૧ સો. ૫૦ યોજન,

**ધનુષ્ય.** — **આંગળ.**

— ૧૨૮ — ૧૩।। જંબૂદ્વીપની પરિધિ તેને.
×૨૫૦૦૦ ×૨૫૦૦૦

```
      ૦૦૦               ૬૫
     ૦૦૦×              ૨૬×
    ૦૦૦×            ----------
   ૬૪૦×             ૩૨૫૦૦૦
  ૨૫૬×               ૧૨૫૦૦
------------        ----------
```

૩૨૦૦૦૦૦ ધનુષ્ય. તેના યો. કરવા માટે ૮૦૦૦ એ ભાગવા.

૩૩૭૫૦૦ આંગળ—તેના ધનુષ્ય કરવા માટે ૯૬ એ ભાગવા.

```
૯૬) ૩૩૭૫૦૦ (૩૫૧૫ ધનુષ્ય.
    ૨૮૮
    -----
     ૪૯૫
     ૪૮૦
     -----
      ૧૫૦
       ૯૬
      -----
       ૫૪૦
       ૪૮૦
       -----
        ૬૦આંગળ.
```

```
૮૦૦૦) ૩૨૦૦૦૦૦ (૪૦૦ યોજન.
      ૩૨૦૦૦
      -------
      ૦૦૦૦૦૦૦
```

```
૨૦૦૦) ૩૫૧૫ (૧ ગાઉ.
      ૨૦૦૦
      -----
      ૧૫૧૫ ધનુષ્ય.
```

---

૧ ગાઉ.— ૧૫૧૫ ધનુષ્ય, — ૬૦ આંગળ, જંબૂદ્વીપનું ક્ષેત્રફળ.

ભરહાઇ–ભરતાદિક.
સત્ત વાસા–૭ ક્ષેત્રો.
વિયડ્ઢ ચઉ–૪ વૈતાઢય.
ચઉરતિંસ–ચોત્રીશ.
વટ્ટિયરે–લાંબા.
સોલસ–સોળ.
વક્ખાર ગિરિ–વક્ષસ્કાર પર્વત.
દો–બે.
ચિત્ત વિચિત્ત–ચિત્ર અને વિચિત્ર.
દો–બે.
જમગા–જમક ને સમક.
દો સય–બસેં.
કણય ગિરીણું–કંચનગિરિ.
ચઉ ગયદંતા–ચાર ગજદંતા.
તહ–તેમજ. તથા.
સુમેરુ–મેરૂ પર્વત.
છ વાસહરા–૬ વર્ષધર.
પિંડે–એકઠા કરતાં.
એગુણ સત્તરિ–અગણોતેર.
સયાદુન્ની–બસેં.

## ૩ જું ક્ષેત્રદ્વાર.

**ભરહાઈ સત્ત વાસા**—ભરતાદિ ૭ ક્ષેત્રો છે. ( ભરત–ઐરવત–મહાવિદેહ–હિમવંત—ઐરણ્યવંત—હરિવર્ષ ને રમ્યક્. )

## ૪ થું પર્વત દ્વાર.

**વિયડ્ઢ ચઉ ચઉરતિંસ વટ્ટિયરે**—૪ વૈતાઢય વાટલા ( ગોળ ) અને ૩૪ લાંબા વૈતાઢય છે.

**સોલસ વક્ખારગિરી**—૧૬ વક્ષસ્કાર પર્વત છે.

**દો ચિત્ત વિચિત્ત દો જમગા ॥ ૧૧ ॥**—ચિત્ર અને વિચિત્ર મળી બે, જમક અને સમક મળી બે પર્વત છે.

**દોસય કણય-ગિરીણું**—૨૦૦ કંચનગિરિ છે.

**ચઉ ગયદંતાય તહ સુમેરૂ ય**—૪ ગજદંતા પર્વત તેમજ ૧ મેરૂપર્વત.

**છ વાસહરા પિંડે**—૬ વર્ષધર પર્વત છે. એ સર્વ એકઠા કરતાં.

**એગુણસત્તરિ સયા દુન્ની ॥ ૧૨ ॥**—૨૬૯ ( પર્વતો ) થાય છે.

**સોલસ**–સોળ.
**વક્ખારેસુ**–વક્ષસ્કાર ઉપર.
**ચઉ ચઉ**–ચાર ચાર.
**કૂડા**–શિખરો.
**હુન્તિ**–છે.
**પત્તેયં**–દરેકને.
**સોમણુસ**–સોમનસ.
**ગંધમાયણુ**–ગંધમાદન ઉપર.
**સત્ત**–સાત (શિખરો)
**અટ્ઠ**–આઠ.
**ય**–અને.
**રૂપ્પિ**–રૂક્મિ.
**મહાહિમવે**–મહાહિમવંત ઉપર.

**ચઉતીસ**–ચોત્રીશ.
**વિયડ્ઢેસુ**–વૈતાઢ્ય ઉપર.
**વિજ્જુપ્પહ**–વિદ્યુત્પ્રભ.
**નિસઢ**–નિષધ.
**નીલવંતેસુ**–નીલવંત ઉપર.
**તહ**–તથા.
**માલવંત**–માલ્યવંત.
**સુરગિરિ**–મેરૂ પર્વત ઉપર.
**નવ નવ**–નવ નવ.
**કૂડાઈં**–શિખરો.
**પત્તેયં**–દરેકને.

**હિમ**–હિમવંત ગિરિ.
**સિહરીસુ**–શિખરી ઉપર.
**ઇક્કારસ**–અગીયાર.
**ઇય**–એ પ્રમાણે.
**ઈગસટ્ઠી**–એકસઠ.
**ગિરીસુ**–પર્વતો ઉપર
**કૂડાણું**–શિખરોની.
**એગત્તે**–એકઠી કર્યે છતે.
**સવ્વ ધણું**–સર્વ સંખ્યા.
**સય ચઉરો**–ચાર સો.
**સત્તસટ્ઠી**–સડસઠ.

## પાંચમું કુટ દ્વાર.

**સોલસ વક્ખારેસુ**—૧૬ વક્ષસ્કાર પર્વત ઉપર.
**ચઉ ચઉ કૂડા ય હુન્તિ પત્તેયં**—દરેકને ૪–૪ શિખરો છે.
**સોમણુસ ગંધમાયણુ**—સોમનસ અને ગંધમાદન (એ બે ગજદંત) ઉપર ૭–૭ શિખરો છે.
**સત્તટ્ઠ ય રૂપ્પિ મહાહિમવે ॥ ૧૩ ॥**—રૂક્મિ અને મહાહિમવંત (એ બે વર્ષધર) ઉપર ૮–૮ શિખરો છે.
**ચઉતીસ વિયડ્ઢેસુ**—૩૪ વૈતાઢ્ય પર્વત ઉપર.
**વિજ્જુપ્પહ નિસઢ નીલવંતેસુ**—વિદ્યુત્પ્રભ (ગજદંત), નિષધ અને નીલવંત (એ બે વર્ષધર) ઉપર.

**તહ માલવંત સુરગિરિ**—તથા માલ્યવંત ( ગજદંત ) અને મેરૂપર્વત ઉપર ( નંદન વનમાં ).

**નવ નવ કૂડાઈ પત્તેયં ॥ ૧૪ ॥**—એ દરેક ( ૩૯ પર્વતો )ને ૯-૯ શિખરો છે.

**હિમ-સિહરીસુ ઈક્કારસ**—લઘુ હિમવંત અને શિખરી ( એ બે વર્ષધર ) ઉપર ૧૧-૧૧ શિખરો છે.

**ઈય ઈગસટ્ઠી ગિરીસુ કૂડાણું**—એ પ્રમાણે ૬૧ પર્વતો ઉપર શિખરોની.

**એગત્તે સવ્વધણં**—સર્વ સંખ્યા ( ૬૪+૩૦+૩૫૧+૨૨ ) એકઠી કરતાં.

**સય ચઉરો સત્તસટ્ઠી ય ॥ ૧૫ ॥**—૪૬૭ શિખરો થાય છે.

| | | |
|---|---|---|
| **ચઉ**—ચાર. | **કૂડેહિં**—શિખરો સાથે. | **ગુણયાલં**—ઓગણ ચાલીસ. |
| **સત્ત**—સાત. | **ગુણહ**—ગુણો. | **દુવે**—બે પર્વતને. |
| **અટ્ઠ**—આઠ. | **જહ સંખં**—અનુક્રમે. | **સગસટ્ઠી**—સડસઠ. |
| **નવગે**—નવ. | **સોલસ**—સોળ. | **સય ચઉરો**—ચારસો. |
| **એગારસ**—અગીયાર. | **દુ દુ**—બે બે. | |

**ચઉ સત્ત અટ્ઠ નવગે**—૪-૭-૮-૯ અને.

**ગારસ કૂડેહિ ગુણહ જહસંખં**—૧૧ શિખરો સાથે અનુક્રમે ગુણો. ( કોને ? )

**સોલસ દુ દુ ગુણયાલં**—૧૬-૨-૨-૩૯.

**દુવે ય સગસટ્ઠિ સય ચઉરો ॥ ૧૬ ॥**—અને ૨ પર્વતોને. તો સર્વ મળીને ૪૬૭ શિખરો થાય છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| વક્ષસ્કાર | ૧૬ | × | ૪ | = | ૬૪ |
| સોમનસ–ગંધમાદન | ૨ | × | ૭ | = | ૧૪ |
| રૂકિમ–મહાહિમવંત | ૨ | × | ૮ | = | ૧૬ |
| દીર્ઘ વૈતાઢય | ૩૪ | × | ૯ | = | ૩૦૬ |
| નિષધ–નીલવંત | ૨ | × | ૯ | = | ૧૮ |
| વિદ્યુત્પ્રભ–માલ્યવંત | ૨ | × | ૯ | = | ૧૮ |
| મેરૂપર્વત | ૧ | × | ૯ | = | ૯ |
| લઘુ હિમવંત–શિખરી | ૨ | × | ૧૧ | = | ૨૨ |

૬૧ પર્વતનાં ૪૬૭ શિખરો.

**ચઉતીસ**–ચોત્રીશ.
**વિજએસુ**–વિજયોને વિષે.
ઉસહ કૂડા–રૂષભ કૂટ.
અટ્ઠ–આઠ.
**મેરૂ**–મેરૂ પાસે.
**જંબૂંમ્મિ**–જંબૂવૃક્ષના વનમાં.
અટ્ઠ–આઠ.
**દેવકુરાઇ**–દેવકુરૂમાં.
**હરિકૂડ**–હરિકૂટ.
**હરિસ્સહે**–હરિસહ કૂટ.
**સટ્ઠી**–૬૦ (ભૂમિકૂટ).

## ૬૦ ભૂમિકૂટ.

**ચઉતીસ વિજએસુ**—૩૪ વિજયોને વિષે.

**ઉસહ કૂડા અટ્ઠ મેરૂ જંબુમ્મિ**—૩૪ રૂષભકૂટ છે. (તથા) મેરૂ પાસે (ભદ્રશાલ વનમાં) અને જંબૂવૃક્ષના વનમાં (ઉત્તરકુરૂ ક્ષેત્રમાં) ૮–૮ ભૂમિકૂટ છે.

**અટ્ઠ ય દેવકુરાઈ**—અને દેવકુરૂને વિષે (શાલ્મલી વૃક્ષના વનમાં) ૮ ભૂમિકૂટ છે. (કુલ ૫૮ કૂટ).

**હરિકૂડ હરિસ્સહે સટ્ઠી ॥ ૧૭ ॥**—હરિકૂટ અને હરિસહ કૂટ મળી ૬૦ ભૂમિકૂટ છે.

| | | |
|---|---|---|
| **માગહ**–માગધ.<br>**વરદામ**–વરદામ.<br>**પભાસ**–પ્રભાસ.<br>**તિત્થ**–તીર્થો.<br>**વિજએસુ**–૩૨ વિજયોમાં. | **એરવય**–ઐરવત.<br>**ભરહે**–ભરતમાં.<br>**ચઉતીસા**–ચોત્રીશને.<br>**તીહિં**–ત્રણ વડે.<br>**ગુણિયા**–ગુણેલા. ગુણતાં. | **દુરૂત્તર સયં**–એકસો બે.<br>**તુ**–વળી.<br>**તિત્થાણું**–તીર્થો. |

## ૬ ઠું તીર્થ દ્વાર.

**માગહ વરદામ પભાસ**—માગધ, વરદામ અને પ્રભાસ.

**તિત્થ વિજયેસુ એરવય-ભરહે**—( એ ત્રણ ) તીર્થો ( મહાવિદેહની ) ૩૨ વિજયોમાં, ઐરવત અને ભરત ( મળી ૩૪ વિજયો )માં છે.

**ચઉતીસા તિહિં ગુણિયા**—( તેથી ) ૩૪ ને ત્રણ વડે ગુણતાં.

**દુરૂત્તર-સયં તુ તિત્થાણું ॥ ૧૮ ॥**—( સર્વ મળી ) વળી ૧૦૨ તીર્થો થાય છે.

| | | |
|---|---|---|
| **વિજ્જાહર**–વિદ્યાધર.<br>**અભિઓગિય**–આભિયોગિકની.<br>**સેઢીઓ**–શ્રેણિઓ.<br>**દુન્ની દુન્ની**–બે બે. | **વેઅડ્ઢે**–વૈતાઢ્ય ઉપર.<br>**ઇઅ**–એ પ્રમાણે.<br>**ચઉગુણ**–૪ વડે ગુણતાં.<br>**ચઉતીસા**–ચોત્રીશને. | **છત્તીસ સયં**–એકસો છત્રીશ.<br>**તુ**–વળી.<br>**સેઢીણું**–શ્રેણિઓ. |

## ૭ મું શ્રેણિ દ્વાર.

**વિજ્જાહર અભિઓગિય**—વિદ્યાધર મનુષ્યોની અને આભિયોગિક દેવોની.

**સેઢીઓ દુન્નિ દુન્નિ વેઅડ્ઢે**—૨-૨ શ્રેણિઓ ( નગરોની હાર ) વૈતાઢય પર્વત ઉપર છે.

**ઇય ચઉગુણ ચઉતીસા**—એ પ્રમાણે ૩૪ વૈતાઢયને ૪ વડે ગુણતાં.

**છત્તીસ-સયં તુ સેઢીણં ॥ ૧૯ ॥**—વળી ૧૩૬ શ્રેણિઓ થાય છે.

| | | |
|---|---|---|
| **ચક્કી**—ચક્રવર્તીને. | **હુંતિ**—છે. | **પઉમાઈ**—પદ્મ આદિ. |
| **જેઅવ્વાઇં**—જીતવા યોગ્ય. | **ચઉતીસા**—ચોત્રીશ. | **કુરૂસુ**—કુરૂક્ષેત્રમાં. |
| **વિજયાઇં**—વિજયો. | **મહદ્દહ**—મોટાં સરોવરો. | **દસગં**—દશ. |
| **ઇત્થ**—અહીં ( જંબુદ્વીપમાં. ) | **છ**—છ. | **તિ**—એ પ્રમાણે. એમ. |
| | | **સોલસગં**—સોળ. |

## ૮ મું વિજય દ્વાર.

**ચક્કી જેઅવ્વાઈ**—ચક્રવર્તીને જીતવા યોગ્ય.

**વિજયાઈ ઇત્થ હુંતિ ચઉતીસા**—૩૪ વિજયો અહીં ( જંબૂદ્વીપમાં ) છે.

## ૯ મું દ્રહ દ્વાર.

**મહદ્દહ છ પઉમાઈ**—પદ્મ આદિ ( મહાપદ્મ-પુંડરિક-મહાપુંડરિક-તિગિચ્છી અને કેસરી એ ) છ મોટાં સરોવરો છે.

**કુરૂસુ દસગં તિ સોલસગં ॥ ૨૦ ॥**—દેવકુરૂ અને ઉત્તર કુરૂ ક્ષેત્રમાં ૧૦ નાનાં સરોવરો છે. એમ ( સર્વ મળી ) ૧૬ સરોવરો છે.

**ગંગા**–ગંગા.
**સિંધૂ**–સિંધુ.
**રત્તા**–રક્તા.
**રત્તવઇ**–રક્તવતી.
**ચઉ**–ચાર.
**નઇઓ**–નદીઓ.
**પત્તેયં**–દરેક.
**ચઉદસહિં**–ચૌદ.
**સહસ્સેહિં**–હજાર (નદીઓ.)
**સમગં**–સાથે.
**વચ્ચંતિ**–જાય છે.
**જલહિમ્મિ**–સમુદ્રમાં.
**એવં**–એ પ્રમાણે.
**અબ્ભિંતરિયા**–અંદરના ક્ષેત્રની.
**ચઉરો**–ચાર.
**પુણ**–વળી.
**અટ્ઠવીસ**–અઠયાવીશ.
**સહસ્સેહિં**–હજાર સાથે.
**પુણ રવિ**–વળી પણ.

**છપ્પન્નેહિં**–છપ્પન.
**સહસ્સેહિં**–હજાર નદીઓ સાથે.
**જંતિ**–જાય છે.
**ચઉ સલિલા**–ચાર નદીઓ.
**કુરૂ મજ્ઝે**–કુરૂ ક્ષેત્રમાં.
**ચઉરાસી**–ચોરાશી.
**સહસ્સાઇં**–હજાર (નદીઓ.)
**તહ**–તેમજ. તથા.
**વિજય સોલસેસુ**–૧૬ વિજયોમાં.
**બત્તીસાણ**–બત્રીશ.
**નઇણં**–નદીઓમાંની.
**ચઉદસ સહસ્સાઇં**–૧૪ હજાર.
**પત્તેયં**–દરેકને.
**ચઉદસ**–ચૌદ.
**સહસ્સ**–હજાર વડે.
**ગુણિયા**–ગુણાએલી.
**અડતીસ**–આડત્રીશ.

**નઇઓ**–નદીઓ.
**વિજય મજ્ઝિલ્લા**–વિજયોમાં
**સીઓયાએ**–શીતોદામાં.
**નિવડંતિ**–પડે છે. મળે છે.
**તહ**–તેમજ.
**સીયાઇ**–સીતામાં.
**એમેવ**–એમજ.
**સીયા**–સીતા.
**સીઓયા**–સીતોદા.
**વિ ય**–પણ અને.
**બત્તીસ સહસ્સ**–૩૨ હજાર.
**પંચલક્ખેહિં**–૫ લાખ.
**સવ્વે**–સર્વે.
**ચઉદસ લક્ખા**–૧૪ લાખ.
**છપ્પન્ન સહસ્સ**–૫૬ હજાર
**મેલવિયા**–મેળવતાં.

## ૧૦ મું નદી દ્વાર.

**ગંગા સિંધૂ રત્તા**—ગંગા, સિંધુ, રક્તા ( અને ).
**રત્તવઈ ચઉ નઇઓ પત્તેયં**—રક્તવતી એ ચાર નદીઓ છે. તે દરેક નદી.

**ચઉદસહિં સહસ્સેહિં**—૧૪ હજાર નદીઓ ( સાથે ).

**સમગં વચ્ચંતિ જલહિંમિ ॥ ૨૧ ॥**—( એમ ૫૬ હજાર નદીઓ ) સાથે સમુદ્રમાં જાય છે.

**એવં અબ્ભિંતરિયા**—એવી રીતે અંદરના ( હિમવંત-ઐરણ્યવંત ) ક્ષેત્રની.

**ચઉરો પુણ અટ્ઠવીસ સહસ્સેહિં**—( રોહિતા-રોહિતાંશા-રૂપ્યકુલા અને સુવર્ણ કુલા એ ) ૪ નદીઓ વળી દરેક ૨૮ હજારના પરિવાર સાથે સમુદ્રમાં જાય છે.

**પુણરવિ છપ્પન્નેહિં, સહસ્સેહિં જંતિ ચઉ સલિલા ॥ ૨૨ ॥**—વળી પણ ૫૬ હજારના પરિવાર સાથે ( હરિવર્ષ અને રમ્યક્ ક્ષેત્રની હરિકાંતા-હરિ સલિલા -નરકાંતા અને નારીકાંતા એ ) ૪ નદીઓ સમુદ્રમાં જાય છે.

**કુરૂમજ્ઝે ચઉરાસી, સહસ્સાઈ**—દેવકુરૂ અને ઉત્તરકુરૂમાં ૮૪ હજાર નદીઓ છે.

**તહ ય વિજય સોલસેસુ**—તેમજ (પશ્ચિમ મહાવિદેહના ) ૧૬ વિજયોમાં.

**બત્તીસાણ નઈણં**—૩૨ નદીઓમાંની.

**ચઉદસ સહસ્સાઈ પત્તેયં ॥ ૨૩ ॥**—દરેકને ૧૪ હજાર નદીઓનો પરિવાર છે.

**ચઉદસ સહસ્સ ગુણિયા**—૧૪ હજાર નદીઓ વડે ગુણાએલી.

**અડતીસ નઈઓ વિજય મજ્ઝિલ્લા**—૧૬ વિજયમાંહે ( ૩૨ નદીઓ અને ૬ અંતર્નદી મળીને ) ૩૮

નદીઓ છે. ( તેનો પરિવાર ૫ લાખ ૩૨ હજાર થાય.)

**સીઓયાએ નિવડંતિ**—એટલી નદીઓ શીતોદામાં મળેછે.

**તહ ય સીયાઈ એમેવ ॥ ૨૪ ॥**—તેમજ એ પ્રમાણેજ (પરિવાર સહિત ૫૩૨૦૦૦ નદીઓ) સીતામાં મળેછે.

**સીયા સીઓયા વિ ય**—સીતા અને શીતોદા પણ ( એ દરેક નદી. )

**બત્તીસ સહસ્સ પંચ લક્ખેહિં**—૫ લાખ ૩૨ હજારના પરિવારે છે.

**સવ્વે ચઉદસ લક્ખા, છપ્પન્ન સહસ્સ મેલવિયા ॥ ૨૫ ॥**—તે સર્વે મેળવતાં ( એકઠી કરતાં ) ૧૪ લાખ ૫૬ હજાર નદીઓ થાય છે.

| | | |
|---|---|---|
| **છ જોયણ**—૬ જોજન. | **વિત્થરો**—વિસ્તાર. | **ઈય**—એ પ્રમાણે. |
| **સકોસે**—૧ કોસ સહિત. | **મૂલે**—મૂલમાં | **દુ દુ**—બમણા બમણાએ. |
| **ગંગાસિંધૂણ**—ગંગા અને સિંધુના. | **દસ ગુણિઓ**—૧૦ ગુણો. | **ગુણેણ**—ગુણવાથી. |
| | **પજ્જંતે**—પર્યન્તે. છેડે. | **સેસાણં**—બાકીની (નદીઓનો). |

**છ જોયણ સકોસે**—૬ જોજન અને ૧ ગાઉ સહિત ( ૬॥ જોજનનો. )

**ગંગા સિંધૂણ વિત્થરો મૂલે**—ગંગા અને સિંધુનો મૂળમાં વિસ્તાર છે.

**દસ ગુણિઓ પજ્જંતે**—( તેથી ) ૧૦ ગુણો ( ૬૨॥ જોજન ) વિસ્તાર છેડે છે.

**ઈય દુ દુ ગુણેણ સેસાણં ॥ ૨૬ ॥**—એ પ્રમાણે બાકીની (૪+૪+૨) નદીઓનો વિસ્તાર બમણા બમણાએ ગુણવાથી જાણવો.

## ૯૦ મોટી નદીઓ અને નાની નદીઓ—૧૪ લાખ ને ૫૬ હજાર.

| મોટી નદીઓ | દરેક મોટી નદીનો પરિવાર. | કુલ નાની નદીઓ. | મૂળ પ્રવાહ (યોજન) | છેડે પ્રવાહ (યોજન) |
|---|---|---|---|---|
| ગંગા–સિંધુ–રક્તા–રક્તવતી<br>૧ + ૧ + ૧ + ૧ = | ૪ × ૧૪૦૦૦ = | ૫૬૦૦૦ | ૬। | ૬૨॥ |
| રોહિતા–રોહિતાંશા–રૂપ્યકુલા–સુવર્ણકુલા<br>૧ + ૧ + ૧ + ૧ = | ૪ × ૨૮૦૦૦ = | ૧૧૨૦૦૦ | ૧૨॥ | ૧૨૫ |
| હરિકાંતા–હરિસલિલા–નરકાંતા–નારીકાંતા<br>૧ + ૧ + ૧ + ૧ = | ૪ × ૫૬૦૦૦ = | ૨૨૪૦૦૦ | ૨૫ | ૨૫૦ |
| શીતોદા | ૧ × ૫૩૨૦૦૦ = | ૫૩૨૦૦૦ | ૫૦ | ૫૦૦ |
| સીતા | ૧ × ૫૩૨૦૦૦ = | ૫૩૨૦૦૦ | ૫૦ | ૫૦૦ |
| | | ૧૪૫૬૦૦૦ | | |

અંતર્નદીઓ ૧૨ }
મહાવિદેહની ૬૪ } આ નદીઓનો પરિવાર શીતોદા અને સીતામાં ગણાવેલ હોવાથી ફરીથી કહ્યો નથી.

૯૦

**જોયણ સયં**-સો જોજન.
**ઉચ્ચિદ્ધા**-ઉંચા.
**કણયમયા**-સોનાના.
**સિહરિ**-શિખરી.
**ચુલ્લ હિમવંતા**-લઘુ હિમવંત.
**રૂપ્પિ**-રૂક્મિ.
**મહા હિમવંતા**-મહાહિમવંત.
**દુસય**-બસેં (જોજન)
**ઉચ્ચા**-ઉંચા.
**રૂપ્પ**-રૂપાનો.
**કણયમયા**-સોનાનો.
**ચત્તારિ જોયણ સએ**-ચારસેં જોજન.
**ઉચ્ચિટ્ઠો**-ઉંચા.
**નિસઢ**-નિષધ.
**નીલવંતો**-નીલવંત.
**નિસઢો**-નિષધ.
**તવણિજ્જમઓ**-તપાવેલા સોના જેવો.
**વેરૂલિઓ**-વૈડુર્ય રત્નનો.
**નીલવંતો**-નીલવંત.
**સવ્વેવિ**-સર્વે પણ.
**પવ્વયવરા**-શાશ્વતા પર્વતો.
**સમય ખિત્તમ્મિ**-અઢીદ્વીપમાં.
**મંદર**-મેરૂ પર્વત (૫)
**વિહૂણા**- સિવાયના
**ધરણિ તલે**-ભૂમિમાં.
**ઉવગાઢા**-દટાયેલ.
**ઉસ્સેહુ**-ઉંચાઈના.
**ચઉત્થ ભાયંમિ**-ચોથા ભાગે.

**જોયણ સય-મુચ્ચિદ્ધા**—એક સો જોજન ઉંચા.

**કણયમયા સિહરિ-ચુલ્લ હિમવંતા**—સોનાના શિખરી અને લઘુહિમવંત ( એ બે પર્વતો ) છે.

**રૂપ્પિ મહાહિમવંતા**—રૂક્મિ અને મહા હિમવંત પર્વત.

**દુસ ઉચ્ચા રૂપ્પ કણયમયા ॥ ૨૭ ॥**—બસો જોજન ઉંચા છે. તેમાં રૂક્મિ રૂપાનો અને મહાહિમવંત સોનાનો છે.

**ચત્તારિ જોયણ સએ**—ચારસો જોજન.

**ઉચ્ચિટ્ઠો નિસઢ નીલવંતો ય**—ઉંચા નિષધ અને નીલવંત પર્વત છે.

**નિસઢો તવણિજ્જમઓ**--( તેમાં ) નિષધ તપાવેલા સોના જેવો ( લાલ ) છે.

**વેરૂલિઓ નિલવંતો ય ॥ ૨૮ ॥**—અને નીલવંત વૈડુર્ય રત્નના વર્ણ જેવો ( લીલો ) છે.

**સવ્વેવિ પવ્વયવરા**—સર્વે ( શાશ્વતા ) પર્વતો પણ.

**સમય ખિત્તંમિ મંદર વિહૂણા**—અઢીદ્વીપમાં પાંચ મેરૂ સિવાયના ( જે ) છે.

**ધરણિતલે ઉવગાઢા**—તે પર્વતો પૃથ્વી તલમાં ( ભૂમિમાં ) દટાયેલા છે. ( કેટલા ? )

**ઉસ્સેહ ચઉત્થ ભાયંમિ ॥ ૨૯ ॥**—પોતાની ઉંચાઈના ચોથા ભાગે. ( ૫ મેરૂમાંથી જંબૂદ્વીપનો મધ્ય મેરૂ ૧૦૦૦ જોજન જમીનમાં અને ૯૯ હજાર જોજન ઉપર મળી ૧ લાખ જોજન છે અને બીજા ૪ મેરૂ ૧૦૦૦ જોજન ભમિમાં અને ૮૩ હજાર જોજન બહાર ઉંચા છે. )

| | | |
|---|---|---|
| **ખંડાઇ**—ખાંડવાદિકની. | **જંબૂદ્દીવસ્સ**—જંબૂદ્વીપની. | **રઇયા**—રચી. |
| **ગાહાહિં**—ગાથાઓ વાળાં. | **સંઘયણી**—સંગ્રહણી. | **હરિભદ્દ**—હરિભદ્ર. |
| **દસાહં દારેહિં**—૧૦ દ્વારોથી. | **સમ્મત્તા**—સમાપ્ત થઇ. | **સૂરીહિં**—સૂરિએ. |

**ખંડાઈ ગાહાહિં**—ખાંડવાદિકની ગાથાઓવાળાં.

**દસહિં દારેહિં જંબુદ્દીવસ્સ**—૧૦ દ્વારોથી જંબૂદ્વીપની

**સંઘયણી સમત્તા**—સંગ્રહણી સમાપ્ત થઇ.

**રઈયા હરિભદ્દ સૂરીહિં ॥ ૩૦ ॥**—શ્રી હરિભદ્ર સૂરિએ તેની રચના કરી.

**શ્રી લઘુ સંગ્રહણી પ્રકરણ સાર્થ સમાપ્ત.**

# જંબૂદ્વીપના ૧૦ શાશ્વતા પદાર્થો સંક્ષેપમાં.

૧. જંબૂદ્વીપના ભરતક્ષેત્ર ( ૫૨૬ જોજન ને ૬ કલા ) પ્રમાણે ખંડ–૧૯૦.

૨. **જંબૂદ્વીપની પરિધિ.** ૩ લાખ ૧૬ હજાર ૨૨૭ જોજન ૩ ગાઉ ૧૨૮ ધનુષ્ય ને ૧૩॥ આંગળથી અધિક.
**ક્ષેત્રફળ** ( ગણિતપદ ) ૭૯૦ ક્રોડ ૫૬ લાખ ૯૪ હજાર ૧૫૦ જોજન ૧ ગાઉ ૧૫૧૫ ધનુષ્ય ને ૬૦ આંગળ.

૩. **ક્ષેત્રો**–૭ ભરત, ઐરવત, મહાવિદેહ, હિમવંત, ઐરણ્યવંત, હરિવર્ષ ને રમ્યક્.

૪. **પર્વતો–૨૬૯.** ૪ ગોળ વૈતાઢ્ય, ૩૪ લાંબા વૈતાઢ્ય, ૧૬ વક્ષસ્કાર, ચિત્ર અને વિચિત્ર, જમક અને સમક, ૨૦૦ કંચનગિરિ, ૪ ગજદંત, ૧ મેરૂ, અને ૬ વર્ષધર.

૫. **શિખરો ૪૬૭** ( ૬૧ પર્વતનાં ). ૧૬ વક્ષસ્કારનાં ૬૪ શિખરો, સોમનસ અને ગંધમાદનનાં ૭–૭, રૂકિમ અને મહાહિમવંતનાં ૮–૮, ૩૪ દીર્ઘ વૈતાઢ્ય, નિષધ, નીલવંત, વિદ્યુત્પ્રભ, માલ્યવંત અને મેરૂ પર્વત એ ૩૯ પર્વતનાં ૯–૯, લઘુ હિમવંત અને શિખરીનાં ૧૧–૧૧ શિખરો છે. **ભૂમિકૂટ–૬૦.** રૂષભકૂટ–૩૪, મેરૂ પાસે ( ભદ્રશાલ વનમાં ) ૮, ઉત્તરકુરૂમાં ( જંબૂવૃક્ષના વનમાં ) ૮, દેવકુરૂમાં (શાલ્મલી વૃક્ષના વનમાં) ૮, હરિકૂટ ૧ અને હરિસહ ૧.

૬. **તીર્થો–૧૦૨.** ૩૪ વિજયોમાં માગધ વરદામ અને પ્રભાસ એ ત્રણ તીર્થો હોવાથી ૧૦૨ તીર્થો થાય.

૭. **શ્રેણિઓ ૧૩૬.** ચોત્રીશ દીર્ઘ વૈતાઢ્ય ઉપર વિદ્યાધર મનુષ્યોની બબ્બે શ્રેણિઓ હોવાથી ૬૮ અને આભિયોગિક દેવોની બબ્બે શ્રેણિઓ હોવાથી ૬૮ મળી કુલ ૧૩૬ શ્રેણિઓ થાય.

૮. **વિજયો. ૩૪.** ૧૬ પૂર્વ મહાવિદેહની, ૧૬ પશ્ચિમ મહાવિદેહની, ૧ ભરત ને ૧ ઐરવત.

૯. **દ્રહ ( સરોવર ) ૧૬.** પદ્મ, મહાપદ્મ, પુંડરિક, મહાપુંડરિક, તિગિચ્છી ને કેસરી એ ૬, દેવકુરૂમાં ૫, અને ઉત્તરકુરૂમાં ૫.

૧૦. **મોટી નદીઓ**–૯૦ તથા તે નદીઓનો પરિવાર ૧૪ લાખ ને ૫૬ હજાર.

## લઘુ સંગ્રહણીના પ્રશ્નો.

૧. જંબૂદ્વીપમાં રહેલા શાશ્વતા દશ પદાર્થ ગણાવો.

૨. ભરતક્ષેત્ર કેટલા યોજન અને કલાનો છે? આ સંખ્યાને કેટલાએ ગુણીએ તો એક લાખ યોજન થાય? એ માપ કયા દ્વીપનું હશે?

૩. ભરત, હિમવંત, હરિવર્ષ અને મહાવિદેહક્ષેત્ર તથા શિખરી રૂક્મિ અને નીલવંત પર્વતના ખાંડવા કેટલા છે? તે કહો.

૪. **विक्खंभ वग्ग दहगुण** એ ગાથાનો અર્થ કહો.
એક ગોળ કુવો ૧૦ હાથ વચ્ચેથી પહોળો છે તો તેનો પરિધિ કેટલો થાય?

૫. દશ હાથ લાંબા દોરડાવતી ખીલે બાંધેલો ઘોડો વધારેમાં વધારે કેટલા હાથના ગોળ ચક્કરમાં ફરશે. ( હિસાબ ગણીને કરવો ) વ્યાસ અને પરિધિનું ગુણોત્તર ૭ : ૨૨ છે.

૬. ૪ ગજદંતા અને ૬ વર્ષધર પર્વતનાં નામ તથા તે પર્વતોની ઉપર કેટલાં શિખરો છે? તે કહો.

૭. જંબૂદ્વીપમાં મોટી નદીઓ કેટલી અને તે દરેકનો પરિવાર કેટલો? તથા તેનો મૂળમાં અને છેડે વિસ્તાર કેટલો?

૮. જંબૂદ્વીપનો મેરૂ ભૂમિમાં કેટલો અને ઉપર કેટલો? તથા બીજા પર્વતો ભૂમિમાં અને ઉપર કેટલા જોજન છે? તે કહો.

૯. શિખરી લઘુહિમવંત નિષધ અને મહાહિમવંત પર્વતની ઉંચાઈ કેટલી? લઘુ સંગ્રહણી પ્રકરણના રચનાર કોણ?

# શ્રી લઘુસંગ્રહણી પ્રકરણ મૂળ.

નમિય જિણં સવ્વન્નું, જગપુજ્જં જગગુરૂં મહાવીરં ॥ જંબુદ્દીવ પયત્થે, વુચ્છં સુત્તા સપરહેઉ ॥ ૧ ॥ ખંડા[૧] જોયણ[૨] વાસા[૩], પવ્વય[૪] કુડા[૫] ય તિત્થ[૬] સેઢીઓ[૭] ॥ વિજય[૮] દહ[૯] સલિલાઓ[૧૦], પિંડેસિં હોઇ સંઘયણી ॥ ૨ ॥ નઉઅ સયં ખંડાણું, ભરહ પમાણેણ ભાઈએ લક્ખે ॥ અહવા નઉઅસય-ગુણં, ભરહ-પમાણં હવઈ લક્ખં ॥ ૩ ॥ અહવિગ ખંડે ભરહે, દો હિમવંતે અ હેમવઇ ચઉરે ॥ અટ્ઠ મહા હિમવંતે, સોલસ ખંડાઇં હરિવાસે ॥ ૪ ॥ બત્તીસં પુણ નિસઢ્ઢે, મિલિઆ

તેસટ્ઠી બીયપાસે વિ ।। ચઉસટ્ઠી ઉ વિ-
દેહે, તિરાસિ પિંડે ઈનઉય-સયં ।। ૫ ।।
જોયણ પરિમાણાઇં, સમચઉરંસાઇં ઇત્થ
ખંડાઇં ।। લક્ખસ્સ ય પરિહીએ, તપ્પાય
ગુણે ય હુંતેવ ।। ૬ ।। વિક્ખંભ વગ્ગ
દહ ગુણ, કરણી વટ્ટસ્સ પરિરઓ હોઇ ।।
વિક્ખંભ પાય ગુણિઓ, પરિરઓ તસ્સ
ગણિય-પયં ।। ૭ ।। પરિહી તિલક્ખ
સોલસ, સહસ્સ દો ય સય સત્તવીસ-
હિયા ।। કોસ તિગ અટ્ઠાવીસં, ધણુસય
તેરંગુલદ્ધહિઅં ।। ૮ ।। સત્તેવ ય કોડિ
સયા, નઉઆ છપ્પન્ન સય-સહસ્સાઇં ।।
ચઉનઉયં ચ સહસ્સા, સયં દિવડ્ઢં ચ
સાહિયં ।। ૯ ।। ગાઉઅ-મેગં પનરસ,
ધણૂસયા તહ ધણૂણિ પન્નરસ ।। સટ્ઠિં ચ

અંગુલાઈં, જંબુદ્દીવસ્સ ગણિય પયં ॥ ૧૦ ॥ ભરહાઇ સત્ત વાસા, વિયડ્ઢ ચઉ ચઉરતિંસ વટ્ટિયરે॥ સોલસ વક્ખાર ગિરી, દો ચિત્ત વિચિત્ત દો જમગા ॥ ૧૧ ॥ દોસય કણય-ગિરીણં, ચઉ ગયદંતા ય તહ સુમેરૂ ય ॥ ૭ વાસહરા પિંડે, એગુણસત્તરિ સયા દુન્ની ॥૧૨॥ સોલસ વક્ખારેસુ, ચઉ ચઉ કૂડા ય હુન્તિ પત્તેયં॥સોમણસ ગંધમાયણ, સત્તટ્ઠ ય રૂપ્પિ મહાહિમવે ॥ ૧૩ ॥ ચઉતીસ વિયડ્ઢેસુ, વિજ્જુપ્પહ નિસઢ નીલવં-તેસુ ॥ તહ માલવંત સુરગિરિ, નવ નવ કૂડાઈ પત્તેયં ॥ ૧૪ ॥ હિમ-સિહરીસુ ઇક્કારસ; ઇય ઇગસટ્ઠી ગિરીસુ કૂડાણં ॥ એગત્તે સવ્વધણં, સય ચઉરો સત્ત-

સટ્ઠીય ॥ ૧૫॥ ચઉ સત્ત અટ્ઠ નવગે,
ગારસ કૂડેહિ ગુણુહ જહસંખં ॥ સોલસ
દુ દુ ગુણુયાલં, દુવે ય સગસટ્ઠી સય
ચઉરો ॥ ૧૬ ॥ ચઉતીસ વિજએસુ,
ઉસહ કૂડા અટ્ઠ મેરૂ જંબૂંમિ ॥ અટ્ઠ ય
દેવકુરાઈ, હરિકૂડ હરિસ્સહે સટ્ઠી ॥૧૭॥
માગહ વરદામ પભાસ,-તિત્થ વિજ-
યેસુ એરવય-ભરહે ॥ ચઉતીસા તિહિં
ગુણિયા, દુરૂત્તર-સયં તુ તિત્થાણું ॥૧૮॥
વિજ્જાહર અભિઓગિય, સેઢીઓ દુન્નિ
દુન્નિ વેઅડ્ઢે ॥ ઈય ચઉગુણ ચઉતીસા,
છત્તીસસયં તુ સેઢીણું ॥ ૧૯ ॥ ચક્કી
જેઅવ્વાઇ, વિજયાઈ ઈત્થ હુંતિ ચઉ-
તીસા ॥ મહ દહ છ પઉમાઇ, કુરૂસુ
દસગં તિ સોલસગં ॥ ૨૦ ॥ ગંગા

સિંધૂ રત્તા, રત્તવઈ ચઉ નઇઓ
પત્તેયં ॥ ચઉદ્દસહિં સહસ્સેહિં,
સમગં વચ્ચંતિ જલહિંમિ ॥ ૨૧ ॥
એવં અબ્ભિંતરિયા, ચઉરો પુણ અટ્ઠ-
વીસ સહસ્સેહિં ॥ પુણરવિ છપ્પન્નેહિં,
સહસ્સેહિં જંતિ ચઉ સલિલા ॥૨૨॥
કુરૂમજ્ઝે ચઉરાસી, સહસ્સાઈ તહ ય
વિજય સોલસેસુ ॥ બત્તીસાણું નઈણું,
ચઉદ્દસ સહસ્સાઇ પત્તેયં ॥ ૨૩ ॥
ચઉદ્દસ સહસ્સ ગુણિયા, અડતીસ નઇઓ
વિજય મજ્ઝિલ્લા ॥ સીઓયાએ નિવ-
ડંતિ, તહ ય સીયાઈ એમેવ ॥ ૨૪ ॥
સીયા સીઓયા વિ ય, બત્તીસ સહસ્સ
પંચ લક્ખેહિં ॥ સવ્વે ચઉદ્દસ લક્ખા,
છપ્પન્ન સહસ્સ મેલવિયા ॥ ૨૫ ॥

છજોયણ સકોસે, ગંગા સિંધૂણ વિત્થરો મૂલે ॥ દસ ગુણિઓ પજ્જંતે, ઇયં દુ દુ ગુણેણ સેસાણં ॥ ૨૬ ॥ જોયણ સયમુચ્ચિટ્ઠા, કણયમયા સિહરિ ચુલ્લ હિમવંતા ॥ રૂપ્પિ મહાહિમવંતા, દુસ ઉચ્ચા રૂપ્પ કણયમયા ॥ ૨૭ ॥ ચત્તારિ જોયણ સએ, ઉચ્ચિટ્ઠો નિસઢ નીલવંતો ય ॥ નિસઢો તવણિજ્જમઓ, વેરૂલિઓ નિલવંતો ય ॥ ૨૮ ॥ સવ્વેવિ પવ્વય-વરા, સમય ખિત્તંમિ મંદર વિહૂણા ॥ ધરણિતલે ઉવગાઢા, ઉસ્સેહ ચઉત્થ ભાયંમિ ॥ ૨૯ ॥ ખંડાઇ ગાહાહિં, દસહિં દ્વારેહિં જંબુદ્દીવસ્સ ॥ સંઘયણી સમ-ત્તા, રઇયા હરિભદ્દ સૂરીહિં ॥ ૩૦ ॥

---

## ભવાભિનંદી જીવનાં ૧૧ લક્ષણ.

**પાંચ ઇન્દ્રિઓનાં વિષય સુખ નિશ્ચયે કરી દુ:ખકારી છે તો પણ તેને વિષે જે જીવો સુખની બુદ્ધિએ કરીને આનંદ માને છે તેને ભવાભિનંદી કહીએ.**

૧ **આહારને અર્થે**—જો હું સામાયિક પૌષધ તથા દેશાવગાસાદિક ધર્મ કરણી કરીશ તો જમવાનું મળશે એવી વિચારણાથી ધર્મ કરણી કરવી તે.

૨ **પૂજાવાને અર્થે**—જો હું ધર્મ કરણી કરીશ તો લોકમાં પૂજનીક થઇશ એવો અભિપ્રાય રાખવો તે.

૩ **ઉપધિ**—વસ્ત્ર પાત્રાદિકને અર્થે, ધર્મ કરણી કરવી તે.

૪ **રિદ્ધિ ગારવ**—જો હું ધર્મ કરણી કરીશ તો આ શ્રાવક મારા થશે અને એનાથી મારૂં ગુજરાન થશે એવી બુદ્ધિએ કરીને ધર્મ કરણી કરવી તે.

૫ **ક્ષુદ્ર (અગંભીર હોય)**—પારકાં છીદ્ર ખોળતો ફરે અને લોકોના મોટા ગુણને ઢાંકે અને પોતાના ગુણનો ઉત્કર્ષ કરે. દરેક રીતે પોતાનો ગુણ પ્રગટ થાય એમ લોકો આગળ બોલવું તે.

૬ **લોભને વિષે (પુદ્ગળ ભાવને વિષે) આસક્ત**—ધન, ધાન્ય, વસ્ત્ર, પાત્ર જશકીર્તિ મેળવવાને વિષે આસક્ત રહેવું તે.

૭ **દીન (પુદ્ગળ ભાવના વિયોગે કરીને રાંક)**—આગામી કાળની ચિંતા કરે કે હાય હાય હું શું ખાઇશ? અને હવે હું કેમ કરીશ? હવે મારા કુટુંબનો નિર્વાહ કેમ ચાલશે? એવી ચિંતા કરે પણ આત્મ સ્વરૂપનો કાંઇ પણ વિચાર કરે નહિ તે.

૮ **મત્સરી**—પારકા ગુણને ન સહે તે.

૯ **ભયવાન્**—પુદ્ગલાદિક વસ્તુના વિયોગથી ભય કરવો તે.

૧૦ **શઠ**—કપટી.

૧૧ **અજ્ઞાની**—સર્વ વસ્તુનો અજાણ.

# મિથ્યાત્વના તમામ પ્રકાર.

## પ્રથમ ચાર પ્રકાર.

૧ **પ્રરૂપણા મિથ્યાત્વ**—શ્રી જિનેશ્વરે કહેલ ધર્મની વિપરીત પ્રરૂપણા કરવી તે.

૨ **પ્રવર્ત્તન મિથ્યાત્વ**—લૌકિક તથા લોકોત્તર મિથ્યાત્વની કરણી કરવી તે.

૩ **પરિણામ મિથ્યાત્વ**—મનમાં જુઠો હઠવાદ રાખે અને કેવળી ભાષિત નવ તત્ત્વના અર્થ યથાર્થ ન સદ્દહે તે.

૪ **પ્રદેશ મિથ્યાત્વ**—સત્તામાં રહેલી મોહનીય કર્મની સાત પ્રકૃતિ તે.

## દશ પ્રકાર.

૧ **ધર્મને અધર્મ કહેવો તે**—જિનેશ્વર ભાષિત શુદ્ધ ધર્મને અધર્મ કહેવો તે.

૨ **અધર્મને ધર્મ કહેવો તે**—હિંસાદિ પાંચ આશ્રવ સહિત અશુદ્ધ એવો અધર્મને ધર્મ કહેવો તે.

૩ **માર્ગને ઉન્માર્ગ કહેવો તે**—સમકિત સહિત સંવર ભાવ સેવન કરવારૂપ માર્ગને ઉન્માર્ગ કહેવો તે.

૪ **ઉન્માર્ગને માર્ગ કહેવો તે**—કુદેવ, કુગુરૂ, કુધર્મને સેવન કરવા રૂપ ઉન્માર્ગને માર્ગ કહેવો તે.

૫ **સાધુને અસાધુ કહેવા તે**—સત્યાવીસ ગુણયુક્ત તરણતારણ જહાજ સમાન શુદ્ધ પ્રરૂપક, એવા સાધુને અસાધુ કહેવા તે.

૬ **અસાધુને સાધુ કહેવા તે**—આરંભ પરિગ્રહ વિષય અને કષાયના ભરેલા, લોભી, ખોટી શ્રદ્ધા કરાવનાર, લોહના નાવ સમાન એવા અસાધુને સાધુ કહેવા તે.

૭ **જીવને અજીવ કહેવો તે**—એકેંદ્રિયાદિક જીવને અજીવ કહેવો તે.

૮ **અજીવને જીવ કહેવો તે**—સોના રૂપા આદિક અજીવ વસ્તુને જીવ કહેવો તે.

**૯ મૂર્તને અમૂર્ત કહેવો તે**--દેહ ( શરીર ) રૂપી મૂર્ત પદાર્થને અમૂર્ત ( અરૂપી ) કહેવો તે.

**૧૦ અમૂર્તને મૂર્ત કહેવો તે**—જીવ તથા ધર્માસ્તિકાયાદિ અરૂપી દ્રવ્યને રૂપી કહેવા તે.

## પાંચ પ્રકાર.

**૧ અભિગ્રહિક**—ખરા ખોટાની પરિક્ષા કર્યા વિના પોતાની મતિમાં આવ્યું તે સાચું માને તે.

**૨ અનભિગ્રહિક**—સર્વ ધર્મ સારા છે, છએ દર્શન રૂડાં છે, સૌને વંદીએ, કોઇને નિંદીએ નહીં એમ વિષ અમૃત સરખાં ગણવાં તે.

**૩ આભિનિવેશિક**—જાણીને જુઠું બોલે, પોતાની ભૂલ સમજાય છતાં ખોટી પ્રરૂપણા કરે અને કોઇ સમકિત દૃષ્ટિ સમજાવે તો પણ હઠ ન મૂકે તે.

**૪ સાંશયિક**—જિન વાણીમાં સંશય રાખે, એટલે પોતાના અજ્ઞાનથી સિદ્ધાંતના અર્થ સમજે નહીં તેથી ડામાડોળ રહે તે.

**૫ અનાભોગિક**—અજાણપણે કાંઇ સમજે નહીં તે અથવા એકેંદ્રિયાદિક જીવને અનાદિકાળનું લાગે છે તે.

## છ પ્રકાર.

**૧ લૌકિક દેવગત**—રાગ દ્વેષના ભરેલા લૌકિક દેવને માને, પૂજે તથા તેમનો કહેલો માર્ગ પાળે તે.

**૨ લૌકિક ગુરૂગત**—અઢાર પાપસ્થાનકના ભરેલા, નવા નવા વેશ બનાવનાર અન્ય દર્શનીના ગુરૂને ગુરૂ માનવા અને તેમનું બહુ માન કરવું તે.

**૩ લૌકિક પર્વગત**—આ લોકમાં પુદ્ગલિક સુખની ઇચ્છાએ મિથ્યાત્વી લોકે કલ્પેલા હોળી બળેવાદિક પર્વને શ્રદ્ધાએ આરાધવાં તે.

૪ **લોકોત્તર દેવગત**—અઢાર દોષ રહિત અરિહંત દેવની આગળ આ લોક પરલોકના પુદ્ગલિક સુખની વાંચ્છાએ માનતા માનવી તે.

૫ **લોકોત્તર ગુરૂગત**—અઢાર પાપસ્થાનક સેવનાર, છકાયનો આરંભ કરનાર, એવા જિનના સાધુનો વેષ ધરનારને ગુરૂ માનવા તે તથા શુદ્ધ જ્ઞાન દર્શન ચારિત્ર સહિત એવા મુનિરાજને આલોક પરલોકના સુખની વાંચ્છાએ વાંદવા, પૂજવા, પડિલાભવા તે.

૬ **લોકોત્તર પર્વગત**—જિનરાજના કલ્યાણકના દિવસે તથા આઠમ ચૌદશાદિ પર્વના દિવસે આ લોક પરલોકના સુખને અર્થે આયંબીલ એકાસણાદિ તપ કરવો તે.

## શ્રાવકના ૨૧ ગુણ.

| | | |
|---|---|---|
| **૧ અક્ષુદ્ર** | **૨ રૂપવાન્** | **૩ શાંત પ્રકૃતિવાન્** |
| **૪ લોકપ્રિય** | **૫ અક્રૂર** | **૬ પાપભીરૂ** |
| **૭ અશઠ** | **૮ દાક્ષિણ્યતાવાન્** | **૯ લજ્જાળુ** |
| **૧૦ દયાળુ** | **૧૧ મધ્યસ્થસૌમ્યદષ્ટિ** | **૧૨ ગુણરાગી** |
| **૧૩ સત્કથાખ્ય** | **૧૪ સુપક્ષયુક્ત** | **૧૫ દીર્ઘ દર્શી** |
| **૧૬ વિશેષજ્ઞ** | **૧૭ વૃદ્ધાનુગામી** | **૧૮ વિનયી** |
| **૧૯ કૃતજ્ઞ** | **૨૦ પરહિતાર્થકારી** | **૨૧ લબ્ધલક્ષ્ય.** |

૧ **અક્ષુદ્ર**—જે ઉછાંછળી બુદ્ધિવાળો ન હોય, સ્વપરને ઉપકાર કરવા સમર્થ હોય, પારકાં છિદ્ર ખોલે નહીં એવો ગંભીર હોય તે.

૨ **રૂપવાન્**—સંપૂર્ણ અંગોપાંગવાળો, પાંચ ઈંદ્રિયોથી સુંદર દેખાતો, સારા બાંધાવાળો હોય તે.

૩ **શાંત પ્રકૃતિવાન્**—સ્વભાવે શાંત પ્રકૃતિવાળો, પ્રાયઃ પાપ ભરેલા કામમાં ન પ્રવર્તે, સુખે સેવવા યોગ્ય તથા બીજાઓને શાંતિ આપનાર હોય તે.

૪ **લોક પ્રિય**—જે પુરૂષ દાતાર, વિનયવંત અને સુશીલ હોઇ, આ લોક અને પરલોકથી જે વિરૂદ્ધ કામ હોય તે ન કરે, તે લોક પ્રિય થઇને લોકમાં ધર્મનું બહુ માન ઉપજાવે.

૫ **અક્રૂર**—ઘાતકી પરિણામી જે ન હોય તે.

૬ **પાપભીરૂ**—આ લોક પરલોકનાં સંકટો વિચારીનેજ પાપમાં ન પ્રવર્તે અને અપયશના કલંકથી ડરતો રહે તે.

૭ **અશઠ**—બીજાને ઠગે નહી, તેથી વિશ્વાસ કરવા યોગ્ય તથા વખાણવા લાયક થાય અને ભાવપૂર્વક ધર્મને વિષે ઉદ્યમ કરે તે.

૮ **દાક્ષિણ્યતાવાન્**—સુદાક્ષિણ્ય ગુણવાળો, પોતાનો કામધંધો મૂકીને બીજાને ઉપકાર કરતો રહે, તેથી તેનું વાક્ય સૌ કબુલ રાખે તથા સૌ લોકો તેના પછવાડે ચાલે (અનુસરે) તે.

૯ **લજ્જાળુ**—લજ્જાળુ પુરૂષ નાનામાં નાના અકાર્યને પણ દૂર વર્જે છે તેથી તે સદાચાર આચરે છે અને સ્વીકારેલી વાતને કોઇ પણ દિવસ મૂકે નહીં તે.

૧૦ **દયાળુ**—દયા એ ધર્મનું મૂળ છે અને દયાને અનુકૂળજ સઘળું અનુષ્ઠાન જૈન સિદ્ધાંતમાં કહેલું છે માટે તેવા ગુણવાળો હોય તે.

૧૧ **મધ્યસ્થ અને સૌમ્યદૃષ્ટિ**—ખરા ધર્મવિચારને સાંભળનારો, ગુણો સાથે જોડાઈ દોષોને દૂર તજનારો અને સર્વ સ્થળે રાગદ્વેષ રહિત હોય તે.

૧૨ **ગુણરાગી**—ગુણવાન માણસોનું બહુમાન કરનારો, નિર્ગુણીઓની ઉપેક્ષા કરનારો, ગુણનો સંગ્રહ કરનારો અને પામેલા ગુણોને મલીન ન કરે તે.

૧૩ **સત્કથાખ્ય**—ઉત્તમ પુરૂષોનાં ચરિત્ર કહેનાર થવું તે.

૧૪ **સુપક્ષયુક્ત**—જેનો પરિવાર અનુકુળ અને ધર્મશીળ હોઇ સદાચાર યુક્ત હોય તે.

૧૫ **દીર્ઘદર્શી**—પરિણામે સુંદર, બહુ લાભ ને થોડી મહેનતવાળું

અને કેળવાયેલ માણસને વખાણવા લાયક હોય તેવાં કામ કરનારો હોય તે.

૧૬ **વિશેષજ્ઞ**—અપક્ષપાતપણે વસ્તુઓના ગુણદોષ જાણનારો હોય તે.

૧૭ **વૃદ્ધાનુગામી**—જ્ઞાનાદિગુણોએ કરી વૃદ્ધ માણસની પાછળ ચાલનારો (અનુસરનારો) હોય તે.

૧૮ **વિનયી**—જેના વડે આઠ પ્રકારના કર્મનો નાશ કરાય એવા સમ્યક્ જ્ઞાનદર્શનાદિ ગુણોએ કરી સહિતનો વિનય કરનાર.

૧૯ **કૃતજ્ઞ**—કરેલા ગુણને બરાબર જાણનાર હોય એટલે વિના કારણે ઉપકાર કરનાર ગુરૂ મહારાજને પણ ખરી બુદ્ધિથી પરમ ઉપકારી ગણીને તેમનું બહુમાન કરનારો હોય તે.

૨૦ **પરહિતાર્થકારી**—પારકાનું હિત કરવામાં તૈયાર રહેનાર તથા બીજાને સત્ય ધર્મ પમાડવામાં તત્પર હોય તે.

૨૧ **લબ્ધલક્ષ્ય**—પ્રાપ્ત થયું છે જાણવા લાયક અનુષ્ઠાન તે જેને એવો પુરૂષ તે સુખે સઘળું ધર્મ કર્તવ્ય જાણી શકે છે.

## ભાવ શ્રાવકનાં ૬ લિંગ.

૧ **કૃતવ્રતકર્મ**=વ્રતની ફરજો બજાવનાર હોય તે. તેના ચાર ભેદ. (૧) આકર્ણન = સાંભળવું, (૨) જ્ઞાન એટલે સમજવું, (૩) ગ્રહણ એટલે સ્વીકારવું, (૪) પ્રતિસેવન=બરાબર પાળવું તે.

૨ **શીળવાન્**—તેના ૪ ભેદ. (૧) આયતન = ધર્મીજનોને મળવાનું સ્થાન સેવે. (૨) પ્રયોજન વિના પારકા ઘરમાં ન પેસે તે. (૩) વિકારવાળાં વચન ન બોલે તે. (૪) બાળક્રીડા વર્જે એટલે મૂર્ખ લોકોને આનંદ થાય એવાં જુગારાદિ કર્મ વર્જે અને મીઠાં વચને કામ સિદ્ધ કરે તે.

૩ **ગુણવાનપણું**—તેના પાંચ ભેદ. (૧) સ્વાધ્યાયમાં તત્પર. (૨) ક્રિયાનુષ્ઠાનમાં તત્પર. (૩) વિનયમાં તત્પર. (૪) સર્વ બાબતમાં કદાગ્રહ રહિત. (૫) જીનાગમમાં રૂચિવંત.

૪ **ઋજુવ્યવહાર**=સરળપણે ચાલવું. તેના ચાર પ્રકાર છે. (૧) યથાર્થ કહેનાર. (૨) અવંચકક્રિય=વેચવા લેવામાં ન ઠગે તે અને જુઠી સાક્ષી ન પુરનાર હોય તે. (૩) છતા અપરાધનો પ્રકાશક. (૪) ખરા ભાવથી નિષ્કપટ મૈત્રી કરનાર.

૫ **ગુરૂશુશ્રૂષા**—તેના ચાર ભેદ. (૧) શુશ્રૂષા=ગુરૂજનની સેવા કરવી. (૨) કારણ=બીજાને ગુરૂજનની સેવામાં પ્રવર્તાવે. (૩) ઔષધ ભૈષજ=ગુરૂને ઓસડવેસડ કરવાં. (૪) ભાવ સહિત ગુરૂમહારાજની સેવા કરે.

૬ **પ્રવચન કુશળ**—તેના ૭ ભેદ. (૧) સૂત્રકુશળ=સૂત્રમાં પ્રવીણ હોય તે. (૨) અર્થકુશળ=અર્થમાં નિપુણ. (૩) ઉત્સર્ગ કુશળ=સામાન્ય કથનમાં હોંશીઆર. (૪) અપવાદ કુશળ=વિશેષ કથનમાં પ્રવીણ. (૫) ભાવ કુશળ = વિધિ સહિત ધર્મકાર્ય કરવામાં તથા અનુષ્ઠાન કરવામાં હોંશીઆર. (૬) વ્યવહાર કુશળ=ગીતાર્થ પુરૂષોનાં આચરણમાં કુશળ હોય તે.

## ભાવ શ્રાવકનાં ભાવગત ૧૭ લક્ષણ.

| | | |
|---|---|---|
| ૧ સ્ત્રી | ૨ ઇંદ્રિય | ૩ અર્થ ( ધન ) |
| ૪ સંસાર | ૫ વિષય | ૬ આરંભ |
| ૭ ઘર | ૮ દર્શન | ૯ ગહરી પ્રવાહ |

**૧૦ આગમ પુરસ્સર પ્રવૃત્તિ ૧૧ યથાશક્તિ દાનાદિ પ્રવૃત્તિ**
**૧૨ વિધિ ૧૩ અરક્તદ્વિષ્ટ ૧૪ મધ્યસ્થ**
**૧૫ અસંબદ્ધ ૧૬ પરાર્થ કામોપભોગી ૧૭ વેશ્યાવત્ ઘરવાસ પાળનાર.**

૧ **સ્ત્રી**—સ્ત્રીને અનર્થની ખાણ, ચંચળ અને પ્રાયઃ નરકે લઇ જનારી જાણતો થકો હિતેચ્છુ પુરૂષ તેનો વશવર્તી ન થાય.

૨ **ઇંદ્રિય**—ઇંદ્રિયોરૂપ ચપળ ઘોડાઓ હંમેશાં દુર્ગતિના માર્ગ તરફ દોડનારા છે તેમને સંસારનું સ્વરૂપ સમજનારો પુરૂષ સમ્યક્ જ્ઞાનરૂપ રસી ( દોરડી )થી રોકી રાખે છે.

૩ **અર્થ**—આયાસ તથા ક્લેશનું કારણ હોવાથી ધન અસાર છે એમ જાણીને બુદ્ધિમાન્ પુરૂષ તેમાં જરાએ લોભાતો નથી.

૪ **સંસાર**—સંસારને દુઃખરૂપ, દુઃખફળ, દુઃખાનુબંધી તથા વીટંબના રૂપ અને અસાર જાણીને તેમાં રતિ ન કરે તે.

૫ **વિષય**—ક્ષણમાત્ર સુખદાયી વિષયોને હંમેશાં વિષ સમાન ગણીને ભવભીરૂ તથા તત્ત્વાર્થને સમજનાર પુરૂષ વિષયોમાં ગૃદ્ધિ ન કરે.

૬ **આરંભ**—તીવ્ર આરંભ વર્જે, નિર્વાહ નહીં થતાં કદાચ કાંઇ કરવું પડે તો અણઇચ્છાથી કરે તથા નિરારંભી જનને વખાણે અને સર્વ જીવો ઉપર દયાળુ રહે તે.

૭ **ઘર**—ઘરવાસને પાસ ( ફાંસાની માફક ) માનતો થકો દુઃખિત થઇ તેમાં વસે અને ચારિત્ર મોહનીય કર્મ જીતવાનો ઉદ્યમ કરે.

૮ **દર્શન**—શ્રદ્ધા સહિત રહે. પ્રભાવના અને વર્ણવાદ (પ્રશંસા) વગેરે કરતો રહે અને ગુરૂની ભક્તિવાળો થઇ નિર્મળ દર્શન ધારણ કરે.

૯ **ગડ્ડરી પ્રવાહ**—ગાડરીયા પ્રવાહની જેમ ગતાનુગતિક ( વગર વિચારે અનુસરવા રૂપ ) લોકસંજ્ઞાનો પરિહાર કરી ધીરપુરૂષ દરેક ક્રિયા કરે.

૧૦ **આગમ**—પરલોકના માર્ગમાં જીનાગમ સિવાય બીજું પ્રમાણ નથી માટે આગમ પુરસ્સરજ ( આગમમાં કહ્યા મુજબ ) સર્વ ક્રિયા કરે તે.

૧૧ **યથાશક્તિ દાનાદિ પ્રવૃત્તિ**—શક્તિ ગોપવ્યા સિવાય આત્માને બાધા ન થાય તેમ સુમતિવાન્ પુરૂષ દાનાદિક ચતુર્વિધ ધર્મને આચરે છે.

૧૨ **વિધિ**—ચિંતામણી રત્ન માફક દુર્લભ, હિતકારી, નિર્દોષ ક્રિયા પામીને, તેને ગુરૂએ કહેલી વિધિપૂર્વક આચરતો થકો મુગ્ધ જનોના હસવાથી શરમાય નહીં.

૧૩ **અરક્તદ્વિષ્ટ**—શરીરની સ્થિતિનાં કારણુ ધન સ્વજન આહાર ઘર વિગેરે સાંસારિક પદાર્થોમાં પણ અરક્તદ્વિષ્ટ ( રાગદ્વેષ રહિત ) થઇને રહે.

૧૪ **મધ્યસ્થ**—ઉપશમ ભરેલા વિચારવાળો હોય કેમકે તે રાગદ્વેષે ફસાયેલો હોતો નથી તેથી હિતાર્થિ પુરૂષ મધ્યસ્થ રહીને સર્વથા કદાગ્રહનો ત્યાગ કરે છે.

૧૫ **અસંબદ્ધ**—સમસ્ત વસ્તુઓ ક્ષણુભંગુર છે, એમ નિરંતર ભાવતો થકો, ધન વિગેરેમાં સંબદ્ધ ( જોડાયેલો ) છતાં, પણ પ્રતિબંધ ( મૂર્છારૂપ સંબંધ ) ન કરે તે.

૧૬ **પરાર્થકામોપભોગી**—સંસારથી વિરક્ત મન રાખી, ભોગોપભોગથી તૃપ્તિ થતી નથી એમ જાણી કામભોગમાં પરની ઇચ્છાથી વર્તે એવો હોય તે.

૧૭ **વૈશ્યાવત્ ઘરવાસ પાળનાર**—વેશ્યાની માફક નિરાશંસા રહી, આજ કાલ છોડીશ એમ ચિંતવતો રહી, ઘરવાસ પરાયો હોય તેમ ગણીને શિથિલ ભાવે ઘરવાસ પાળે તે.

---

૧. નીચેના શબ્દોની વ્યાખ્યા કરો. અને તે શેમાં આવે છે ? તે કહો. ગુરૂ શુશ્રૂષા, મધ્યસ્થ, પરાર્થ કામોપભોગી, મત્સરી, આભિનિવેશિક, રૂપવાન્, લબ્ધ લક્ષ્ય, પ્રવચન કુશળ, અસંબદ્ધ, દીર્ઘદર્શી, સત્કથાખ્ય, અક્ષુદ્ર, રૂજુ વ્યવહાર.

૨. **अ** દ્રવ્ય અને ભાવ શ્રાવકનો અર્થ તથા ભાવ શ્રાવકનાં છ લિંગ કહો.

**ब** ભવાભિનંદી જીવ કોને કહે ? તથા તમામ પ્રકારના મિથ્યાત્વનો ચોથો ભેદ કહો.

૩. કૃતજ્ઞ થવાથી શા ફાયદા થાય ? તેનું વિવેચન લગભગ દશ લીટી થાય તેટલું કરો.

**રાજનગર ત્રીજું ધોરણ સમાપ્ત**

